## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત

# કચ્છી મેળો

### સંસ્કાર કેન્દ્ર, પાલડી.

### શુક્રવાર, તા. ૨૨-૨-૨૦૧૩થી રવિવાર, તા. ૨૪-૨-૨૦૧૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષના તેના ૧૧મા મુખ્ય કાર્યક્રમ સ્વરૂપે સંસ્કાર કેન્દ્ર - પાલડી, અમદાવાદ ખાતે શુક્રવાર, તા. ૨૨-૨-૨૦૧૩થી રવિવાર, તા. ૨૪-૨-૨૦૧૩ દરમ્યાન યોજવામાં આવનાર કચ્છી મેળાની તૈયારી પૂરબહારમાં ચાલી રહેલ છે. એક તરફ સમાજના પ્રતિનિધિઓ કચ્છના ગામડે ગામડે ફરીને મેળામાં સ્ટોલ્સ રાખનાર કચ્છી કારીગરોનો સંપર્ક સાધી તેઓ અમદાવાદમાં પોતાની કસબનો વ્યાપાર કરવા પધારે તેવા આયોજનો નક્કી કરી રહ્યા છે તો બીજી તરફ અન્ય કેટલાક પ્રતિનિધિઓ આ આયોજનોના બાકીના ભાગને મૂર્ત સ્વરૂપ આપી રહ્યા છે. આયોજન પ્રમાણે મેળાનો સમય સવારમાં ૧૦ વાગ્યાથી રાત્રિના ૧૦ વાગ્યા સુધીનો રાખવામાં આવેલ છે. દરરોજ મોટી સંખ્યામાં કચ્છીઓ તેમજ અમદાવાદના સ્થાનિક લોકો પધારે તેવી ગણના રાખવામાં આવેલ છે. એન્ટ્રી તરીકે ટોકન ચાર્જ રૂા. ૨/- રાખવામાં આવનાર છે. આ મેળાનું ઉદ્‌ઘાટન કોઈ વિશિષ્ટ વ્યક્તિના વરદ્ હસ્તે કરાવવાના આયોજનો પણ ગોઠવાઈ રહેલ છે.

*કચ્છી મેળામાં નીચે મુજબના વિભાગો રાખવામાં આવનાર છે.*

- કચ્છી હસ્તકળા, બાટીક, ભરતકામ, પ્રિન્ટિંગ, અજરખ, માટીકામ, રોગાન કામ વગેરે પ્રકારના અંદાજિત ૫૦ જેટલા સ્ટોલ્સ રાખવામાં આવનાર છે.
- કોઈ પણ ફોટોગ્રાફર દ્વારા કચ્છમાં લેવામાં આવેલ તસવીરોનું પ્રદર્શન રાખવામાં આવેલ છે. આ વિભાગમાં જે-તે ફોટોગ્રાફરની પસંદ કરવામાં આવેલ વધુમાં વધુ ૫ તસવીરો પ્રદર્શિત કરાશે. મેળાના અંત ભાગે પસંદગી સમિતિ દ્વારા પસંદ કરવામાં આવેલ પ્રથમ તસવીરને રૂા. ૧૦,૦૦૦/-, દ્વિતીય તસવીરને રૂા. ૫,૦૦૦/-, તૃતીય તસવીરને રૂા.૩,૦૦૦/-, ચોથી તસવીરને રૂા. ૨,૦૦૦/- અને પાંચમી તસવીરને રૂા. ૧,૦૦૦/-ના ઈનામો આપવામાં આવશે. આ વિભાગની વધુ જાણકારી માટે અને તેમાં પોતાની, કચ્છમાં પાડેલ તસવીરો પ્રદર્શિત કરી ભાગ લેવા માટે શ્રી પ્રકાશભાઈ ગાંધી, અભય કલર લેબ, ભુજ - કચ્છનો ૯૪૨૬૨ ૧૫૦૦૩ નંબર પર સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.
- તૃતીય વિભાગ કચ્છી સંગીતનો રાખવામાં આવશે કે જેમાં કચ્છી વાજિંત્રો દ્વારા કચ્છી સંગીતકારો પોતાની કલા કસબ રજૂ કરશે.
- ચોથો વિભાગ ફૂડ કોર્ટનો રહેશે કે જેમાં કચ્છી ખાણી-પીણીની વ્યવસ્થા કરવામાં આવનાર છે. અહીં જમવા માટે કચ્છી ભાણું પણ મળી શકશે અને નાસ્તા માટે કચ્છી દાબેલી, ચિલ્લા - પુડલા,

*અમદાવાદના કોઈ પણ કચ્છી કે જે પોતે કોઈપણ આઈટમ બનાવતા હોય અને તેઓ પોતાનો સ્ટોલ આ મેળામાં રાખવા માંગતા હોય તેઓ પણ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરથી જરૂરી ફોર્મ મંગાવી આ ફોર્મ ભરી શકે છે. અને આ મેળાના ૩ દિવસ દરમ્યાન પોતાની પ્રોડક્ટ્સનો ડિસ્પ્લે કરી શકે છે, સાથે સાથે વેચાણ પણ કરી શકે છે.*

*અંદાજિત ૧૦' x ૧૦'નો સ્ટોલ રહેશે. દરેક સ્ટોલનું ૩ દિવસનું ભાડું રૂા. ૫,૦૦૦/- રાખવામાં આવેલ છે. દરેક સ્ટોલ દીઠ જરૂરી લાઈટ, એક ટેબલ તથા બે ખુરશીઓ આપવામાં આવશે.*

*અમારી જાણ મુજબ અમદાવાદ સ્થિત કેટલાક કચ્છીઓ ચિક્કી, પીપરમેન્ટ, ટ્રોફી, ખાખરા, ફરસાણ, ફ્લોર ક્લિનર, સૂકા મેવાના નાના પેકિંગ, વિવિધ પ્રકારની બેરિંગ, જ્વેલરી પેકિંગ મટિરિયલ્સના બોક્ષ, સ્ટીલના વાસણો, વિવિધ પ્રકારના ઈન્ટિરિયર તથા એક્ષટિઅરિઅર પેઈન્ટ્સ, ગુવારગમ, ઈલેક્ટ્રિક સ્વીચો, મોલ્ડેડ આઈટમો, બેગ, લેબલ, ઈલેક્ટ્રિક ગુડ્સ, સ્ટેશનરી ગુડ્સ, અગરબત્તી, રૂમાલ, મિણબત્તી વગેરે બનાવે છે. તેઓ દરેક મેન્યુફેક્ચરર ઈચ્છે તો પોતાના સ્ટોલ રાખી, પોતાની પ્રોડક્ટ્સનું આ વેચાણ મેળા થકી વધારી શકે છે.*

*સૌને ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે.*

*તેજ હવાઓ સે ન ડર, વો તો આઈ હૈ તુઝે ઊંચે ઉઠાને કે લિયે.*

હાંડવો, ભેળ વગેરે પ્રકારની વિવિધ વાનગીઓ મળી શકશે. કચ્છી મીઠાઈ જેવી કે પેંડા, સાટા, ગોળપાપડી, મેસૂક, મોહનથાળ વગેરે અને કચ્છી ફરસાણ એટલે કે સેવ, ગાંઠિયા, ભજિયા વગેરે પ્રકારના સ્ટોલ્સ પણ મૂકવામાં આવનાર છે.

જેઓ ઉપરોક્ત કોઈપણ વિભાગમાં ભાગ લેવા માંગતા હોય તેઓએ શ્રી કે.આર. શાહનો ૯૩૨૮૦ ૦૧૧૪૦ નંબર પર સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.

કચ્છી મેળાના આયોજનને પહોંચી વળવા નીચે મુજબની એક યોજનાને મૂર્ત સ્વરૂપ આપવામાં આવેલ છે. આ યોજનામાં ભાગ લઈ સખી દાતાઓને સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ★ | **મુખ્ય સ્પોન્સરર** | **અપાઈ ગયેલ છે.** |
| ★ | **કો-સ્પોન્સરર (એક જ નામ વહેલા તે પહેલાના ધોરણે લેવામાં આવનાર છે.)** | **રૂા. ૧,૫૧,૦૦૦/-** |
| ★ | **સ્ટોલ્સ વિભાગ પર પોતાનું નામ મૂકવાના** | **રૂા. ૧,૦૦,૦૦૦/-** |
| ★ | **ફૂડ કોર્ટ સાથે પોતાનું નામ જોડવાના** | **રૂા. ૫૧,૦૦૦/-** |
| ★ | **ફોટો ગેલેરી પર પોતાનું નામ જોડવાના** | **રૂા. ૩૧,૦૦૦/-** |
| ★ | **કચ્છી સંગીત એરિયાના વિભાગ પર નામ મૂકવાના** | **રૂા. ૨૧,૦૦૦/-** |
| ★ | **દરેક કચ્છી સ્ટોલ્સના સૌજન્યના** | **રૂા. ૫,૦૦૦/-** |
| ★ | **મેળામાં યોગ્ય સ્થળે દરેક બેનર મૂકવાના** | **રૂા. ૩,૦૦૦/-** |
| ★ | **એન્ટ્રી પાસની પાછળ જાહેરાતના** | **રૂા. ૩૧,૦૦૦/-** |

*ઉપરોક્ત યોજનામાં ભાગ લઈ સહકાર આપવા અને મેળાના સમયે મોટી સંખ્યામાં પધારવા સહુ કોઈને હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે.*

**કે. આર. શાહ**
**કન્વીનર - કચ્છી મેળા આયોજન સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## અંતરનો ઉજાસ

**સાચી વીરતા ન્યાયી લક્ષ્ય ધરાવે છે,**
**જોખમોનો સામનો કરે છે અને સ્વસ્થતા તથા અણનમ સંકલ્પ દ્વારા પરિણામો સાધે છે....**

જ્યારે મિ. વૂડ્રો વિલ્સન અમેરિકાનાં પ્રમુખ હતા ત્યારે અમેરિકા અને મેક્સિકો વચ્ચે યુધ્ધ ચાલી રહ્યું હતું. એ યુધ્ધ લાંબુ ખેંચાયેલું અને ઉત્તેજનાસભર હતું. આ યુધ્ધ દરમ્યાન અમેરિકાનાં નૌકાદળે મહત્ત્વનો ભાગ ભજવ્યો. અસંખ્ય લડાઈઓમાંથી એકમાં અમેરિકન નૌકાદળે મહત્ત્વનું બંદર વેરાડૂઝ જીતી લીધું અને કબજે કરી લીધું.

આ વિજય પર અમેરિકા ખુશખુશાલ હતું અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરી રહ્યું હતું. એ જ સમયે યુધ્ધ દરમ્યાન જીવન ગુમાવનારા અમેરિકનોના શરીરો અંતિમવિધિ માટે ન્યુયોર્ક લાવવામાં આવ્યા.

પ્રમુખ વિલ્સને મુખ્ય શોક મનાવનાર તરીકે તેમાં ભાગ લેવાનું નક્કી કર્યું.

'એ જોખમકારક છે, પ્રમુખશ્રી.' તેમના મિત્રએ સલાહ આપી. 'તમારા પર હુમલો કરવા માટે કાવતરાં ગોઠવાયા હોવાની અફવા છે.'

'વારૂ. તમે કહો છો તેમ એ કદાચ અફવા જ હોય!' પ્રમુખે કહ્યું.

'તમે અહીં વોશિંગ્ટનમાં જ રહો એ સારું છે, ન્યુયોર્ક સલામત નથી!' પછી ઉમેર્યું : 'અમેરિકાને પોતાના પ્રમુખ ગુમાવવા પોસાય તેમ નથી.'

'તો અમેરિકાને પોતાના માટે ડરપોક પ્રમુખ પણ પોસાઈ ન શકે.' અને પ્રમુખ મહોદયે ન્યુયોર્કમાં શબયાત્રાની આગેવાની લીધી.

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

## અમદાવાદ સ્થિત કચ્છીઓની

# કચ્છી બિઝનેસ ડિરેક્ટરી - કચ્છી યલો પેજિસ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે કચ્છી યલો પેજિસના ફોર્મ ભરાવવા તેના કેટલાક પ્રતિનિધિઓની નિમણૂક કરી દીધેલ છે. અને આ પ્રતિનિધિઓ હાલે જે-તે સમાજના મોવડીઓનો, વિવિધ પેઢીઓનો અથવા દરેક સમાજના ઘરનો સંપર્ક સાધી આ ફોર્મ ભરાવી રહેલ છે. જ્યારે આ પ્રતિનિધિઓ આપશ્રીનો સંપર્ક સાધે ત્યારે તેઓને સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે.

જ્યારે અમદાવાદના કોઈ એક ઘટક સમાજે અમદાવાદના સમસ્ત કચ્છીઓના વ્યવસાયની બિઝનેસ ડિરેક્ટરી પ્રકાશિત કરવાની જવાબદારી સ્વીકારી લીધેલ છે ત્યારે દરેક ઘટક સમાજના દરેક કુટુંબોએ તેમને સહકાર આપવો એ આપણી ફરજ બની રહે છે. કેટલાક મહાનુભાવોએ એવો જવાબ આપેલ છે કે 'અમને આવી કોઈ ડિરેક્ટરીમાં રસ નથી અને અમારે આવા કોઈ ફોર્મ ભરવાના નથી.' આ પ્રકારના મહાનુભાવોના ઘટક સમાજના પ્રમુખશ્રી - મંત્રીશ્રીને વિનંતી કે તેઓ આ બાબતે પોતાના સભ્યોને સમજાવીને ફોર્મ ભરાવે કે જેથી આપણે અમદાવાદના સમસ્ત કચ્છી સમાજના કુટુંબોને એક અમૂલ્ય નજરાણું આપી શકીએ. અધૂરી માહિતીવાળી ડિરેક્ટરી અમદાવાદ સ્થિત સમસ્ત કચ્છીઓનું અમૂલ્ય નજરાણું બની શકશે નહીં. જેથી દરેક ઘટક સમાજના અગ્રણીઓને યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે.

ડિરેક્ટરીમાં પોતાના વ્યવસાયનું નામ - સરનામું મૂકવાનો કોઈ જ પ્રકારનો ચાર્જ લેવામાં આવનાર નથી. એન્ટ્રી સંપૂર્ણપણે ફ્રી છે.

*ડિરેક્ટરી ત્રણ વિભાગમાં બનાવવામાં આવશે.*

એ-કેટેગરી : ધંધાકીય પેઢીઓ, મેન્યુફેક્ચરર, એજન્ટ્સ વગેરે માટે.

બી-કેટેગરી : પ્રોફેશનલ વ્યવસાયિક માટે દા.ત ડૉક્ટર, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ વગેરે.

સી-કેટેગરી : સરકારી તથા કોર્પોરેટ ક્ષેત્રના ઉચ્ચ અધિકારીઓ માટે.

દરેક સભ્યોને પોતાની કેટેગરી અનુસાર ફોર્મ ભરવા વિનંતી કરવામાં આવે છે.

આ ડિરેક્ટરીમાં અગર કોઈએ પોતાના ધંધા વગેરેની જાહેરાત પ્રસિધ્ધ કરવાની હોય તો તેના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

- કવર પેઈજ - ૨ રૂા. ૪૦,૦૦૦/- અપાઈ ગયેલ છે
- કવર પેઈજ - ૩ રૂા. ૩૦,૦૦૦/-
- કવર પેઈજ - ૪ રૂા. ૫૦,૦૦૦/- અપાઈ ગયેલ છે
- કવર પેજ-૨ની સામેનું પાનું (મલ્ટી કલર) રૂા. ૩૦,૦૦૦/- અપાઈ ગયેલ છે
- કવર પેજ-૩ની સામેનું પાનું (મલ્ટી કલર) રૂા. ૨૦,૦૦૦/-

**મલ્ટી કલર**

- અંદર આખું પાનું રૂા. ૧૫,૦૦૦/-
- અંદર અડધું પાનું રૂા. ૮,૦૦૦/-
- અંદર ક્વાર્ટર પાનું રૂા. ૫,૦૦૦/-

**બ્લેક એન્ડ વ્હાઈટ**

- અંદર આખું પાનું રૂા. ૧૦,૦૦૦/-
- અંદર અડધું પાનું રૂા. ૬,૦૦૦/-
- અંદર ક્વાર્ટર પાનું રૂા. ૩,૫૦૦/-
- અંદર ૧'' સાઈઝ બોટમ પટ્ટી રૂા. ૧,૦૦૦/-

**મનુભાઈ શાહ**
કન્વીનર - કચ્છી યલો પેજિસ સમિતિ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પ્રતાપ નારાણજી દંડ**
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

*તિરાડ ન પડે એ જોશો, નહિતર સંબંધોના મકાન ધરાશાયી થઈ જશે.*

# કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ

પ્રાયોજિત

## કચ્છના સર્વાંગી ઇતિહાસનું વિમોચન

કચ્છના સર્વાંગી ઇતિહાસના વિમોચન કાર્યક્રમની નવી તારીખ રવિવાર તા. ૩-૨-૨૦૧૩ રાખવામાં આવેલ છે. તે કાર્યક્રમ સવારમાં ૧૦ વાગે ભુજ ખાતેના વાગડ બે ચોવીસી જૈન યુવક મંડળના વિવિધલક્ષી સંકુલ ખાતે નક્કી કરવામાં આવેલ છે. 'મંગલ મંદિર'નો આ અંક આપશ્રીના હાથમાં આવશે ત્યારે વિમોચન કાર્ય પૂર્ણ થઈ ગયેલ હશે પરંતુ હાલે તેની તૈયારીઓ સવિશેષપણે ચાલી રહેલ છે.

સમારંભ પ્રમુખ અને વિમોચનકાર તરીકે શ્રી દામજીભાઈ એંકરવાલા ઉપસ્થિત રહેવાના છે. મુખ્ય મહેમાન તરીકે કચ્છના કલેક્ટર શ્રી એ.જે. શાહ અને અતિથિ વિશેષ તરીકે (૧) શ્રી આર. જી. ભલારા – નિયામકશ્રી, ગ્રામ વિકાસ એજન્સી - કચ્છ અને (૨) શ્રી એન. આર. ટોપરાણી – નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉપસ્થિત રહેવાના છે. ઇતિહાસવિદ્ શ્રી મકરંદ મહેતા "કચ્છની અસ્મિતાના બહુરંગી સ્વરૂપો" વિષય પર અને ભો.જે. વિદ્યાભવનના નિયામકશ્રી શ્રી આર.ટી. સાવલિયા "કચ્છના ઇતિહાસની આજના સંદર્ભમાં જરૂરિયાત"ના વિષય પર પોતાના વિદ્વતાભર્યા વક્તવ્ય આપવાના છે.

આ પ્રસંગે ઇતિહાસના દરેક લેખકશ્રીઓનું બહુમાન પણ કરવામાં આવનાર છે.

"કચ્છના સર્વાંગી ઇતિહાસ"નું પ્રકાશન કચ્છની અને ગુજરાતભરની જાણીતી અને માનીતી સંસ્થા "ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય" દ્વારા કરવામાં આવી રહેલ છે. આ પ્રસંગે ગૂર્જર પરિવારના શ્રી મનુભાઈ શાહનો પૂરેપૂરો સહકાર સાંપડી રહેલ છે. ગ્રંથના બે ભાગની કિંમત રૂા. ૭૦૦/- રાખવામાં આવેલ છે પરંતુ વિમોચનના સમયે આ ગ્રંથ ખરીદનારને રૂા. ૫૦૦/-માં બે ભાગનો સેટ પ્રાપ્ત થઈ શકશે.

સંપૂર્ણ કાર્યક્રમનું સૌજન્ય ભુજના જ પાંચ મહાનુભાવો : (૧) શ્રી રજનીભાઈ પટવા, (૨) શ્રી કમલેશભાઈ સંઘવી, (૩) શ્રી વીરેનભાઈ ધીરજલાલ શાહ, (૪) શ્રી બીરજુભાઈ સી. શાહ તથા (૫) શ્રી હિંમતભાઈ એલ. દામા તરફથી સાંપડેલ છે.

આ પ્રસંગે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના મોટાભાગના સભ્યો તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પણ અનેક સભ્યો ઉપસ્થિત રહેનાર છે.

**પ્રતાપ નારાણજી દંડ**

**સેક્રેટરી, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ**

## ચાઈના... ચાઈના... ચાઈના...

"હું અમદાવાદના ભદ્ર બજારમાં ઘૂમતી હતી અને ફેરિયાઓ સાથે વાતો કરતી હતી. ત્યાં મેં વેચાતી બુટ્ટીઓ જોઈ. સુંદર કારીગરીવાળી એ બુટ્ટીઓ હતી. મેં આ બુટ્ટીઓના ભાવ પૂછ્યા. જવાબ મળ્યો, દસ રૂપિયાની જોડી. આ બુટ્ટીઓ મુંબઈ - દિલ્હી તેમજ સમગ્ર દેશમાં ઠેર ઠેર વેચાય છે. તે ચાંદીની નહીં પણ કોઈ મેટલની હતી. મેં પૂછ્યું કે ક્યાંથી આવે છે આ બુટ્ટીઓ?

જવાબ મળ્યો : ચાઈનાથી.

બાજુની લારી પર પટ્ટા વેચાતા હતા. કાળા, બ્રાઉન વગેરે કલરના ભાઈઓ માટેના પટ્ટા હતા. યુવાન ભાઈઓ તથા છોકરીઓને ગમી જાય એવા પટ્ટાઓ હતા. ડિઝાઈનગર પટ્ટાઓ પણ હતા.

મેં પૂછ્યું કે ક્યાંથી આવે છે આવા સરસ પટ્ટા?

જવાબ મળ્યો : ચાઈનાથી.

રમકડાંની લારી પટ્ટાવાળાની બાજુમાં જ હતી. તેને પૂછ્યું : ક્યાંથી આવે છે આવા સરસ રમકડાં?

જવાબ મળ્યો : ચાઈનાથી.

હવે કોઈ ચોથી લારીવાળાને પૂછવાની મારી હિંમત ચાલી નહીં.

*- મનાલીબેન ('સેવા'ના સંચાલક મંડળના સભ્ય), સાભાર : 'અનસૂયા'*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# ઘાસ-ચારા યોજના

ઘાસ-ચારા યોજનાની ઝુંબેશ કચ્છના વિવિધ ગામોમાં યોગ્ય રીતે ચાલી રહી છે. સમજાવટના કારણે વધુ ને વધુ ખેડૂતો આ યોજનામાં જોડાઈ રહ્યા છે. જે ખેડૂત ઘાસ-ચારો વાવે તેને પ્રતિ એકર રૂા. ૫૦૦/- પ્રોત્સાહન સ્વરૂપે આપવામાં આવનાર છે. આ અંગેના ફોર્મ ઘાસ-ચારા ઉગાડનાર ખેડૂતો ભરી શકે છે.

કચ્છ જિલ્લા પાંજરાપોળ - ગૌશાળા સંગઠને જાહેર કરેલ છે કે નીચે મુજબના ભાવેથી ઘાસ-ચારો નજદીકની કોઈપણ પાંજરાપોળ ખરીદવા હંમેશાં તત્પર રહેશે. તેનાથી વધુ ભાવો નીપજે તો ખેડૂત પોતાનો ઘાસ-ચારો અન્યત્ર વેચી શકે છે. પ્રોત્સાહનનો લાભ લેનાર ખેડૂત પોતાની મુનસફી મુજબ આ ઘાસ-ચારો વેચી શકશે.

સંગઠન દ્વારા ઘાસ-ચારો ખરીદવાના ભાવો નીચે મુજબના નક્કી કરવામાં આવેલ છે.

★ બાજરી-રંજકો : રૂા. ૮૦/- પ્રતિ મણ ★ ગુવાર : રૂા. ૬૫/- પ્રતિ મણ

★ મકાઈ : રૂા. ૫૫/- પ્રતિ મણ ★ ગાજર : રૂા. ૬૦/- પ્રતિ મણ

***યોજનાની જાણકારી માટે અથવા તો યોજનામાં સહાયરૂપ થવા નીચેની વ્યક્તિઓનો સંપર્ક સાધી શકાશે.***

| | | |
|---|---|---|
| ● શ્રી મહેન્દ્રભાઈ ગઢવી | ભુજપુર | ૯૯૨૫૧ ૩૩૯૭૯ |
| ● શ્રી સોહિતભાઈ દેઢિયા | ગઢશીશા | ૯૮૨૫૭ ૩૭૦૮૮ |
| ● શ્રી મનોજભાઈ સોલંકી | માધાપર | ૯૮૨૫૪ ૨૮૧૦૦ |
| ● શ્રી ભરતભાઈ સેંદરવા | ભુજ | ૯૯૦૪૮ ૩૧૫૧૪ |
| ● શ્રી નવીનભાઈ મહેતા | મુંદ્રા | ૯૮૨૫૧ ૫૦૬૯૧ |
| ● શ્રી વસનજીભાઈ સોની | મુંબઈ | ૦૯૯૧૩૯ ૫૩૮૫૬, ૦૯૯૨૦૨ ૯૮૭૨૬ |
| ● શ્રી અશોક મહેતા | અમદાવાદ | ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૪૨૮૦ ૪૦૨૬૧ |

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# અંતરનો ઉજાસ

## સ્વતંત્ર માનવી માટે ધમકીઓ નિષ્ફળ બની રહે છે...

મહાપુરુષ લોકમાન્ય ટિળકે કહ્યું છે તેમ સ્વરાજ - સ્વાતંત્ર્ય માણસમાત્રનો જન્મસિધ્ધ અધિકાર છે. કોઈપણ પ્રકારના જોખમ-ભયની પરવા કર્યા વિના જીવનનાં પ્રત્યેક તબક્કે સ્વાતંત્ર્ય જાળવવું જોઈએ અને તેને દઢપણે ટકાવી રાખવું જોઈએ.

ઈ.સ. ૧૯૨૧નું વર્ષ હતું. તે દિવસોમાં ગાંધીજીએ સત્યાગ્રહ આંદોલન શરૂ કર્યું હતું. બિકાનેરના મહારાજા ઉત્તમ કક્ષાના વહીવટકર્તા તો હતા જ. પણ સાથોસાથ પોતાના રાજ્યમાં વિદ્વાનો અને પંડિતોને સમાવિષ્ટ કરનારા પ્રબુધ્ધ રાજવી પણ હતા. એટલે તેમણે પ્રતિષ્ઠિત ડુંગરી કોલેજના આચાર્ય તરીકે નામાંકિત વિદ્વાન બાબુ સંપૂર્ણાનંદની નિમણૂક કરી હતી.

એક દિવસ મહારાજા સાંજે લટાર મારીને પોતાના મહેલમાં પાછા ફરતા હતા ત્યારે તેમણે છાત્રાલયના ગૃહપતિના ખંડમાં ગાંધીજીની તસવીર જોઈ. બીજા દિવસે તેમણે ડૉ. સંપૂર્ણાનંદને પોતાની કચેરીમાં બોલાવ્યા. બાબુ સંપૂર્ણાનંદ ઝડપભેર ત્યાં પહોંચી ગયા કેમકે આ પહેલાં પણ મહારાજા કૉલેજ અને કોલેજનાં વિકાસ સંબંધે ઘણી બધી બાબતોની સૂચનાઓ તેમને આપતા આવ્યા હતાં.

'હમણાં હમણાં આપણું કોલેજ છાત્રાલય ક્રાંતિકારીઓ માટે આશ્રયસ્થાન બની ગયું છે.' મહારાજાએ ક્રોધ અને ઉશ્કેરાટથી કહ્યું : 'ગઈકાલે મેં ગૃહપતિના ખંડમાં મહાત્મા ગાંધીની તસવીર જોઈ છે. ઠીક છે, પરંતુ આવા જોખમકારી લોકોને હું આશ્રય આપવા માંગતો નથી.'

'તો એ કિસ્સામાં સાહેબ, હું પણ એ જ અપરાધનો કસૂરવાર છું.' આચાર્યે કહ્યું અને તે જ ઘડીએ પોતાનું રાજીનામું, નામદાર મહારાજાને સુપરત કર્યું અને બોલ્યા : 'કૃપા કરી મારું રાજીનામું અત્યારે જ સ્વીકારી લો અને મને છૂટો કરો.' ***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

## "મંગલ મંદિર" માસ એપ્રિલ-૨૦૧૩નો અંક
## "કચ્છી સંસ્થા વિશેષાંક" તરીકે પ્રસિધ્ધ થશે

ઉપરોક્ત વિશેષાંકના પ્રકાશન અર્થે ભારતભરની સંસ્થાઓને તેમની બહુલક્ષી સામાજિક પ્રવૃત્તિઓ અને તેને અનુરૂપ સાર્વજનિક ક્ષેત્રની યોજનાઓની વિસ્તૃત માહિતી અત્રે મોકલાવવા આ અગાઉ આ માધ્યમથી જાહેર અપીલ કરી છે. તે સિવાય, પત્ર લખીને તેમજ ફોન સંપર્ક કરીને પણ જાણ કરવામાં આવી છે. અમને જણાવતા આનંદ થાય છે કે તે પૈકી અમુક સંસ્થાઓના અહેવાલ અમને મળ્યા છે. તે દરેક સંસ્થાનો ખૂબ ખૂબ આભાર.

વાર્ષિક એકાદ પ્રસંગે મિલન સમારંભ યોજવા, પ્રવાસનું આયોજન, સમાજના તેજસ્વી બાળકો - યુવાનોનું સન્માન જેવી નાની-મોટી પ્રવૃત્તિઓ કરતી અનેક સંસ્થાઓ વિવિધ સ્થળોએ કામગીરી કરે છે. પરંતુ અનેક સંસ્થાઓ એવી છે કે જે અનેકવિધ ક્ષેત્રે જનલાભાર્થે કામ કરે છે. કચ્છમાં અથવા કચ્છ બહાર કોઈપણ સ્થળે આ પ્રકારના પાયાનું કાર્ય કરતી કોઈપણ કચ્છી સંસ્થાઓને અમારું નિમંત્રણ છે કે તેમની અનેકવિધ ક્ષેત્રે સાર્વજનિક લાભાર્થેની વિગતનો અહેવાલ અત્રે તાત્કાલિક મોકલાવી આપે. જેથી અત્રેના માસિક મુખપત્ર "મંગલ મંદિર"ના માસ એપ્રિલ-૨૦૧૩ના "કચ્છી સંસ્થા વિશેષાંક"માં તેવી વિગતોનો સમયસર અને વ્યવસ્થિત રીતે સમાવેશ કરી શકીએ.

શક્ય હોય તો ગુજરાતી ભાષામાં જ અહેવાલ મોકલાવવા અપીલ છે. જરૂરી ફોટોગ્રાફ્સ પણ આવકાર્ય છે.

*– તંત્રી મંડળ - 'મંગલ મંદિર'*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| **• શુક્રવાર, તા. ૨૨-૨-૨૦૧૩થી રવિવાર, તા. ૨૪-૨-૨૦૧૩ પ્રત્યેક દિન : સવારના ૧૦થી રાત્રિના ૧૦ સુધી** | **સંસ્કાર કેન્દ્ર, પાલડી, અમદાવાદ.** | **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ મધ્યસ્થ કાર્યાલય** | **કચ્છીયતને ઉજાગર કરનાર કચ્છી હેન્ડિક્રાફ્ટ્સ, કલા કારીગરી, કચ્છી સંગીત, કચ્છના વાજિંત્રો સાથે કચ્છી કલાકારોની પ્રસ્તુતિ. કચ્છી ચીજવસ્તુઓ સાથે અન્ય આઈટમ્સ, કચ્છી ફુડકોર્ટ, કચ્છની વિવિધ તસવીરોની ગેલેરી વગેરેનું આમ પ્રજા માટે આયોજન.** |
| • રવિવાર, તા. ૨૪-૨-૨૦૧૩ સવારના ૯.૦૦થી બપોરના ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | સમાજની શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ | 'હું અને મારું સજજ કુટુંબ' વિષય પર પરિસંવાદ – દરેક પરિવાર માટે. (શ્રી નંદક પંડ્યા દ્વારા) |
| • શુક્રવાર, તા. ૮-૩-૨૦૧૩ બપોરના ૧૨.૩૦થી સાંજના ૦૬.૦૦ સુધી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | સમાજની મહિલા ઉત્કર્ષ સમિતિ | મહિલા દિનની ઉજવણી. |
| • બુધવાર, તા. ૧૩-૩-૨૦૧૩ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | ગીત સંગીતનો કાર્યક્રમ. |
| • રવિવાર, તા. ૧૭-૩-૨૦૧૩ સવારમાં ૦૯.૩૦થી ૧૨.૩૦ | શ્રી ઠાકોરભાઈ દેસાઈ હોલ, લૉ ગાર્ડન, એલિસબ્રિજ. | મધ્યસ્થ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વિવિધ ક્ષેત્રની તેમજ કચ્છના ઉદ્યોગ ક્ષેત્રની પ્રતિભાઓનું બહુમાન |

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

છેલ્લા ૩૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત "કચ્છી મેળો" ........ ૫
- અમદાવાદ સ્થિત કચ્છીઓની કચ્છી બિઝનેસ ડિરેક્ટરી – કચ્છી યલો પેજિસ ........ ૭
- કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ પ્રાયોજિત કચ્છના સર્વાંગી ઈતિહાસનું વિમોચન ........ ૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ "ઘાસ-ચારા" યોજના ........ ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૦
- તંત્રી લેખ : ભુજ ખાતેનો સેમિનાર - કચ્છના વિકાસના પ્રશ્ને ખૂટતી કડીઓ ........ અશોક મહેતા ..... ૧૩


*લેખ વિભાગ :*

### 'કચ્છના વિકાસના પ્રશ્ને ખૂટતી કડીઓ' વિષય પરના સેમિનારના વક્તવ્યો


- કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણી ........ એસ. જગદીશન, IAS ..... ૧૫
- કચ્છ જિલ્લાને ફાળવાયેલ નર્મદાના પૂરના વધારાના ૧ મી.એ. ફૂટ પાણી અંગેની નોંધ ........ ડી.કે. પટેલ ..... ૧૭
- ઔદ્યોગિક વિકાસ સાથે ઊભી થયેલી પાણીની માંગને કઈ રીતે પહોંચી શકાય? ........ સેઝીના ભીમાણી અને ડૉ. યોગેશ જાડેજા ..... ૨૦
- નદી આધારિત જળસંચય વ્યવસ્થાપન ........ માવજીભાઈ એલ. બારૈયા ..... ૨૨
- કચ્છમાં ખેતી - પશુપાલન - બાગાયતના વિકાસલક્ષી ચિંતનના મુદ્દાઓ ........ મનોજ સોલંકી અને વિજય શાહ ..... ૨૫
- કચ્છમાં આરોગ્ય ક્ષેત્રે ખૂટતી કડીઓ ........ લીલાધરભાઈ ગડા ..... ૨૭
- મહેસૂલી તંત્રની સમસ્યાઓ ........ શશીકાંત ઠક્કર, ઍડવોકેટ ..... ૨૮
- પ્રવાસન ઉદ્યોગ ........ લાલ રાંભિયા ..... ૩૩


### કચ્છ


- મહેણું કે માથાનો ઘા? – કચ્છની રસધાર : મણકો-૬ ........ દુલેરાય કારાણી ..... ૩૫
- કચ્છના ઈતિહાસના લેખન સંદર્ભે ........ હરેશ ધોળકિયા ..... ૩૯
- સિંધમાં કચ્છી અને ગુજરાતી સંસ્કૃતિનો વિકાસ ........ નરેશ અંતાણી ..... ૪૧


### સમાજની ક્ષિતિજો


- ઘડપણમાં સુખી કેવી રીતે થવાય? ........ દિનેશ પાંચાલ ..... ૪૫

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી દિનેશ રતિલાલ મહેતા
ઘર : ૨૬૮૫૪૬૪૪
મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૬૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## ઇતિહાસ

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ..... સંકલન : પ્રતાપ નારાણજી દંડ..... ૪૭
પ્રકરણ-૧૪

## તંદુરસ્તી

● મારા દીકરાને ભણવાનું મન થતું નથી.................. ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા) ...... ૪૯
(Adolescence Depressive Disease)

## વાર્તા

● એક માનો પશ્ચાતાપ.............................................................. ડૉ. ઊર્મિલા શાહ..... ૫૧

## સંસ્થા / વ્યક્તિ વિશેષ

● કવિવર શ્રી ચંદ્રવદન મહેતા "સારસ" .......................................... પ્રા. સૂર્યકાંત ભટ્ટ..... ૫૩

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ........................................ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા..... ૫૫

## નિયમિત વિભાગો

● આંજો કાગર.............................................................................. ૫૭
● અન્ય સંસ્થાઓના સમાચાર ....................................................................... ૫૯
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ............................................................ ૬૩
● ફેબ્રુઆરી -૨૦૧૩માં પૂરા થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી ....................................... ૬૩
● 'મંગલ મંદિર'ના જાન્યુઆરી-૨૦૧૩ દરમ્યાન પરત આવેલ અંકોના નામોની યાદી ................. ૬૩
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને
ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર .......................................................... ૬૪
● સાર સમાચાર............................................................ સંકલન : શાંતિલાલ સંઘવી..... ૬૫
● શબ્દ રમત-૭૯.......................................................... સંકલન : રજનીકાંત પારેખ..... ૬૭
● સુડોકુ – ૧૦૩૫......................................................... સંકલન : રજનીકાંત પારેખ..... ૬૯
● જાણવા જેવું .......................................................... સંકલન : રજનીકાંત પારેખ..... ૭૦
● વલોવતન.............................................................. સંકલન : દિનેશ આર. મહેતા..... ૭૧
● સમાજ દર્પણ............................................................................... ૭૩
● સંસ્થા સમાચાર............................................................................ ૭૬
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ......................................... ૮૩
● ઉડતી નજરે ............................................................................... ૮૭
● શ્રી કચ્છી જૈન સવા સમાજ - અમદાવાદ સંચાલિત
નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર
સમય-પત્રક .................................................................................. ૮૮

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# ભુજ ખાતેનો સેમિનાર – કચ્છના વિકાસના પ્રશ્ને ખૂટતી કડીઓ

***– અશોક મહેતા***

વર્ષો પહેલા કવિ ઈમર્ઝને કહેલું કે, ‘હે માનવ, કાં તું જિંદગીનો મુક્ત આનંદ લે અથવા તો સત્તાધીશ થા. તને મુક્ત આનંદ અને સત્તા બંને નહીં મળે. સત્તા એક પ્રકારનું ઝેર છે પણ તે ઝેર સૌને ગમે છે. વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે સત્તા માણસને ભ્રષ્ટ કરે છે અને વધુ પડતી સત્તા તેને હેવાન બનાવે છે. બાયોલોજીકલી આ વાત સત્ય છે. સત્તા બાયોલોજીકલી માણસને કેમ વંઠાવે છે તે વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ જોવું જોઈએ.

વૈજ્ઞાનિકો કહે છે કે કોકેનનું જે રીતે વ્યસન પડે છે તે રીતે સત્તાનું પણ વ્યસન થઈ જાય છે. સત્તા વગર રાજકારણી જીવી શકતો નથી. કોકેન કે બીજી નશાજનક વસ્તુની અસર મગજ ઉપર થાય છે. તેવી જ અસર સત્તા મેળવનાર માણસના મગજ ઉપર થાય છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ માણસને સત્તા મળે એટલે તેના મગજમાં ટેસ્ટોસ્ટેરોન નામના તત્ત્વનું લેવલ વધી જાય છે. તેની આડપેદાશ તરીકે એન્કોસ્ટેનેડિયોલ નામનું તત્ત્વ પેદા થાય છે. સત્તા થકી ટેસ્ટોસ્ટેરોનનું લેવલ વધે એટલે ડોપેમાઈન નામનું નશો આપતું બીજું તત્ત્વ વધે છે કે જે માણસના મનને આનંદ આપે છે. કોકેનથી વધુ પડતી શક્તિ અને તેનાથી વધુ પડતો આત્મવિશ્વાસ આવે છે. તેવું જ સત્તામાં પણ થાય છે. કોકેનથી એક જાતની આનંદની લાગણી થાય છે પણ સાથોસાથ તેનાથી એક ચિંતા કે છૂપો ડર કે એક પ્રકારની માનસિક અશાંતિ પણ આવે છે. તે જ રીતે સત્તાથી પણ માનસિક અશાંતિ આવે છે. તેનાથી જિંદગીનો આનંદ લઈ શકાતો નથી. સત્તાનો નશો તે બહારથી દેખાડે છે પણ તેની જિંદગી કૃત્રિમ થઈ જાય છે.

સત્તા ભલે ઝેર હોય, સત્તાનું ભલે વ્યસન થાય પણ વ્યક્તિની સાત્ત્વિક્તા - ચારિત્ર્ય મુજબ તેના કામો પર તેની સારી-નરસી અસર પડે છે. સત્તાથી માણસના મગજમાં જે ડોપામાઈનનું તત્ત્વ વધે છે તેનાથી તેનું મગજ વધુ સારી રીતે કામ કરી શકે છે. તેનું મગજ વધુ સ્માર્ટ બને છે. માણસ જો સાત્ત્વિક હોય તો સત્તા તેને વધુ સર્જનશીલ અને વધુ તેજીલો બનાવે છે. પરંતુ સત્તાધીશ જો ચારિત્ર્યવાન ન હોય તો સત્તા તેના મનને ભ્રષ્ટ પણ કરી શકે છે. નેપોલિયન બોનાપાર્ટ સત્તા પર આવ્યો ત્યારે તે ચૂંટાઈને સત્તા પર આવેલ હતો. પરંતુ જ્યારે તેને ખ્યાલ આવ્યો કે લોકો સત્તા લેવા માટે ખૂબ જ આતુર છે ત્યારે લોકોને તે ગુલામ બનાવી શકેલો અને પોતાને શહેનશાહ તરીકે જાહેર પણ કરી દીધેલ હતો. આ એક પ્રકારની ભ્રષ્ટતા હતી.

ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં આપણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વાત પર આવીએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, એ એક સામાજિક સંસ્થા છે અને તે છેલ્લા ૫૦ વર્ષથી લોકોના ઉત્કર્ષ માટે સતતપણે સામાજિક કાર્યો કરતી આવેલ છે. ગીતામંદિર પરનું સેવા ભવન, પાલડી પરનું શ્રી કચ્છી જૈન ભવન, શાહીબાગ ખાતેનું શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, બહેરામપુરા ખાતેની આવાસ યોજના, પાલડી ખાતેનું મેડિકલ ચેક-અપ સેન્ટર, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતેનું જલારામ અન્નક્ષેત્ર, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતેનું કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ અને આવા તો બીજા અનેક ઉદાહરણો તેની ઉત્કૃષ્ટ સેવાની વિકાસ ગાથાના આપી શકાય. તે પોતાના સમાજ માટે, સમગ્ર કચ્છી સમાજ માટે, પોતાની કર્મભૂમિના સમાજ માટે અને પોતાની જન્મભૂમિના સમાજ માટે અનેકવિધ કાર્યો કરી ચૂકેલ છે અને હાલે પણ કરી રહેલ છે.

આ સંસ્થાની સ્થાપનાને ૫૦ વર્ષ થયેલ હોવાથી હાલે તે ૫૦મા વર્ષને સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવી રહેલ છે. સુવર્ણ જયંતી વર્ષના અનેકવિધ કાર્યક્રમોમાં એક કાર્યક્રમ માતૃભૂમિના વિકાસ માટેનો આયોજિત કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમ એટલે ભુજ ખાતે તા. ૬-૧-૨૦૧૩ના રોજ યોજવામાં આવેલ “કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ” વિષય પરનો એક દિવસીય સેમિનાર.

આ સેમિનારમાં માત્ર અને માત્ર કચ્છના વિવિધ વિકાસની વાતો ચર્ચાવાની હતી અને તેના અનુસંધાને નીચે મુજબના વિષયો પર જણાવ્યા મુજબના તજજ્ઞ વક્તાઓના વક્તવ્ય રાખવામાં આવેલ હતા. નીચેના આ વક્તાઓ સરકારી ઉચ્ચ અધિકારીશ્રીઓ, સામાજિક સંસ્થાના અગ્રણીઓ, ચિંતનશીલ, પ્રગતિશીલ કે સામાજિક કાર્યકરો હતા.

★ કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી — શ્રી એસ. જગદીશન, આઈ.એ.એસ.
મેનેજિંગ ડાયરેક્ટર, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ

★ કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી — શ્રી ડી.કે. પટેલ
સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર, કચ્છ સિંચાઈ વર્તુળ - ભુજ

| | |
|---|---|
| ★ ઔદ્યોગિક વિકાસ સાથે ઊભી થયેલ પાણીની માંગને કઈ રીતે પહોંચી શકાય? | શ્રી સેઝીના ભીમાણી, શ્રી યોગેશ જાડેજા<br>એરીડ કોમ્યુનિટીસ એન્ડ ટેકનોલોજીસ - ભુજ |
| ★ નદીઓ આધારિત જળસંચય વ્યવસ્થાપન | શ્રી માવજીભાઈ બારૈયા<br>ડાયરેક્ટર, વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ |
| ★ ખેતી, પશુપાલન અને બાગાયતી પાકો | શ્રી મનોજભાઈ સોલંકી અને શ્રી વિજય શાહ<br>પ્રગતિશીલ ખેડૂત |
| ★ કચ્છમાં આરોગ્યની સુવિધાઓ | શ્રી લીલાધર ગડા - સામાજિક કાર્યકર |
| ★ મહેસૂલ બાબતે બાકી રહેતી સમસ્યાઓ | શ્રી શશીકાંતભાઈ ઠક્કર<br>નિવૃત્ત જી.એ.એસ., ઍડવોકેટ અને કટાર લેખક |
| ★ માળખાકીય સવલતોમાં ખૂટતી કડીઓ | શ્રી નિમેષભાઈ ફડકે<br>મેનેજિંગ ડાયરેક્ટર, ફેડરેશન ઑફ કચ્છ ઈન્ડ. એસોસિએશન |
| ★ ગૃહઉદ્યોગ, લઘુ ઉદ્યોગ તથા મધ્યમ કક્ષાના ઉદ્યોગો માટે ઉદ્ભવતી નવી તકો | શ્રી અનિલભાઈ જૈન<br>વાઈસ પ્રેસિડેન્ટ, ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ |
| ★ પ્રવાસન ઉદ્યોગ | શ્રી લાલ રાંભિયા - સામાજિક કાર્યકર |

આ સેમિનારના અલગ અલગ સમયના સેશન કન્વીનર તરીકે શ્રી એસ. જગદીશન - આઈ.એ.એસ., શ્રી મધુભાઈ માંકડ તથા શ્રી વિદ્યુત બુચ પોતાની સેવાઓ આપવાના હતા અને કચ્છ યુનિવર્સિટીના એક્ટિંગ વાઈસ ચાન્સેલર ડૉ. તુષાર હાથી સમગ્ર દિવસની ચર્ચાનો સાર - ભાગ રજૂ કરવાના હતા.

ઉપરોક્ત વિષયો અને તેના વક્તાઓ તરફ નજર ફેરવતા એ સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થાય છે કે અગર ઉપરોક્ત વિષયે ચિંતન - મનન કરવામાં આવ્યું હોત તો તેના વલોણાના પરિણામો સમગ્ર કચ્છ માટે પ્રગતિજનક આવ્યા હોત. તે કદાચ યોગ્ય દિશાચિહ્ન બની શકત.

આયોજકોના મતાનુસાર જે રીતે કચ્છમાં અનેક પ્રગતિશીલ લોકો કચ્છના વિકાસ માટે ચિંતનશીલ હોય છે, એ રીતે જે વ્યક્તિ કચ્છની વધુ સારી રીતે સેવા કરવા વિધાનસભામાં ચૂંટાઈ આવવા માટે કોઈ પણ રાજકીય પક્ષની ટિકિટ માગે અને ત્યારબાદ ઉમેદવાર તરીકે જે તે પક્ષ તરફથી તે લાયક ગણાય તે વ્યક્તિના હૈયે કચ્છનું હિત કરવાના ઉમંગ હોય જ — પછી ભલે તે જીતીને ચૂંટાઈ આવે કે હાર પામે. આ સિધ્ધાંતને નજર સમક્ષ રાખીને અનેક લોકોને આ સેમિનારમાં ઉપસ્થિત રહેવા વિશિષ્ટ પદે કાળજી રાખી આમંત્રેલ હતા. પરંતુ કોઈપણ જાતના વાંક ગુના વગર અને ખૂબજ સંકુચિત વિચારસરણી રાખીને આ સેમિનારને અમુક અગ્રણીઓ દ્વારા જે પ્રકારે આદેશો આપવામાં આવ્યા તેના કારણે આયોજકોને સેમિનાર મોકૂફ રાખવાની ફરજ પડી. સેમિનારને નિષ્ફળ બનાવનારના મગજમાં શું વિચારો આવેલ હશે તે તો તેઓ જાણે પરંતુ અનેક લોકોની દૃષ્ટિએ આ કાર્યવાહી સમગ્ર કચ્છના હિતની દૃષ્ટિએ યોગ્ય નહોતી. ચૂંટાયેલ ધારાસભ્યો, અનેક અગ્રણીઓ અને ઉચ્ચ સરકારી અધિકારીશ્રીઓને આ સેમિનારમાં શિસ્તના જોરે આવતા રોકવા અને સમગ્ર કચ્છના હિતની જાહેરમાં ચર્ચા કરવા ન દેવી એ સાત્ત્વિક કે ચારિત્ર્યવાન સત્તાધીશની દોરવણી કઈ રીતે કહી શકાય? એક તરફ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની સાત્ત્વિક દોરવણી અને અન્ય તરફ તેમના જ પક્ષના અગ્રણીઓની આ પ્રકારની વર્તણૂકનો મેળ જન માનસમાં કઈ રીતે બેસી શકે? જે સંસ્થાઓ કોઈ પણ જાતના સ્વાર્થ વગર, માત્ર ઉમદા ધ્યેયને નજર સમક્ષ રાખીને સ્વખર્ચે જનહિતના કાર્યો કરવા ઉત્સુક હોય તે સંસ્થાઓને પ્રોત્સાહન સાત્ત્વિક સત્તાધીશ જ આપી શકે. તેને હતોત્સાહ ન કરી શકે. જે સત્તાધીશને સત્તાનો નશો ચડેલ હોય - તે સત્તાધીશજ આ પ્રકારના આદેશો આપી શકે. સામાજિક ઉદ્દેશોવાળા કાર્યોમાં પણ રાજકારણ રમી શકે.

આપણે આશા રાખીએ કે ભવિષ્યમાં ગુજરાતના દરેક જિલ્લાના, દરેક રાજકીય પક્ષને અને દરેક સામાજિક સંસ્થાઓને સાત્ત્વિક અને ચારિત્ર્યવાન સુકાનીઓ સાંપડતા રહે કે જેથી આપણે માતૃભૂમિની દરેક વ્યક્તિનો શક્ય તેટલી ઝડપે વિકાસ સાધી શકીએ.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

# કચ્છના વિકાસના પ્રશ્ને ખૂટતી કડીઓ વિષય પરના સેમિનારના વક્તવ્યો

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેના ભુજ ખાતેના રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ના સેમિનારમાં જે વિષયો પર વક્તવ્યોનું આયોજન કરેલ હતું એ વક્તવ્યો અગાઉથી જે તે તજજ્ઞો પાસેથી મેળવી લેવામાં આવેલ હતા.*

*આ શ્રેણીના ૮ વક્તવ્યો પેપર સ્વરૂપે તે સમયે રજૂ કરવાના હતા પરંતુ સેમિનારની મોકૂફીના કારણે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર લોકો આ શૃંખલાથી વંચિત રહ્યા.*

*આ બધા જ – ૮ લેખો ખૂબજ વિદ્વતાપૂર્વકના અને અલગ અલગ વિષયના હોવાથી તેને અત્રે પ્રકાશિત કરવામાં આવ્યા છે. તેની સાથે જે તે વક્તાઓના - લેખકોના નામ પણ જોડવામાં આવેલ છે.*

*અમને આશા છે કે "મંગલ મંદિર"ના વાચકવર્ગને આ અભ્યાસપ્રદ લેખો સારી એવી માહિતી આપી શકશે.*

*– તંત્રી મંડળ*

## કચ્છને ફાળવવામાં આવેલા નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણી

• **શ્રી એસ. જગદીશન, I.A.S.** – વહીવટી સંચાલક, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ •

*કચ્છની પ્રગતિ માટે સતત પ્રયત્નશીલ એવા ઉપસ્થિત ભાઈઓ તથા બહેનો,*

આજે આપણે સૌ "કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ" એ વિષય પર ચિંતન કરવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપક્રમે યોજવામાં આવેલા આ સેમિનાર અંતર્ગત એકત્ર થયા છીએ ત્યારે મને એ વાતનો ઉલ્લેખ કરતાં બહુ આનંદ થાય છે કે ૨૦૦૧માં આવેલા ભયાનક ભૂકંપ પછી કચ્છની ખમીરવંતી પ્રજાએ જે ઝડપથી અને જે રીતનો વિકાસ સાધ્યો છે, તે સમગ્ર દુનિયા માટે એક ઉદાહરણરૂપ બની ગયો છે. જાપાનમાં બીજા વિશ્વયુદ્ધ વખતે બે અણુબોંબ ફેંકવામાં આવ્યા ત્યારે સર્જાયેલી તબાહી પછી જાપાને સાધેલા વિકાસનો આજે આશરે ૬૭ વર્ષ પછી પણ સમગ્ર દુનિયામાં વખાણ કરવામાં આવે છે, ત્યારે મને વિશ્વાસ છે કે આગામી વર્ષોમાં જ્યારે વિનાશ પછી વિચલિત થયા વગર કોઈ એક ચોક્કસ પ્રદેશે કરેલા વિકાસની વાત કરવામાં આવશે ત્યારે સમગ્ર દુનિયામાં કચ્છને ચોક્કસપણે યાદ કરવામાં આવશે.

૨૧મી સદીનો પ્રથમ દસકો કચ્છના વિકાસને નવા પરિમાણો આપવામાં ચોક્કસપણે સફળ રહ્યો છે એમાં કોઈ બેમત નથી. માત્ર ઔદ્યોગિક ઉત્પાદનના ક્ષેત્રે જ નહીં, પરંતુ કૃષિક્ષેત્રે પણ આ દસકામાં અભૂતપૂર્વ પ્રગતિ નોંધાઈ છે. લઘુ તથા મધ્યમ કદના ઉદ્યોગોથી લઈને બહુરાષ્ટ્રીય કંપનીઓએ પણ કચ્છની ધરતી પર પોતાના એકમો સ્થાપવામાં રસ દાખવ્યો છે, ત્યારે આ ઘટનાક્રમના પગલે મુંબઈ તથા દિલ્હી જેવા મહાનગરોની જેમ દેશના અનેક રાજ્યના લોકો રોજગારી માટે કચ્છ તરફ નજર દોડાવી રહ્યા છે. આ બાબત સ્પષ્ટપણે દર્શાવે છે કે કચ્છમાં રોજગારીનું પ્રમાણ નોંધપાત્ર પ્રમાણમાં વધ્યું છે અને હજી આગળ જતાં પણ આ પ્રવાહ ચાલુ જ રહેશે. અગાઉ કચ્છની ધરતી પર કૃષિ ઉપજ બહુ સીમિત રહેતી હતી, એ પરિસ્થિતિમાં પણ પલટો લાવીને આ જિલ્લાના ખેડૂતોએ ક્રાંતિ લાવી છે અને ઉપલબ્ધ પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરીને આ ખેડૂતો કેરી તથા ખારેક જેવા પાકો ઉગાડવામાં તો સફળ રહ્યા જ છે, પરંતુ સાથે સાથે તેની નિકાસ પણ કરતાં થયા છે.

આપ સૌ જાણો છો તે મુજબ પાણીની કારમી તંગી એ કચ્છમાં કાયમ માટે એક સમસ્યા રહી છે. આવા સંજોગોમાં "કચ્છને ફાળવવામાં આવેલા નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણી" અંગે આ સેમિનાર અંતર્ગત મને આ વક્તવ્ય આપવાની તક મળી છે, ત્યારે મને એ વાત કહેવાનું ગમશે કે હજી તો નર્મદા યોજનાનો લાભ કચ્છ જિલ્લાને મળે તેની માત્ર શરૂઆત જ થઈ છે, ત્યારે જ આ જિલ્લાની આટલી સરસ કાયાપલટ થઈ ગઈ છે તો આ યોજનાનો સંપૂર્ણ લાભ મળશે, ત્યારે આ જિલ્લો તે વિકાસના કેવા શિખરો સર કરશે તેની કલ્પના માત્ર આનંદ અપાવી જાય છે.

જો કે હવે આ કલ્પના હકીકતમાં પરિવર્તિત થાય તે માટે બહુ રાહ જોવી પડે એમ નથી કારણકે યોજના અંતર્ગતના કચ્છ જિલ્લા માટે કેનાલ નેટવર્કના તમામ કામો ડિસેમ્બર ૨૦૧૪માં ચોક્કસપણે પૂર્ણ થઈ જાય એવું સમયબદ્ધ આયોજન નર્મદા નિગમે કર્યું છે અને ૨૦૧૧માં નિગમ દ્વારા ચાલુ કરવામાં આવેલા કામો આયોજન મુજબ જ પ્રગતિ કરી રહ્યા છે એ જોતાં તમામ કામો નિશ્ચિત સમય મર્યાદામાં પૂર્ણ થઈ જશે એવો મને વિશ્વાસ છે. નર્મદા યોજના દ્વારા કચ્છ જિલ્લાને મળનારા સિંચાઈના લાભની વાત કરીએ તે પહેલા આ યોજના થકી જિલ્લાને પીવાનું જે પાણી ઉપલબ્ધ કરવામાં

*શબ્દ નીકળ્યો નથી ત્યાં સુધી તમે એના સ્વામી, નીકળી જાય પછી એ તમારો સ્વામી.*

આવ્યું છે તેની વાત કરીએ તો હાલમાં નર્મદાનું પાણી જિલ્લાના ૭૯૨ ગામો અને ૮ શહેરોની ઘર વપરાશની જરૂરિયાત સંતોષી રહ્યું છે અને સમગ્ર યોજના પૂર્ણ થયેથી આ આંકડો વધીને અનુક્રમે ૮૮૬ અને ૮ પર પહોંચી જશે.

આવી જ રીતે કેનાલ નેટવર્કના તમામ કામો પૂર્ણ થતાં જિલ્લાના ૭ તાલુકાના ૧૮૨ ગામોની ૨,૭૮,૫૬૧ એકર જમીનને સિંચાઈનો લાભ પ્રાપ્ત થશે. સિંચાઈના આ લાભ માટે મુખ્ય આધારસ્તંભ સમાન કચ્છ શાખા નહેરની કુલ લંબાઈ ૩૬૦ કિલોમીટર છે અને તેમાંથી ૩૩ કિલોમીટરનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે, જેમાં પાણી વહી રહ્યું છે. સિંચાઈનો લાભ યોજના અનુસાર પ્રાપ્ત થાય તે માટે કુલ રૂા. ૪,૬૦૦ કરોડના ખર્ચે વિવિધ કામ હાથ ધરવાનું આયોજન છે, જેમાંથી રૂા. ૨,૯૭૦ કરોડ કચ્છ શાખા નહેર માટે, રૂા. ૫૧૫ કરોડ ત્રણ પમ્પિંગ સ્ટેશન માટે તથા રૂા. ૧,૧૧૫ કરોડ ત્રણ સબ-બ્રાંચ તથા વિતરણના માળખા માટે ખર્ચવામાં આવશે. આ કામોમાંથી રૂા. ૨,૨૭૬ કરોડના ત્રણ પમ્પિંગ સ્ટેશન સહિતના કામો પ્રગતિ હેઠળ છે. બાકીના કામોમાંથી રૂા. ૫૭૦ કરોડના કામો ટેન્ડરની પ્રક્રિયા હેઠળ છે, જ્યારે રૂા. ૧,૭૫૪ કરોડના કામોના અંદાજો તૈયાર કરવા પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પ્રગતિ હેઠળના કામો અંતર્ગત રૂા. ૬૦૦ કરોડના કામો પૂર્ણ થઈ ગયેલ છે.

કચ્છ જિલ્લા સહિતના નર્મદા યોજનાના તમામ કામો ઝડપથી પૂર્ણ કરી શકાય તે હેતુથી આ માટેના કોન્ટ્રાક્ટ્સમાં નિગમે ઈ.પી.સી. પદ્ધતિ અપનાવી છે. તેના કારણે હવે કેટલીક મોટી કંપનીઓ પણ કામ હાથ ધરવા માટે આગળ આવી રહી છે. જેના કારણે સમગ્ર કામ નિર્ધારીત સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું શક્ય બનશે. કચ્છ જિલ્લામાં તમામ કામો માટેની સમય મર્યાદા ૧૮થી ૨૪ મહિના છે. જેથી નર્મદા નિગમના આયોજન મુજબ કચ્છ જિલ્લાને ડિસેમ્બર, ૨૦૧૪ સુધીમાં નિરધાર્યા મુજબ સિંચાઈનો સંપૂર્ણ લાભ મળતો થઈ જશે. વધુમાં, કેનાલના કોન્ટ્રાક્ટરોએ કામ પૂર્ણ થયેથી પાંચ વર્ષ માટે કેનાલની મરામતની જવાબદારી પણ સંભાળવી પડશે. આના કારણે કામ ગુણવત્તાયુક્ત તો થશે જ પરંતુ તે ઉપરાંત સિંચાઈ અંતર્ગત આવરી લેવામાં આવેલા તમામ ખેતરોમાં પાણી સરળતાથી પહોંચે તે જોવાની જવાબદારી પણ જે તે કોન્ટ્રાક્ટર સંભાળશે.

મિત્રો, કચ્છમાં નર્મદાના નીરનું અવતરણ કરાવવું એટલું સહેલું નથી. આ કાર્ય કેટલું મુશ્કેલ છે તે સમજાવવા માટે મને એક ઉદાહરણ આપવાનું ગમશે. રાજા ભગીરથે દેશના ઉત્તરીય ભાગમાં સ્વર્ગમાંથી ગંગાનું અવતરણ કરાવી આ પ્રદેશમાં પાણીને વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ બનાવ્યું. તેના કારણે આજે પણ આ પ્રકારના મહા પ્રયત્નને ભગીરથ પ્રયત્ન તરીકે ઓળખવામાં આવે છે. જોકે કચ્છની વેરાન અને સૂકી જમીનને નંદનવનમાં ફેરવવા માટે નર્મદાના નીરનું સિંચન કરવું એ કદાચ રાજા ભગીરથના પ્રયત્ન કરતાં પણ વધુ મુશ્કેલ કાર્ય ગણી શકાય એમ છે કારણકે રાજા ભગીરથે ગંગાને સ્વર્ગમાંથી નીચે ઉતારી હતી, જે કાર્યમાં ગુરુત્વાકર્ષણ બળનો સાથ મળે છે, પરંતુ નર્મદાના નીરને કચ્છ લઈ જવા હોય તો તેમને ૬૦ મીટર એટલે કે ૨૦ માળ જેટલા ઉપર ચડાવવા પડે એમ છે.

જોકે ગમે એવી મુશ્કેલી આવે તો પણ સરદાર સરોવર યોજનાને ઝડપભેર પૂર્ણ કરવા કટિબદ્ધ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડે પાણીને આટલા ઊંચા લઈ જવા માટે પણ આયોજન કર્યું છે અને કચ્છ જિલ્લાના પ્રત્યેક ભાગમાં ગ્રેવિટીના આધારે પાણી ઉપલબ્ધ બની રહે તે માટે નર્મદા મુખ્ય નહેરમાંથી પાણીને ૬૦ મીટર એટલે કે ૨૦ માળના મકાનની ઊંચાઈ જેટલું ઊંચું ચડાવી શકાય તે માટે જિલ્લામાં રૂા. ૫૧૫ કરોડના ખર્ચે ત્રણ પમ્પિંગ સ્ટેશનના નિર્માણનું કાર્ય પ્રગતિ હેઠળ છે. આ પમ્પિંગ સ્ટેશનોની પાણીને ઉપર ચડાવવાની વ્યક્તિગત ક્ષમતા પ્રતિ સેકન્ડ ૨૦,૦૦૦ લીટરની છે અને કાર્યાન્વિત થતા આ ત્રણે પમ્પિંગ સ્ટેશન રોજના ૧,૮૪૮ કરોડ લીટર પાણીનું ઉદવહન કરશે.

૩૬૦ કિલોમીટર લાંબી અને માનવસર્જિત નદી સમાન કચ્છ શાખા નહેર પૂર્ણ થયેથી કચ્છમાંથી પસાર થતી તમામ ૯૬ નદીઓમાં સૌથી મોટી નહેર બની રહેશે અને વધુ મહત્ત્વની વાત એ છે કે તે જિલ્લાની એકમાત્ર બારમાસી નદી સમાન બની રહેશે. આ નહેર કચ્છના ઘુડખર અભયારણ્યમાંથી પસાર થતી હોવાથી નર્મદા યોજનાનો અમલ કરી રહેલી એજન્સી સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડે આ વિસ્તારમાં વસતા ઘુડખરના અસ્તિત્વ પર કોઈ અસર ન પડે તે માટે વધારાનો રૂા. ૨૦૦ કરોડનો ખર્ચ કરવો પડશે. આ વિસ્તારમાં ઘુડખરની રોજિંદી હરફરમાં કોઈ રૂકાવટ ઊભી ન થાય અને તેઓ કેનાલની બંને બાજુ કોઈ પણ અડચણ વગર ફરી શકે તે માટે ખાસ સુવિધા ઊભી કરવા અને સાથે સાથે તેમની સલામતી જળવાઈ રહે એવી વ્યવસ્થા કરવા માટે આટલી મોટી રકમનો ખર્ચ કરવામાં આવશે. પ્રત્યેક ઘુડખર દીઠ ગણીએ તો નિગમ પ્રતિ પ્રાણી દીઠ રૂા. ૭ લાખનો ખર્ચ કરશે. આ અભયારણ્યમાંથી શાખા નહેર પસાર થઈ શકે તે માટે કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયની મંજૂરી લેવામાં પણ આશરે ૨ વર્ષ જેટલો સમય નીકળી ગયો હતો.

વિરમતા પહેલાં મારે કચ્છની પ્રજા વિશે એક વાત કરવી છે. સામાન્ય રીતે ગુજરાતના લોકો પોતાના ઉદ્યમ અને ધંધામાં કાઠું કાઢવા બદલ સમગ્ર દુનિયામાં મશહૂર છે, પરંતુ સમગ્ર ગુજરાતના પ્રમાણમાં કચ્છની વાત કરીએ તો આ જિલ્લામાં આવા ઔદ્યોગિક સાહસિકોની સંખ્યા કદાચ રાજ્ય કરતાં વધારે છે. સમગ્ર દુનિયાના ગમે તે ખૂણે જાવ તો કચ્છી લોકો ધંધો કરતાં જોવા મળે છે. હવે જ્યારે આપણે ૫૦થી પણ વધુ વર્ષના કઠોર પરિશ્રમ, પુરુષાર્થ પછી અને કરોડો રૂપિયાના ખર્ચે નર્મદાના પાણી કચ્છની ધરતી પર લાવવા કટિબદ્ધ છીએ અને નર્મદાના નીર સમગ્ર કચ્છ જિલ્લામાં પહોંચે તેને હવે માત્ર બે વર્ષ જેટલા સમયની જ વાર છે, ત્યારે આ પાણી પહોંચતા જ કચ્છના લોકો જ્યાં જ્યાં વસ્યા છે, તે તે પ્રદેશોને તેમણે જે રીતે સમૃદ્ધ કર્યા છે, કંઈક એવી જ રીતે અને કદાચ તેનાથી પણ વધારે સારી રીતે કચ્છને સમૃદ્ધ બનાવવાની જવાબદારી પણ કચ્છના લોકોએ નિભાવવાની છે અને મને વિશ્વાસ છે કે તેઓ આ જવાબદારી નિભાવવામાં ક્યારેય પાછા નહીં પડે. આ ઉપરાંત કચ્છની પ્રજાએ નર્મદાના પાણીનો શક્ય એટલો કાર્યક્ષમ ઉપયોગ કરીને પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કઈ રીતે થઈ શકે તે માટે એક ઉદાહરણ પૂરું પાડવાનું છે કે જેથી રાજ્યના અન્ય વિસ્તારો અને બાકીના દેશ - વિશ્વ માટે પણ તે પ્રેરણારૂપ બની રહે. છેલ્લે છેલ્લે હું આપને એ વાતની ખાતરી પણ આપવા માંગું છું કે ગુજરાત સરકાર અને નર્મદા નિગમ આયોજન મુજબ જ કચ્છ જિલ્લામાં નર્મદા કેનાલ નેટવર્કનું કામ સંપૂર્ણ કરવા પ્રતિબદ્ધ છે.

*જય જય ગરવી ગુજરાત, નમામિ દેવી નર્મદે....*

***સામર્થ્ય શરીરના બાંધામાંથી નહિ, અતૂટ ઈચ્છાશક્તિમાંથી આવે છે.***

# કચ્છ જિલ્લાને ફાળવાયેલ નર્મદાના પૂરના વધારાના ૧ મી.એ. ફુટ પાણી અંગેની નોંધ

• **ડી. કે. પટેલ –** સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર, કચ્છ સિંચાઈ વર્તુળ - ભુજ •

નર્મદાના પૂરના વધારાના પાણીની સૌરાષ્ટ્ર તેમજ કચ્છ વિસ્તાર માટેની ફાળવણી ગુજરાત સરકારના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : પરસ/૨૦૦૩/એમ/૧૦૫/(૨૩)/ક-૨, તા. ૨૬-૬-૨૦૦૬ વાળા આદેશથી, પુરના વધારાના પાણી પૈકી ૧૦૦ મી. એકર ફીટ પાણી કચ્છના અછતવાળા વિસ્તારોમાં ફાળવી આપવાની સૈધ્ધાંતિક મંજૂરી આપેલ છે. તદુપરાંત આ વધારાના પાણીના વપરાશ અંગે યોગ્ય તાંત્રિક અને આંશિક વિકલ્પની ચકાસણી તથા મંજૂરી, મંજૂર થયેલ વિકલ્પ અનુસાર અન્વેષણ, આલેખન, આયોજન અને અમલીકરણની કામગીરી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ કરશે તેવું સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંક : નસય-૧૦૨૦૦૪-૩૪-૩૫૯ (૧૦)-આઈ, તા. ૧-૬-૨૦૦૭થી ઠરાવવામાં આવેલ છે.

સરકારશ્રીના સૈધ્ધાંતિક સ્વીકાર બાદ વિવિધ તબક્કે થયેલ સૂચનોને ધ્યાનમાં રાખી, કચ્છ જિલ્લાને ફાળવાયેલ ૧.૦૦ મી. એકર ફીટ પાણીના સંગ્રહ અને વપરાશ માટે વિભાગ દ્વારા તદ્દન પ્રાથમિક અહેવાલ તૈયાર કરવામાં આવેલ. આ પ્રાથમિક અહેવાલમાં વાપકોસ-દિલ્હી, કચ્છના એન.આર.આઈ. શ્રી લક્ષ્મણભાઈ રાઘવાણી તથા માનનીય માજી સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રીના સૂચનોને ધ્યાને લેવામાં આવેલ હતા. જે મુજબ કચ્છ જિલ્લાને ફાળવાયેલ ૧ મી.એકર ફીટ પાણીને વિવિધ ૭ (સાત) અંગોમાં વહન કરી સંગ્રહ અને વિતરણ કામગીરીનું આયોજન સૂચવાયેલ હતું. વર્ષ ૨૦૦૬-૦૭ની ભાવ સપાટીએ તૈયાર થયેલ રૂા. ૩૩૪૮.૦૦ કરોડના અંદાજિત ખર્ચવાળો આ અહેવાલ તા. ૧૩-૭-૨૦૦૭થી સરકારશ્રીમાં રજૂ થયેલ હતો પરંતુ આ ૧ મી.એ. ફીટ પાણી અંગે વિગતવાર અન્વેષણ, આલેખન, આયોજન અને અમલીકરણ માટે વિશેષ તજજ્ઞ કન્સલ્ટન્ટની સેવાઓ લેવાનું ઉચિત જણાતાં સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : નસય-૧૦૨૦૦૪-૩૪-૩૫૯-(૧૦)-પાર્ટ-ફાઈલ-આઈ, તા. ૨૦-૧૧-૨૦૦૮થી કન્સલ્ટન્ટના કામના રૂા. ૨.૬૧ કરોડના અંદાજને વહીવટી મંજૂરી આપવામાં આવેલ.

ત્યારબાદ સરકારશ્રીના તા. ૨૪-૨-૨૦૦૯વાળા આદેશથી વિગતવાર સુધારેલ તાંત્રિક મંજૂરી તથા તા. ૩૦-૮-૨૦૧૦વાળા આદેશથી આ કામના ટેન્ડર મે. મલ્ટીમેન્ટેક ઈન્ટરનેશનલ પ્રા.લિ., અમદાવાદના મંજૂર કરી આપવામાં આવેલ. આથી જળસંપત્તિ સંશોધન વિભાગ - ભુજના તા. ૩-૯-૨૦૧૦ના આદેશથી આ કામગીરી મે. મલ્ટીમેન્ટેક ઈન્ટરનેશનલ પ્રા. લિ. અમદાવાદને રૂા. ૨.૫૯ કરોડ (૦.૮૩% નીચે ભાવનું) ૧૨ માસમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે.

કન્સલ્ટન્ટ દ્વારા આ કામગીરી હાલ પ્રગતિમાં છે. સરકારશ્રી દ્વારા તૈયાર થયેલ પ્રાથમિક અહેવાલના સૂચનોને ધ્યાનમાં રાખી, કન્સલ્ટન્ટ દ્વારા તબક્કાવાર એક-એક અંગની પથરેખાઓ ત્રણ વિકલ્પમાં તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી અર્થે રજૂ કરવામાં આવેલ હતી. કન્સલ્ટન્ટ દ્વારા રજૂ થતા દરેક અંગના વિકલ્પોનો અભ્યાસ કરી મંજૂરી આપવા માટે સરકારશ્રી દ્વારા ઉચ્ચસ્તરીય સમિતિ બનાવવામાં આવેલ તથા કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર થતા દરેક અંગના પ્રાથમિક અહેવાલ આ સમિતિ સમક્ષ રજૂ કરીને મંજૂર કરવામાં આવેલ છે, તેની વિગતો નીચે મુજબ છે.

### (૧) માસ વોટર બેલેન્સ અભ્યાસ :

૧ મી.એ. ફીટની કુલ જળરાશિને જે વિવિધ અંગોમાં સમાવવામાં આવશે તેના અભ્યાસ અહેવાલને ઉચ્ચ સ્તરીય સમિતિની તા. ૭-૨-૨૦૧૧ની મીટિંગમાં મંજૂરી આપવામાં આવેલ. તે મુજબ જે વિવિધ ૮ રીતે જળ ફાળવણી આખરી થયેલ, તેની વિગત નીચે મુજબ છે.

| *ક્રમ* | *વિગત* | *અંદાજિત જળ ફાળવણી (એમ.એ.એફ.)* |
|---|---|---|
| ૧. | સારણ જળાશય | ૦.૧૧૬ |
| ૨. | બન્ની જળાશય | ૦.૧૩૪ |
| ૩. | સધર્ન લીન્ક કેનાલ | ૦.૧૫૨ |
| ૪. | નોર્ધન લીન્ક કેનાલ | ૦.૧૭૩ |
| ૫. | હાઈ કન્ટુર સ્ટોરેજ | ૦.૦૪૧ |
| ૬. | હાઈ કન્ટુર કેનાલ | ૦.૧૧૪ |
| ૭. | એક્સ્ટેન્શન ઑફ કે.બી.સી. | ૦.૧૮૨ |
| ૮. | ડાયરેક્ટ ફિલીંગ ફ્રોમ કે.બી.સી. | ૦.૦૨૪ |
| | **કુલ** | **૦.૯૩૬ (એમ.એ.એફ.)** |

ANCHOR
METAL CORPORATION

**Kirti Gala – M. 98213 17153 (કચ્છ ગામ : દેવપર)**

DEALERS IN : STAINLESS STEEL UTENSILS
MFG. IN : U. DABBA, PURI DABBA, BARM, TIFFIN, GAMELA, TOP

A-33, Kanbai Wadi, Shop No.-11, Khadilkar Road,
Near C.P. Tank, Mumbai-400 004. Ph. : (022) 2386 8822

**(૨) સારણ જળાશય :**

નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલની સાંકળ ૧૦૫.૦૦ કિ.મી. પાસેથી ૧૧.૦૨૨ કિ.મી. લંબાઈની ઑફટેક કેનાલ દ્વારા રાપર તાલુકાના ફતેહગઢ ગામની ઉત્તર દિશામાં આવેલા "સારણ" નામે ઓળખાતા કુદરતી ડિપ્રેશનનો ઉપયોગ કરીને બનતા સારણ જળાશયમાં કુલ ૦.૦૭૩ એમ.એ.એફ. પાણી સંગ્રહ કરવાનું આયોજન છે. ખરીફ સીઝનમાં કે.બી.સી.માંથી ગ્રેવિટીથી મળનાર પાણી સીધે સીધું જમણી બાજુની તથા ડાબી બાજુની કેનાલમાંથી આસપાસના ગેડી, વ્રજવાણી, આણંદપર, બેલા, મૌવાણા, શિવગઢ અને ફતેહગઢ ગામની આશરે ૨૦,૦૦૦ હેક્ટર જમીનમાં અને જળાશયમાં સંગ્રહિત થયેલ ૦.૦૭૩ એમ.એ.એફ. પાણીમાંથી લીફ્ટ દ્વારા ૬.૪ કિ.મી.ની પાઈપ કેનાલ દ્વારા ડાબી કેનાલ અને જમણી કેનાલ મારફત ૯,૦૦૦ હેક્ટર જમીન રવિ સીઝનમાં એમ કુલ ૨૯,૦૦૦ હેક્ટર જમીન લાભાન્વિત થવાનું અંદાજવામાં આવેલ છે. આ સંદર્ભે ચકાસાયેલ વિવિધ ૩ વિકલ્પોમાંથી વિકલ્પ-૩ ને આખરી મંજૂરી આપવામાં આવેલ છે. સારણ જળાશય વિભાગમાં ૧ એમ.એ.એફ. પૈકી ૦.૧૧૬ એમ.એ.એફ. પાણીનો ઉપયોગ કરવાનું આયોજન છે. આ જળાશયમાં પાણીના સંગ્રહ અને વિતરણ માટે કુલ ૧૮.૧૭૮ કિ.મી. લંબાઈની પાઈપ લાઈન તથા ૫૬.૩૨૯ કિ.મી. કેનાલના બાંધકામની જરૂરિયાત રહેશે. આ ભાગનો બી.સી. રેશિયો ૩.૫૨૨ અને કુલ ખર્ચ રૂા. ૨૪૭.૯૦ કરોડ અંદાજવામાં આવેલ છે. આ ભાગ માટેના અંદાજિત ખર્ચને વહીવટી મંજૂરી મેળવવા માટેની દરખાસ્ત સરકારશ્રીને તા. ૨૦-૧૨-૧૨થી થયેલ છે.

**(૩) બન્ની જળાશય :**

નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલમાંથી નીકળતી દૂધઈ બ્રાંચ કેનાલના ટેઈલ એન્ડથી પાણી લઈ જઈને ભુજ તાલુકાના ઉત્તરીય બન્ની વિસ્તારમાં નવું જળાશય બનાવી પાણી સંગ્રહ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૦.૧૩૪ એમ.એ.એફ. જળસંગ્રહ કરવામાં આવશે. ઉચ્ચસ્તરીય સમિતિ દ્વારા તા. ૧૭-૧૦-૨૦૧૧ની મીટિંગમાં વિકલ્પ-૩ને મંજૂરી આપવામાં આવેલ છે. જેમાં અલગ અલગ ક્ષમતાના અને ઈન્ટરલીન્ક કરેલ ૩ જળાશયો બનાવવાના કામનો સમાવેશ થાય છે. આ જળાશયના પાણીથી બન્ની વિસ્તારના ૫૭,૮૫૦ હેક્ટર (આઈ.સી.એ.) જેટલા ઘાસીયા મેદાન લાભાન્વિત થશે. આ માટે કુલ ૭૫.૪૨૮ કિ.મી.નો માટી બંધ અને કુલ ૮૭.૦૦૦ કિ.મી.ની કેનાલ બાંધવાનું આયોજન છે. આ કામનો બી.સી. રેશિયો ૨.૨૦૭ અને અંદાજિત ખર્ચ રૂા. ૨૬૮.૧૪ કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં માટીબંધ, કેનાલ અને તેના સ્ટ્રક્ચર, ગ્રાઉન્ડબાર વેસ્ટવીયર અને ડાયવર્ઝન સ્ટ્રક્ચરના ખર્ચનો સમાવેશ થાય છે. આ કામની વહીવટી મંજૂરી માટેની દરખાસ્ત વર્તુળ ખાતે ચકાસણી હેઠળ છે.

**(૪) સધર્ન લીન્ક કેનાલ :**

નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલની ૨૧૪.૫ કિ.મી.ની સાંકળ પાસેથી અંજાર તાલુકાની હયાત ટપ્પર જળાશય યોજનામાં પાણી છોડવામાં આવશે. આ ટપ્પર જળાશયમાંથી દક્ષિણ કચ્છની વિવિધ હયાત સિંચાઈ યોજનાઓને કેનાલ અથવા પાઈપ લાઈન દ્વારા જોડીને પશ્ચિમ કચ્છ જિલ્લાના સાનન્ધ્રો જળાશય સુધી પાણી લઈ જવાનું આયોજન છે. આ ભાગમાં કુલ ૦.૧૫૨ એમ.એ.એફ. પાણીનો સંગ્રહ થશે. જે અંગેના વિકલ્પ-૩ ને ઉચ્ચસ્તરીય સમિતિએ તા. ૩૦-૮-૨૦૧૧થી મંજૂરી આપેલ છે. આ લીન્ક કેનાલમાં કુલ ૧૧૪.૧૩ કિ.મી.ની પાઈપ લાઈન, ૧૨૦.૪૯ કિ.મી.ની કેનાલ તથા ૫.૫૦ કિ.મી.ની ટનલ એમ કુલ ૨૪૦.૧૨૩ કિ.મી. લંબાઈનો સમાવેશ થાય છે. આ લીન્ક કેનાલથી ૧૦ હયાત મધ્યમ સિંચાઈ યોજના, ૩૪ હયાત નાની સિંચાઈ યોજના અને ૩.૬૦ એમ.સી.એમ. ક્ષમતાના ચેકડેમોમાં જળસંગ્રહ થશે. જેનાથી ૬૫,૬૨૦ હેક્ટર વિસ્તારમાં થતી હાલની સિંચાઈ કામગીરી સુનિશ્ચિત થશે. આ યોજનાથી કચ્છ જિલ્લાના અંજાર, ભુજ, મુંદ્રા, માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓના કુલ ૫૬ ગામો લાભાન્વિત થશે. આ ભાગનો બી.સી. રેશિયો ૧.૨૩૭ અને અંદાજિત ખર્ચ રૂા. ૧૨૬૨.૦૮ કરોડ અંદાજવામાં આવેલ છે.

**(૫) નોર્ધન લીન્ક કેનાલ :**

સધર્ન લીન્ક કેનાલની જેમ આ લીન્ક કેનાલની શરૂઆત પણ અંજાર તાલુકાના ટપ્પર જળાશયમાંથી શરૂ થઈને ધાણેટી - રૂદ્રમાતા - કાયલા - નિરોણા - ભૂખી - મથલ - ગજણસર થઈને નરા સિંચાઈ યોજના સુધી જશે. જેમાં ઉત્તર કચ્છની વિવિધ હયાત સિંચાઈ યોજનાઓને કેનાલ અથવા પાઈપ લાઈન દ્વારા જોડીને પાણી લઈ જવાનું આયોજન છે. આ ભાગમાં કુલ ૦.૧૭૩ એમ.એ.એફ. પાણીનો સંગ્રહ થશે. જે અંગેના વિકલ્પ-૧ ને ઉચ્ચસ્તરીય સમિતિએ તા. ૧૭-૧૦-૨૦૧૧થી મંજૂરી આપેલ છે. આ લીન્ક કેનાલમાં કુલ ૯૭.૯૭૮ કિ.મી.ની પાઈપ લાઈન, ૭૪.૮૭૨ કિ.મી.ની કેનાલ તથા ૩.૩૦ કિ.મી.ની ટનલ એમ કુલ ૧૭૬.૧૫ કિ.મી. લંબાઈનો સમાવેશ થાય છે. આ કેનાલથી ૮ હયાત મધ્યમ સિંચાઈ યોજનાઓ, ૧૪ હયાત નાની સિંચાઈ યોજનાઓ અને ૧.૩૬ એમ.સી.એમ. ક્ષમતાના ચેકડેમોમાં જળસંગ્રહ થશે. જેનાથી ૭૪,૬૯૦ હેક્ટર વિસ્તારમાં થતી હાલની સિંચાઈ કામગીરી સુનિશ્ચિત થશે. આ યોજનાથી કચ્છ જિલ્લાના અંજાર, ભુજ, નખત્રાણા અને લખપત

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

તાલુકાના કુલ ૪૭ ગામો લાભાન્વિત થશે. આ ભાગનો બી.સી. રેશિયો ૧.૫૩૬ અને અંદાજિત ખર્ચ રૂા. ૧૧૭૭.૨૫ કરોડ અંદાજવામાં આવેલ છે.

**(૬) હાઈ કન્ટુર સ્ટોરેજ :**

આ લીન્ક કેનાલ અંજાર તાલુકાની સત્તાપર નાની સિંચાઈ યોજનાથી શરૂ થઈ ભુજ તાલુકાની જામારા નાની સિંચાઈ યોજના સુધી જશે. આ ભાગમાં કુલ ૦.૦૪૧ એમ.એ.એફ. જળ સંગ્રહ થશે. જે અંગેના વિકલ્પ-૩ ને ઉચ્ચ સ્તરીય સમિતિએ તા. ૧૯-૧૨-૨૦૧૨થી મંજૂરી આપવામાં આવેલ છે. આ લીન્કને કેનાલમાં કુલ ૨૨.૬૦૧ કિ.મી.ની પાઈપ લાઈન અને ૩૪.૦૫૭ કિ.મી.ની કેનાલ એમ કુલ ૫૬.૬૫૮ કિ.મી. લંબાઈનો સમાવેશ થાય છે. આ કેનાલથી ૫ હયાત નાની સિંચાઈ યોજનાઓમાં જળસંગ્રહ થશે. જેનાથી ૧૦,૮૯૯ હેક્ટરમાં સીધી સિંચાઈ અને ૩,૯૨૪ હેક્ટરમાં જળ સંગ્રહ થકી સિંચાઈ એમ કુલ ૧૪,૮૨૩ હેક્ટર વિસ્તારમાં થતી હાલની સિંચાઈ સુનિશ્ચિત થશે. આ યોજનાથી કચ્છ જિલ્લાના અંજાર અને ભુજ તાલુકાના ૧૯ ગામો લાભાન્વિત થશે. આ ભાગનો બી.સી. રેશિયો ૧.૬૧ અને અંદાજિત ખર્ચ રૂા. ૨૧૫.૫૯ કરોડ અંદાજવામાં આવેલ છે.

**(૭) હાઈ કન્ટુર કેનાલ :**

આ ભાગની શરૂઆત નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલની સાંકળ ૨૫૪.૦૦ કિ.મી.થી શરૂ થઈ અબડાસા તાલુકાના ખારોડિયા નાના સુધી જશે. આ ભાગમાં કુલ ૦.૧૧૪ એમ.એ.એફ. પાણીનો સંગ્રહ થશે. જે અંગેના વિકલ્પ-૨ ને ઉચ્ચસ્તરીય સમિતિએ તા. ૩૦-૮-૨૦૧૧થી મંજુરી આપેલ છે. આ લીન્ક કેનાલમાં કુલ ૧૨૧.૧૦ કિ.મી.ની પાઈપ લાઈન તથા ૧૦૪.૯૬૩ કિ.મી.ની કેનાલ એમ કુલ ૨૨૬.૦૬૩ કિ.મી.નો સમાવેશ થાય છે. આ કેનાલથી ૧૫ હયાત નાની સિંચાઈ યોજનાઓમાં જળસંગ્રહ થશે. જેનાથી ૪૯,૨૧૮ હેક્ટર વિસ્તારમાં થતી હાલની સિંચાઈ કામગીરી સુનિશ્ચિત થશે. આ યોજનાથી કચ્છ જિલ્લાના અંજાર, મુંદ્રા, માંડવી અને અબડાસા તાલુકાના ૩૫ ગામો લાભાન્વિત થશે. આ ભાગનો બી.સી. રેશિયો ૩.૧૫૮ અને અંદાજિત ખર્ચ રૂા. ૩૪૫.૯૬ કરોડ થવાનો અંદાજ છે.

**(૮) એક્સ્ટેન્શન ઓફ કેબીસી :**

આ ભાગની શરૂઆત નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલની લંબાઈ પૂર્ણ થયા બાદ ચેઈનેજ ૩૫૨ કિ.મી. પછી માંડવી તાલુકાના મોડકુવા ગામ પાસેથી થાય છે અને ગોયલા નાની સિંચાઈ યોજના આગળ પૂર્ણ થાય છે.

આ ભાગમાં કુલ ૦.૧૮૨ એમ.એ.એફ. પાણીનો સંગ્રહ થશે. જે અંગેના વિકલ્પ-૧ને ઉચ્ચસ્તરીય સમિતિએ તા. ૧૩-૨-૨૦૧૧ના રોજ મંજુરી આપેલ છે. આ કેનાલમાં કુલ ૧૧.૦૦ કિ.મી.ની પાઈપ લાઈન તથા ૧૨૪.૭૭૨ કિ.મી.ની કેનાલનો એમ કુલ ૧૩૫.૭૭૨ કિ.મી.નો સમાવેશ થાય છે. આ કેનાલથી ૧ મધ્યમ અને ૯ નાની સિંચાઈ યોજનાઓમાં જળસંગ્રહ કરવાનું આયોજન છે. આ યોજનાથી કચ્છ જિલ્લાના માંડવી, અબડાસા અને લખપત તાલુકાના કુલ ૪૪ ગામો લાભાન્વિત થશે. આ ભાગ થકી કુલ ૧,૨૬,૪૯૩ હેક્ટર હયાત સિંચાઈ વિસ્તાર સુનિશ્ચિત થશે. આ ભાગનો બી.સી. રેશિયો ૨.૦૪ અને કુલ ખર્ચ રૂા. ૬૫૭.૧૫ કરોડ અંદાજવામાં આવેલ છે.

**(૯) ડાયરેક્ટ ફિલીંગ ફ્રોમ કેબીસી :**

આ ઉપરાંત જિલ્લાના કેટલાક જળાશયોને નર્મદા બ્રાન્ચ કેનાલમાંથી સીધા ભરવાનું પણ આયોજન થયેલ છે. જેનાથી કુલ ૦.૦૨૪ એમ.એ.એફ. જળસંગ્રહ થશે તથા આ સંગ્રહ થકી ૧૪૬૦૯ હેક્ટર સિંચાઈ લાયક વિસ્તાર લાભાન્વિત થશે.

**(૧૦) ૩ જળાશયોનું અપગ્રેડેશન :**

હાઈકન્ટુર સ્ટોરેજના એક ભાગ તરીકે હયાત નારણપર, એડમંડ અને જામારા નાની સિંચાઈ યોજનાઓની સંગ્રહ ક્ષમતા વધારવાના કામોનો સમાવેશ પણ આ યોજનામાં કરવામાં આવેલ છે. આમ થવાથી ૦.૦૨૩૮ એમ.એ.એફ.ની વધારાની ક્ષમતા ઊભી થશે અને ૬૩૯ હેક્ટર વધારાનો વિસ્તાર લાભાન્વિત થશે. આ કામનો ખર્ચ રૂા. ૧૭૪.૩૬ કરોડ અંદાજવામાં આવેલ છે.

આમ, એકંદરે સમગ્ર કામગીરીમાં ૧૩૬.૯૬ કિ.મી.ના અર્થન બન્ડ, ૩૮૩.૧૯ કિ.મી.ની પાઈપ લાઈન, ૬૪૬.૬૬ કિ.મી.ની કેનાલ, ૮.૮૦ કિ.મી.ની ટનલ મળીને કુલ ૧૧૭૫.૬૧ કિ.મી. લંબાઈની કામગીરી માટે રૂા. ૪૨૪૮.૧૪ કરોડનો ખર્ચ હાલના તબક્કે અંદાજવામાં આવેલ છે.

હાલના તબક્કે બધા જ ભાગોનું પ્રાથમિક સર્વે કામ પૂર્ણ થયેલ છે. સારણ તેમજ બન્ની જળાશયની વહીવટી મંજુરીની દરખાસ્ત તૈયાર થયેલ છે. જે પૈકી સારણ જળાશય માટેની દરખાસ્ત સરકારશ્રીમાં તથા બન્ની જળાશય માટેની દરખાસ્ત વર્તુળ કક્ષાએ ચકાસણી હેઠળ છે. બાકીના વિભાગો માટે કાર્યવાહી હાથ પર છે.

૧ એમ.એ.એફ.ની સમગ્ર યોજના તેના સર્વે અને અન્વેષણના વિવિધ તબક્કે છે. સમગ્ર યોજનાને સરકારશ્રી તરફથી સ્વીકૃતિ મળવાની રાહમાં છે. આખરી સર્વે, અન્વેષણ અને આલેખન અંતિમ તબક્કે તાંત્રિક કારણોસર કોઈ પણ ભાગમાં તેની સંગ્રહ ક્ષમતા, લાભિત વિસ્તાર તેમજ અંદાજિત ખર્ચમાં ફેરફાર થઈ શકે છે. ■

Chetan Steel Centre
SP. IN : MASALA DABBA, PURI DABBA, FANCY PURI DABBA
VIRJIBHAI
Mota Mandir Compound,
15, Gaushala, Opp. Sarvoday Nagar,
Opp. 1st Panjrapole Lane, Mumbai-400 002.
Ph. : (022) 22428034

# ઔદ્યોગિક વિકાસ સાથે ઊભી થયેલી પાણીની માંગને કઈ રીતે પહોંચી શકાય?

• સેઝીના ભીમાણી, ડૉ. યોગેશ જાડેજા •
એરિડ કોમ્યુનિટીસ એન્ડ ટેકનોલોજીસ - ભુજ

માનવે જાતિના વિકાસ સાથે સાથે સૃષ્ટિ / પૃથ્વી પર સતત અલગ અલગ તબક્કે ભિન્ન ભિન્ન અભિગમો આધીન વિકાસ સાધ્યો છે. આ વિકાસની સાથે સાથે માનવે વિકાસને સંબંધિત વિવિધ ટેકનોલોજીનો પણ વિકાસ કર્યો છે. આજથી લગભગ બે સદી પહેલાં માનવે ઔદ્યોગિક વિકાસની શરૂઆત કરી હતી. આ પહેલા માનવે પોતાને ટકાવવા માટે ખેતી વ્યવસાયની શરૂઆત કરી હતી. ખેતીના વ્યવસાયનો મુખ્ય આધાર પશુ અને જમીન સ્રોતો હતા, પરંતુ જ્યારે માનવે ઔદ્યોગિક વિકાસ સાધ્યો ત્યારે તેનો આધાર ઉર્જા રહ્યો છે. આ ઉર્જા આધારિત ઔદ્યોગિક વિકાસની સાથે માનવે આજે કેટલાક પ્રશ્નો ઊભા કર્યા છે, જેના જવાબ આપણે નવા બદલાયેલા પરિપ્રેક્ષ્યમાં શોધવાના છે. આવો જ એક પાણીની જરૂરિયાતનો પ્રશ્ન આપણી સામે આવીને ઊભો છે. આજે આપણે જોઈએ તો આપણી પાસે પશુપાલન તથા ખેતી જેવા વ્યવસાયોનો લગભગ ૫૦૦૦થી પણ વધુ વર્ષોનો અનુભવ હતો, જેણે આપણી પરંપરામાં કુદરતી સ્રોતો સાથે તાલમેલપૂર્ણ વર્તવાનું શીખવ્યું હતું. પરંતુ ટેકનોલોજી આધારિત ઔદ્યોગિક વિકાસને લીધે આપણે હજી નવી માંગને પહોંચી વળવા માટેની આવડત કેળવી નથી અને આ તાલમેલમાં વિક્ષેપ ઊભો થયો છે. આ સમયે આ માંગને કેવી રીતે પહોંચી શકાય તેના માટેનો અભ્યાસ એરિડ કોમ્યુનિટીસ એન્ડ ટેકનોલોજી સંસ્થાએ કચ્છના મુંદ્રા તાલુકામાં હાથ ધર્યો હતો, જેના તારણો આજના સેમિનારમાં રજૂ કરવામાં આવે છે.

આ અભ્યાસમાં છેલ્લા પાંચ વર્ષમાં થયેલ ઔદ્યોગિક વિકાસને પગલે ઊભી થયેલી પાણીની માંગ અને એ માંગને લઈને સ્થાનિક જળસ્રોતો પર ઊભા થયેલા દબાણને કારણે આજે શું પરિસ્થિતિ નિર્માણ થઈ છે તેનો ચિતાર મેળવવામાં આવ્યો છે. જેમાં વિસ્તારના લગભગ ૧૦૦ કૂવા - બોરવેલના સતત અવલોકન તથા તેમાં આવી રહેલા બદલાવોનો ઝીણવટપૂર્વક પૃથક્કરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આગામી વર્ષોમાં વિસ્તારની જરૂરિયાતનો સચોટ અંદાજ મેળવવામાં આવ્યો છે. ઉપરાંત આ માંગને પહોંચી વળવા માટે કેવો અભિગમ હોવો જોઈએ તે ચકાસવામાં આવ્યું છે.

**• કોષ્ટક-૧ •**

**મુંદ્રા વિસ્તારમાં પાણીની જરૂરિયાત અને પુરવઠા વચ્ચેનું સમતોલન**

| **તાલુકામાં ઉપલબ્ધ જળસ્રોત** | **જથ્થો (એમ.સી.એમ.)** |
|---|---|
| ભૂગર્ભજળ રીચાર્જથી | ૨૦૫.૮૨ |
| સપાટીય જળસ્રોતો | ૭૫.૯૪ |
| બહારથી આવતું પાણી | ૪.૦૩ |
| કુલ પુરવઠો | ૨૮૫.૭૯ |
| **તાલુકામાં પાણીની જરૂરિયાત** | |
| પીવાના તથા ઘરવપરાશ | ૧૮.૯૬ |
| પશુને પીવાનું પાણી | ૧.૧૫ |
| ખેતીની જરૂરિયાત | ૩૧૧.૪૮ |
| ઔદ્યોગિક જરૂરિયાત | ૮૫ |
| **કુલ જરૂરિયાત** | **૪૧૬.૬** |
| **વધ-ઘટ** | **–૧૩૦.૮** |

આ અભ્યાસના તારણો પ્રમાણે કોષ્ટક નં.-૧ વિસ્તારની સ્થાનિક જળ સમતોલન સૂચવે છે, જે સ્પષ્ટ રીતે જણાવે છે કે જરૂરિયાતની (૪૧૬.૬૦ મિ.ઘ.મી.) સાપક્ષે પુરવઠો (૨૮૫.૭૯ મિ.ઘ.મી.) લગભગ ૧૩૦.૮૦ મિ.ઘ.મી. જેટલો ઓછો છે.

આ જરૂરિયાતને પૂરી કરવા માટે જો સંકલિત અભિગમ અપનાવવામાં આવે તો આ જરૂરિયાતને સ્થાનિકે જ પૂર્ણ કરી શકાય તેમ છે. આ માટે નીચે પ્રમાણેના વિકલ્પો ધ્યાને લેવા જોઈએ.

★ પીવાનું તથા ઘર વપરાશના પાણી માટે જોઈતા ભૂગર્ભજળના

શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ
★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ
SHIKHARJI Continental

ફાર ઈસ્ટ
All Inclusive Rs. 69,999/-
10 Days • Dep. : 21 Apr., 01, 12, 22 May, 1 June
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
TAK MAK® TOURS & TRAVELS
મુલુંડ • દાદર • પાર્લા
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

જથ્થાને અને સારા ભૂગર્ભજળ વિસ્તારોને રક્ષિત જાહેર કરવા જોઈએ. જે માટે ટેકનીકલ પધ્ધતિથી સ્રોત રક્ષણ માર્ગદર્શિકાઓ બનાવવી જોઈએ અને સ્થાનિકે વ્યવસ્થાપન માટે સંસ્થાકીય માળખું ઊભું કરવું જોઈએ.

★ ખેતીમાં ભૂગર્ભજળના વપરાશકારો માટે માઈક્રો ઈરીગેશન ટેકનોલોજી ફરજિયાત કરવી જોઈએ તથા ભૂગર્ભજળ ધારક ખડકોની ટેકનીકલ લાક્ષણિકતા (એક્વિફર મેપિંગ) નક્કી કરી વરસાદી પાણીથી થતા રીચાર્જ આધારે પાક પધ્ધતિ અપનાવવા માટે ફરજ પાડવી. આ માટે સ્થાનિકે એક્વિફર પ્રમાણે ઉપભોક્તા જૂથો બનાવી, તેમનું આ વિષે ક્ષમતાવર્ધન કરી અને સહભાગી વહેંચણીના નિયમો તૈયાર કરવા.

★ ઔદ્યોગિક જરૂરિયાત માટે જે તે ઔદ્યોગિક એકમની પાણીની જરૂરિયાતને ગુણવત્તા આધારિત વર્ગીકૃત કરવું. ત્યારબાદ વિવિધ ગુણવત્તાના પાણી માટે નીચે પ્રમાણે ટેકનોલોજીકલ વિકલ્પો અપનાવવા ફરજ પાડવી.

- ❒ જ્યાં ખરાબ ગુણવત્તાના પાણીની જરૂરિયાત હોય ત્યાં ફરજિયાત દરિયાના પાણીનો જ ઉપયોગ કરવો. આ ઉપયોગ કરવા જતા દરિયાઈ ખારાશનું અતિક્રમણ ભૂગર્ભજળ પર ના થાય તે માટે ચોક્કસ ટેકનીકલ પગલાઓ લેવા. જેવા કે કેનાલથી પાણી આવતું હોય તે કેનાલ લીકેજ પ્રુફ હોવી જોઈએ વગેરે.
- ❒ મધ્યમ ગુણવત્તા તથા પ્રદૂષણ નાથવા માટે ઔદ્યોગિક એકમો દ્વારા કરવામાં આવતા વનીકરણ માટે ફરજિયાતપણે રી-સાઈકલ કરેલ ઘરવપરાશના પાણીનો જ ઉપયોગ કરવામાં આવે. આ માટે વિસ્તારના તમામ નાના મોટા શહેરોના ગટરનું પાણી રી-સાઈકલ માટે ઉપયોગમાં લેવામાં આવે.
- ❒ ખૂબ જ સારી ગુણવત્તાના પાણી એટલે કે ઔદ્યોગિક વસાહતોના પીવાના પાણી માટે જોઈતા જથ્થાને નબળી ગુણવત્તાના ભૂગર્ભજળને રીવર્સ ઓસ્મોસિસ અથવા દરિયાઈ પાણીના ડી-સેલિનેશનની ટેકનોલોજીથી વ્યવસ્થા કરવી.

★ આ ઉપરાંત આ વિસ્તારમાંથી પસાર થતા નદીઓના કેચમેન્ટ પ્રમાણે ફેડરેશન બનાવવામાં આવે અને આ ફેડરેશનને જવાબદાર બનાવવામાં આવે, જે તે બેઝીનના જળ અને જમીન જેવા સ્રોતોના વપરાશ અને વ્યવસ્થાપન માટે કાર્ય કરે. જળ સ્રોતોના વધુ વિકાસ માટેના નાણાંની ફાળવણીમાં તમામ ઉપભોક્તાઓની ભાગીદારી જળરાશિના વપરાશ અનુસાર કરવામાં આવે.

★ દરેક ફેડરેશનની દરિયાઈ ખારાશ અટકાવવા માટેની સમાન જવાબદારી બનાવવી જોઈએ.

★ કેચમેન્ટમાં આવતા તમામ ગામો અને ઔદ્યોગિક એકમોને નાના નાના જૂથમાં વિભાજિત કરી અને તે જૂથ માટેના આયોજન તથા નિર્ણય શક્તિની પ્રક્રિયાઓને ફેડરેશન દ્વારા વિકેન્દ્રિત કરવું જોઈએ. દા.ત. એક બેઝીનમાં ત્રણ ઔદ્યોગિક એકમ અને ૪૫ ગામ હોય તો તેના ઉપવિભાગ તરીકે એક ઔદ્યોગિક એકમ અને ૧૫ ગામોનું જૂથ બનાવવું જોઈએ.

- ❒ આ જૂથની જવાબદારી કેચમેન્ટના સપાટીય તેમજ ભૂગર્ભ જળ સ્રોત વિકાસ તેમજ વ્યવસ્થાપનની રહેશે. જેમાં –
  - ✦ અહીં આવતા સિંચાઈ ડેમનું વ્યવસ્થાપન સહભાગી સિંચાઈ વ્યવસ્થાથી કરવું.
  - ✦ નિયમિત રીતે ડેમનું ડીસિલ્ટીંગ કરવું વગેરે.
  - ✦ એક્વિફરના રીચાર્જનું આયોજન.
  - ✦ એક્વિફરમાંથી કેટલું પાણી ઉલેચવું વગેરે નિર્ણયો લેવા.
  - ✦ સહભાગીથી જંગલ, ગોચર જેવા જમીન સ્રોતોની પણ જાળવણી કરવી.

જો ઉપર પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે તો આગામી સમયમાં ઔદ્યોગિક વિકાસ સાથે કુદરતી સંશાધનોના વપરાશ માટે યોગ્ય તાલમેલ સાધી શકાય. ■

## નદી આધારિત જળસંચય વ્યવસ્થાપન

(અનુસંધાન : પાના નંબર-૨૪ ઉપરથી ચાલુ)

તરફની દોડ ઘટે અને ઝુંપડપટ્ટીથી ઉભરાતા શહેરોમાં ઘસારો ઓછો થાય. પર્યાવરણને સ્વચ્છ બનાવતું હરિયાળુ વાતાવરણ બને તે માટે માંડવીની રૂકમાવતી નદી પર ઈન્ટીગ્રેટેડ રીવર બેઝીન મેનેજમેન્ટ (સંકલિત નદી જળ પરિવાહ વ્યવસ્થાપન) કાર્યક્રમ વી.આર.ટી.આઈ. દ્વારા "સહવીર્યમ કરવા વહે"ની ભાવનાથી શરૂ થયેલ છે.

આ કાર્યક્રમ સંકલિત અને ટકાઉ વિકાસ માટેના આ પાયાનું કાર્ય માત્ર માનવ જ નહીં પરંતુ સમગ્ર જીવસૃષ્ટિના પર્યાવરણના અસ્તિત્વની સાથોસાથ ટકાઉ સમાજ વ્યવસ્થાની દિશામાં ભવિષ્યમાં અન્યત્ર પ્રેરણારૂપ બની રહેશે તેવી શ્રધ્ધા છે. જે આવતી પેઢી માટેની મજબૂત ઔદ્યોગિક સંસ્કૃતિનું નદી પરિવાહ (રીવર બેઝીન) પરનું વૈશ્વિક મોડેલ બની રહેશે. તે માટે આપણે બધાએ સાથે મળીને મિશન ઉપાડવું પડશે. કારણકે, કચ્છમાં આવી ૯૭ નદીઓ છે. સમૃધ્ધ ઉદ્યોગગૃહો, સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ, મહાજનો, સરકારની વિવિધ યોજનાઓ, સ્થાનિક મંડળો, ગ્રુપો, મહિલાઓ સૌ સાથે મળી નદી પ્રમાણે આયોજન કરે તો કચ્છનું ભવિષ્ય ઉજળું બનશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. જરૂર છે માત્ર ભેગા મળીને કામ કરવાની. તો આવો, આપણે સૌ સાથે મળી સારા અનુભવને આગળ વધારીએ. ■

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

ચંદ્રકાંત વીરજી ભાણજી દેઢિયા (ગઢશીશા)
L.I.C. એજન્ટ
સાયન, મુંબઈ. ● ફોન : 24023429, મો. 9819861440

# નદી આધારિત જળસંચય વ્યવસ્થાપન

• **માવજીભાઈ એલ. બારૈયા** – નિયામક, શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યુટ - માંડવી, કચ્છ •

***હે પૃથ્વી માતા! તું મારી માતા છો, હું તારો બાળક છું....***

*"મનુષ્યની ઉત્પત્તિ તારી ઉપર થઈ છે. મનુષ્ય અને પ્રાણીઓને તેં સહયોગ આપ્યો છે. વૃક્ષો અને નાના છોડ તારી ઉપર મજબૂત રીતે ઊભા છે. સમુદ્ર, નદીઓ અને અન્ય પાણીનો સંગ્રહ તારી સપાટી ઉપર મળે છે. જંગલી પશુ તારી ઉપર વિચરણ કરી રહ્યા છે. પક્ષીઓ તારી ઉપર મુક્ત રીતે ઊડી રહ્યા છે. ડુંગરો, ટેકરીઓ અને ઘનઘોર જંગલો તારી ઉપર ઊભા છે. ઘઉં અને જવ તારી ઉપર મળી આવે છે. સોના જેવી મૂલ્યવાન ધાતુઓ અને કિંમતી ખનીજ તારી પાસેથી મળે છે. શિયાળા, ઉનાળા અને ચોમાસા જેવી ઋતુઓ તારી ઉપર થાય છે. પરાગરજનો છંટકાવ કરતા પતંગિયાઓ એક વૃક્ષથી બીજા વૃક્ષ પર ભમી રહ્યા છે. માટે હે પૃથ્વી! તું મારી માતા છો, હું તારો બાળક છું."*

***– અથર્વવેદ***

આ રીતે પૃથ્વી આપણી માતા છે. આ માતાની ગોદમાં વિચરતી આ જીવસૃષ્ટિ માટે દરેક જીવને પોતાની જરૂરિયાતનું બધું જ મળી રહે છે. પરંતુ આ દાયકાની સળગતી સમસ્યાઓની વાત કરીએ તો આજે વરસાદ અનિયમિત અને અનિશ્ચિત બનતો જાય છે. પરિણામે ક્યાંક દુષ્કાળ તો ક્યાંક પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ખેતી ઉપરના જોખમો વધતા જાય છે. નાના ખેડૂતો વધુને વધુ ગરીબ બનતા જાય છે. જમીનની ગુણવત્તા બગડતી જાય છે. જૈવિક વિવિધતા જોખમાઈ રહી છે. ભૂગર્ભ જળની સપાટી સતત નીચે જતી જાય છે. દરિયાની સપાટી વધી રહી છે.

મનુષ્યના જીવન ધોરણને લઈને સમસ્યાઓ જોવા મળી રહી છે. જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવ સતત વધી રહ્યા છે. જેના પરિણામે ફુગાવો સતત વધતો જાય છે. કુપોષણ અને સ્વાસ્થ્યની સમસ્યા ગંભીર બની છે. આજના વિકાસનો અંદાજ માત્ર જી.ડી.પી.નો આધાર લેવાય છે. જેમાંથી કેટલીક પાયાની બાબતો છૂટી જાય છે. સામાજિક અને પરિસ્થિતિય મૂલ્યોને વિકાસની બાબતમાં ધ્યાને લેવાતી નથી. ચારિત્ર્ય અને સંસ્કારીતાના મૂલ્યોની અવગણના થઈ રહી છે.

આ બધી સમસ્યાઓનું સમાધાન ક્યાં મળશે? સમાધાન આપણને માત્ર અને માત્ર ગ્રામીણ વિસ્તાર, વરસાદ આધારિત વિશાળ ખેત વિસ્તાર, નાના ખેડૂતો, જમીન અને પાણીનું વ્યવસ્થાપન તથા પાક, ઘાસ અને વૃક્ષો જેના બાયોમાસની પેદાશોમાંથી મળશે. જે નદીના બેઝીન વિસ્તારમાં શક્ય છે.

પરંતુ વિકાસની દોડમાં માનવી દિવસે દિવસે વધારે ને વધારે કુદરતી સંશાધનોને વાપરતો જાય છે. પરિણામે કેટલીક ગંભીર સમસ્યાઓ સર્જાઈ છે. અનિયમિત વરસાદ, દુષ્કાળોની પરંપરા, ખેતી ઉપર વધતા જોખમો, જમીનનો બગાડ, પર્યાવરણનો નાશ – આવી અનેક માનવસર્જિત આપત્તિઓ વધી રહી છે. આની વિપરીત અસરથી તંદુરસ્ત અને ટકાઉ સમાજ વ્યવસ્થા ખોરવાઈ રહી છે.

પૃથ્વીનું વાતાવરણ સતત પ્રદૂષિત થતું જાય છે. આજે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ૨૮૦ પી.પી.એમ. થી વધીને ૩૮૦ પી.પી.એમ. ઉપર પહોંચ્યું છે. આપણી માતા પૃથ્વીને બચાવવા અને સમગ્ર જીવસૃષ્ટિની સુખાકારી માટે પ્રકાશ સંશ્લેષણ (ફોટો સિન્થેસીસ)ની પ્રક્રિયાથી આ વધતા જતા કાર્બન ડાયોક્સાઈડના પ્રમાણને મૂળ સ્થિતિમાં લાવવું પડશે. જેમાં પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયાને ઉદ્યોગના સ્વરૂપે લેવું પડશે. પરંતુ આ બધી બાબતોના પાયામાં શુધ્ધ જળની ઉપલબ્ધિ અનિવાર્ય છે. જે માટે હાથવગો અને સક્ષમ ઉપાય છે **"નદીઓ તરફ પાછા વળવાનો."**

કુદરત વરસાદ દ્વારા જે પાણી આપે છે તે પાણીનું ટીપે ટીપું સંગ્રહીને તેનો મહત્તમ કાર્યક્ષમ ઉપયોગ દ્વારા જળક્રાંતિ લાવીને નદીઓ અને તેની આસપાસના વિસ્તારોને નવપલ્લવિત કરવાની. આ એક વિશાળ અને લાંબાગાળાની ક્રાંતિકારી કામગીરી છે. આ ખૂબ જ આશાસ્પદ અને મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમને વ્યાપક બનાવતા પહેલાં પ્રારંભિક ધોરણે કચ્છની રૂકમાવતી નદીને પુનઃજીવિત કરવાનું આયોજન હાથ ધરાયું છે. જેમાં કચ્છના નનામા ડુંગરથી નીકળીને ૬૦ કિ.મી.નું અંતર કાપી માંડવીના સાગરમાં મળતી આ નદીના બંને કાંઠાના વિસ્તારમાં ૪૬ જેટલા ગામો આવરી લેવાયા છે.

અહીં આપણે વાત કરીએ છીએ "નદી પરિવાહ" (રીવર બેઝીન)ની. જે પૃથ્વીની સપાટી ઉપરનો એક વિસ્તાર છે કે જ્યાં વરસાદ સ્વરૂપે આવતા પાણી નાના વોકળાઓ રચીને એ નદીનું સ્વરૂપ લે છે અને છેલ્લે એક મોટી નદી બનીને સમુદ્રમાં મળી જાય છે. ટૂંકમાં, એક નદી ઉપર આવતા નાના નાના વોટરશેડના સરવાળાને નદી જળ પરિવાહ (રીવર બેઝીન) કહી શકાય. ઈન્ટીગ્રેટેડ રીવર બેઝીન મેનેજમેન્ટ (આઈ.આર.બી.એમ.) દ્વારા જળ પરિવાહ વિસ્તારના લોકો સ્વાવલંબી બનીને વિકાસ સાધી શકે તે પ્રકારની જળ, જમીન, જંગલ, જાનવરના વિકાસ માટે સંકલન, સંરક્ષણ અને સુવ્યવસ્થાપનની પ્રક્રિયા હાથ ધરવી એ તેના પાયામાં છે.

***સખત પરિશ્રમ કરશો તો એક વાત ચોક્કસ- કોઈ તમને હરાવી નહિ શકે.***

આ કાર્ય માટે વી.આર.ટી.આઈ. - માંડવી છેલ્લા બે વર્ષથી ભુજ અને માંડવી તાલુકાના ૪૬ ગામોનો વિસ્તાર ધરાવતા રૂકમાવતી નદીનાં જળ પરિવાહને મોડેલ તરીકે લઈને છેલ્લા બે વર્ષથી વૈજ્ઞાનિક ઢબે પધ્ધતિસર આયોજનની પ્રક્રિયા શરૂ કરેલ છે.

- **રૂકમાવતી નદીના જળ પરિવાહની સામાન્ય માહિતીઃ**

*કુલ ગામ* : ૪૬

*વિસ્તાર* : ૫૯,૦૭૫ હેક્ટર

*વસ્તી* : ૧,૦૮,૦૩૩

*કૃષિ વિસ્તાર* : ૩૩,૪૭૩ હેક્ટર


*પીયત વિસ્તાર* : ૧૦,૨૬૮ હેક્ટર

*ખેતીલાયક પડતર વિસ્તાર* : ૫,૬૪૯ હેક્ટર

*જંગલ ખાતાની જમીન* : ૪,૨૮૨ હેક્ટર

*અન્ય પડતર, રોડ અને ગામતળ જમીન* : ૧૫,૬૭૧ હેક્ટર

**રૂકમાવતી નદી જળ પરિવાહ**




- **યોજનાનો ઉદ્દેશ્ય અને હેતુઓ :**

ભૌગોલિક અને ભૂગર્ભની દૃષ્ટિએ વૈવિધ્ય ધરાવતા કચ્છ જેવા સૂકા અને અર્ધસૂકા વિસ્તારમાં રીવર બેઝીન મેનેજમેન્ટ પાયાની બાબતો લક્ષમાં રાખીને ટકાઉ કાર્ય કરવું જરૂરી છે.

➢ બેઝીન વિસ્તારના જળ, જમીન, જંગલ અને જાનવર જેવા કુદરતી સંશાધનની ક્ષમતા અંગે સમજ મેળવીને વિસ્તારના લોકોને તેની સમજણ આપવી.

➢ બેઝીન વ્યવસ્થાપનની સમસ્યાઓ અને પડકારોને સમજવા.

➢ બેઝીનની સમસ્યાઓને ધ્યાનમાં લઈને હાલની સામાજિક - આર્થિક પરિસ્થિતિની સમજણ કેળવવી.

➢ સંસાધનોના વ્યવસ્થાપન માટે લોકો દ્વારા એક વિકેન્દ્રિત વ્યવસ્થાતંત્ર ઊભું કરવું.

- **બેઝીનની લાક્ષણિકતાઓ અને સમસ્યાઓઃ**

➢ બેઝીન વિસ્તારમાં વચ્ચેના (મધ્યમ) ભાગમાં મધ્યમ સિંચાઈ યોજના હેઠળ વિજયસાગર સિંચાઈ ડેમ અને અન્ય નાના નાના તળાવો આવેલા છે. જેમાંથી લીફ્ટ ઈરીગેશન થાય છે. પરંતુ મોટા ભાગનો વિસ્તાર ભૂગર્ભ જળ આધારિત છે. જેમાં મોટાભાગના પીયત વિસ્તારના ખેડૂતો પોતાના બૉરવેલ ધરાવે છે.

➢ આ વિસ્તારમાં વધુ પડતા ભૂગર્ભ જળના ખેંચાણથી પાણીના સ્તરો સતત નીચે જાય છે. જેના પરિણામે સિંચાઈના કાંઠાળ વિસ્તારમાં ખારાશ વધતી જાય છે. પીવાના પાણીની ગુણવત્તા સતત બગડતી જાય છે. જમીનની ગુણવત્તા બગડી રહી છે. જેથી પાકની ઉત્પાદકતા સતત ઘટતી જાય છે.

➢ આ ઉપરાંત માનવીય રીતે પણ કેટલીક સમસ્યાઓ છે. તેમાં ભૂગર્ભ જળની ક્ષમતા અંગે સમજણનો અભાવ, વધુને વધુ પાણી ખેંચવાનો અભિગમ, અસમાન જમીન વહેંચણી તથા સંગઠનનો અભાવ જોવા મળે છે.

➢ આ સમસ્યાઓના સમાધાન માટે રૂકમાવતીના બેઝીન વિસ્તારમાં એટલે કે ૧.૫ લાખ એકર ફૂટ વિસ્તારમાં ૧૨ ઈંચ વરસાદ (૧ ફુટ) ગણીએ તો પણ ૧.૫ લાખ એકર ફૂટ પાણી આ બેઝીન વિસ્તારમાં ચોમાસામાં મળે છે. તેને વ્યવસ્થિત રીતે સાચવીએ તો કુદરત તરફથી મળતી આ મૂલ્યવાન ભેટ (વરસાદી પાણી)ને સાચવીને વિસ્તારના લોકોની સુખાકારી વધારી શકાય.

- **અભિગમ અને પધ્ધતિ :**

આ કાર્યક્રમના મુખ્ય ત્રણ તબક્કા છે :

(૧) આયોજન, (૨) અમલીકરણ, (૩) વ્યવસ્થાપન.

સંકલન અને સહભાગીતા એ આ કાર્યક્રમનો મુખ્ય અભિગમ છે.

*નિરાશા એક ભયંકર રોગ છે. એની સામે તમામ તાકાતથી લડો.*

આ વિસ્તારના લોકોને તાલીમ આપીને તેની ક્ષમતામાં વધારો કરીને વ્યવસ્થાપન માટે ગ્રામ્ય સ્તરે સંગઠનો તૈયાર કરવા. જે ભવિષ્યના વિકાસના કાર્યો અને વ્યવસ્થાપન માટે સજ્જ બને.

- **આયોજન તબક્કો :**

➢ વિસ્તારના વિકાસ માટેના આયોજન માટે ૨૦ જેટલા સ્થાનિક યુવાનો પસંદ કરીને તેમને સઘન તાલીમ આપવામાં આવી.

➢ સમગ્ર વિસ્તારના નકશા તૈયાર કર્યા (બેઈઝ, લેન્ડ યુઝ, વોટર રીસોર્સ અને જીયોલોજીકલ મેપ વગેરે)

➢ જુદા જુદા ગ્રુપો તૈયાર કર્યા. જેમાં સ્વસહાય, યુઝર ગ્રુપ, ખેડૂત, પશુપાલક યુવાનો વગેરેના ગ્રુપો તૈયાર કર્યા.

➢ આ વિસ્તારમાં જમીન, પાણી, ખેતી, પશુપાલન, ફુડ અને ફોડર વિશે સર્વે કરવામાં આવ્યું. જેનું પૃથ્થક્કરણ કરીને ગામ પ્રમાણે માંગ અને પુરવઠાનો અભ્યાસ કરવામાં આવ્યો.

➢ સમગ્ર બેઝીનમાં આવેલ સપાટી જળસ્રોતોનો અભ્યાસ કરીને દરેક સ્ટ્રક્ચરની હાલની સ્થિતિ જાણી, તેના વ્યવસ્થાપન અને વિકાસ માટેનું આયોજન કરેલ છે. જેના પરિણામે ૨૮,૦૦૦ મિલિયન ઘનફુટ જેટલા સપાટી જળસ્રોતોનું પધ્ધતિસર વ્યવસ્થાપન લોકો દ્વારા થાય તેવા પ્રયત્નો કરેલ છે.

- **અમલીકરણ તબક્કો :**

➢ આયોજનની સાથે સાથે જ્યાં શક્ય બન્યું ત્યાં અમલીકરણની પ્રક્રિયા પણ શરૂ કરેલ છે, જેમાં સરકારશ્રીની સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ અન્ય સ્થાનિક સંસ્થાઓનો સહકાર લઈને બેઝીન વિસ્તારમાં કુલ ૫૧ ચેક-ડેમ તૈયાર કરવાનું આયોજન થયું. જે માટે સર્વે અને એસ્ટીમેટનું કામ પૂર્ણ કરીને સરકારશ્રીની મંજૂરી પણ મેળવી લેવામાં આવી. જ્યાંથી કુલ ૪૬ જેટલા ચેક-ડેમ પૂર્ણ થયા. સદ્‌નસીબે સારા વરસાદનો ફાયદો મળેલ છે.

- **કામગીરીની લાંબાગાળાની સંભવિત અસરો અને દેખાઈ રહેલા પરિણામો :**

➢ બેઝીન વિસ્તારમાં પાણી સંગ્રહ માટેના ચેક-ડેમ બનવાથી આજુબાજુના વિસ્તારમાં ૧ મીટરથી ૮ મીટર સુધી પાણીના સ્તરો ઉપર આવ્યા છે તથા ૧૯૦થી લઈને ૬૦૦ જેટલા ટી.ડી.એસ.માં ઘટાડો થયો છે. જેનાથી સારું પાણી મળતાં ખેત ઉત્પાદનમાં વધારો થશે. આ ઉપરાંત જમીનમાં ભેજ વધતા બેઝીન વિસ્તાર લીલોછમ બનતો જાય છે જે આવતા વર્ષો સુધી જળવાઈ રહેશે, કારણકે ૧૮૫ હેક્ટર જેટલી જમીન પીયત હેઠળ આવી છે. ૧૨ જેટલા નવા કુવાઓ બન્યા છે.

➢ બેઝીન વિસ્તારમાં દુષ્કાળ નિવારણ કાર્યક્રમ હેઠળ કેટલાક ગામોમાં પશુપાલકોના જૂથો બનાવીને તેને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડની ડેરી તથા સરહદ ડેરી સાથે જોડવામાં આવેલ છે. જેનાથી તેમને દૂધના ભાવ ૧૨થી ૧૩ રૂા.ને બદલે રૂા. ૨૦થી રૂા. ૨૮ મળતા થયા છે. હાલે દરરોજનું ૫૦,૦૦૦ લીટર જેટલું દૂધ લોકો ભરાવે છે અને તેમની આવકમાં વધારો થયો છે. સાથોસાથ લોકોની ભાગીદારીથી ખાણદાણ કેન્દ્રો પણ શરૂ થયા છે. પશુ સારવારની સગવડ પણ મળતી થઈ છે. પરિણામે પશુપાલનનો વ્યવસાય ખૂબ ઝડપથી આગળ વધી રહ્યો છે.

➢ એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ (આત્મા) અંતર્ગત દરેક ગામમાં ખેડૂત જૂથ રચવાની કામગીરી શરૂ થયેલ છે. કુલ ૧૧૦ જેટલા ગ્રુપો બન્યા છે. જેમાં ખેડૂતોને તાલીમ, ડેમોન્સ્ટ્રેશન, પ્લોટ, પ્રેરણા પ્રવાસો વગેરે હાથ ધરીને નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ ખેતીને વધુ ઉત્પાદક બનાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

➢ યુનિસેફના કાર્યક્રમ હેઠળ આ વિસ્તારના બાળકો ભણતા થાય, બાળ મજૂરી અટકે અને શિક્ષણનો વ્યાપ વધે તે માટે વિસ્તારના યુવાનોમાંથી સ્વયંસેવકો તૈયાર કર્યા છે. ઉપરાંત કિશોરી જૂથો બનાવીને તેની તાલીમો પણ શરૂ કરેલ છે, જેનાથી ભવિષ્યમાં દરેક કામમાં મહિલાઓની ભાગીદારી મળી રહે.

➢ વી.આર.ટી.આઈ. અને એગ્રોસેલ દ્વારા આ વિસ્તારના ખેડૂતોને પોતાની ખેત પેદાશોનું વધું ઉત્પાદન મળે, ખેતીના ઈનપુટ સસ્તા ભાવે મળી રહે અને ઉત્પાદનના વેચાણની વ્યવસ્થા મળી રહે જેથી ખેડૂતને સારા ભાવ મળે તે માટે આ વિસ્તારના ૫૦૦ જેટલા પ્રગતિશીલ ખેડૂતો સાથે મળીને આયોજન થઈ રહ્યું છે. જેના માટે એક પ્રોડ્યુસર કંપની **"રૂકમાવતી રૂરલ એગ્રો પ્રોડ્યુસર કંપની લી."** શરૂ કરવામાં આવી છે.

➢ આર.કે.વી.વાય., એન.એફ.એસ.એમ. વગેરે યોજનાના સંકલન દ્વારા ખેડૂતો સુધી લાભ પહોંચાડવામાં આવે છે.

- **વ્યવસ્થાપન તબક્કો :**

➢ લોકોની જરૂરિયાત સમજીને પધ્ધતિસરનું સૂક્ષ્મસ્તરે આયોજન, તેનું અસરકારક અમલીકરણ થશે.

➢ ક્લસ્ટરના આગેવાનોની સમિતિ અને મહાજન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ વ્યવસ્થાપક સમિતિઓની અમલીકરણમાં મહત્ત્વની ભૂમિકા રહેશે. ઊભી થનાર મિલ્કતોની જાળવણી, મરામતની જવાબદારી પોતે લેતા થશે.

- **સારાંશ :**

આમ, રૂકમાવતી રીવર બેઝીનના ૪૬ ગામોનો વિસ્તાર પીવા અને ખેતી માટે પાણી, ખોરાક માટે પૂરતું અનાજ, પશુપાલન માટે સારવાર, ખાણદાણ, ઘાસચારો, પાણી વગેરે બાબતે સંપૂર્ણ સ્વાવલંબી બને, બાળકોના શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુખાકારીની સગવડો સ્થાનિકે ઊભી થાય, લોકો ગામડામાં સમૃધ્ધ જીવન જીવતા થાય, જેથી શહેરો

(અનુસંધાન : જુઓ પાના નંબર-૨૧ ઉપર)

*તમારે સફળ થવું છે? તો સફળતાના વિચારો કરવાની આદત પાડો.*

# કચ્છમાં ખેતી - પશુપાલન - બાગાયતના વિકાસલક્ષી ચિંતનના મુદ્દાઓ

• મનોજ સોલંકી અને વિજય શાહ •

## ખેતી, પશુપાલન અને બાગાયત

- ❒ ખેતી અને પશુપાલન એ કચ્છના વિકાસ માટે મહત્ત્વના અંગ છે કારણકે તેના દ્વારા વિકાસની મોટી તક દરેકના હાથમાં રહેલી છે.
- ❒ કેટલીક બાબતોનું ધ્યાન - માર્ગદર્શન ન હોવાના કારણે આ તક આપણે ઝડપી નથી રહ્યા.
  - – આથી વિપરીત ઘણા ખેડૂતો મુસીબતમાં છે અને આપઘાત સુધીની ઘટનાઓ જોવા મળે છે.
- ❒ આપણી પાસે પુષ્કળ જમીન છે, મોટું પશુધન છે. છેલ્લા દાયકામાં ઈશ્વરકૃપાથી વરસાદની સ્થિતિ સાનુકૂળ થઈ છે.
  - – તો પછી આવું શા માટે?
  - – કેમ થોડાક જ ખેડૂતો ખેતીથી સુખી છે?
  - – આ વિચાર કરવો ખૂબ જરૂરી છે.
- ❒ કચ્છના ખેડૂતને ખેતીનો વિકાસ કરવો હશે, પશુપાલનનો વિકાસ કરવો હશે, તેના દ્વારા પોતાનો અને વિસ્તારનો વિકાસ કરવો હશે તો નીચેના મુદ્દાઓ પર વિચાર કરવો પડશે - કામ કરવું પડશે.

## ખેતી

- ❒ ખેતીમાં ઉદ્યોગ કક્ષાનું આયોજન
- ❒ ખેતીમાં સમજણપૂર્વકનો બદલાવ
- ❒ ખેતી અને પશુપાલનનું સઘન જોડાણ
  માત્ર ખેતી નહીં — માત્ર પશુપાલન નહીં.
- ❒ પાણીનો ખૂબ જ કાર્યક્ષમ ઉપયોગ - પાણીની બચત.
- ❒ ખેતીનો ખર્ચ ઘટાડવાના ઉપાયો.
- ❒ ખેડૂતનું જેટલું ખેતીમાં ધ્યાન, તેટલું જ માર્કેટમાં ધ્યાન.
  કુટુંબની એક વ્યક્તિ ખેતી કાર્ય કરે તો એક વ્યક્તિ માર્કેટ સંબંધી કાર્ય કરે.
- ❒ કચ્છના જમીન, પાણી અને વાતાવરણને ધ્યાનમાં રાખી કચ્છમાં બાગાયતને મહત્ત્વ દેવાની જરૂર.
- ❒ આપણા જમીન, પાણી અને વાતાવરણને અનુકૂળ બીજ પર ધ્યાન આપવું.
- ❒ સંતાનોને ભણાવીને નોકરીમાં નહીં પરંતુ ખેતીમાં જોડવા.
- ❒ કિસાન સંઘ અને સમાજોના આયોજનોમાં ખેડૂતોના વિકાસમાં ઉપયોગી પાસાઓના
  - – અભ્યાસક્રમો ચાલુ કરાવવા.
  - – સરકાર દ્વારા ચાલતા તાલીમ કાર્યક્રમોથી વધુને વધુ ખેડૂતો લાભાન્વિત થાય તેવું આયોજન કરવું.
  - – સતત માહિતી મળતી રહે તેની ગોઠવણ કરવી.
  - – પ્રયોગો - અનુભવોની આપ-લે થતી રહે તે જોવું.
- ❒ ખેતી, એ મંદી વગરનો ધંધો છે.
- ❒ ખેતીનો વ્યવસાય ગામેગામ થઈ શકે છે. ગામ છોડવાની જરૂર રહેતી નથી. ખેતીમાં જીવન ખર્ચ ઓછામાં ઓછો આવે છે.
- ❒ ખેડૂત સંતાનને ભણાવવા માટે
  - – ખેતી ન મૂકે તે જોવું.
  - – ગામ ન મૂકે તે જોવું.
- ❒ ખેડૂતે સંતાનોને ખેતીમાં ઉપયોગી થાય - બજાર માટે ઉપયોગી થાય - ગામ માટે ઉપયોગી થાય તેવા શિક્ષણનો આગ્રહ રાખવો.
- ❒ ખેતી લાંબો સમય ચાલે તે માટે તેના મુખ્ય અંગો - જમીનની ફળદ્રુપતા, પાણી, પશુ, પર્યાવરણની જાળવણી કરવી.

## પશુપાલન

- ❒ પશુપાલન વિકેન્દ્રિત સ્વરૂપનું હોવું જોઈએ.
  - – દરેક ખેડૂત ગોપાલન કરે.
- ❒ પશુપાલનમાં ચારાના આયોજનની ખૂબ જ જરૂર છે.
- ❒ પશુપાલન માટે દાણ ઘરે જાતે તૈયાર કરવું.
- ❒ ગૌચર અને ચરિયાણ જમીન જાળવી રાખવા માટે
  યોજના — ગૌચર અને ચરિયાણ જમીન મુક્ત કરાવવી.
- ❒ ચોમાસે, શિયાળે ગૌચર અને ચરિયાણ પર આધાર અને ઉનાળે વૃક્ષો પર આધાર.
  - – પિયત ખેતીમાં લીલા ચારાની ખેતીમાં પાણીના વધુ ઉપયોગથી ભૂગર્ભ જળ તુરંત ખાલી થઈ જશે. મહેસાણા જિલ્લાનું ઉદાહરણ આપણી સામે છે. તેમાંથી શીખ લેવી.

*જીવનના આનંદનો આધાર થર્મોમીટર પર નથી, આપણી સંકલ્પશક્તિ પર છે.*

❒ સારા જાતવાન પશુઓના ઉછેર માટેના સંવર્ધન કેન્દ્રો (બ્રિડિંગ સેન્ટર) ઊભા થાય.

પશુપાલકો તેના પાસે રહેલ માલ - ઢોરની નસલ સુધારે.

❒ ખેતીમાં ટ્રેક્ટરની જગ્યાએ બળદનો ઉપયોગ વધારવો, પરિવહનમાં બળદનો ઉપયોગ વધારવો.

❒ ગોબર ગેસ પ્લાન્ટો વધુમાં વધુ ઝડપથી ઘર-ઘર પહોંચે તેવું આયોજન કરવું.

❒ પશુપાલનમાં દૂધ ઉપરાંત ગોબર અને મૂત્રનો વધુમાં વધુ કાર્યક્ષમ ઉપયોગ કરવો. પશુપાલકે તેનું મૂલ્યવર્ધન પણ કરવું.

❒ પશુપાલનની ઉપયોગીતામાં વધારો કરે, ગુણવત્તામાં વધારો કરે, આવકમાં વધારો કરે અને ખર્ચમાં ઘટાડો કરે તેવા અભ્યાસક્રમો કચ્છમાં શરૂ કરવા.

કચ્છમાં વેટરનરીનો કોઈ અભ્યાસક્રમ નથી.

❒ પશુ સારવારમાં દેશી ઉપચાર પધ્ધતિ જાળવવી, વિકસાવવી અને વધારવી.

❒ જંગલ ખાતું પશુપાલકોને પશુ ચરાવવાની પરવાનગી આપે, પશુપાલકો વૃક્ષ ન કાપવાની ખાતરી આપે.

– પશુપાલકને સારું ઘાસ મળશે.
– જંગલના વૃક્ષોને ગોબર અને મૂત્ર રૂપી સારું ખાતર મળશે.

❒ કચ્છના સામાજિક - સાંસ્કૃતિક ઉત્સવોમાં

– ખેતી, પશુપાલન, પર્યાવરણને લગતા ઉત્સવો ઓછા થઈ રહ્યા છે જે ફરીથી પ્રસ્થાપિત કરવા.
– ખેતી, પશુપાલન, પર્યાવરણને લગતા રિવાજો ઉત્સવો ખતમ થઈ રહ્યા છે, જેમને ફરીથી જીવંત કરવા.

## બાગાયત

❒ કચ્છની જમીન, પાણી, હવામાન, મજૂર વ્યવસ્થા વગેરે દૃષ્ટિએ બાગાયત પાક સાનુકૂળ કહેવાય. કચ્છમાં બાગાયતી પાકના વિકાસની તકો

– ઓછા પાણી
– મોટો જમીન વિસ્તાર
– મજૂરોની અછત
– સૂકું હવામાન
– આર્થિક રીતે સક્ષમ ખેડૂતો
– ટેકનીકલી સક્ષમ ખેડૂત સમાજ
– સાહસિક અને ઈનોવેટીવ ખેડૂતો
– સરકારી યોજનાનો ટેકો
– કચ્છી સમાજનો ભારત અને વિદેશમાં ફેલાવ - માર્કેટ નેટવર્કની સરળ તક.

❒ કુલ ખેતીની સાપેક્ષે બાગાયત પાકોનું વાવેતર ખૂબ જ ઓછું છે. હાલમાં બાગાયત પાકોનું વાવેતર વધ્યું છે પરંતુ તે અમુક ચોક્કસ પાકોમાં જ વધ્યું છે.

❒ બાગાયત પાકોનું વાવેતર કરવા માટે

– સ્થાનિક જમીન, પાણી, હવામાન, બજાર જોડાણ વગેરેના લાંબાગાળે પ્રવર્તનારી પરિસ્થિતિને ધ્યાને રાખવી.
– ટેકનીકલ, અનુભવ અને સરકારી યોજનાનું માર્ગદર્શન લેવું.
– ડ્રીપ ઈરીગેશનનો ઉપયોગ કરવો.

❒ બાગાયતમાં નાના પાયે પ્રયોગ કરી તેના અનુભવો દ્વારા મોટા વાવેતરનું આયોજન કરવું.

❒ ખાતરીવાળા રોપાનું જ વાવેતર કરવું.

❒ બાગાયતના જાણકાર કામદારોની વ્યવસ્થા અંગેનો વિચાર જરૂરથી કરવો.

❒ બાગાયત અને પશુપાલનનું જોડાણ વધુ ફળદાયી.

❒ *બાગાયતમાં દેખાતી મુશ્કેલીઓ :*

– કો-ઓપરેટીવ કે સામૂહિક ધોરણે વ્યવસ્થાઓની ઉણપ.
– બાગાયત પાકોના મૂલ્યવર્ધન કરતા એકમોની ઉણપ. દા.ત. મેંગો પલ્પ ઈન્ડસ્ટ્રી.
– બાગાયત સંબંધી ટેકનીકલ શિક્ષણની ઉણપ.
– માર્કેટિંગ સંબંધી શિક્ષણની ઉણપ.
– માર્કેટિંગ પધ્ધતિમાં બદલાવ લાવવાની જરૂર દા.ત. ફાર્મ શોપ (સફળ મોડેલનો દાખલો આપવો.)
– ઉત્પાદકોનું મૂલ્યવર્ધન પર ધ્યાન આપવું.
– વ્યક્તિગત ખેડૂત દ્વારા કે સામૂહિક ધોરણે (દા.ત. વેલજીભાઈ ભુડિયા, વિજયભાઈ શાહ, પ્રફુલ્લભાઈ પટેલ)
– પાક મિનીમમ ત્રણ વેરાયટીનો હોવો જોઈએ
– માર્કેટ સંબંધી ફેસીલીટી વધારવી - એ.સી. કન્ટેઈનર
– એક્સપોર્ટ માર્કેટ મેળવવા માટે વિમાન વહનની સુવિધા વિકસાવવી. ■

Upendrabhai (M) 098241 91393 (O) 02646-226292, 222399, 226044 (R) 226506 Amitbhai (M) 098331 92294

PRIYANKA ROADLINES PRAVIN ROADLINES

15, Matangi Estate,
N.H. No.-8, G.I.D.C., Ankleshwar-393 002.

109, Vardhman Chamber, Kalyan St.
Dana Bunder, Mumbai-400 009.

# કચ્છમાં આરોગ્ય ક્ષેત્રે ખૂટતી કડીઓ

● લીલાધરભાઈ ગડા – સામાજિક કાર્યકર ●

ભારતનાં કોઈ પણ ગ્રામીણ પ્રદેશને નડતી સમસ્યાઓ જેવી જ કચ્છની સમસ્યાઓ છે. શહેરી વિસ્તારની ૩૦ ટકા પ્રજા માટે ૭૦ ટકા બજેટ અને ૮૫ ટકા સુવિધાઓ શહેરી વિસ્તારમાં જ છે જ્યારે ૭૦ ટકા ગ્રામીણ પ્રજા માટે ૩૦ ટકા બજેટ અને માંડ ૧૫ ટકા સવલતો ગામડાંને મળે છે. જ્યાં વસ્તી પાંખી હોય ત્યાં સવલતો પણ પાંખી અથવા ઓછી હોય અને પાંખી વસ્તીવાળા વિસ્તાર સુધી સવલતો આપવામાં પણ અડચણો હોય. કચ્છની વસ્તી હાલે ૧૮થી ૧૯ લાખની હશે પરંતુ લખપત તાલુકાનાં ૧૦૦ ગામની વસ્તી માંડ ૪૫,૦૦૦ની છે. તેવું જ બન્ની પ્રદેશ કે રાપરનાં ઉત્તર પૂર્વ વિસ્તારનું છે. મધ્ય ગુજરાતના દર્દીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સેવા માટે સરેરાશ ૫ કિ.મી. વિસ્તાર જેટલું અંતર કાપવું પડે છે જ્યારે કચ્છમાં સરેરાશ અંતર ૧૦ કિ.મી.થી વધારે છે.

બીમારીને ત્રણ હિસ્સામાં વિભાજિત કરીએ અને પ્રત્યેક વિભાગની બીમારી માટે સારવાર લેવામાં નડતી અડચણોની વાત કરીએ.

સર્વ સામાન્ય બીમારી જેની સારવાર ગ્રામ્ય સ્તરે મળી શકે. પરંતુ લેબોરેટરીની સગવડ ખૂટતી કડી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર લેબોરેટરી અને લેબ ટેકનીશિયનનું પ્રાવધાન છે પરંતુ માંડ ૨૫ ટકા PHC પર આ સગવડો કાર્યરત છે. આના અભાવમાં માત્ર લક્ષણો અને ચિહ્નો પર સારવાર થતી હોય છે જે ઘણીવાર અપૂરતી હોય છે અને દર્દીને શહેર સુધી દોડવું પડે છે.

બીજા પ્રકારની બીમારીમાં સારવાર તાલુકા કક્ષાએ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર (CHC) માં થઈ શકે. અહીં ખાટલે મોટી ખોડ છે. CHC માં વિવિધ ફેકલ્ટીઓમાંથી આંખના ડૉક્ટર, ગાયનેકોલોજિસ્ટ, ફિઝીશિયન, સર્જન અને એનેસ્થેટીસ્ટની જગ્યાઓની જોગવાઈ છે જે ભાગ્યે જ ભરાતી હોય છે. આંખના મોતિયાનાં ઑપરેશનો, એપેન્ડિક્ષ, વધરાવળ જેવા જનરલ સર્જરીનાં ઑપરેશનો ભાગ્યે જ CHC માં થાય છે. અને આ સારવાર માટે દર્દીને પ્રાઈવેટ નર્સિંગ હોમ પર આધાર રાખવો પડે છે. ચેરીટેબલ હોસ્પિટલોમાં મેડિકલ કેમ્પોનું આયોજન દર્દીઓને રાહત આપે છે પરંતુ આ અસ્થાયી સેવાઓ છે અને કાયમી ધોરણે નથી હોતી.

પ્રાઈવેટ નર્સિંગ હોમનો લાભ BPL કાર્ડ ધરાવનાર લાભાર્થીને મળી શકે પરંતુ અહીં દર્દીને સંપૂર્ણ સારવાર માટે પૈસા ખર્ચવા પડે છે. CHC તાલુકા કક્ષાએ આરોગ્ય સેવાઓ પ્રદાન કરવામાં સારો ભાગ ભજવી શકે પરંતુ એની કાર્યક્ષમતા (કેપેસિટી)નો ઉપયોગ થતો નથી. આ ખૂટતી કડીને કોઈક રીતે દૂર કરી શકાય તો આરોગ્ય સેવાઓ મેળવવા દર્દીને તકલીફ ન પડે.

કચ્છમાં વિવિધ ચેરીટેબલ હોસ્પિટલો જુદી જુદી ફેકલ્ટીઓને આવરી લેતા મેડિકલ કેમ્પો કરે છે. આ પ્રવૃત્તિ આરોગ્ય ક્ષેત્રે વિશેષ યોગદાન આપે છે. આ સંસ્થાઓ પ્રવૃત્તિઓનું સંકલન કરી સંકલિત સેવાઓ આપે તો હજી વધારે સઘન સેવાઓ પ્રદાન કરી શકે. આ સંકલનથી પુનરાવર્તન થવાને બદલે સમયબધ્ધ સેવાઓ આપી શકાશે. સંસ્થાઓ વચ્ચે સંકલન એક ખૂટતી કડી છે. આવું સંકલન કચ્છનાં દુર્ગમ વિસ્તારો સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડી શકે.

બીમારીનો ત્રીજો પ્રકાર છે જેમાં સ્પેશિયાલિટી સેવાઓની જરૂરત પડે. એ બાબત નોંધનીય છે કે કચ્છમાં ન્યુરો ફિઝિશિયન, ન્યુરોસર્જન, યુરોલોજિસ્ટ, યુરો સર્જન, રેટીના સર્જન, કાર્ડિયાક સર્જન, ગેસ્ટ્રોએન્ટ્રોલોજિસ્ટ નથી. આ બધી ફેકલ્ટીઓમાં નિષ્ણાતો વિઝિટિંગ ડૉક્ટરોની હેસિયતથી જુદા જુદા નર્સિંગ હોમ કે હોસ્પિટલોમાં આવે છે. આ મૂળભૂત સ્પેશિયાલિટીમાં જો બહારથી ડોક્ટરોની સેવાઓ મળે તો સુપર સ્પેશિયાલિસ્ટો અંગે વિચારી ન શકાય. આ ડોક્ટરોનાં અભિપ્રાયે કચ્છમાં સુપર સ્પેશિયાલિસ્ટો પોતાની કામગીરી કરી શકે એવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ છે. હૃદયરોગનાં દર્દીને એન્જિયોપ્લાસ્ટી કે એન્જિયોગ્રાફી માટે અમદાવાદ કે મુંબઈ જવું પડે. સુપર સ્પેશિયાલિસ્ટો કાયમી ધોરણે અહીં કામ કરી શકે તેવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ ખૂટતી કડી છે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા કરોડો રૂપિયા જોઈએ, જે હવે કદાચ સેવાકીય સંસ્થાઓ માટે પણ મુશ્કેલ બને અને આ ક્ષેત્રે હવે કોર્પોરેટ કંપનીઓ ઝંપલાવી શકે.

ગરીબ દર્દીઓને આર્થિક સહાય મળી શકે તે માટે ઘણી સરકારી યોજનાઓ છે પરંતુ તેની માહિતીનો અભાવ છે. તથા એ સહાય મેળવવા શું કરવું જોઈએ એની જાણ દર્દીઓને નથી. શાળામાં અભ્યાસ કરનાર બાળકની કોઈ પણ મેજર બીમારીનો ઈલાજ સરકારી ખર્ચે થઈ શકે છે. BPL કાર્ડ ધરાવનારનાં હૃદયરોગનાં ઑપરેશનો વિનામૂલ્યે અથવા નજીવા ખર્ચે થઈ શકે છે. કિડની ટ્રાન્સપ્લાન્ટ સુદ્ધાંનાં ઑપરેશનો માટે જીવનદાયી યોજના છે. આ સર્વ માહિતી આપી શકે તથા માર્ગદર્શન આપી શકે એવા પેશન્ટ ગાઈડન્સ સેન્ટરનો અભાવ એ પણ ખૂટતી કડી છે. આવું કેન્દ્ર ડોક્ટરો અને દર્દીઓ વચ્ચે કડી બની શકે. ઓછા ખર્ચે સારવાર ક્યાં પ્રાપ્ત થઈ શકે તે અંગે નિર્દેશ પણ કરી શકે.

**(અનુસંધાન : જુઓ પાના નંબર-૩૪ ઉપર)**

***સફળતા મળશે જ એવો આત્મવિશ્વાસ જેનામાં હશે તે કોઈપણ મુશ્કેલીને હટાવી સફળ થશે જ.***

# મહેસૂલી તંત્રની સમસ્યાઓ

• શશીકાંત ઠક્કર, એડવોકેટ - માધાપર •
ઉપપ્રમુખ - કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ, જી.એ.એસ. (નિવૃત્ત)

રાજ્યની મુખ્ય આવકના સાધન તરીકે જૂના સમયથી મહેસૂલી તંત્રની વ્યવસ્થા અનેક તબક્કાઓમાંથી પસાર થઈ ચૂકી છે પરંતુ કચ્છના ખાસ સંદર્ભમાં આ તંત્રની હાલની સમસ્યાઓને સમજવા માટે મહેસૂલી વ્યવસ્થાની પૂર્વભૂમિકા સમજવી જરૂરી છે કારણકે તેના પરિપ્રેક્ષ્યમાં જ હાલની સમસ્યાઓના ઉદ્‌ભવના બીજ રોપાયેલા છે.

દરેક જિલ્લાના દરેક તંત્ર અને વિવિધ વિષયોની ઐતિહાસિક હકીકતો અને માહિતી તથા આંકડાઓની સત્તાવાર ઉપલબ્ધિના આધારે રાજ્ય સરકાર દ્વારા સમય સમય પર ગેઝેટીયરો પ્રસિદ્ધ કરવાની પરંપરા અંગ્રેજોના સમયથી ચાલી આવે છે. આ ગેઝેટીયર ઐતિહાસિક અધિકૃત દસ્તાવેજે તરીકે ગણનામાં લેવાય છે. કચ્છ જિલ્લાનું છેલ્લું ગેઝેટીયર સન ૧૯૭૧માં ગુજરાત રાજ્ય સરકારે પ્રસિદ્ધ કર્યું છે. તેમાં મહેસૂલી તંત્ર અંગેના **કેટલાક તથ્યો સત્તાવાર રીતે નોંધાયા છે** જે હાલની સમસ્યાઓને સમજવા આધાર પૂરો પાડે છે. આવા કેટલાક તથ્યો આ મુજબ છે.

- **ગેઝેટીયરમાં આપેલા તથ્યો :**

કચ્છે ઘણા વહીવટી ફેરફારો અનુભવ્યા છે. સ્વાતંત્ર્ય અગાઉ કચ્છ એ મહારાવના તાબાના પ્રથમ વર્ગના દેશી રાજ્ય તરીકે હતું. તમામ બાબતોમાં મહારાવ સાર્વભૌમ સત્તા ધરાવતા હતા. તા. ૧-૬-૪૮થી કચ્છનું કેન્દ્ર સાથે જોડાણ થતાં તે ચીફ કમિશનરના વડપણ હેઠળનું 'ક' વર્ગનું રાજ્ય બન્યું. સન ૧૯૫૬માં દ્વિભાષી મુંબઈ રાજ્યની રચના થતાં તે મુંબઈ રાજ્યનો એક જિલ્લો બન્યું અને ત્યાર પછી તા. ૧-૫-૬૦થી ગુજરાત રાજ્યની રચના થતાં ગુજરાતના એક જિલ્લા તરીકે ચાલુ છે. (પાના-૩૯૯)

આમ છતાં કચ્છની રાજકીય, ઐતિહાસિક અને ભૌગોલિક અલગ પ્રકારની પૂર્વભૂમિકાની નજરે તે અન્ય દેશી રાજ્યો કરતાં કંઈક અલગ હતું. કચ્છ પ્રદેશ વાસ્તવમાં દ્વિમુખી સાર્વભૌમત્વ ધરાવતું રજવાડું હતું. અડધાથી વધારે કચ્છ, ભાયાતોની સત્તા હેઠળ હતું. જેઓ મહારાવને કોઈપણ બાબતમાં જવાબદાર ન હતા. આથી જે કંઈ વહીવટ વ્યવસ્થા રચાઈ તે મુખ્યત્વે મહારાવના ખાલસા વિસ્તારો પૂરતી મર્યાદિત હતી. સન ૧૮૧૯માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભાયાતોને ખાસ મોભો આપતી ગેરંટી દ્વિપક્ષી સંધિ દ્વારા આપી. તેથી પરિસ્થિતિ વધારે ગૂંચવણભરી બની હતી. આથી માત્ર મહેસૂલી હક્કો નહીં, પણ તમામ ન્યાયિક અને સાર્વભૌમ અધિકારો મહારાવની દખલગીરી વિના તેઓ ભોગવી શકતા હતા. આથી લોકભોગ્ય કાર્યક્ષમ વહીવટી વ્યવસ્થા ગોઠવાયેલી ન હતી. (પાના-૩૯૯)

કચ્છનો જમીન વહીવટ સામંતશાહી પ્રકારનો હતો. **ગામડાઓમાં ન તો સરવે થઈ હતી કે ન તો સેટલમેન્ટ થયેલ.** બેતૃતીયાંશ ભાગનો વિસ્તાર જાગીરદારો અને ઈનામદારોના કબજા ભોગવટામાં હતો અને માત્ર એક તૃતીયાંશ વિસ્તાર કચ્છના મહારાવની સીધી સત્તા હેઠળ હતો. રાજ્યની મોટાભાગની આવક ખાલસા ગામોમાંથી થતી હતી. સામાન્ય વહીવટના ખર્ચ સામે નોન-ખાલસા ગામોનો ફાળો નગણ્ય હતો. (પાના-૪૦૭)

પાકના ઉત્પાદનમાંથી રાજ્યનો ભાગ લેવાની ભાગબટાઈ પ્રથા હતી. તે ખેડૂતો માટે ખૂબ ત્રાસદાયક હતી. દરેક ગામની મહેસૂલી રસમ મુજબ રાજભાગ લેવાતો. તત્સમયે જમીન માલિકો મોટા ભાગે જાતખેતી કરતા ન હતા. (એબ્સન્ટી લેન્ડ લોર્ડિઝમ હતું) દેશ પરદેશ વસતા લોકો અને વ્યાપારીઓ જમીનના માલિક હતા. મોટાભાગની જમીનો દેવા માટે વટાંતર મૂકાયેલી હતી. આ જમીનોનો વહીવટ માલિકોના સ્થાનિક ભલામણિયા દ્વારા થતો. આથી ઘણી જમીનોની કાયદેસર કે ગેરકાયદેસર તબદિલી પણ થતી. જે અંગે ક્યારેય કોઈ તપાસ પણ થતી ન હતી. (પાના-૪૦૭)

કચ્છમાં જાગીરી, ધર્માદા, ચાકરિયાત અથવા ચાકરી પસા ઈનામોવાળા ગામો સરવે થયા વિનાના હતા. આશરે ૩૯૯ ગામો સર્વે થયેલા હતા. જેના દફતર અદ્યતન કરવાના બાકી હતા. પસા પત્રકો અથવા ખાલસા ગામોમાંની ઈનામી જમીનોના દફતરો વર્ષો સુધી સુધારવામાં આવ્યા ન હતા અને તેથી જમીનોના ટાઈટલની છેલ્લી પરિસ્થિતિ તેમાં બતાવાઈ ન હતી. ખાલસા ગામોમાં પ્રતવારી કરવાનો કે નોન ખાલસા ગામોમાં સરવે સેટલમેન્ટ લાગુ કરવા કોઈ પ્રયત્ન થયો ન હતો. (પાના-૪૦૭)

સન ૧૯૪૨માં રેવન્યુ કમિશનરે પણ જોયું કે ગ્રામ્ય દફતરો તદ્દન અવ્યવસ્થિત હતા કારણકે તે અદ્યતન રીતે નિભાવાતા ન હતા અને યોગ્ય તપાસણી પણ થતી ન હતી. (પાના-૪૧૫)

જમીનોની માપણી કે પ્રતવારી કોઈપણ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરવામાં આવી ન હતી. ગામ નમૂના નં.-૧ જેવા નંબર ખરડા ગામના અગ્રણી લોકોના સંપર્ક દ્વારા તૈયાર કરાયા હતા. આ માટે ગ્રામ સમિતિ અને તલાટીઓએ પ્રતવારીના નિર્ણયો લીધા હતા. સપ્ટેમ્બર ૧૯૫૨થી લીલા શેડા લખાવવાનું શરૂ કરાયેલ અને મહેસૂલી દફતરો તૈયાર

*જે જિંદગીથી ડરી ડરીને ચાલે છે તેને જિંદગી ડરાવે છે.*

કરાયેલ. (પાના-૪૨૦)

સન ૧૯૫૩માં કલેક્ટરે ઈનામી ગામોમાં પણ નંબર ખરડા તૈયાર કરવા હુકમ કર્યો, જેનો ઈનામદારોએ વિરોધ કર્યો હતો. નંબર ખરડા તૈયાર થયા બાદ ઈનામી ગામોમાં તલાટીઓ નિમાયા. જેમણે ઍડહોક ધોરણે ઈનામી ગામોની પ્રતવારી કરી. (પાના ૪૨૦)

તા. ૩૦-૧૨-૫૮થી મુંબઈનો ઈનામ નાબૂદી ધારો કચ્છમાં લાગુ કરવામાં આવ્યો. આ ધારાથી તમામ ઈનામો નાબૂદ કરવામાં આવ્યા અને જે જમીનો પ્રત્યક્ષ ખેડ હેઠળ હતી તેમને જમીનના કબજા ભોગવટાના હક્કો અપાયા અને તેનું નગણ્ય રકમનું વળતર ઈનામદારોને આપવાની તેમાં જોગવાઈ કરવામાં આવી હતી. આથી આ કાયદાના અમલમાં અનેક મુશ્કેલીઓ ઊભી થઈ. પ્રથમ તો ઈનામી ગામો અને ઈનામી જમીનોના દફતર તૈયાર કરવાના હતા. કચ્છ રાજપૂત સભાએ આ કાયદાના અમલનો જોરશોરથી વિરોધ કર્યો. આથી સ્થાનિક કાર્યકરો અને લોકો આ માટે સહકાર આપવાથી અળગા રહ્યા. આથી મહેસૂલી અધિકારીઓને અગાઉના દફતરો ઉપલબ્ધ હતા, તેના પરથી માહિતી મેળવવાની હતી. રજવાડાના અધૂરા દફતરોના કારણે મુશ્કેલી વધી. કેટલાક ઈનામદારો જેમણે દફતરો નિભાવેલા તેમણે પણ રાજપૂત સભા સાથે હાથ મેળવીને આવા દફતરો ઉપલબ્ધ કરાવ્યા નહીં. આથી ગ્રામ્ય દફતર અન્ય ઉપલબ્ધ સ્રોતોમાંથી માહિતી મેળવીને નવેસર તૈયાર કરવામાં આવ્યું હતું. (પાના-૪૨૪)

સ્વતંત્રતા મળ્યા અગાઉ કચ્છ રાજ્યના વહીવટ દ્વારા કેટલાક ખાલસા અને નોન ખાલસા ગામોનો સર્વે થયો હતો. અગાઉ જણાવ્યા મુજબ સર્વેના દફતરો અદ્યતન રીતે નિભાવાયા ન હતા. ૯૭૫ ગામો અને ૩૯ ટીંબા પૈકી ૫૫૪ ગામો સર્વે વિનાના હતા. જેમાંથી ૧૯૪ ગામો નોન ખાલસા હતા. કચ્છનો મોટો ભાગ સરવે વિનાનો હોવાથી જમીનની પ્રતવારી અને સેટલમેન્ટ કરવાનું શક્ય ન હતું. સન ૧૯૫૦ના ફેબ્રુઆરીમાં સર્વે સેટલમેન્ટ માટે સેટલમેન્ટ ખાતું ઊભું કરાયું. ટ્રાવર્સ સર્વે એ મુશ્કેલ કાર્ય હતું અને તાલીમ પામેલ સ્ટાફના અભાવે સર્વે ઓફ ઈન્ડિયાને કામ સોંપાયું. નવેમ્બર ૧૯૫૬ સુધી ૯૮૯ ગામોમાંથી ૬૫૧ ગામોની ટ્રાવર્સ સર્વે થઈ અને કચ્છની 'ક' વર્ગની રાજ્ય સરકારે ૨૯૦ ગામોની ડીટેઈલ સરવે કરી હતી. જાન્યુઆરી ૧૯૭૦ સુધી ૧૦૬૪ ગામોની થીયોડોલાઈટ સરવે અને ૮૯૮ ગામોની ડીટેઈલ સરવે પૂરી થયેલી. (પાના-૪૨૫)

સરવે અને મહેસૂલી દફતરોની આવી દયાજનક પરિસ્થિતિના આ સત્તાવાર ઉલ્લેખોના પરિપ્રેક્ષ્યમાં અને તદ્દન અવ્યવસ્થિત રીતે અને માત્ર મૌખિક રીતે મેળવેલી બિનસત્તાવાર માહિતીના આધાર પર તૈયાર કરાયેલ માળખાના કારણે કેટલાયે મૂળભૂત પ્રશ્નો ઊભા થયા જે આજપર્યંત વણઉકેલ્યા છે, જે પ્રશ્નો હવે આપણે વિગતવાર જોઈશું.

**(૧) ગોળ માપણીની ગરબડો :**

દ્વિભાષી મુંબઈ રાજ્યની રચના પછી કચ્છમાં નવી માપણીની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. તે સમયે પ્રથમ દરેક ગામની હદની ગોળ માપણી કરવામાં આવી. આ ગોળ માપણીના આધારે આખા ગામનું કુલ ક્ષેત્રફળ ગણી કાઢવામાં આવ્યું. આ પછી વ્યક્તિગત જમીનોની માપણી મોટાભાગના માલિકોની ગેરહાજરીમાં થઈ. આવી વ્યક્તિગત જમીનોની માપણી થતાં તેના ક્ષેત્રફળના સરવાળાને ગામના કુલ ક્ષેત્રફળમાંથી બાદ કરી બાકીની તમામ જમીનો ટ્રાવર્સ તરીકે નોંધી દેવાઈ. આથી કેટલીક વિસંગતતાઓ ઊભી થઈ.

પ્રથમ તો ગોળ માપણીથી ગામની હદ નક્કી કરાતાં ગામની પરંપરાગત હદમાં ફેરફાર થઈ ગયો. જે જમીન મહેસૂલ કાયદાની કલમ-૧૧૮ મુજબની કાર્યવાહી વિના કરાયો. આથી એક ગામની મહેસૂલી હદમાં આવેલી જમીનો બાજુના બીજા ગામમાં દાખલ થઈ ગઈ અને બીજા ગામની જમીનો આ બાજુના ગામમાં આવી ગઈ. એટલું જ નહીં પણ ગામની સરહદ પર આવેલા કેટલાક નંબરોના ભાગલા પડીને એક ભાગ એક ગામમાં અને બીજો ભાગ બીજા બાજુના ગામની હદમાં ચાલ્યો ગયો.

બીજું આ પરિસ્થિતિના પરિણામે જે નંબર મૂળ જે ગામમાં હતો તે ગામમાં તે માલિકની જમીનને અલગ નંબર આપવામાં ન આવતા તે ટ્રાવર્સ પૈકી તરીકે મહેસૂલી દફતરમાં નોંધાઈ અને જે બાજુના ગામમાં આ નંબર માપણીમાં ગયો ત્યાં મહેસૂલી રેકર્ડમાં તેનું અસ્તિત્વ ન હોતાં તે સરકારી તરીકે નોંધાઈ ગયો. આ જ રીતે જે નંબરના બે ભાગ પડી ગયા તેમાંથી જે ભાગ મૂળ ગામમાં રહ્યો ત્યાં તેટલું ક્ષેત્રફળ તે ગામના મહેસૂલી દફતરે માલિકના નામે નોંધાયું જ્યારે જે ટુકડો બાજુના ગામમાં ગયો ત્યાં અગાઉના મહેસૂલી દફતરમાં તે નોંધાયેલ ન હોવાથી તે સરકારી તરીકે ત્યાં નોંધાયો.

આવા કંઈ કેટલાયે ફેરફારો આજ લગી સુધારાયા વિનાના છે અને સંબંધિત અરજદારો કચેરીઓના ચક્કર કાપતા ફરે છે.

**(૨) માપણીમાં થયેલ વધઘટ :**

ભાગબટાઈ પ્રથાના કારણે અગાઉ જમીનના ક્ષેત્રફળનું મહત્ત્વ ન હતું. કચ્છનો મોટો વિસ્તાર માપણી વિનાનો હતો. આથી અગાઉના મહેસૂલી દફતરે જમીનના માપ અંદાજિત અને અવૈજ્ઞાનિક રીતે નોંધાયા હતા. નવી માપણી વૈજ્ઞાનિક રીતે થતાં અને તે રાજપૂત સભાના અસહકારની ચળવળ દરમ્યાન થતાં તેમજ નવી માપણીની કાર્યવાહી જૂના દફતરને સાથે રાખી કરવામાં ન આવતાં નવી માપણીમાં કેટલાક ફેરફારો નોંધાયા.

૧. જૂના દફતરમાં જે સરવે નંબરો માલિકીના હતા તે પૈકી કેટલાક નવી માપણીમાં મપાયા જ નહીં.

૨. નવી માપણીમાં જે નંબરો મપાયા તેમાંના કેટલાક તે ગામના જૂના દફતરમાં હતા જ નહીં.

૩. કેટલાક નંબરોની માપણી વખતે માલિકની ગેરહાજરીના કારણે તેમના કબજાની પૂરતી જમીન મપાઈ જ નહીં એટલે નવી

*જે કંઈ નથી કરતો એ જ માત્ર આળસુ નથી. સારું કામ કરી શકે છતાં ન કરે એ પણ આળસુ છે.*

માપણીમાં ઓછું ક્ષેત્રફળ નોંધાયું.

૪. કેટલાક નંબરોની માપણીમાં બાજુની સરકારી કે ખાનગી જમીન ભેળવાઈ ગઈ. જેથી ક્ષેત્રફળમાં વધારો નોંધાયો.

૫. કેટલાક બાજુબાજુના નંબરો એકના બદલે બીજા માલિકના હોવા છતાં એક જ માલિકના નામે નોંધાયા.

૬. કેટલાક નંબરો એકના બદલે બીજા માલિકોના નામે નોંધાયા.

૭. કેટલાક નંબરો હદ શેઢા મુજબ જેમના તેમ હોવા છતાં માપણીમાં તેના ક્ષેત્રફળ જૂના અંદાજી માપ કરતાં વધારે અગર ઓછું નોંધાયું.

આ ફેરફારોના પરિણામે માપણી પછી મહેસૂલી દફ્તર તૈયાર કરી મેળવણું કરવામાં મુશ્કેલીઓ થઈ. શરૂઆતમાં આવા ફેરફારો દબાણ ગણી તે મુજબ કાર્યવાહી કરવા માટે દરેક તાલુકામાં આવા કેસો ચલાવી નિકાલ કરવા ખાસ મામલતદારો નિમાયા પરંતુ સાર્વત્રિક ઉહાપોહના કારણે તત્સમયની સરકારે આ પ્રશ્નોના ઉકેલ માટે એક બાજુ માપણી વધારો નિયમિત કરવા તા. ૨૭-૧૧-૭૫નો અને પછી તા. ૭-૫-૭૭નો સરળ ઠરાવ કર્યો અને બીજી તરફ માપણી ઘટાડો નિયમિત કરવા તા. ૭-૫-૭૭ની અલગ યાદીથી ઉદાર અને સરળ સ્પષ્ટતાઓ કરી.

આમ છતાં તત્સમયના તંત્રવાહકોએ આ હુકમોનો યોગ્ય અમલ કર્યો નહીં અને મૂળભૂત પરિસ્થિતિથી અજ્ઞાન હોય તેવા બહારના અધિકારીઓની દરમ્યાનગીરીથી ૧૯૯૧માં તેમાં સુધારો કરાયો. આ સુધારા મુજબ પણ પૂરો અમલ થયો નહીં અને ત્યારબાદ જેને જેમ ઠીક લાગે તેમ નવા નવા અર્થઘટન કરાતા ગયા અને પરિણામે આ પ્રશ્નમાં ગૂંચવાડાઓની પરંપરા સર્જાતી ગઈ છે, જે આજે પણ વણઉકેલ્યા છે.

### (૩) પાછળથી ફાળવેલ જમીનોની માપણી :

સન ૧૯૬૦ પહેલાં ખેતીની જમીનની ફાળવણી માટે કોઈ ચોક્કસ નીતિ ન હતી. આથી જેમ જેમ માંગણીઓ થતી તેમ તેમ વ્યક્તિગત ધોરણે ગુણદોષના આધારે જમીનો મંજૂર થતી. ૧૯૬૦ પછી ખેત જમીનની સાંથણી કરવાની પદ્ધતિ નક્કી થઈ. આમ જે ગામોમાં માપણી થયા પછી જુદા જુદા હેતુ માટે જમીનો ફાળવવામાં આવી તેમાંથી મોટાભાગના કેસોમાં ફાળવેલ જમીનની સ્થળ પર માપણી કરી નકશામાં બેસાડી રેકર્ડ દુરસ્તી કરવામાં આવી નહીં. આના પરિણામે આવી ફાળવાયેલ જમીનો મહેસૂલી દફ્તરે ટ્રાવર્સ પૈકી તરીકે નોંધીને તે વ્યક્તિના ખાતે ચડાવવામાં આવી. જે આજપર્યંત તેજ રીતે ચાલુ રહી છે. પરિણામે ખરેખર કઈ વ્યક્તિને કઈ ચોક્કસ જગ્યાએ જમીન અપાઈ છે તે નક્કી કરવા કોઈ સાધન નથી. પરિણામે જેને જ્યાં ઠીક લાગે ત્યાં તે પોતાને ફાળવેલ જમીન છે એમ ગણીને બેસી જાય છે. આના કારણે કેટલાયે દાવાદુવી પણ થાય છે.

માપણી પછી કેટલીયે જમીનોના વેચાણ કે વહેંચણીના કારણે ભાગલા પડ્યા છે. કેટલાક બાજુ બાજુના નંબરો એક જ માલિક પાસે આવતાં તે એકત્ર થયા છે. આવા ફેરફારોની દર વર્ષે દુરસ્તી કરવાની હોય છે જે માટે કોઈ નિયમિત કાર્ય વ્યવસ્થા અસ્તિત્વ ધરાવતી ન હોવાથી આવા ફેરફારો દફ્તર પર પ્રતિબિંબિત થયા જ નથી.

૧૫ માસના પ્રોગ્રામ નામે ઓળખાતા કાર્યક્રમમાં તત્સમયની સરકારે આવા ફેરફારો મપાવી દફ્તર પર લેવા ખાસ કાર્યક્રમ કરેલો. પણ તેના પરિણામે જે કાર્યવાહી થઈ તેનો અમલ થયો નથી. પરિણામે આ સમયે થયેલ માપણીના સીટો એમના એમ સરવે ખાતામાં ધૂળ ખાતા પડ્યા છે.

### (૪) પી.આર. જમીનોનો પ્રશ્ન :

કચ્છમાં તા. ૩૦-૧૨-૫૮થી મુંબઈનો ઈનામ નાબૂદી ધારો અમલમાં લાવવામાં આવ્યો. આ ધારા હેઠળ જે ખેતીની જમીનો જેમના ખેડ કબજા હેઠળ હતી તેમને નિયત પટની રકમ ભરવાની શરતે કબજા હક્ક આપવામાં આવ્યા (૧૯૮૭માં આ પટની રકમ પણ ભરાઈ ગઈ છે તેમ માનીને કબજા હક્ક આપી દેવાનો કાયદામાં સુધારો થયો છે) બાકીની જે ખેતીની જમીન સંબંધિત ઈનામદારની માલિકીની હતી અને જે સતત ત્રણ વર્ષ સુધી પડતર રહેલ હતી તે તમામ જમીન સરકાર દાખલ કરવાની જોગવાઈ આ કાયદાની કલમ-૧૦થી કરવામાં આવી હતી. આ કલમમાં સ્પષ્ટતા કર્યા મુજબ અન્ય લોકોના ખાનગી હક્કોને તેમાંથી બાકાત રખાયા હતા. આથી ખાનગી માલિકીની બુટેદારોની જમીનો પડતર હોય તો પણ તે આ કલમ હેઠળ સરકાર દાખલ થવાપાત્ર ન હતી. બીજું જે જમીનો સરકાર દાખલ કરવાની હતી તે અંગે ચોક્કસ કાર્યવાહી પણ કરવાની હતી. જેથી તે અંગે જે કોઈનો વાંધો તકરાર હોય તેનો યોગ્ય નિકાલ થઈ શકે.

આમ છતાં આવી કોઈ કાર્યવાહી કર્યા વિના ખાનગી માલિકી સહિતની તમામ પડતર જમીનો માત્ર હક્ક પત્રકમાં નોંધ કરીને સરકાર ખાતામાં ચડાવી દેવાઈ. જે અંગે જમીન માલિકોને કોઈ નોટિસ પણ અપાઈ નહીં. આવી જમીનો કચ્છમાં પી.આર.ની જમીન તરીકે ઓળખાય છે. પી.આર. એટલે સરકારનું પ્રોપર્ટી રજિસ્ટર.

ગામેગામ આવા પચ્ચીસ-પચાસ સરવે નંબરો આ રીતે સરકાર ખાતામાં ચડાવી દેવાયા છે અને સમગ્ર કચ્છમાં આવા પચ્ચીસેક હજાર જેટલા નંબરો સરકારમાં ચડાવી દેવાયા હોવાનો અંદાજ છે. (આ પૈકી કેટલાક નંબરો તો ઉદ્યોગોને સરકારી જમીન તરીકે વેચાણ પણ આપી દેવાયા છે.) આ અંગે થયેલા ઉહાપોહ બાદ તપાસના અંતે સરકારે સ્વીકાર્યું કે ખેડૂતોની કબજા હેઠળની ઘરખેડની ઘણી જમીનો આ રીતે પી.આર.માં ચડાવી દેવાઈ હતી અને પરિણામે સાર્વત્રિક રીતે આવા કિસ્સાઓમાં કલમ-૩૭(૨) હેઠળ દબાણની કાર્યવાહી કરવામાં આવી હતી. સરકારે એ પણ સ્વીકાર્યું કે પ્રોપર્ટી રજિસ્ટર અને હક્કપત્રમાંની ભૂલ ભરેલી નોંધોના પરિણામે ઈનામ નાબૂદી ધારા અગાઉ ઘણા વર્ષોથી ખેડૂતો દ્વારા ખેડાતી જમીનો માટે પણ તેમને

*સુખ એટલે તમારી પાસે જે ફૂલો હોય તેમાંથી બુકે (ગજરો) બનાવવાની કળા.*

દબાણકાર ગણવામાં આવતા હતા. અને તેમની પાસે તત્સમયની સ્થિતિ મુજબ ટાઈટલ સાબિત કરવા દસ્તાવેજી આધારો ન હોવાથી મુશ્કેલી ઉત્પન્ન થતી હતી.

આ પરિસ્થિતિના અનુસંધાને પ્રથમતઃ સરકારે ઈનામદારોની આવી જમીનો આકારના ત્રણ પટ ભરવાની શરતે નિયમિત કરી આપવા તા. ૨૫-૭-૬૬ના ઠરાવથી હુકમ કરેલો. આજ ધોરણે અન્ય ખેડૂતોની જમીનો પણ આકારના દોઢ પટની રકમ ભરવાની શરતે નિયમિત કરી આપવા તા. ૧૩-૫-૭૦ના ઠરાવથી હુકમ કરેલો છે.

આમ છતાં આ હુકમોનો અમલ માત્ર પસંદગીના કિસ્સાઓમાં થયો છે જ્યારે મોટાભાગના આવા કિસ્સા હજુ જેમના તેમ છે. આ અંગે આ લેખકે આ પ્રશ્ન સન ૧૯૯૭માં સ્થળ નિકાલ કાર્યક્રમમાં મૂકેલો તે વખતે પણ તમામ મહેસૂલી અધિકારીઓને આ ઠરાવનો તાત્કાલિક અમલ કરવા કલેક્ટરે સૂચના આપી છે તેવો લેખિત જવાબ તા. ૨૬-૧૨-૯૭નો કલેક્ટરે આપ્યો છે. તેમ છતાં હજુ લગી તેનો કોઈ અમલ થયો નથી. આ પ્રશ્નો સરકારી ઠરાવ મુજબ નિકાલ કરવા સમયબદ્ધ કાર્યક્રમ જાહેર કરી તમામ પ્રકરણો નિયમિત કરી આપવાની કાર્યવાહી થવી જરૂરી છે.

### (૫) ગૌચર જમીનોનો પ્રશ્ન :

કચ્છ જિલ્લામાં એવી પરંપરા હતી કે શ્રેષ્ઠીઓ પોતાની ખેતીની જમીનો ગૌચર તરીકે દાનમાં આપતા. આવી ઘણી માલિકીની જમીનો ગૌચર તરીકે કચ્છમાં અપાયેલી હતી. ૧૯૫૬ પછી કચ્છમાં નવી માપણી થઈ ત્યારે અગાઉ જણાવ્યા મુજબ માત્ર વ્યક્તિગત માલિકીની જમીનો માપવામાં આવી હતી. સાર્વજનિક હિતની જમીનોની માપણી થઈ ન હતી. આથી આવી ગૌચર જમીનો માપણીના દફતરમાં સ્વતંત્ર નંબરોથી નોંધાઈ નહીં અને તે બધી ટ્રાવર્સના નંબરમાં ભેળવાઈ ગઈ. તત્સમયે દરેક ગામમાં પંચાયતોની સ્થાપના પણ થયેલી નહીં. આથી ગામ ગૌચરની માપણી કરાવવાની કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી.

૧૯૬૦ના દસકમાં ગુજરાતમાં ત્રિસ્તરીય પંચાયત રાજ્યની રચના થતાં દરેક ગામે, ગ્રામ પંચાયતોની રચના થઈ ગઈ. આ પછી સન ૧૯૭૦માં તા. ૫-૧૦-૭૦ના ઠરાવથી સરકારે જાહેર ઉપયોગી મિલ્કતો પંચાયતોને સોંપવા હુકમ કર્યો. આ હુકમના પારા-૬થી ગામની ચરાણ જમીનો પંચાયતને સુપરત કરવા નિર્ણય કરાયો અને કલેક્ટરે ૧૦૦ ઢોર દીઠ ૪૦ એકર જમીન નિહિત કરવા સૂચના અપાઈ. પારા-૧૩ મુજબ આ અંગેના હુકમો નાયબ કલેક્ટરે કરી તેની નોંધ ગ્રામ્ય દફતરે કરાવવા સૂચના અપાઈ. આ સૂચનામાં નીચે મુજબ સ્પષ્ટતા પણ કરવામાં આવી છે.

"આ હુકમો હેઠળ પંચાયતમાં નિહિત થઈ શકે તેવી કોઈપણ મિલ્કતો પર કોઈપણ દબાણ હોય તો દબાણ દૂર કર્યા પછી જ આવી મિલ્કતો નિહિત કરવી."

આ સૂચનાઓનો હેતુપૂર્વક અમલ કરવામાં આવ્યો નહીં અને મોટાભાગના ગામોમાં કોઈ ચોક્કસ સ્થળ સ્થિતિના માપ કે ખૂંટા વિના ટ્રાવર્સ પૈકી અમુક એકર ગૌચર નીમ કરવામાં આવે છે તેવા હુકમો કરી અમલ કર્યાનો સંતોષ લેવાયો. દબાણવાળી જમીનોના દબાણો ખુલ્લા કરાવવાની પણ કોઈ કાર્યવાહી થઈ નહીં.

આ પરિસ્થિતિના પરિણામે ધરતીકંપ પછી સ્થપાયેલા ઉદ્યોગોને સરકારે છૂટા હાથે સરકારી ટ્રાવર્સની જમીનો ફાળવી આપી. જેમાં ઉપરોક્ત ગૌચર જમીનો પણ આપી દેવાઈ. પરંતુ આ જમીનો માપણી દફતરે ગૌચર તરીકે નોંધાયેલી જ ન હોવાથી સરકાર દ્વારા ગૌચર અપાઈ હોવાનો સતત ઈન્કાર થતો રહ્યો અને લોકો પોતાની ગૌચર જમીનો આડેધડ અપાય છે તેવો આક્રોશ વ્યક્ત કરતા રહ્યા છે.

ગામે ગામના આ સળગતા પ્રશ્નને સુલઝાવવા સમગ્ર કાર્યવાહી ગામવાર નવેસરથી કરી જે તે ગામની ગૌચરની હદ નિશાન સાથે માપણી કરાવી તે મુજબ નકશા દુરસ્તી કરાવી તેની ચોક્કસ ચતુર્દિશા સાથેની નોંધો દરેક ગામના હક્કપત્રમાં દાખલ કરાવવી જોઈએ અને આ મુજબની હદ માપ સાથેની જમીન પંચનામાથી ગ્રામ પંચાયતને સ્થળ પર પ્રત્યક્ષ રીતે સોંપણી કરાવવાની વ્યવસ્થા કરવી જોઈએ. તો જ આ સળગતા પ્રશ્નનો ઉકેલ લાવી શકાશે.

### (૬) ઈનામધારા હેઠળની બાકી કાર્યવાહી :

ઈનામ નાબૂદી ધારાનો અમલ કચ્છમાં તા. ૩૦-૧૨-૫૮થી શરૂ થયો. આ ધારો ગયા વર્ષે ધારાસભા દ્વારા રદ કરવામાં આવ્યો છે. પરંતુ આ કાયદા હેઠળની કેટલીક કાર્યવાહી આજે પણ બાકી છે.

પ્રથમ તો આ ધારા હેઠળ જે જે કિસ્સાઓમાં પટની રકમ ભરવાપાત્ર હતી તે ભરાઈ ગઈ છે તેમ ગણીને આ કિસ્સાઓ નિકાલે લેવા સન ૧૯૮૭માં કાયદામાં સુધારો કરવામાં આવ્યો છે. આમ છતાં આજે પણ ૭/૧૨ના બીજા હક્કની કોલમમાં પટની રકમનો બોજો નોંધાયેલો પડ્યો છે. આ ઉલ્લેખ તાત્કાલિક તમામ ૭/૧૨માંથી રદ કરી નાખવો જરૂરી છે.

બીજું તત્સમયે અસહકારની ચળવળના કારણે હક્કપત્રકમાં નોંધો દાખલ કરતી વખતે કોઈ દસ્તાવેજી આધારો રજૂ થયા નથી કે તપાસાયા નથી. આમ છતાં સરકારને આ કાર્યવાહી પૂરી કરવાની હોવાથી હક્કપત્રકના નિયમો વિરૂદ્ધ જઈને પણ હક્કપત્રકમાં શરતી નોંધો દાખલ કરવામાં આવી છે. જૂના સમયમાં ગીરો / વિટાંતર મૂકાયેલી જમીનોમાં લિમિટેશન કાયદા મુજબ ગીરો છોડાવવાનો હક્ક નષ્ટ થઈ ગયો હોવા છતાં માહિતીના અભાવે "ગીરો છોડાવવાનો હક્ક નષ્ટ નહીં થયો હોવાની શરતે કબજા હક્ક આપવામાં આવે છે" એવી નોંધો દાખલ થઈ છે. આવી નોંધો દાખલ થયાને આજે પચાસ વર્ષનો સમય થઈ ગયો છે એટલે તત્સમયે ગીરો છોડાવવાનો હક્ક હોય તો પણ આજે હવે તેવો હક્ક અત્યાર અગાઉ સાબિત કરાયો ન હોય તો ૩૦ વર્ષની સમય મર્યાદાના કારણે નષ્ટ થઈ ગયો છે. આથી હક્ક પત્રકની નોંધોમાં રખાયેલ આ શરત હવે એક

*પ્રાર્થના આત્માને સ્વચ્છ કરતી સાવરણી છે.*

ઝાટકે દૂર કરવી જરૂરી છે. અને જેઓ ગીરો છોડાવવાનો પોતાનો હક્ક હોવાનું માનતા હોય તેઓ આ માટે દીવાની કોર્ટમાં રીડમ્પશનનો દાવો કરી જરૂરી હુકમ મેળવી શકે છે પરંતુ આધારવિહીન આવી શરત હક્કપત્રકમાં ચાલુ રાખવાથી હાલના જમીનના કબજેદારોને તેમના ટાઈટલ ચોખ્ખા હોવાનું નહીં ગણાતાં મુશ્કેલીઓ અનુભવવી પડે છે.

ત્રીજું, સરકારે તત્સમયે તા. ૫-૧-૫૯ના ઠરાવથી જણાવ્યા મુજબ આ કાયદા હેઠળ કબજા હક્ક મેળવવા કોઈ હુકમ કરાવવાની જરૂર નથી. કાયદાની જોગવાઈથી જ કબજા હક્ક મળી જાય છે અને તેમ થયાની હક્કપત્રકે નોંધો જે તે સમયે થયેલી જ છે. એટલે હવે કલમ-૬ અગર કલમ-૭ મુજબના હક્કદારોને કબજા હક્ક આપવા માટે કોઈ હુકમો કરવાના રહેતા જ નથી તે સ્પષ્ટ કરી આવી થતી કાર્યવાહી બંધ કરાવવી જરૂરી છે. જેથી બિનજરૂરી લિટિગેશન અટકાવી શકાય.

### (૭) ગણોત ધારાના સુધારા :

કચ્છમાં 'સી' સ્ટેટ વખતે મુંબઈનો ૧૯૪૮નો ગણોતધારો લાગુ થયેલો. પરંતુ તેનો અમલ થયેલ નહીં. આથી કચ્છ દ્વિભાષી મુંબઈનો ભાગ બન્યા પછી વિદર્ભ અને કચ્છ માટે ખાસ નવો ગણોતધારો ૧૯૫૮માં વિધાનસભામાં પસાર થયો અને તા. ૩૦-૧૨-૫૮થી તે લાગુ કરાયો. ગુજરાત રાજ્યની રચના થતાં કચ્છ તા. ૧-૫-૬૦થી ગુજરાતનો જિલ્લો બન્યું. આથી ગુજરાત રાજ્યમાં આ કાયદો માત્ર કચ્છમાં અમલમાં છે જ્યારે ગુજરાતના અન્ય વિસ્તારોમાં ૧૯૪૮નો કાયદો અમલમાં છે.

ગુજરાત રાજ્યે ૧૯૪૮ના કાયદા અંગે વખતોવખત જે પ્રશ્નો ઊભા થયા તે અંગે જરૂરી સુધારા વધારા કર્યા છે પરંતુ કચ્છના ૧૯૫૮ના કાયદામાં તેવા જ પ્રકારના સુધારા કરવાનું ચૂકી જવાયું છે. આના પરિણામે કેટલીક બાબતોમાં કચ્છને અન્યાય પણ થાય છે.

આનો તાજો દાખલો ખેતીની જમીનના બિનખેડૂતને થયેલ વેચાણનો છે. ૧૯૪૮ના કાયદામાં આવા વેચાણ ધ્યાને આવે તો મામલતદારને એવો હુકમ કરવાની સત્તા અપાઈ છે કે જેથી પક્ષકારો પોતે આવા વેચાણ રદ કરી મૂળ સ્થિતિ પુનઃસ્થાપિત કરે. જો ત્રણ મહિનામાં મામલતદારના હુકમ મુજબ અમલ ન કરવામાં આવે તો જ પછી જમીન સરકાર દાખલ થાય. આવો સુધારો કચ્છના કાયદામાં કરવામાં આવ્યો નથી. તેના પરિણામે અગાઉ કાયદાની અપૂરતી જાણકારી અને અધિકારીઓની અણસમજના કારણે આવા વેચાણો નિર્વિરોધ થયા છે અને તેની વર્ષો અગાઉ મંજૂર થયેલ નોંધો રદ કરી કરોડોની કિંમતની જમીનો સરકારમાં દાખલ કરવામાં આવી રહી છે.

આથી ૧૯૪૮ના કાયદામાં મુંબઈ અને ગુજરાતમાં જે સુધારા થયા છે તેવા પ્રકારના સુધારા કચ્છના કાયદામાં જ્યાં તેવા જ પ્રકારની કલમો હોય તેમાં તેવા સુધારા કરવા જોઈએ. અને આ માટે ધારાસભ્યોએ વિધાનસભામાં પ્રસ્તાવ રજૂ કરવો જોઈએ તો જ તેનો ઉકેલ આવી શકે.

### (૮) અન્ય પ્રશ્નો :

મહેસૂલ તંત્ર સંબંધી સંખ્યાબંધ સમસ્યાઓ છે પરંતુ આજના કાર્યક્રમના મર્યાદિત સમયમાં બધી સમસ્યાઓને ન્યાય આપી શકાય તેમ નથી. આથી આવી કેટલીક અન્ય સમસ્યાઓનો માત્ર ઉલ્લેખ કરી સમાપન કરું છું.

૧. ખેત જમીનોની સાંથણી ઘણા વર્ષોથી બંધ કરાઈ છે.
૨. લશ્કરના જવાનોને પણ ખેતી માટે જમીન અપાતી નથી.
૩. હક્કપત્રકની કાર્યવાહી તાલુકે ઈ-ધરા કેન્દ્રમાં થાય છે. તેમાં થતી અનધિકૃત કાર્યવાહી - ફરિયાદો અંગે પગલાનો અભાવ અને અનિયમિત વ્યવસ્થા.
૪. વર્ષોથી સ્ટાફની ભરતી બંધ કરવાના પરિણામે સમગ્ર તંત્ર લકવાગ્રસ્ત થયેલ છે.
૫. ગ્રામ્ય રેકર્ડ સુગ્રથિત માળખા મુજબના એકબીજાથી સંકલિત દફ્તરને ત્રણ ટુકડામાં ત્રણ અલગ અલગ જગ્યાએ વહેંચવાથી ઊભી થયેલી ગૂંચવણ અને સમસ્યાઓ.
૬. બિનખેતીના કેસોનાં નિર્ણયમાં વિલંબ - બિનજરૂરી વાંધાઓ - સરકારી હુકમો મુજબના અમલનો અભાવ.
૭. સરકાર દ્વારા વખતોવખત થતા હુકમોની જાણકારી માહિતી ખાતા દ્વારા સત્તાવાર ન અપાતી હોવાના પરિણામે ઊભી થતી અસંમજસ.
૮. રહેણાંક મકાન માટે નાગરિકને સરળતાથી જમીન મળવાનો અભાવ.
૯. બિનખેતી થયેલા નંબરોના સાર્વજનિક પ્લોટો અને રસ્તાઓની મહેસૂલ માફી હુકમો કરી પંચાયતોને સોંપણી કરવાની વ્યવસ્થાનો તદ્દન અભાવ. પરિણામે ગેરકાનૂની દબાણો.
૧૦. જમીન દબાણ અંગેની સુગ્રથિત કામગીરીનો અભાવ.
૧૧. શરતભંગની કાર્યવાહીમાં કાનૂની પ્રક્રિયાઓનું સરાસર ઉલ્લંઘન અને પસંદગીયુક્ત કાર્યવાહી.
૧૨. જળસ્રોતોની નોંધણી - જાળવણી - દબાણ દૂર કરવા - સુધારવાની નીતિના અમલનો અભાવ.
૧૩. જંગલ અનામત કરાયેલી જમીનો અંગે લોકોના અધિકારોનું સરેઆમ ઉલ્લંઘન.
૧૪. ઉદ્યોગોને ઝોનિંગ કર્યા સિવાય મન ફાવે ત્યાં મનફાવે તેવો ઉદ્યોગ શરૂ કરવાની છૂટથી ઊભા થતા પ્રશ્નો.

આશા રાખીએ, આજના આ સેમિનાર પછી આ સમસ્યાઓને ઉકેલવા સક્રિય પ્રયાસો થશે. કમસેકમ જિલ્લા કક્ષાની સમસ્યાઓનો ઉકેલ આવી શકશે તો પણ આ સેમિનારનો પુરૂષાર્થ સાર્થક થયો ગણાશે. ■

*હજારો પુરુષો જીવનમાં નિષ્ફળ જાય છે, તેનું કારણ કેવળ હાથમાં લીધેલું કામ મુલત્વી રાખવાની આદત.*

# પ્રવાસન ઉદ્યોગ

• લાલ રાંભિયા •

મો. ૯૫૩૭૦ ૪૦૬૨૩, ઈ-મેઈલ : lalrambhia@gmail.com

કામણગારા કચ્છના ઔદ્યોગિક વિકાસમાં પ્રવાસન ઉદ્યોગ વિશેષ મહત્ત્વ ધરાવે છે. વધુ ઊંડાણમાં ઉતરતાં સ્પષ્ટ થાય છે કે કચ્છને રૂટીન કે લક્ઝરી પ્રવાસન કેન્દ્રને બદલે નૈસર્ગિક પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવવું વધુ યોગ્ય છે. સફેદ રણ એનું સફળ દૃષ્ટાંત છે. જેવી રીતે ખેતીમાં સજીવ ખેત પેદાશની માંગ દિવસે દિવસે વધતી જાય છે એવી જ રીતે નવી સદીનો પ્રવાસી રોજબરોજની શહેરી ધાંધલધમાલ, કૃત્રિમ ઝાકઝમાળથી હટીને કુદરતનો ખોળો ખૂંદવાનું વધુ પસંદ કરશે. કચ્છમાં કુદરતી વૈવિધ્યતાઓના અનેક આકર્ષણો છે. જેમકે...

★ **મીઠાની સફેદીથી ચળકતો અફાટ રણ :** ધોરડો, ખડીર

★ **દુન્યવી સંબંધોનો સાક્ષી - દરિયો :** માંડવી, કાશી વિશ્વનાથ, આશારમાતા, પ્રબુડી, રાવળપીર, પિંગલેશ્વર, કોટેશ્વર.

★ **સૂરીલી સંસ્કૃતિનાં રખોપાં કરતા ઉન્નત ડુંગરો :** કારો, ભુજીયો, ધીણોધર, નનામો, ટપકેશ્વરી, ભાંજડો, ઝારો જુમારો, બિલેશ્વર, રેહા, ભિખ્ખુ, કક્કડભિટ્ટ, લકી યક્ષ વગેરે.

★ **પશુ પક્ષીઓના ગમતીલાં સીમાડા અને ખાડીઓ :** છારી ઢંઢ, શિરાની વાંઢ, નિંગાળ, લાલા, પરજાઉ, ચાડવા, રખાલ, વેકરિયા, ટોપણસર, હમીરસર ઈત્યાદિ સ્થળે ૩૫૦થી વધુ પશુ પક્ષીઓ જોવા મળે.

★ **ટેરવાના ટહુકા સમી પરંપરાગત હસ્તકળાઓ :** ૧૪ જાતનું ભરતકામ બાટીક, બ્લોક પ્રિન્ટ, બાંધણી, વણાટ, રોગન, નામદા, ખરાડ, મશરૂ, માટીકામ, કાષ્ટકામ, ધાતુકામ વગેરે.

★ **બેનમૂન સ્થાપત્ય :** મહેલો, કિલ્લાઓ, છતરડી, રામકુંડ, સૂર્ય મંદિર વગેરે.

★ **પ્રાચીન સંસ્કૃતિના અવશેષો :** ધોળાવીરા, ગેડી, વરણું, રાયણ વગેરે.

★ **પરંપરાગત સંગીત :** આરાધી, કાફી, વાઈ, બેત, દાસ્તાન, ઘોર, સૂફી વગેરે.

★ **રંગબેરંગી જીવનશૈલી :** રબારી, જત, મેઘવાર, આહીર, ભરવાડ, ચારણ, સમા, ખારવા, રજપૂત, ગરાસિયા, ગઢવી, સુમરા, કણબી વગેરે.

• **ENOLOGENOUS TOURISM (નૈસર્ગિક પ્રવાસન) અભિગમ :**

પ્રવાસ - પર વાસ શબ્દમાં જ એનો ગહન અર્થ સમાયેલો છે. એ માત્ર ખાનપાન કે મોજમસ્તી પૂરતું એકતરફી ન રહેતાં યજમાન અને મહેમાનના ભાવસંબંધની અનુભૂતિ બનવું જોઈએ. યજમાનની કુદરતી ગ્રામીણ જીવનશૈલીમાં જિજ્ઞાસુભાવે ઓતપ્રોત થઈ પ્રવાસી સાતત્યપૂર્ણ અનુભવાનંદથી સમૃધ્ધ બનવો જોઈએ. પરોક્ષ રીતે સૃષ્ટિ અને સંસ્કૃતિ પ્રત્યેની એની જાગરૂકતા વધવી જોઈએ. આ બેતરફી આદાનપ્રદાન હોઈ, મહેમાન અને યજમાન બંને લાભાન્વિત થશે. આજ સાચો 'પરવાસ' છે.

• **ખૂટતી કડીઓ અને પૂર્તતા માટેના સૂચનો (વર્તમાન સંદર્ભે) :**

★ ડિમાન્ડ કરતાં સપ્લાયમાં આપણે ઉણા ઉતર્યા છીએ.

★ **સંદર્ભ સાહિત્યનો અભાવ :** પ્રવાસન બુક્સ, ગાઈડ્સ, નકશા, શોર્ટ ફિલ્મ્સ વહેલી તકે બનાવવા જરૂરી.

★ **માહિતી કેન્દ્રો :** ભુજમાં સમગ્રતયા કચ્છ અને અન્યત્ર જે તે સ્થળની તમામ માહિતી પૂરી પાડતા કાયમી માહિતી કેન્દ્રો શરૂ કરવા જરૂરી.

★ વાહનચાલકો, ગાઈડ્સ ટ્રેઈન કરવા જરૂરી.

★ **આવાસ :** અપૂરતાં, ટેમ્પરરી (ટેન્ટ્સ) છે. હોમ સ્ટે, ફાર્મ સ્ટેનો કોન્સેપ્ટ અપનાવી સ્થાનિક સામેલગીરી વધારવી જોઈએ.

★ **ખાનપાન :** પરંપરાગત ખાનપાનને હાયજેનિક ધોરણે પીરસવું જોઈએ. જે તે સ્થળે સારા રસોયા, યુવાનોને કેટરિંગ, હાઉસ કિપીંગ, ટેબલ મેનર્સ, સંભાષણ ઈત્યાદિ સર્વિસીઝની ટ્રેનિંગ આપી લોકલ પાર્ટીસિપેસન વધારવું જોઈએ.

★ **સાંસ્કૃતિક આકર્ષણો :** જે તે વિસ્તારના હસ્તકલા કારીગરો અને લોક કલાકારોના 'લાઈવ શો' - પ્રદર્શન, ડેમોન્સ્ટ્રેશન, વેચાણ વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

★ **રણોત્સવ :** પતંગોત્સવની જેમ અષાઢી બીજ ઑચ્છવ, મેળા મલાખડા, આંબા-કેરી કજાણી, કચ્છી ફુડ ફેસ્ટિવલ, કચ્છી મ્યુઝિક ફેસ્ટિવલ, કચ્છી ફેશન શો વગેરેનું આયોજન કરી પ્રવાસનને શોર્ટ ટર્મને બદલે રાઉન્ડ ધ યર ધબકતું રાખવું જોઈએ.

★ સ્થાનિક લોકભાગીદારી વધારવી ખૂબ જરૂરી. અત્યારે કચ્છના નામે તમામ સર્વિસીઝ ટેમ્પરરી ધોરણે બાહ્ય કોન્ટ્રાક્ટર્સ પૂરી પાડે છે. સ્થાનિક કલાકાર, કારીગર, માલધારી, ખેડૂત, રબારી

*સામાન્ય માનવીના જીવનમાં ક્રોધ ભભૂકવાથી જેવી હોનારત સર્જાય છે એવી હોનારત બીજી કોઈ વસ્તુથી સર્જાતી નથી.*

કે જત ફક્ત ફોટા પાડવા માટેનો 'શૉ પીસ' બની રહી જાય છે. આમાં 'પોતાપણા'નો અભાવ હોતાં પ્રવાસી કચ્છની ભાતીગર સંસ્કૃતિથી વંચિત રહી 'કચ્છ દેખા તો ક્યોં દેખા...?' કહેશે.

★ પ્રવાસન એ ખૂબ સેન્સિટીવ ઉદ્યોગ છે. લક્ઝરી અને ટેકનોલોજીથી ઊભા કરેલા કૃત્રિમ સંશાધનોની કચ્છને અને કચ્છીયત માણવા, જાણવા આવેલા 'પરવાસી'ને ઉત્કંઠા નથી. Endogenous કે નૈસર્ગિક કે ગ્રામીણ કે Eco Tourism ને જસ્ટીફાય કરતા અનેક કુદરતી આકર્ષણો કચ્છમાં છે જ! જરૂર છે એને પ્રવાસીલક્ષી, દર્શનપ્રિય બનાવવાની! કચ્છીયતથી પ્રભાવિત પ્રવાસી જ આપણો બ્રાન્ડ એમ્બેસેડર બનવો જોઈએ અન્યથા મરઘી અને સોનાના ઈંડાવાળી વાત થશે!

- **કચ્છડો :**

ઉપરોક્ત બાબતે અમે લખીને, બોલીને કે બતાવીને જ છૂટી જવા નથી માંગતા. કચ્છ નવનિર્માણ અભિયાને આ દિશામાં અભ્યાસપૂર્ણ પહેલ કરી છે. Endogenous Tourism Initiative તરીકે 'કચ્છડો' નામે ખાસ પ્રવાસન સેલની રચના કરી છે.

- **પરિણામલક્ષી પ્રયોગ :**

★ **શામ-એ-સરહદ હોડકો :** Funding - UNDP, Concept - અભિયાન, Land - ગુજરાત સરકાર, Architects - હુન્નરશાળા, વહીવટ - હોડકો પર્યટન સમિતિ, લાભાર્થી - હોડકો ગામ અને બન્ની, ઓક્યુપન્સી - ૨૬ પ્રવાસી. પાંચ મહિનાની સીઝનની ચોખ્ખી આવક વર્ષ ૨૦૦૮માં રૂા. ૫ લાખથી વધીને વર્ષ ૨૦૧૨માં રૂા. ૧૬ લાખ સુધી પહોંચી છે. સ્થાનિક સમિતિએ આ રકમનો ઉપયોગ હોડકો ગ્રામવિકાસ માટે કરવાનું ઠેરવ્યું છે. સંપૂર્ણ વહીવટ, ટ્રેઈન્ડ ગામલોકો જ કરે છે. રાષ્ટ્રીય ઍવોર્ડ પ્રાપ્ત કરેલ છે.

★ **લખપત Home Stay :** 'ચાલો આપણે ઘેર' પ્રવાસન ઉત્સવ. Funding : જી.એમ.ડી.સી., આરતી ગ્રુપ, એક્સેલ ગ્રુપ. Concept : અભિયાન, આર્કિટેક્ટ : હુન્નરશાળા, અમલીકરણ : સ્થાનિક સમિતિ. શુભ શરૂઆત રૂપે ગત વર્ષે સફળતાપૂર્વક આદરાયેલ આ પ્રયોગ ફંડ્સના અભાવે અને સરકારી આંટીઘૂંટીઓને કારણે અટકી ગયો છે.

★ **Craft Tour :** ક્રાફ્ટ રીસોર્સ સેન્ટર 'ખમીર' સાથે 'કચ્છડો' દ્વારા હસ્તકળા નિદર્શન પ્રવાસ. સંપૂર્ણ પેકેજ તૈયાર છે. વિદ્યાર્થીઓને પ્રાધાન્ય. વિવિધ કચ્છી હસ્તકળાનું જીવંત નિદર્શન, Authentic માહિતી, કારીગરની જીવનશૈલી અને પ્રવાસીને ઈચ્છા હોય તો ટ્રેનીંગ પણ! વધુ માહિતી માટે www.khamir.org

- **ભુજ હેરિટેજ વોક :** સ્થાપત્યની દૃષ્ટિએ અદ્વિતીય એવા આઈના મહેલ, પ્રાગમહેલ, છતરડી, રામકુંડ, પાટવાડી ગેટ, મ્યુઝિયમ, શાક માર્કેટનો Well trained Guide સાથે પગપાળા પ્રવાસ 'કચ્છડો' કરાવશે. Initial Start માટે ફંડનો અભાવ. (kachchhdo@gmail.com)

★ **FARM STAY :** SPM FARM (પુનડી), રામટેકરી (રતનાલ) પાઈપ લાઈનમાં.

★ **Musical Kutch (મ્યુઝીકલ કચ્છ) :** સૂરવાણી, KMVS દ્વારા નિર્મિત કચ્છના ૨૫૬ લોક કલાકારોના સંગઠન સાથે સંગીતમય સાંસ્કૃતિક પ્રવાસ.

ફન્ડિંગ એજન્સી : સર રતન તાતા ટ્રસ્ટ.

★ ડ્રાઈવર્સ, ગાઈડ્સ, વિવિધ પ્રવાસન સર્વિસીઝ ટ્રેઈનિંગ માટે.

★ કોર્બેટ ફાઉન્ડેશન (નખત્રાણા - વિરાણી) તૈયાર છે.

★ Documentation : Ref. Books : (1) Lakhapat, (2) Wonderland Kachchh; Route Maps, Craft Map, Music Map (K-Link)

- **અપીલ :**

કચ્છ નૈસર્ગિક પ્રવાસન ઉદ્યોગ વિકાસમાં ખૂટતી કડીઓની પૂર્તતા કરવા, નવી પ્રવાસન દિશાઓ ખોલવા અંગે 'કચ્છડો' એ In depth Homework કર્યું છે. જરૂર છે ડોક્યુમેન્ટેશન, ટ્રેનિંગ, માર્કેટીંગ, લોન્ચિંગ, ઈવેન્ટ્સ ઓર્ગેનાઈઝિંગ વગેરે માટે સ્ટાર્ટ અપ ફંડ્સની! CSR અંતર્ગત કોર્પોરેટ હાઉસીઝ, મહાજનો, સંસ્થાઓ આના પૂરક બને તો પ્રવાસન ઉદ્યોગ માધ્યમે સ્થાનિક - સ્વમાનભેર કાયમી રોજગારીનું ઉત્તમ દૃષ્ટાંત કચ્છને બનાવી શકાય. ■

## કચ્છમાં આરોગ્યક્ષેત્રે ખૂટતી કડીઓ

**(અનુસંધાન : પાના નંબર-૨૭ ઉપરથી ચાલુ)**

કચ્છની આરોગ્ય ક્ષેત્રે કાર્ય કરનાર સંસ્થાઓ સાથે મળી દર્દી માર્ગદર્શન કેન્દ્ર શરૂ કરે એ જરૂરી છે.

કચ્છની આરોગ્ય સેવામાં સૌથી નબળી કડી છે જિલ્લા સ્તરની હોસ્પિટલ. હોસ્પિટલ એની ક્ષમતાથી ઘણા નીચેના સ્તરે કાર્ય કરે છે. જગ્યાની વિશાળતા અને સાધનોની વિપુલતાથી શરૂ થયેલી હોસ્પિટલનાં સાધનો અને જગ્યાનો પૂરેપૂરો ઉપયોગ થતો નથી. સાધનો વપરાશનાં અભાવે અન્યત્ર ખસેડાયા છે કે હવે ઉપયોગમાં નથી રહ્યા.

સામાન્ય રીતે જિલ્લા સ્તરની સારી હોસ્પિટલ યુવાન ડૉક્ટરોને આકર્ષે છે જે વાતાવરણ અહીં નથી. હોસ્પિટલનું સંચાલન અને સંલગ્ન મેડિકલ કોલેજનો વહીવટ જુદા જુદા હાથમાં છે એટલે સંકલનનો અભાવ છે. આ સંજોગોમાં ગરીબ દર્દીઓ માટે હોસ્પિટલ અપેક્ષિત સારવાર આપી શકતી નથી. સંપૂર્ણ સુસજ્જ લેબોરેટરી હોવા છતાં પેથોલોજી ટેસ્ટ માટે દર્દીઓને પ્રાઈવેટ લેબોરેટરી પર આધાર રાખવો પડે છે. આ તો એક ઉદાહરણ છે.

જિલ્લા સ્તરની જનરલ હોસ્પિટલ એની ક્ષમતા અનુસાર કાર્ય કરે તો એ મજબૂત કડી પૂરવાર થશે. ■

*રાષ્ટ્રના પ્રમુખ બનવા કરતાં પ્રમાણિક નાગરિક બનવાનું વધુ સારું છે.*

કચ્છ, કચ્છી પ્રજા અને કચ્છીયતને ઉજાગર કરતી ચાલુ રસધાર કથા

# મહેણું કે માથાનો ઘા?

## કચ્છની રસધાર : મણકો-૬

• દુલેરાય કારાણી •

કચ્છની અસલી ભદ્રાવતી નગરી તે આજનું ભદ્રેસર. આ ભદ્રેસરને કાળરૂપી જાદુગરે અનેક અવનવા સ્વાંગ સજાવ્યા છે. જેની કીર્તિગાથા મહાભારતના સમયથી મશહૂર છે એવી આ પ્રાચીન ભદ્રાવતી નગરીમાં એક સમયે પઢિયાર રાજપૂતોની આણ વર્તાતી હતી.

જેના બહાદુર સરદારોએ વીરધવળ રાજાના પ્રાણ બચાવ્યા હતા એવા ભીમસિંહ પઢિયારના પૂર્વજોનો એ સમય હતો. એની કુંવારી લીલાબાનું વેવિશાળ સિંધના સમા વંશના ચનેસર દાસડા જોડે થયેલ હતું ચનેસર જામ મોટી જાન સાથે વાજતેગાજતે સિંધમાંથી ભદ્રેસર તરફ આવતો હતો.

કચ્છના ડોણ ગામ પાસેથી ચનેસર દાસડાની જાન પસાર થતી હતી. આ ડોણના ઠાકોર વીરમ ચાવડાને કોરુ નામે એક સ્વરૂપવાન અને લાડકી કુંવરી હતી. કોરુના સગપણ માટે ઠેરઠેરથી માગાં આવતાં હતાં પણ કોરુના પિતાનું જ્યાં ત્યાં મન માનતું ન હતું. એટલે માગાંને પાછાં વાળતો હતો. તે કોઈ ઉત્તમ મુરતિયાની શોધમાં હતો. ડોણની રાજવાટિકામાં કોરુ અને તેની ભાભી રેંટિયો કાંતતાં હતાં એ વખતે ત્યાંથી નોબતો અને નગારાંના ગગનભેદી ગડગડાટ સાથે ચનેસરની જાનનું સરઘસ પસાર થયું. જાનની લાંબી સવારી જોવા માટે કોરુકુમારી ઉતાવળી ઉતાવળી રેંટિયો મૂકીને ઊઠી. એની ભાભી જ્યાં રેંટિયો કાંતી રહી હતી ત્યાંથી ઝડપથી પસાર થતાં કોરુનું વસ્ત્ર ભાભીના રેંટિયાની ત્રાકમાં આવી જતાં તેના રેંટિયાની ત્રાક મરડાઈ ગઈ.

રેંટિયાની ત્રાક મરડાઈ જતાં કોરુની ભાભીને ગુસ્સો ચડ્યો. મશ્કરી અને ગુસ્સાના મિશ્રણ સાથે તેણે કોરુકુમારીને કહ્યું : 'ચનેસરને જોવાને આટલી અધીરાઈ આવી રહી છે તે એને પરણવું તો નથી ને?'

ભાભીનું મહેણું સાંભળીને કોરુ ત્યાં જ બેસી ગઈ. આ મહેણું એને માથાના ઘા જેવું લાગ્યું. ભાભીના શબ્દો કોરુના કાળજામાં તીર જેવા પેસી ગયા. તે તરત જ બોલી ઊઠી –

*ભાભી મેણાં મ માર, મેણું મથેજો ઘા,*
*ચનેસર મૂંજો રાજિયો, બેઆ મૂંજા ભા.*

*ભાવાર્થ :* ભાભી! તું મહેણાં માર નહિ! મહેણું માથાના ઘા જેવું લાગે છે. હવે ચનેસર એ જ મારો પતિ. બીજા બધા મારા ભાઈ છે!

કોરુની આકરી પ્રતિજ્ઞા સાંભળીને એની ભાભીને પોતાના શબ્દો માટે પશ્ચાતાપ થયો. પરંતુ વહી ગયેલાં વારિ અને છૂટી ગયેલાં તીર કદી પાછાં વળે છે? કોરુનો આ નિશ્ચય દિવસે દિવસે દઢતર થતો ગયો. કોરુના પિતા વીરમ ચાવડાએ જ્યારે આ વાત સાંભળી ત્યારે તે પણ ચિંતાતુર થઈ ગયો. કારણકે ચનેસર દાસડા જેવો રાજવી તેના જેવા નાના જાગીરદારની કન્યા સ્વીકારે એ વાત સર્વથા અસંભવિત હતી. આથી કોરુને અનેક રીતે સમજાવી છતાં તે એકની બે ન થઈ. એ પોતાના નિર્ણયમાં હિમાલય જેવી અચળ હતી – મક્કમ હતી. ચનેસર એનું પાણિગ્રહણ ન કરે તો જિંદગી અવિવાહિત વિતાવવી એણે પ્રતિજ્ઞા કરી લીધી હતી.

કોરુના પિતાને હવે ખાતરી થઈ કે કોરુનો નિશ્ચય હવે કોઈ કાળે ફરે તેમ નથી. એટલે તેની ચાગલી પુત્રી કોરુની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા એના મનમાં અનેક વિચારો આવવા લાગ્યા.

કોરુના પિતાનો કારભારી પરબત વજીર ડહાપણનો ભંડાર ગણાતો. વીરમ ચાવડાએ આખરે એની સલાહ લીધી. બંને જણે નક્કી કર્યું કે આ કાર્ય સીધી રીતે બનવું તો શક્ય નથી. માટે કોઈ બીજો ઉપાય કરવો જોઈએ. કોઈ યુક્તિ - પ્રયુક્તિથી જ આ કાર્ય પૂર્ણ થાય તેમ છે.

આખરે એમણે એક ખાસ યોજના ઘડી કાઢી. આ યોજનાનો અમલ કરવા માટે અને આ દુર્ધર્ષ કાર્યને પાર ઉતારવા માટે કોરની માતા, કોરુકુમારી અને પરબત વજીર પૂરા સરંજામ સાથે સિંધ તરફ રવાના થયાં. થોડા દિવસના એકસરખા પ્રવાસ બાદ તેઓ લિયર પ્રદેશમાં ચનેસરની રાજનગરીમાં આવી પહોંચ્યા.

અહીં એક માલણનો આશરો લઈને એમણે ચનેસર જામના રાજ મહાલયમાં પ્રવેશ કરવાની તક લીધી. કોરુકુમારીની પુષ્પગૂંથણની કામગીરી અને એની કાંતણકળા જોઈને જામ ચનેસરની રાણી લીલાદેવી પ્રસન્ન થઈ અને તેને જનાનખાનામાં ગોઠવી દીધી. જામના જનાનખાનામાં લીલાદેવી માનવંતી હતી.

કોરુકુમારી રાજમહેલમાં પ્રવેશ પામી એટલે અવારનવાર ચનેસર જામ પર તેની દૃષ્ટિ પડતી. એ વખતે તેના હૃદય સાગરમાં અનેક ઊર્મિઓનાં મોજાં નીકળતાં. રાતે પણ તેને જામ ચનેસરનાં જ સ્વપ્નાં આવતાં. જામ ચનેસરના નામની ઘટમાળ એના અંતરમાં નિરંતર ભરાતી અને ઠલવાતી. એની લાગણીઓના પૂરને જેમ તેમ કરી તે દબાવી દેતી. તેનું એક જ નિશાન હતું : જામ ચનેસરને હાથ કરવાનું. પણ એ નિશાન પર પહોંચવા માટે કોઈ યોગ્ય ઉપાય સૂઝતો ન હતો.

એક વખત રાજમહેલમાં જામ ચનેસર અને લીલાદેવી ચોપાટનો ખેલ ખેલી રહ્યાં

*તમારે ઉંમર પ્રમાણે નહિ, પણ વિચાર-ઘરડા થાઓ કે તરત જ નિવૃત્ત થઈ જવું જોઈએ.*

હતાં. રમત રસાકસી પર ચડી હતી. રાતનો સમય હતો. આખા મહાલયમાં દીપકોની રોશની ઝળહળી રહી હતી. ત્યાં પવનનો એક મોટો વંટોળિયો આવી ચડ્યો અને પવાનના એક જબ્બર ઝપાટાથી બધા દીવા એકાએક હોલવાઈ ગયા. આખા મહેલમાં અંધકાર છવાઈ ગયો. દાસીઓ દીવા પ્રગટાવવા ફાંફાં મારવા લાગી. એ વખતે કોરુકુમારીએ પોતાના છૂપા ગજવામાંથી અમૂલ્ય હીરો કાઢ્યો. આ હીરો તે પોતાના પિતા વીરમ ચાવડા પાસેથી લાવેલી હતી અને પોતાની પાસે જ તેને છુપાવી રાખ્યો હતો.

રાજમહેલમાં અંધારું ફેલાઈ જતાં કોરુકુમારી હીરો હાથમાં લઈ તેને એક મેજ પર મૂક્યો. આખા મહેલમાં હીરાનો પ્રકાશ પથરાઈ ગયો. હીરાની રોશની જોઈ લીલાદેવી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ. એના મનમાં વિચાર આવ્યો કે આ હીરો એના ગળાના હારમાં ગોઠવી દીધો હોય તો રાત્રિના અંધકારમાં પણ એનું રૂપ કેવું ખીલી ઊઠે! બસ, કોઈ પણ ઉપાયે આ હીરો હાથ કરવાનો તેણે પોતાના મનમાં નિરધાર કરી લીધો.

એક વખત લીલાદેવીએ કોરુને એકાંતમાં બોલાવીને આ હીરાની માંગણી કરી.

કોરુ બોલી : 'બા સાહેબ, આ અમૂલ્ય હીરો માતા પિતાનો છે. અમે તો અમારે ઘેર દીવો બાળવાને બદલા આ હીરાથી જ કામ લઈએ છીએ.'

'પણ એના બદલામાં તું જે કંઈ કિંમત માંગીશ તે તને આપીશ.'

'એની કિંમત થાય તેમ નથી. એ તો અમૂલ્ય છે.'

'આજે તારું મોં વેરી છે. તને જે જોઈએ તે માંગી લે!'

'પણ બા સાહેબ, એની કિંમત તમારાથી આપી શકાય તેમ નથી.' કોરુકુમારી હવે પોતાના મૂળ મુદ્દા પર આવવા લાગી.

'મારાથી નહિ અપાય? લિયર પ્રદેશના અધિપતિનો અખૂટ ખજાનો મારી પાસે મોજૂદ છે.'

'રાણીસાહેબ! એની કિંમત લિયર રાજના ખજાનામાં પણ નથી.'

'ત્યારે એની કિંમત શું છે, ઝટ કહી દે!'

કોરુએ વિચાર્યું કે આ તક જવા દેવા જેવી નથી.

'બા સાહેબ, એ વાત હું તમને એકાંતમાં કહીશ.' કોરુ હવે આગળ વધવા લાગી.

'અહીં એકાંત જ છે.' એમ કહી લીલાદેવીએ કમરાનો દરવાજો બંધ કરી દીધો.

'હવે તો કંઈ હરકત નથી ને? કહી દે એની કિંમત કેટલી આપવાની છે?'

'ખરેખર કહી દઉં?'

'હા, ઝટ કહી દે!'

'પણ તમને માઠું તો નહિ લાગે ને?'

'એમાં માઠું લાગવાનું શું હતું? તું કહે તો ખરી!'

'તો સાંભળો બા, મારા મનની એક જ ઉમેદ છે. એક રાત મને જામ ચનેસરની સેવામાં રહેવા દો તો આ હીરો તમારો!'

એક દાસીની આટલી હિંમત જોઈ લીલાદેવીને કાળઝાળ ક્રોધ વ્યાપી ગયો. એકવાર તો કોરુનું ગળું દાબી દેવાનું પણ તેને મન થયું. પણ હીરાનો પ્રકાશ યાદ આવતાં એનો ક્રોધ ઓગળીગયો અને એક નવી યોજના એને યાદ આવી ગઈ.

થોડીવાર વિચાર કરી લીલાદેવી બોલ્યા : 'વારુ, તારી શરત મને મંજૂર છે.'

'તો બા સાહેબ, મને આ હીરો પણ ન્યોચ્છાવર કરી દેતાં કંઈ હરકત નથી.'

અને બધી વાત ચોક્કસ રીતે નક્કી થઈ ગઈ. એ જ રાતે જામ ચનેસરના શયનગૃહમાં કોરુ જામની સેવામાં રહે એવો નિર્ણય લીધો અને કોરુકુમારીએ એના મનમાં રમી રહેલો હીરો હાથ હવે કરી લેવાનો હતો.

એજ રાતે લીલાદેવીએ જામ ચનેસરને ખૂબ મદિરાપાન કરાવીને દારૂના નશામાં લેલૂટ કરી દીધો. અને ત્યાર પછી કોરુને જામના શયનગૃહમાં દાખલ થવાની પરવાનગી આપી દીધી.

ચાવડા કુમારી કોરુ ચતુર હતી, ચાલાક હતી. રાજમહેલની હિલચાલ ઉપરથી આજની પરિસ્થિતિ તે પામી ગઈ હતી. એટલું જ નહિ, પણ એ પરિસ્થિતિને પહોંચી વળવાનો ઈલાજ પણ એણે પોતાની સાથે જ રાખી લીધો હતો.

જામના શયનગૃહમાં કોરુકુમારી પ્રફુલ્લવદને દાખલ થઈ. ઘણા વખતથી અંતરપટ પર છવાઈ રહેલાં નિરાશાનાં કાળા વાદળાંમાં આશાની વીજળી ચમકી ઊઠી.

આગળ વધીને જુએ છે તો જામ ચનેસર નિશ્ચેતન અવસ્થામાં પલંગ પર પડેલા હતા. લીલાદેવીની લીલા આટલી હદ સુધી જશે તેની કોરુને કલ્પના પણ ન હતી.

માત્ર શ્વાસોચ્છ્વાસની ક્રિયા ઉપરાંત જામના શરીરનું એકે અવયવ ગતિમાન ન હતું.

ચાવડાકુમારી ઘડીભર તો ગુંચવાઈ ગઈ. તરત જ એને સાચવી રાખેલાં લીંબુની વાત યાદ આવી. લીંબુનો રસ કાઢી તેણે એક નાની પ્યાલીમાં ભર્યો અને રૂનાં પૂમડાં વતી ધીરે ધીરે તે જામના ગળામાં રેડવા લાગી. આ રીતે લીંબુનો તમામ રસ તેણે કુશળતાપૂર્વક જામના પેટમાં ઉતારી દીધો. મૂર્છાનો ઉતાર જામના પેટમાં પહોંચતા જ તેના શરીરમાં જાગૃતિનો જરાજરા સંચાર થવા લાગ્યો.

આ જોઈને કોરુનું હૃદય આનંદાવેશથી નાચી ઊઠ્યું. કરમાઈ ગયેલી તેની હૃદયપાંદડી પાછી સજીવન થવા લાગી.

થોડી જ વારમાં જામ ચનેસરને વમનની શરૂઆત થઈ અને એના પેટમાંનું બધું બહાર આવી પડ્યું. કોરુકુમારી કુશળતાપૂર્વક દરેક વસ્તુનો તાત્કાલિક ઈલાજ કરી રહી હતી.

વમનથી ઉત્પન્ન થયેલી અશક્તિની અસરથી જામ ચનેસરે થોડો વખત તો એકે શબ્દનો ઉચ્ચાર કર્યો નહિ. લીલાદેવીની ગેરહાજરીથી અને આ નવી સ્વરૂપવાન કિશોરીની હાજરીથી તેને નવાઈ લાગી. આખરે તેની ધીરજ ખૂટી જતાં તેણે કોરુને પ્રશ્નો પૂછવા માંડ્યા.

'ક્યાં છે લીલાદેવી? તમે કોણ છો? અત્યારે અહીં કેમ આવ્યાં છો?'

જામની પ્રશ્ન પરંપરાથી તેમજ તેના

*મહત્વના બનવું તે સારું છે, પણ સારા બનવું તે વધુ મહત્ત્વનું છે.*

ચહેરાની અને ધ્વનિની ગંભીરતાથી ક્ષણભર તો કોરુ ગભરાઈ ગઈ - મૂંઝાઈ પડી. આખરે સઘળી હિંમત એકત્ર કરીને તે બોલી –

'મહારાજ! હું આપના અંતઃપુરની સેવિકા છું. અને અહીં એટલા માટે છું કે મેં આજની રાત માટે આપને ખરીદી લીધા છે. ધૃષ્ટતા માફ કરશો.'

'ખરીદી લીધા છે!' શબ્દો સાંભળીને ચનેસર તો સ્તબ્ધ થઈ ગયો. એનું મસ્તક ફરી મોટા ચક્કરમાં પડી ગયું. આખી પૃથ્વી જાણે ફરવા લાગી હોય એવું એને લાગ્યું. શરાબના નશાની તીવ્રતા કરતાં શબ્દોનો આ ધક્કો વધારે તીવ્ર હતો. એને થયું આ છોકરી શું બોલી રહી છે? શું એણે પણ દારૂ પીધો છે કે હું ખરેખર ખરીદાઈ ગયો છું? આખા લિયર પ્રદેશનો રાજવી શું આજે વેચાઈ ગયો છે? શું મારી હરાજી કરી નાખવામાં આવી છે? પણ મને વેચી નાખનાર એ કોણ છે? કોને ફાંસીને માંચડે ચડવાની ઈચ્છા થઈ છે?

આવા વિચારોએ થોડી વાર તો ચનેસર જામને ઘેરી લીધો. પછી જરા સ્વસ્થ થઈને એ બોલ્યો –

'શું તમે જ મને ખરીદી લીધો છે? પણ મને વેચી નાખનાર એવો બે માથાનો કોણ છે?'

'મહારાજ! માલના માલિક સિવાય બીજું કોણ તેને વેચી શકે?'

'એટલે?'

'એટલે આપને એ જ વેચી શકે જેનો આપના પર હક્ક હોય!'

'પણ એવો હક્કદાર કોણ છે?'

'બીજું કોઈ નહિ, પરંતુ આપનાં માનીતાં મહારાણી લીલાદેવી!'

'લીલાદેવી? મને વેચી નાખનાર લીલાદેવી? તમે આ શું બોલો છો?'

'જી હા, મહારાજ, આપનાં દેવીશ્રીએ જ આપનું વેચાણ કર્યું છે.'

'લીલાદેવીએ મને વેચી નાખ્યો અને તમને વેચ્યો? હું તો તમારી વાત કંઈ જ સમજી શકતો નથી. શું હું કોઈ સ્થાવર વસ્તુ કે જાનવર છું કે મને આમ વેચી નાખવામાં આવ્યો?'

'મહારાજ! તમે જરા શાંત થાઓ તો હું મારી તમામ હકીકતથી તમને વાકેફ કરું.'

'વારુ, કહો જોઈએ, શું કહો છો?'

અને કોરુ કુમારીએ પોતાના જીવનનો તમામ ઈતિહાસ જામ ચનેસર સમક્ષ રજૂ કરી દીધો.

અને કોરુકુમારીની પ્રતિજ્ઞા, એની કાર્યકુશળતા, આત્મબળ અને સાહસિક વૃત્તિએ જામના હૃદય પર ધારી અસર કરવા માંડી. એના અંતર પર લાગેલો આઘાત ધીમેધીમે હળવો થતો ગયો.

ત્યાર પછી તો કોરુની મોહકતા અને તેની મધુર વાણીએ જામ પર જાણે જાદુ કરવા માંડ્યું. કોરુની વાત પૂરી થતાં જામનું મન નવી તાજગી અને નવી સ્ફૂર્તિથી નાચી ઊઠ્યું. પોતાને મૃત્યુના મુખમાંથી ઉગારી લેનાર આ અજબ જેવી છોકરીનો આભાર માનવા તેની પાસે શબ્દો ન હતા.

કોરુકુમારીની જીવનકથા તો પૂરી થઈ પણ હવે એની અંતરવ્યથા અશ્રુધારામાં રૂપાંતર પામીને વહેવા લાગી. અંતરના સાગરમાં ઉત્પન્ન થયેલ સાચા મોતી જેવાં આંસુડાં, નીચે ઢળેલી એની નમણી અને લજ્જાશીલ આંખોમાંથી અવિરત આંસુ ટપકવા લાગ્યાં.

પ્રભાતની ઝાકળથી ભીંજાયેલી મોગરાની કળી જેવી કોરુકુમારીનું રુદન અને એ રુદનથી એના ચહેરા પર આવી ગયેલી લાલીનું માધુર્ય, જામને માટે એક આકર્ષણરૂપ બની ગયાં. એમના મનમાં કોઈ નવા જ વિચારોની ઘટમાળ ચડવા - ઊતરવા લાગી.

ચાલાક ચાવડાકુમારી થોડી જ વારમાં સ્વસ્થ બની ગઈ. હાથમાં ફૂલની માળા લઈને એ આગળ આવી અને જામના ગળામાં એ માળા આરોપવા જાય છે ત્યાં તો બહારથી લીલાદેવી શયનગૃહના દ્વારને જોરથી ખખડાવવા લાગી.

જામ ચનેસરને તેની મૂર્ચ્છાવસ્થામાંથી જાગ્રત કરવાની સામગ્રી સાથે વહેલી સવારમાં લીલાદેવી અહીં આવી પહોંચી હતી. પોતાની કપટકળાનો કેવો વિજય થયો છે તે નજરે જોવા રમઝમ કરતી અહીં દોડી આવી હતી.

પણ આ શું? અહીં તો કોઈ નવું જ દશ્ય એની નજરે ચડ્યું. જામને મૂર્ચ્છિત અવસ્થામાં જોવાને બદલે આખી ઊલટી પરિસ્થિતિ તેની આંખે ચડી. ચનેસર જામ ઉત્સાહભર્યા ચહેરે એના પલંગ પર બેઠો હતો અને પેલી બે બદામની બાનડી એના કંઠમાં પુષ્પમાળનું આરોપણ કરવા તૈયાર હતી. આ આખું દશ્ય અકલ્પ્ય હતું – અસહ્ય હતું. આ નવો જ દેખાવ નિહાળીને લીલાદેવીનો ચહેરો એક વાર લાલ - સુર્ખ અને પછી કાળો ધબ્બ પડી ગયો. એના રોમેરોમમાં હવે આગ સળગી ઊઠી. પોતાની બાજી સફળ બનાવવાને તેણે જે સોગઠી ગોઠવી હતી એ તો સવળી પડવાને બદલે અવળી જ આવી પડી હતી. પરિણામે આખી બાજી ઊંધી વળી ગઈ હતી. હવે એને સમજાયું કે એની યોજના એક બેવકૂફી જ હતી. એની એ બેવકૂફી માટે એને પારાવાર પસ્તાવો થવા લાગ્યો. પણ હવે કંઈ વળે તેમ ન હતું. હવે તો તીર કમાનમાંથી છૂટી ગયું હતું અને છૂટેલા તીરને પાછું ફેરવવાનું હવે અશક્ય હતું.

જામના શયનગૃહમાં લીલાદેવીનો પગ પડતાં જ વાદળમાંથી જેમ વીજળી સરકી જાય તેમ કોરુકુમારી સરકી ગઈ.

આ વખતે જામ ચનેસરની સ્થિતિ પણ વમળમાં સપડાયેલા વહાણ જેવી બની ગઈ હતી. એને રાતની વાત યાદ આવવા લાગી. એને જાગૃતિમાં લાવવા માટે કોરુએ કરેલી સુશ્રૂષાથી એનું હૃદય અનાયાસે જ તેના તરફ ઢળી પડ્યું હતું. અને કોરુના જીવનનો ઈતિહાસ સાંભળીને જામ ચનેસર આ ઊગતી ઉષા જેવી કુમારિકા પર મુગ્ધ બની ગયો હતો.

જામની નજર સામે હવે તેજભરી વીજળી જેવી કોરુકુમારીને બદલે જળભરી વાદળી જેવી લીલાદેવી હાજર હતી.

લીલાદેવી પર દૃષ્ટિ પડતાં જ ચનેસર જામ સમજી ગયો કે એને બનાવી દેનાર કાવત્રાનું સર્જન કરનાર લીલાદેવી પોતે જ હતી. એટલે એને જોતાં જ જામના મુખ પર રોષની છાયા ફરી વળી. એના મુખમાંથી

***ક્યાંય પણ પહોંચવાનો રસ્તો તમે જ્યાં હો ત્યાંથી આરંભ કરવાનો છે.***

ઉદ્‌ગાર નીકળી પડ્યા : 'તું કોણ?'

'એ તો હું આપના ચરણની દાસી!' ગભરાટમાં ઘેરાઈ ગયેલી લીલાદેવી ગભરાટમાં જ બોલી.

'દાસી? ચરણ કમળની દાસી? ના, ના, કોઈ દાસીની મગદૂર નથી કે તે તેના સ્વામીની હરાજી બોલાવી શકે — લીલામ પોકારી શકે!'

જામના આ તીખા તમતમતા શબ્દોએ ગભરાઈ રહેલી લીલાદેવીના હૃદય પર જાણે વજ્રનો પ્રહાર થયો. એની જીભ સિવાઈ ગઈ હતી - હોઠ બિડાઈ ગયા હતા. જામના સખત શબ્દોનો શો જવાબ દેવો તે તેને સૂઝતું ન હતું. નછૂટકે એક ગુનેગારના અવાજ સાથે તે બોલી : 'મહારાજ! આ શું બોલો છો? લીલામ થાય આપના દુશ્મનોનું!'

'દુશ્મનોનું લીલામ તો ક્યારનુંયે થઈ ચૂક્યું છે. હવે તો સ્નેહનો દાવો ધરાવીને મારું લીલામ કરનારનું લીલામ થવાનો વારો આવ્યો છે!'

જામના આવા ઉગ્ર શબ્દો સાંભળીને લીલાદેવીને તેના પગ નીચેથી ધરતી સરી જતી હોય એવું લાગ્યું. સરી જતી સ્વસ્થતાને કાબુમાં લઈને તે બોલી : 'મહારાજ! આ જાદુગરણીએ આપના માનસને ભમાવી દીધું લાગે છે.'

'ભૂલો છો, લીલાદેવી! એ બિચારી તો એક એવી જાદુગરણીના જાદુનો ભોગ બની છે જેના જાદુના એક જ પ્રયોગમાં બે વ્યક્તિઓ ઝડપાઈ જવાની હતી. એક જ કાંકરે બે પક્ષી પાડવાની એ જાદુઈ વિદ્યા હતી.'

જામનો એક એક શબ્દ લીલાદેવીના અંતર પર ઝેરી તીરની માફક કારી જખમ કરતો હતો. મૂંઝાઈ પડેલી લીલાદેવીના મનમાં એક વાર તો એવો વિચાર આવ્યો કે જામનાં ચરણોમાં મસ્તક ઢાળી, આંસુનો ધોધ વહાવી, થયેલ ભૂલ માટે ક્ષમાયાચના કરી લઉં. પણ એ જ વખતે મહારાણીની ખુમારી વચ્ચે આવીને ઊભી રહી. એના અંતરમાં એક શક્તિમાન રાજકુમારી અને લિયર પ્રદેશની મહારાણીનું દ્વિમુખી અભિમાન ઊભરાઈ આવ્યું. આ અભિમાને એની ભૂલનો સ્વીકાર કરતાં એને રોકી લીધી.

માનવી ભૂલ તો કરે છે. કોઈ વાર ભગવાને ભૂલ કરી બેસે છે. આજની દુનિયાને ઉત્પન્ન કરવામાં ભગવાને ભૂલ જ કરી હોય એમ લાગતું નથી? ભૂલ કરવી એ મોટી વાત નથી, પણ ભૂલ કરીને તેનો સ્વીકાર કરવો એ મોટી વાત છે. એક વ્યક્તિ જેટલે દરજ્જે પોતાને મોટી માને છે તેટલે દરજ્જે ભૂલનો સ્વીકાર કરવાની વૃત્તિ તેનામાં ઓછી થતી જાય છે. એનું કારણ છે અભિમાન. આ અભિમાન જ ભૂલનો સ્વીકાર કરવામાં આડું આવે છે. લીલાદેવી પણ એક મહારાણી હતા. જામનાં તીખાં વચનો સહન કરવા એ ટેવાયેલી ન હતી. એટલે એનું ખમીર ઊછળી આવતાં તે બોલી : 'રાજન્! તમે બે બદામની એક લોંડી ઉપર આવા લટ્ટુ બની જશો એમ મેં ધાર્યું ન હતું.'

'ત્યારે તમે શું ધાર્યું હતું, દેવી?' જામે કટાક્ષ કરતાં કહ્યું.

'શું ધાર્યું હતું તે જણાવવાની હવે શી જરૂર છે?'

'પણ બે બદામની કિંમત કોની છે તે તમારી છાતી પર હાથ મૂકીને તમારા અંતરાત્માને પૂછી જોશો તો ત્યાંથી તમને સાચો જવાબ મળી જશે.'

'મેં તો તમને જિંદગીભર મારા જ કરી રાખવાનું ધાર્યું હતું. મને ખબર ન હતી કે તમારો પ્રેમ આવો ફટકિયા મોતી જેવો જ હશે. આજે જ એ ખબર પડી.'

'આજે તો ખબર પડી ને? એટલું પણ સારું થયું. અને ફટકિયું મોતી તો ઝટ ફૂટી જાય ખરું ને? તો હવે સમજી લેજો કે મોતી ફટકિયું હતું અને ફૂટી ગયું.'

જ્યારે કુદરતનો આશય કંઈ જુદો જ હોય છે ત્યારે દૂધમાં સાકર નાખવા જતાં તેમાં મીઠું પડી જાય છે અને આખી બાજી ઊંધી વળી જાય છે. લીલાદેવીના સંબંધમાં પણ એવું જ બન્યું હતું. 'લેને ગઈ પૂત ઔર ખો આઈ ખસમ' એવો તાલ થઈ ગયો હતો.

જામ ચનેસર પ્રત્યેના એના પ્રેમમાં કંઈ કમી ન હતી, પરંતુ એ પ્રેમને વધુ ઉત્કટ બનાવવા તેણે આખી દુનિયામાં અજોડ એવો સોદો કોરુકુમારી સાથે કરી નાખ્યો હતો. કમનસીબે આ સોદો એક સટ્ટાના વેપાર જેવો બની ગયો અને એ સટ્ટાએ એની જીવનભરની કમાણી પર પાણી ફેરવી દીધું હતું. કોરુકુમારી માટે રચેલી પ્રપંચજાળમાં લીલાદેવી પોતે જ ફસાઈ પડી.

ચાવડાકુમારી કોરુનો આત્મત્યાગ અને તેનાં કળા-કૌશલ્યથી જામ ચનેસરનું હૃદય તેના તરફ આકર્ષાવા લાગ્યું હતું. જામને જ વરવાનો કોરુનો દૃઢ નિશ્ચય આખરે પાર પડ્યો. ચાવડાકુમારી હવે લિયર પ્રદેશની રાણી બની ગઈ. જામના જનાનખાનામાં ચાવડી રાણી કોરુનું માન હવે દિન પ્રતિદિન ચંદ્રની કળા પેઠે વધતું ચાલ્યું.

હવે એક જ વાત ચાવડી રાણીના ચિત્તમાં કાંટાની પેઠે ખટકતી હતી અને તે જામ ચનેસરે લીલાદેવીને આપેલો દોહાગ.

એક વખત જામ ચનેસરને ખુશમિજાજમાં જોઈને ચાવડી રાણીએ તેની પાસે એક વચનની માંગણી કરી. એની આ વાત સાંભળીને જામને નવાઈ લાગી. તેણે કહ્યું, 'રાણીજી! તમારી કોઈ પણ ઈચ્છા મેં નામંજૂર કરી છે ખરી? તમારે જે કંઈ માગવું હોય તે ખુશીથી માંગી લો!'

મારી માંગણી માત્ર એટલી જ છે કે લીલાદેવી જે આજે દોહાગના દુઃખપૂર્ણ દિવસો ગુજારી રહી છે તેને તેમાંથી મુક્તિ મળવી જોઈએ. તેની ભૂલની હવે તેને સંપૂર્ણ શિક્ષા થઈ ચૂકી છે. તેના પર હવે તમારી કૃપાદૃષ્ટિ થાય, એ જ મારી હૃદયેચ્છા છે.

ચાવડી રાણીની આવી અનુપમ ઉદારતા જોઈને જામનું હૃદય ખીલી ઊઠ્યું. તેણે ભૂતકાળની બધી વાતો ભૂલી જઈને ચાવડી રાણીની ઈચ્છા પરિપૂર્ણ કરી. ઉદાર દિલે પોતાના વચનનું પરિપાલન કર્યું.

લિયરાધિપતિ જામ ચનેસર, ચાવડી રાણી કોરુ અને લીલાદેવીની ત્રિપુટીએ પોતાના જીવનનો અવશેષ ભાગ સુખચેનમાં વ્યતીત કર્યો. જામના જનાનખાનામાં ફરી એકવાર આનંદ-ઉલ્લાસની છોળો ઊછળી રહી.

*સ્વ. દુલેરાય કારાણી લિખિત*
*"કચ્છની રસધાર : ભાગ-૧"માંથી સાભાર*

*પોતાનો મત હોવો તે સારી વાત છે. પણ પોતાના મત વિશે જક્કીપણું કેળવવું એ જોખમી છે.*

# કચ્છના ઇતિહાસના લેખન સંદર્ભે

• હરેશ ધોળકિયા •

કચ્છનો ઇતિહાસ ખૂબ જ લાંબો છે. છેક હડપ્પાથી તેની નોંધ જોવા મળે છે. પ્રાચીન, મધ્યકાળ અને આધુનિક કાળ સુધી કચ્છનો ઇતિહાસ વૈવિધ્યસભર રહ્યો છે. હા, ભારતીય ઇતિહાસ જેમ તેના ગુલામ વંશ, લોદી વંશ, મોઘલ વંશ વગેરે જેવા ઘણા વિભાગો નથી પડતા. અહીં તો પ્રાચીન સમય, જાડેજા વંશ પહેલાંનો સમય, જાડેજા વંશનો સમય અને સ્વાતંત્ર્યકાળ પછીનો ઇતિહાસ એવા ચારેક વિભાગો દેખાય છે. જાડેજા રાજાઓમાં પણ એક જ કુટુંબે રાજ્ય કરેલ છે. ઊથલપાથલો ઓછી થઈ છે. એટલે, મહદ્ અંશે શાંત ઇતિહાસ રહ્યો છે.

કચ્છના ઇતિહાસમાં સંશોધનની એ તકલીફ દેખાય છે કે તેમાં દસ્તાવેજીકરણ નહિવત્ છે. નોંધો ઓછી દેખાય છે. હશે તો પ્રકાશિત ઓછી થઈ લાગે છે. ઇતિહાસના ઘણા સમયોમાં દસ્તાવેજી પુરાવાના અભાવે માહિતીની ખાલી જગ્યાઓ જોવા મળે છે. આ બધીને સંશોધન કરી પૂરવી એ મોટો પડકાર રહ્યો છે.

એવું નથી કે અત્યાર સુધી કચ્છનો ઇતિહાસ નથી લખાયો. વિદેશીઓ અને સ્થાનિક સંશોધકોએ તેના પર પુસ્તકો પ્રગટ કર્યા છે. હવે તો તેના પર ડૉક્ટરેટ સ્તરે સંશોધનો થઈ રહ્યાં છે. છતાં હજી શાસ્ત્રીય પદ્ધતિથી કચ્છનો સમગ્ર ઇતિહાસ પ્રગટ નથી થયો.

પ્રકાશિત પુસ્તકો પર નજર કરીએ તો ખ્યાલ આવે છે કે મોટાભાગનાં પુસ્તકો રાજ્યભક્તિ પ્રેરિત છે. અલબત્ત, તે સહજ છે. પણ તે એકાંગી ઇતિહાસ રજૂ કરે છે. કેટલાંક લોકસાહિત્ય આધારિત ઇતિહાસનાં પુસ્તકો છે. તેમાં કલ્પના અને તથ્યને અલગ પાડવાં જરૂરી બને છે. વર્તમાનમાં તે વિશે જે પ્રયાસો થઈ રહ્યા છે, તેમાં પણ એકાંગીપણું દેખાય છે. કોઈ હિંદુ કે મુસ્લિમ સંદર્ભે વિચારે છે, તો કોઈ રાજાશાહી વિરોધી દૃષ્ટિએ જુએ છે. તો કોઈ વળી એકાદ સંદર્ભ પકડી તેને આધારે સમગ્રને મૂલવવા પ્રયત્ન કરે છે. આ બધા દૃષ્ટિકોણો ખંડિત દર્શન રજૂ કરે છે. ઇતિહાસને તો કેવળ તથ્યથી જ રજૂ કરવો જોઈએ. તેમાં ભક્તિ, વિરોધ, વાદો, ધર્મ – એવા કોઈ દૃષ્ટિકોણ ન ચાલે. કેવળ સમયાનુક્રમે બનેલ હકીકતો જ રજૂ કરાય તો જ તટસ્થ ઇતિહાસ લખાય.

ક્યારેક લોક-ઇતિહાસના નામે, ક્યારેક રાજાશાહીને અવગણવાનો કે તેને ખોટી રીતે રજૂ કરવાનો પણ પ્રયાસ થતો દેખાય છે. પણ હકીકત એ છે કે કચ્છનો ઇતિહાસ તો રાજાશાહી આસપાસ જ ઘૂમતો રહ્યો છે. પ્રજા મોટાભાગે રાજભક્ત અને નિષ્ક્રિય રહી છે. એટલે રાજાઓને અવગણી ન શકાય. હા, રાજકીય, સાંસ્કૃતિક, સામાજિક, ધાર્મિક કલાનો - ઇતિહાસ લખાય તે જરૂરી છે. પણ તે બધું પણ તે સમયના રાજાને ધ્યાનમાં રાખીને જ લખવું પડે તેમ છે. દરેક બાબત પર તત્કાલીન રાજાનો જ પ્રભાવ કામ કરતો રહ્યો છે. શાંતિ કે અશાંતિ, વિકાસ કે સ્થગિતતા – રાજાઓ આધારિત જ દેખાય છે. એટલે રાજાશાહીને અવગણી તો ન શકાય. હા, રાજાઓને ભક્તિપૂર્વક ન જોતાં તેમનું તટસ્થ મૂલ્યાંકન થાય અને તત્કાલીન સમાજનાં બધાં જ પાસાંઓને પૂરું મહત્ત્વ મળે તે જોવાનું રહે. આ બાબતોમાં ક્યાંય એકાંગીપણું કે પૂર્વગ્રહ દાખલ ન થાય તે જોવાનું રહે. માટે જ શાસ્ત્રીય પદ્ધતિના અભ્યાસીને જ સોંપવું અનિવાર્ય બને છે. અને લખવા વખતે સંદર્ભ તરીકે 'ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસ'ને પ્રમાણભૂત માનવો જોઈએ.

સમગ્ર ઇતિહાસ લખાય છે ત્યારે, સહજ છે કે, નાની ઘટનાઓ કદાચ રહી પણ જાય અથવા તો તેનો થોડા શબ્દોમાં જ ઉલ્લેખ થાય. આમ ન કરાય તો ઇતિહાસ બહુ મોટો ગ્રંથ બની જાય. આ શક્ય નથી અને છતાં આ 'નાના' બનાવો પણ મહત્ત્વના હોઈ તેમને પણ પૂરું મહત્ત્વ અપાય તે પણ જોવાનું છે. એટલે એમ કહી શકાય કે મુખ્ય ગ્રંથ સળંગ સામાન્ય (જનરલ) ઇતિહાસને સમાવે. સમગ્ર કાળના બનાવોને જ નોંધે. પણ સમાંતરે આ ઘટનાઓ નોંધવા બે પ્રકારનાં પુસ્તકો તૈયાર કરાય. એક, આવી ઘટનાઓને કે વ્યક્તિઓને સમાવતા લેખોનું પુસ્તક તૈયાર કરાય, જેમાં મૂળ પુસ્તકમાં ખાસ ઉલ્લેખી ન શકાઈ હોય તેવી ઘટનાઓને વિસ્તૃત લેખોમાં મૂકી શકાય. અથવા હજી પણ મહત્ત્વ નથી આપી શકાયું એમ લાગે તો મહત્ત્વની ઘટનાઓનાં અલગ પુસ્તકો અથવા તો પુસ્તિકાઓ તૈયાર કરી શકાય. તો મૂળ પુસ્તકમાં જેનો ઉપરછલ્લો ઉલ્લેખ થયો હોય, તેને વિસ્તારથી સમજવા હોય તો આ સંદર્ભ પુસ્તકો વાંચી શકાય. તો સંશોધકો / વાચકોને કોઈ વિશિષ્ટ વ્યક્તિ કે ઘટના વિશે જાણવું હોય, તો આ પુસ્તકોનો સહારો લઈ શકાય. અત્યાર સુધી પણ આવાં પુસ્તકો પ્રગટ થયાં છે – મહારાવ રાયધણજી, કચ્છમાં અંગ્રેજો, સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગાંધીયુગનો ફાળો વગેરે. આ બધાંને પુનઃ તપાસી તેમાં જરૂરી વધારો ઘટાડો કરી, અદ્યતન બનાવી શકાય. તો મૂળ પુસ્તકમાં અછડતા ઉલ્લેખોને પણ મહત્ત્વ મળશે. તેમાં 'ઘટના' સાથે 'અર્થઘટન' પણ મળી શકે.

આપણે ત્યાં સાંસ્કૃતિક ઇતિહાસ લગભગ નહિવત્ નોંધાયો છે. સામાજિક પ્રવાહો, પ્રજામાનસ વગેરેનો લગભગ અભ્યાસ નથી થયો. એટલે ઇતિહાસમાં સમાજશાસ્ત્રીય, માનસશાસ્ત્રીય, નૃવંશશાસ્ત્રીય અભ્યાસોનાં વ્યાપક સંશોધનોની જરૂર છે. આ સાથે

(અનુસંધાન : જુઓ પાના નંબર-૫૪ ઉપર)

*પ્રભુને એવી પ્રાર્થના કરો કે તમારી ઇચ્છા પ્રમાણે નહિ, પણ જે યોગ્ય હોય તે થાય.*


नीलम स्टेनलेस स्टील का सरताज - वही है बडा विश्वास !
STAINLESS STEEL
PRESSURE
COOKER
AND PRESSURE PAN
NEW ARRIVAL
neelam
STAINLESS STEEL
Available Sizes :
Pressure Cooker 2.5, 3.5, 5.5, 7.5 Ltrs.
Belly Pressure Cooker 3, 5, 7.5 Ltrs.
Pressure Pan Junior & Senior
Features
• Heavy Bottom Thickness
• Long-Lasting Stainless Steel Vent Tube
• Strong Rim For Enhanced Protection
• Anti-Bulging Thermal Base
• Energy Saver Base
• Induction Base Encapsulated Sandwich Bottom
• Made From 18/8 Salem Steel
5 Years Warranty
NEELAM APPLIANCES PVT. LTD.
Innovators in exclusive range of quality stainless steel utensils

# સિંધમાં કચ્છી અને ગુજરાતી સંસ્કૃતિનો વિકાસ

• નરેશ અંતાણી •

*આજથી સાત દાયકા પહેલાં કચ્છી લોહાણા, ભાટિયા, જૈન, મોચી, હજામ, વાઘરી મેઘવાડ, કડિયા, મિસ્ત્રી સુતાર, પારસી, વોરા, ખોજા અને મેમણ વગેરે કોમના ગુજરાતી પરિવારો કરાંચીમાં એકસંપ થઈને રહેતા હતા. સનાતની, જૈન, રામાનુજ, વલ્લભ સંપ્રદાયી, કબીરપંથી કે સ્વામિનારાયણી, પારસી કે મુસલમાન અનેક ધર્મના ગુજરાતી અનુયાયીઓએ કરાંચી કે જે અનાર્ય ભૂમિ કહેવાતી, તેને આર્યભૂમિ બનાવી. આર્યોનું મૂળ નિવાસ સ્થાન સિંધ હોવાનું જે પુરાણોમાં નોંધાયું છે તેને યથાર્થ ઠેરવ્યું છે. કરાંચીમાં કચ્છીઓના લતાને 'કચ્છી ગલી' અને કાઠિયાવાડથી આવીને વસેલાઓના લતાને 'જોડિયા બજાર' તરીકે ઓળખવામાં આવતા.*

કચ્છ કાયમ નિર્વાસિતો અને યાયાવર ટોળાઓનું આશ્રય સ્થાન બન્યું છે. છેક પ્રાગૈતિહાસિક કાળથી અર્વાચીન કાળ સુધી આ પ્રક્રિયા ચાલુ રહેવા પામી છે. જેને કારણે કચ્છ પ્રદેશમાં અનેક સંસ્કૃતિઓનો સુમેળ જોવા મળે છે. અને આ આવાગમનની પ્રક્રિયા મોટેભાગે સિંધ મારફત થઈ હોવાનું ઇતિહાસમાં નોંધાયું છે. મોટાભાગની સંસ્કૃતિઓએ સિંધથી કચ્છ મારફત પ્રવેશ મેળવી, આગળ પોતાનો પ્રવાસ ચાલુ રાખ્યો છે. પરંતુ આજે જરા જુદી ચર્ચા કરવી છે. સિંધમાં કચ્છી અને ગુજરાતી સંસ્કૃતિઓનો વિકાસ અને વિસ્તાર કેવી રીતે થયો તેની વાત કરવી છે.

હાલમાં જૈન સંપ્રદાયના ચાતુર્માસ ચાલી રહ્યા છે અને આવા ચાતુર્માસ દરમ્યાન જૈન મુનિ મહારાજો પોતાનો વિહાર અટકાવી કોઈ એક સ્થાનમાં પોતાનો મુકામ કરતા હોય છે અને આવા મુકામો દરમ્યાન તેઓએ રચેલું સાહિત્ય જે તે પ્રદેશના ઇતિહાસ, સંસ્કૃતિ કે જનજીવનની જાણકારી મેળવવા ઉપયોગી પુરવાર થતું હોય છે.

જૈન મુનિ વિદ્યાસાગરજીએ ઈ.સ. ૧૯૩૯માં કચ્છમાં ચાતુર્માસ કર્યા અને એ દરમ્યાન એમણે 'મારી કચ્છ યાત્રા' પુસ્તક આપ્યું હતું. પરંતુ એથીય પહેલાનાં ચાતુર્માસ એમણે પડોશી પ્રદેશ સિંધમાં કર્યા હતા અને તેમના સિંધના મુકામ દરમ્યાન પણ એમણે 'મારી સિંધ યાત્રા' નામનું પુસ્તક ઇ.સ. ૧૯૪૩ના પ્રસિદ્ધ કર્યું છે. જે પુસ્તક આજથી સાત દાયકા પહેલાનાં સિંધને ઓળખવા અને સમજવા માટે ખૂબ જ માર્ગદર્શક નીવડે એવું છે. સમગ્ર પુસ્તકનું આચમન આ સ્તંભમાં યથાવકાશ મુજબ કરીશું. આજે આ પુસ્તકના માધ્યમથી એ સમયે સિંધમાં કચ્છીઓ અને ગુજરાતીઓએ કેવી રીતે પ્રવેશ કર્યો અને ત્યાં પોતાનો વિકાસ કર્યો તેની કેટલીક વિગતો અહીં જાણીશું.

વિજયસૂરિ જૈન ધર્મગ્રંથમાળાના ૫૩માં મણકારૂપે પ્રસિદ્ધ કરાયેલા આ પુસ્તકમાં જે વાતો મુનિરાજે કરી છે તેમાં સિંધ પ્રદેશમાં કચ્છીઓ અને ગુજરાતીઓનો પ્રવેશ અને તેમના વિકાસ અને વિસ્તારની પણ વાતો કરી છે. મારવાડથી વિહાર કરતા મુનિરાજે સિંધમાં પ્રવેશ કર્યો ત્યારે સિંધના એક સાવ નાના ગામડામાં પણ તેમને ખેતરોમાં અનાજ કાપવાનું કામ કરતાં એક ગુજરાતી પરિવારનો મેળાપ થઈ ગયો. ત્યાંથી જ મુનિરાજે સિંધમાં ગુજરાતીઓની વાતનો આરંભ કર્યો છે.

મુનિરાજના કથન પ્રમાણે એ સમયે ઇ.સ. ૧૯૩૯માં કરાંચીની કુલ ત્રણ લાખની વસતિમાં નેવું હજાર ગુજરાતીઓ હતા. આથી કરાંચીને ગુજરાતીઓએ 'ગુજરાતી કરાંચી' બનાવી દીધું હતું. જેમાં કચ્છી, કાઠિયાવાડી અને ગુજરાતીઓનો સમાવેશ થતો હતો. તો હૈદ્રાબાદમાં પણ ઘણી ગુજરાતીઓની વસતિ હતી. સિંધમાં વસતા ગુજરાતીઓમાં કચ્છી લોહાણા, ભાટિયા અને મેમણોની વસતિ વધારે હતી. મુનિરાજ નોંધે છે તેમ કચ્છના સાહસિક મેમણભાઈઓ, સિદ્ધપુરના વોરાજીઓ અને દક્ષિણ ગુજરાતના પારસીઓની વસતી મોટા પ્રમાણમાં જોઈ, તો હરિજનભાઈઓની ઘણી મોટી સંખ્યા કરાંચીમાં હતી. કચ્છી લોહાણા, ભાટિયા, જૈન, મોચી, હજામ, વાઘરી મેઘવાડ, કડિયા, મિસ્ત્રી સુતાર, પારસી, વોરા, ખોજા અને મેમણ વગેરે કોમના ગુજરાતી પરિવારો કરાંચીમાં એ સમયે એકસંપ થઈને રહેતા હતા. તો સનાતની, જૈન, રામાનુજ, વલ્લભ સંપ્રદાયી, કબીરપંથી કે સ્વામિનારાયણી, પારસી કે મુસલમાન – અનેક ધર્મના ગુજરાતી અનુયાયીઓએ કરાંચી કે જે અનાર્ય ભૂમિ કહેવાતી તેને આર્યભૂમિ બનાવી. આર્યોનું મૂળ નિવાસસ્થાન સિંધ હોવાનું જે પુરાણોમાં નોંધાયું છે તેને યથાર્થ ઠેરવ્યું છે.

ગુજરાતીઓ સિંધમાં ક્યાંથી અને ક્યારે આવ્યા હશે તેની ચર્ચા કરતાં તેમણે નોંધ્યું છે કે, 'એ સમયે કચ્છનું રણ કે થરપારકરના રેતીના પહાડ જેવડા ઢુંવા પસાર કરવા એ સહેલી વાત ન હોવા છતાં સાહસી કચ્છી અને ગુજરાતીઓએ તેમ પણ કરીને સિંધમાં પ્રવેશ કર્યો હતો. અઢારમી સદીના અંત ભાગમાં

**પૈસા તાબેદાર ખરીદી શકે, વફાદારી નથી ખરીદી શકતા.**

સિંધમાં મીરોનું રાજ હતું એ સમયે કચ્છી લોહાણા અને ભાટિયાઓએ નગરઠઠામાં પ્રથમ પ્રવેશ કર્યો હતો. કરાંચીના એ સમયના આગેવાન હીરાલાલ ગણાત્રાએ મુનિરાજ પાસે રજૂ કરેલા ઈતિહાસ મુજબ કચ્છ અને કાઠિયાવાડની પ્રજા બંદરી વેપાર કરવાના ઈરાદે ઓગણીસમી સદીના આરંભે કરાંચી બંદરે દેશી વહાણોમાં આવી વસ્યા હતા. તો કેટલાક પરિવારો પગ રસ્તે કચ્છનું રણ પાર કરીને નગરઠઠા, જુંગશાહી કે તેના જેવા અન્ય ટૂંકા રસ્તે આવતા હતા. દરિયા માર્ગે માંડવી, જોડિયા અને જામનગર બંદરેથી કરાંચી આવતા. કરાંચીમાં કચ્છીઓના લતાને 'કચ્છી ગલી' અને કાઠિયાવાડથી આવીને વસેલાઓના લતાને 'જોડિયા બજાર' તરીકે ઓળખવામાં આવતા. કરાંચીની જૂની અને તે સમયે જાણીતી પેઢી લાલજી લક્ષ્મીદાસની પેઢીમાં સંવત ૧૮૭૫ના શેઠ પ્રેમજી પ્રાગજીના ચોપડા હયાત હોવાનું મુનિરાજે નોંધ્યું છે. આથી ઈ.સ. ૧૮૧૯ની સાલથી તો કરાંચીમાં ગુજરાતીઓ હોવાનું પુરવાર થાય છે.

### ● ગુજરાતીની બાદબાકી કરો એટલે કરાંચી શૂન્ય! :

જૈન મુનિ વિદ્યાવિજયજીએ પોતાના સિંધના ચાતુર્માસ દરમ્યાન સમગ્ર સિંધની સંસ્કૃતિ, ઈતિહાસ અને ત્યાંનાં લોકજીવન વિશે લખેલું પુસ્તક 'મારી સિંધ યાત્રા'ના એક પ્રકરણમાં સિંધમાં કચ્છી અને ગુજરાતી સંસ્કૃતિનો વિકાસ કેવી રીતે થયો તેની વિગતે વાત કરી છે. સિંધના એ સમયના ગુજરાતીઓ સંસ્થાનો અને ગુજરાતીઓની પ્રવૃત્તિઓ અંગેની વાત કરીએ. સિંધમાં કરાંચીમાં વસતા નેવું હજાર ગુજરાતીઓમાં પારસીઓની વસતી એ સમયે ૩૬૦૦ની હતી અને સિંધના બીજા શહેરોમાં બીજા ૪૦૦-૫૦૦ મળી ચાર હજાર પારસીઓ એ સમયે એટલે કે ઇ.સ. ૧૯૩૯માં સિંધમાં વસતા હતા. મુનિજી નોંધે છે તેમ સિંધમાં વસતા તમામ ગુજરાતીઓએ સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય બાબતોમાં પોતાનું ઓજસ બતાવી આપ્યું હતું. 'ગુજરાતી ધૂળમાંથી ધન સર્જે છે' એવી કહેવતને બુદ્ધિથી, શ્રમથી, નિજના ઓજસથી અને વર્ચસ્વથી સાચી પાડી હતી.

એ સમયે કરાંચીની એક પણ પ્રવૃત્તિ એવી નહોતી કે જેમાં કચ્છી કે ગુજરાતી ઝળક્યા વિના રહ્યા હોય. કોઈ પણ પ્રવૃત્તિમાંથી ગુજરાતીની બાદબાકી કરો એટલે લગભગ શૂન્ય રહે એવું મજબૂત સ્થાન કચ્છી અને ગુજરાતીઓએ પોતાનું જમાવ્યું હતું. ઈ.સ. ૧૮૭૫માં કરાંચીમાં કોંગ્રેસ મહાસભાના અધિવેશનની સફળતાનો સંપૂર્ણ યશ એ સમયે ગુજરાતીઓને અપાયો હતો. તો ઇ.સ. ૧૯૩૯માં 'શ્રી ગુર્જર સાહિત્ય કળા મહોત્સવ' કવિ ન્હાનાલાલની અધ્યક્ષતામાં યોજાયો તથા એ જ વર્ષમાં કનૈયાલાલ મુન્શીના અધ્યક્ષપદે ગુજરાતી સાહિત્ય પરિષદનું ૧૩મું અધિવેશન ભરાયું ત્યારે સવાસો વર્ષથી પોતાની માતૃભૂમિ અને દેશ બાંધવોથી દૂર હોવા છતાં તેઓ પોતાના દેશ, વેશ, જાતિ, ભાષા અને સાહિત્ય સંપૂર્ણ વફાદાર રહ્યા હોવાનું પુરવાર કર્યું હતું.

કરાંચીમાં એ સમયે અનેક પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ગુજરાતીઓના સંરક્ષણ નીચે ચાલતી હતી. વિદ્યા વિજયજીએ આપેલી વિગતો મુજબ કેટલીક હાઈસ્કૂલોની નોંધ અવશ્ય લેવી પડે. આ હાઈસ્કૂલોમાં 'હરિભાઈ પ્રાગજી કારિયા હાઈસ્કૂલ' કે જેની સ્થાપના એમ.બી. દલાલે 'યુનિયન સ્કૂલ' તરીકે કરી હતી. આ શાળાના આચાર્ય તરીકે એ સમયે નાગર ગૃહસ્થ ગૌરીશંકર અંજારિયા હતા.

ઇ.સ. ૧૯૨૬માં ચંદ્રશંકર બુચ, ગૌરીશંકર અંજારિયા અને ધીરજલાલ વ્યાસ સહિત કેટલાય સાક્ષરોએ 'ગુજરાતી એજ્યુકેશન સોસાયટી'ની રચના કરી અને તેના સંચાલન તળે 'કરાંચી મિડલ સ્કૂલ'ની સ્થાપના કરાઈ જે પાછળથી ૧૯૩૦માં પૂર્ણ હાઈસ્કૂલ 'ગુજરાતી વિદ્યાલય' બની. જેનું ભવન અદ્યતન હતું અને જેમાં વિદ્યાર્થિનીઓ માટે અલાયદુ મહિલા વિદ્યાલય પણ હતું. જેમાં ૧૦૦૦થી વધારે વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરતા હતા.

ઇ.સ. ૧૯૨૧માં 'ભારત સરસ્વતી મંદિર' તરીકે સ્થાપના પામેલી સંસ્થા ૧૯૩૯માં 'શારદા મંદિર' તરીકે હાઈસ્કૂલમાં પરિવર્તન પામી. મનસુખલાલ જોબનપુત્રા તેના સંચાલક હતા. આ હાઈસ્કૂલનું વાતાવરણ જૂની આશ્રમ શાળાઓની યાદ અપાવે તેવું હોવાનું મુનિજીએ લખ્યું છે. તો ઇ.સ. ૧૮૭૫માં સ્થપાયેલી 'મહાવીર વિદ્યાલય' પણ કરાંચીની મહત્ત્વની હાઈસ્કૂલોમાં સ્થાન પામે તેવી હતી. તો 'પારસી વીરબાઈજી હાઈસ્કૂલ', 'મામા ગર્લ્સ હાઈસ્કૂલ' જેવી કેળવણી સંસ્થાઓનું સંચાલન પારસીઓ પાસે હતું.

કરાંચીમાં 'પ્રભુત્વ પ્રચારક મંડળ', 'ગુજરાતી ક્લબ', 'ગુજરાતી જીમખાના', 'ગુજરાતી વ્યાયામ શાળા', 'ગુજરાતી મહિલા સમાજ', 'ગુજરાતી ભગીની સમાજ' વગેરે સંસ્થાઓ પણ ગુજરાતીઓના સંગઠનને વધુ મજબૂત બનાવવા પાયાની કામગીરી કરતા હતા. તો એ સમયની હિંદુસ્તાનની પાંજરાપોળોમાં મહત્ત્વનું સ્થાન ધરાવનાર 'કરાંચી પાંજરાપોળ' પણ જીવદયાની સાથે સમાજસેવામાં પણ મહત્ત્વનું પ્રદાન કરતી હતી. 'પારસી રાજકીય સભા', 'યંગમેન ઝોરાસ્ટ્રિયન એસોસિએશન' જેવી સંસ્થાઓ પારસીઓના સંચાલન તળે હોવા છતાં તમામ ગુજરાતીઓ અને સિંધીઓની સેવા કરી રહી હતી.

'સિંધ સેવક', 'સિંધ સમાચાર', 'હિતેચ્છુ', 'હિંદુ સમાજ' જેવા દૈનિકો, 'અમન ચમન' અને 'જવાલા' જેવા અઠવાડિક સમાચાર પત્રો ગુજરાતીઓની અસ્મિતા રજૂ કરવાની સાથે સાથે સિંધ અને કરાંચીના સાચા મિત્રો બની સમસ્યાઓ અને વર્તમાનને રજૂ કરી રહ્યા હતા. 'ધી ડેઈલી મિરર' નામનાં અંગ્રેજી દૈનિકનું આધિપત્ય પણ એક ગુજરાતીનું હતું. 'પારસી સંસાર' નામનું અર્ધ સાપ્તાહિક વર્તમાનપત્ર પણ ગુજરાતીઓનું ગૌરવ હતું.

હિંદુસ્તાનના કોઈપણ ખૂણામાં ધરતીકંપ, દુકાળ, અતિવૃષ્ટિ, ગોળીબાર કે સત્યાગ્રહ થાય તો કરાંચીનો ગુજરાતી સમાજ તન-મન અને ધનથી મદદ કરવા તત્પર રહેતો. કરાંચીમાં થતા આ માટેના ફાળાઓમાંથી ગુજરાતીઓનો ફાળો બાદ કરવામાં આવે તો ભાગ્યે જ કોઈ ફાળામાં જીવન જેવી વસ્તુ જોઈ શકાય.

રાજકીય ક્ષેત્રે પણ ગુજરાતીઓનું સ્થાન ઊંચું હતું. સિંધની ધારાસભા જમશેદ મહેતા, ભાઈ સિંધવા, ડૉ. પોપટલાલ તથા

*નિંદાથી ડરવું નહિ, પણ નિંદાને નોતરું આપવા પણ ન નીકળવું.*

નારાયણદાસની ગર્જનાઓથી ગાજતી રહેતી. કરાંચી નગર પાલિકાના ૫૬ સભ્યોમાંથી ૨૦ જેટલા ગુજરાતી સભ્યો હતા. હાતીમ અલવી અને ભાઈ સિંધવા તો મેયર પણ બની ચૂક્યા હતા.

કરાંચીમાં ગુજરાતીઓનું 'ગુજરાત નગર' પણ એક ગુજરાતીઓ માટે ગૌરવ લઈ શકાય એવું સ્થાન છે. કોંગ્રસનું અધિવેશન જે સ્થળે ભરાયું હતું તે સ્થાને જ મહાત્મા ગાંધીના કરાંચીના નિવાસ સ્થાને એક કાયમી સ્મારક બનાવી 'ગુજરાત નગર'ની સ્થાપના કરાઈ હતી. આ સમયે સુંદર શિવાલય, વ્યાખ્યાન હોલ, ટેનિસ કોર્ટ અને ગુજરાતી શાળાથી ગુજરાત નગર ખૂબ જ રળિયામણું લાગતું હોવાનું વિદ્યાવિજયજીએ નોંધ્યું છે. આમ, સિંધની અનેક પ્રવૃત્તિઓમાં ખાસ કરીને કરાંચીની પ્રવૃત્તિઓમાં ગુજરાતીઓનો ફાળો મોટો હતો.

- **કરાંચીમાં ગુજરાતી માત્ર 'કચ્છ' તરીકે ઓળખાતો :**

ગાંધીધામ વસતા મનસુખલાલભાઈ મહેતાએ આ લેખક પરના પોતાના એક પત્રમાં આનંદની લાગણી વ્યક્ત કરી, કેટલીક જાણકારી આપી છે.

એમનો પરિવાર આમ તો મૂળ નખત્રાણાનો પણ ૧૦૦ વર્ષથી વધુ સમય તેમના પૂર્વજો કરાંચીમાં વસ્યા અને મનસુખભાઈ ૧૯૪૭માં ભાગલા પછી પોતાના પરિવાર સાથે કચ્છમાં આવીને વસ્યા. નખત્રાણામાં તેમનો પૈત્રુક ફળિયો આજે પણ 'કરાંચીવાળા ફળિયા' તરીકે જાણીતો છે અને તેમનો પરિવાર 'કરાંચીવાળા મહેતા' તરીકે ઓળખાય છે. તેમણે આપેલી જાણકારી મુજબ મુનિ વિદ્યાવિજયજીના કરાંચીના ચાતુર્માસના દરેક આયોજનમાં તેમના પિતા ખુશાલચંદભાઈ વાસ્તાભાઈ મહેતા અગ્રેસર હતા. મુનિશ્રીના 'મારી સિંધ યાત્રા' પુસ્તકમાં પણ ખુશાલચંદભાઈનો અને તેમના દાદા વાસ્તાભાઈનો પરિચય પ્રસિદ્ધ કરાયો છે.

કરાંચી અને કચ્છી ગુજરાતીની વાત ગત સપ્તાહે પૂર્ણ કરવાનો અને મુનિશ્રીના પુસ્તક અંગે ભવિષ્યમાં ચર્ચા કરવાનો ઉપક્રમ હતો પણ એ દરમ્યાન વડીલ પ્રભાશંકરભાઈ ફડકેનું પુસ્તક 'શબ્દને સથવારે' હાથમાં આવતાં આ પુસ્તકના પ્રકરણ 'ગુજરાતી સાહિત્ય, ગુજરાત - કચ્છની અસ્મિતા અને સિંધનું કરાંચી' પર નજર પડતા કરાંચી અને કચ્છી - ગુજરાતીની વાતને પૂર્ણ ન્યાય આપી શકાય એ માટે આ વાત વધુ ચલાવવાની લાલચ રોકી ન શકાઈ.

કરાંચીનું નામ પડતાં આજની નવી પેઢીને પાકિસ્તાન, ઈસ્લામ અને ઉર્દુ અને સિંધી ભાષાનું જ કદાચ સ્મરણ થાય પરંતુ સિંધનું આ પાટનગર એક સમયમાં ગુજરાતી સંસ્કાર, સાહિત્ય અને ગુજરાતી અસ્મિતાના ત્રિવેણી સંગમ સમાન હતું. એ જાણીને આશ્ચર્ય જ થાય! ગુજરાતના મુખ્ય નગરો ઉપરાંત ગુજરાતના સંસ્કારોને ઉજાગર કરતાં નગરોમાં મુંબઈ અને કલકત્તા પછી એ સમયે કરાંચીનું નામ લેવાતું. આજે કરાંચીમાં એ સમયે પ્રસરેલા ગુજરાતી અને કચ્છી સાહિત્ય અને અસ્મિતાની વાત આરંભવી છે. ઈ.સ. ૧૯૧૦માં કરાંચીમાં સાહિત્ય અને સંગીતની પ્રવૃત્તિ માટે 'કચ્છી સભા'ની સ્થાપના કરાઈ હતી. આ હકીકતથી એ સમયે કરાંચીમાં કચ્છીઓનું વર્ચસ્વ કેટલું હશે તેનો ખ્યાલ આવે છે. એટલે સુધી કે કરાંચીના સિંધી ભાઈઓ તો ગુજરાતી માત્રને 'કચ્છી' તરીકે જ ઓળખતા.

કરાંચીમાં શૈક્ષણિક સંસ્થા 'શારદાગ્રામ' અંગે વડીલ શ્રી માવજીભાઈ સાવલા તથા પ્રભાશંકરભાઈ ફડકે આ અખબારમાં જ વિગતવાર વાત કરી ગયા હોઈ તેનું પુનરાવર્તન કરતો નથી. પરંતુ 'શારદા મંદિર'નું શિક્ષણ ઉપરાંત શહેરની સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં પણ મોટું યોગદાન હતું. સંસ્થાના વાર્ષિક સમારંભોમાં સંગીત, નાટ્ય અને નૃત્યનો પણ સમાવેશ કરાતો. રવિવારે અહીં ભારતમાતાની પૂજા પણ કરવામાં આવતી. કરાંચીમાં ગુજરાતી અને કચ્છી સાહિત્યકારોએ સારી નામના મેળવી હતી તેની આછેરી ઝલક અહીં જ મેળવીશું. સાહિત્ય ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ પ્રદાનની વાત કરીએ તો પ્રથમ નોંધ લેવી પડે ગુજરાતીના મૂર્ધન્ય વિવેચક, અગ્રીમ શિક્ષણશાસ્ત્રી અલિયાબાડાની ગંગાજળા વિદ્યાપીઠના સ્થાપક ડોલરરાય માંકડની. ડોલરભાઈ એક વ્યક્તિ નહીં પણ સ્વયં એક સંસ્થા હતા. 'નાગરિક' નામનું એક ત્રૈમાસિક એમણે કરાંચીમાંથી પ્રસિદ્ધ કર્યું હતું. જેમાં ઉચ્ચ સ્તરના લેખો અને સંશોધન પત્રો પ્રકાશિત થતા. પછીથી એમણે 'ઊર્મિ' નામનું માસિક પણ પ્રકાશિત કર્યું હતું. જેના સંપાદક મંડળમાં ઇંદુલાલ ગાંધી, મોહનલાલ મહેતા 'સોપાન' જેવી વ્યક્તિઓ હતી. ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન પણ તેમના પ્રયાસો થકી જ કરાંચીમાં મળ્યું હતું. કચ્છ માટે ગૌરવજનક બાબત એ છે કે ડોલરરાય માંકડનો જન્મ કચ્છમાં વાગડના જંગીમાં થયો હતો.

'નાગરિક' ત્રૈમાસિકના સહતંત્રી તરીકે જોડાયેલા ચંદ્રશંકર બુચ 'સુકાની' મૂળ કચ્છ મુંદ્રાના વતની અને તેમનું મોસાળ અંજાર. તેઓ મુંબઈથી સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીના વ્યવસ્થાપક તરીકે કરાંચી આવ્યા અને પોતાની ફરજની સાથે કરાંચીની સાહિત્યિક પ્રવૃત્તિઓમાં પણ ઓતપ્રોત થઈ ગયા. આજે પણ ગુજરાતી સાહિત્ય જગત એમને 'દેવો ધાધલ', 'ધુડકિયો બાણ' અને 'હીકડીવારી આઈ' જેવી કચ્છી માડુની દરિયાવટની વાત રજૂ કરતી વાર્તાઓથી યાદ કરે છે.

'મલયાનિલ' નામની નવલકથા, 'અમે બધાં' અને 'આથમતે અજવાળે'થી જાણીતા બનેલા સ્વ. ધનસુખલાલ મહેતા પણ થોડો સમય કરાચીમાં ફરજ બજાવી ગયા. આ દરમ્યાન તેમણે કરાંચીના સાહિત્ય જગતને ગાજતું રાખ્યું હતું. મનસુખલાલ મહેતા 'સોપાન' તથા ઇંદુલાલ ગાંધી પણ કરાંચીમાં ઉછર્યા હતા અને આગળ નોંધ્યું તેમ ઊર્મિ માસિકના સંપાદન મંડળમાં રહ્યા હતા. તો દેવજી મોઢા, કવિ દેશળજી પરમાર અને વિશ્વનાથ ભટ્ટ પણ સારા સાહિત્યકાર તરીકે જાણીતા હતા. અંજારના મૂળ વતની ડુંગરશી સંપટે પણ કરાંચીમાં વસીને જ અનેક પ્રકારનું સાહિત્ય ગુજરાતી સાહિત્ય જગતને પીરસ્યું છે. તેઓ કરાંચીમાં યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનના સ્વાગત પ્રમુખ પણ રહ્યા હતા. ગુજરાતના મોટા ગજાના સાહિત્યકાર કવિ કરશનદાસ માણેક પણ શારદા મંદિરમાં શિક્ષક તરીકે જોડાયેલા એ દરમ્યાન તેમણે અનેક રચનાઓ આપણને

*કોઈપણ માણસ પાસે શું છે એ નહિ, કોઈપણ માણસ શું છે એની જ ખરી કિંમત છે.*

આપી. ભાગલા પછી તેઓ મુંબઈ આવ્યા અને જન્મભૂમિમાં જોડાયા હતા.

- **આજે પણ કરાંચીમાં કચ્છીયતનો દીવો પ્રજ્વલિત છે :**

કરાંચીના સાહિત્ય જગતને ધબકતું રાખનારા કેટલાક કચ્છી અને ગુજરાતી સાહિત્યકારોની કેટલીક વધુ વિગતો મેળવીએ. ગુજરાતી ટૂંકી વાર્તા, નવલકથા જેવા સાહિત્ય સ્વરૂપોમાં ધરમૂળનો વળાંક આપનારા ડૉ. સુરેશ જોશી પણ કરાંચીમાં ડી.જે. સિંધ કોલેજમાં લેક્ચરર તરીકે ત્રણેક વર્ષ અધ્યાપન કાર્ય કરી ચૂક્યા છે. 'મારું ગામડું' નામની પોતાની વિશિષ્ટ આત્મકથા માટે જાણીતા અને સંન્નિષ્ઠ ગાંધીવાદી બબલભાઈ મહેતા પણ શારદા મંદિરના વિદ્યાર્થી હતા. અંગ્રેજ મહાકવિ મિલિટનના 'પેરેડાઈઝ લોસ્ટ' અને ગ્રીક મહાકવિ હોમરના 'ઇલિયડ'ના સમર્થ અનુવાદક અને તાજેતરમાં જામનગર ખાતે સ્વર્ગવાસ પામેલા ડૉ. દુષ્યંતભાઈ પંડ્યા પણ શારદા મંદિરના લોકપ્રિય વિદ્યાર્થી હતા.

કરાંચીમાં રહીને કેળવણી પામેલા અને વિભાજન પછી કચ્છ અને મુંબઈ રહી તસવીરકલા ક્ષેત્રે અનેક રાષ્ટ્રીય પારિતોષિકો મેળવનારા વિખ્યાત કચ્છી તસવીરકાર સ્વ. લાલજીભાઈ પોમલ (એલ.એમ. પોમલ) પડદા પાછળ રહીને કચ્છની અનેક કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રેરક રહ્યા હતા.

કરાંચીના અને સિંધના સાંસારિક જગતમાં તાજી હવાની લહેરો અને આધ્યાત્મિક સૌરભ પ્રસરાવનાર ઘટના એટલે આઝાદી પહેલાં એક દાયકા પહેલા પર થયેલું પ્રખ્યાત વક્તા અને જૈન ધર્મધુરંધર મુનિ વિદ્યાવિજયજીનું આગમન. તેમના સમન્વયવાદી પ્રખર વ્યાખ્યાનોએ કરાંચીના જૈન-જૈનેતર નાગરિકોને મુગ્ધ કર્યા હતા. મુનિશ્રીના 'મારી સિંધયાત્રા' અને 'મારી કચ્છયાત્રા' આ બે પુસ્તકો એટલે આ બેઉ પ્રદેશોના ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક જીવનનો જીવંત અને પ્રમાણભૂત ચિતાર. વીસમી સદીના સામાજિક ઇતિહાસના એ મૂલ્યવાન દસ્તાવેજ છે.

ગુજરાતીના વાઙમયના કેટલાક પરંપરાગત સાહિત્યકારોની આપણે આગળ નોંધ લીધી. આ ઉપરાંત જયંતીલાલ આચાર્ય, સંસ્કૃતના પ્રકાંડ પંડિત ડૉ. જયાનંદ દવે, નવલકથાકાર ચુનીલાલ વર્ધમાન શાહ, મનુબહેન ગાંધી, સ્વ. જયંત આચાર્ય, ઈશ્વરલાલ દવે, શાયર દીપક બારડોલીકર વગેરે પણ કરાંચીના છે. આ જ રીતે કચ્છી વાઙમયના બે અગ્રણી કવિઓ પણ આપણને કરાંચીએ આપ્યા છે. એક તો કચ્છી કાવ્ય સંગ્રહોના રચયિતા, કચ્છી ગદ્ય લેખક માધવ જોશી 'અશ્ક' અને બીજા શુદ્ધ તળપદી કચ્છીમાં ઉત્તમ સંગરો અને ગઝલો અને નાટકના રચયિતા ઈબ્રાહીમ પટેલ ઉર્ફે મકભૂલ કચ્છી. આ જ પ્રકારના ત્રીજા છે મૂળ માધાપરના વતની અને કરાંચીમાં વસેલા માસ્તર હમીરાણી ઉર્ફે ઈસાક અલ્લારખ્યા સુમરાએ પણ કચ્છી અને ગુજરાતી સાહિત્ય જગતને લોકકથાઓ, નવલકથા, નાટક, કાવ્ય સંગ્રહ અને ટૂંકી વાર્તા સાહિત્ય પીરસ્યું છે. સિંધના કવિ શાહ લતીફ ભિટ્ટાઈ કૃત 'શાહનો રિસાલો'નો ગુજરાતી ભાવાનુવાદ પણ એમણે જ કર્યો છે. 'કચ્છ જો કુરુક્ષેત્ર - ઝારો'ના સર્જક કવિ અને નાટક લેખક લાલજી નાનજી જોશી પણ કરાંચીમાં જ જન્મ્યા અને ઉછર્યા હતા તો કચ્છના જાણીતા કવિ અને લેખક પ્રભાશંકર ફડકે પણ કરાંચીમાં જ જન્મેલા અને શારદા મંદિરમાં ભણ્યા હતા. કચ્છમિત્રના પૂર્વ ઉપતંત્રી અને કવિ સ્વ. જયંતભાઈ સચદે પણ કરાંચી વાયા કચ્છ આવીને કચ્છમિત્રમાં જોડાયેલા હતા. ભુજમાં અનેક સંગીતજ્ઞોને તાલીમબદ્ધ કરનારા જયકિશન મેઘનાની પણ કરાંચીમાં ઉછરેલા. એમના પિતાજી કલ્યાણેશ્વર મેઘનાની કરાંચીમાં મીનુ મહારાજ તરીકે જાણીતા હતા.

કરાંચીની રંગભૂમિને ગાજતી રાખનારા કચ્છી નાટકોના સર્જક અને નિર્દેશક ઉમર શહેરીયાર ભાગલા પછી પણ કચ્છી અને ગુજરાતી સાહિત્યની અસ્મિતાને ટકાવી રાખવામાં પ્રયત્નશીલ રહ્યા હતા.

સિંધ આયુર્વેદ ફાર્મસીના સંચાલક અને આયુર્વેદજ્ઞ જ્યોતિષશાસ્ત્રી સ્વ. ડૉ. ચંદ્રશેખર ઠક્કુર પણ કરાંચીમાં હતા. તેમના પિતા મૂળ કચ્છના વૈદ્ય ગોપાલજી ઠક્કુર સંઘ આયુર્વેદ ફાર્મસીના સ્થાપક હતા. ડૉ. ચંદ્રશેખર પિતા પાસે તાલીમ પામેલા. તેઓ 'કિસ્મત' નામના માસિકના તંત્રી પણ હતા.

માત્ર ૫૮ વર્ષની વયે અવસાન પામેલા કચ્છી પત્રકાર આદમ સુમરોને તો આજની પેઢી પણ જાણે છે. એમણે કરાંચીમાં ધબકતાં ગુજરાત વિશે આપણને સુંદર જાણકારી આપી હતી. આજે પણ કરાંચીમાં કચ્છીયત અને ગુજરાતીયતનો દીવો પ્રજ્વલિત છે. ઉર્દુ સાથે કચ્છી અને ગુજરાતી ભાષામાં સર્જન આજે પણ થાય છે તો પત્રકારત્વ ક્ષેત્રે પણ પાંજા માડુઓએ ખાસ્સું કાઠું કાઢ્યું છે. આદમ ભગત નામના ઉદ્યોગપતિ ગુજરાતીમાં સર્જન કરે છે તેમના પ્રતિષ્ઠાનનું સરનામું છે 'લક્ષ્મી બિલ્ડિંગ' કરાંચી! આજે પણ આ ભવનમાંથી 'મેમણ ન્યુઝ' સાપ્તાહિક પ્રસિદ્ધ થાય છે. જૈનલ આબેદીન કાદરબક્ષ 'નિયાંપો' નામક કચ્છી માસિક પણ ચલાવતા. તો આદમ સુમરોએ પણ 'પાક સમાચાર' અને 'પરિચય' નામના વર્તમાનપત્રો પ્રકાશિત કર્યા હતા.

ગુજરાતનો એક પર્યાય એટલે આપણો ગરબો. આ ગરબો પણ દબદબાભેર કરાંચી પહોંચેલો અને મુખ્યત્વે કચ્છી અને કાઠિયાવાડિઓની વસતીને કારણે કરાંચીમાં ગરબી ગુજરાતથી સવાઈ ગરબી બની હતી. કરાંચીથી આવેલા જૂના ગુજરાતીઓ આજેય દાવા સાથે આ વાત ગર્વ સાથે કહે છે કે અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભુજ, મુંબઈ, ભાવનગર કે ક્યાંય કરાંચી જેવી ગરબી કે દાંડિયારાસ આજે પણ જોવા મળતા નથી.

આજથી છ-સાત દાયકા પહેલા સિંધમાં કચ્છીઓ અને ગુજરાતીઓએ કેવી રીતે પ્રવેશ કર્યો અને ત્યાં પોતાનો વિકાસ કર્યો તેની કેટલીક વિગતો સાથે કરાંચીની ઝલક આપવા અહીં પ્રયાસ કર્યો છે.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, માધાપર રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮, ૯૪૦૮૭ ૩૧૮૭૮*

*તમારી પ્રમાણિકતાનો બદલો એ છે કે તમે તમારા ઘરમાં નિરાંતે સૂઈ શકો છો.*

# ઘડપણમાં સુખી કેવી રીતે થવાય?

• દિનેશ પાંચાલ •

રહી રહીને એક વાત સમજાય છે. સુખી થવા માટે ફક્ત ઈશ્વરની કૃપા પૂરતી નથી. સુખી થવાની આવડત પણ હોવી જોઈએ. ધનદોલત પૂરતાં હોય પણ તેમાંથી આનંદ પ્રાપ્ત કરતા આવડવું જોઈએ. આનંદ એટલે સુખની શેરડીમાંથી બનતો ગોળ! ઘડપણ જિંદગીનો ડેન્જર ઝોન ગણાય. ૮૮ વર્ષના કોઈ વૃદ્ધનું શરીર ચોરસફૂટના હિસાબે રોગોએ વહેંચી લીધું હોય ત્યારે તેની દશા, એક હરણ પર ત્રાટકતા ત્રણ વાઘ જેવી થઈ જાય છે. અનુભવીઓ એથી જ કહે છે કે ઘડપણમાં ગીતા વાંચવા કરતાં અખબારોની આરોગ્યપૂર્તિ વાંચવાથી વધુ ફાયદો થાય છે. સુખી થવા માટે ઘડપણમાં વૃદ્ધો શું કરી શકે અથવા તેમણે શું કરવું જોઈએ તે પર નજર ફેરવીએ.

૧. વૃદ્ધોએ સમાજ માટે કાંઈક કરવું હોય તો સૌપ્રથમ તેમણે પોતાની જાત સારી રાખવી જોઈએ. કેટલાંક વૃદ્ધોને ખાવા પીવાની કે વ્યસનોની બૂરી લત હોય છે. દીકરાઓ તેમને સમજાવે તોય તેઓ તે છોડતા નથી. નશાની હાલતમાં ક્યાંક પડ્યા તો કમરના મણકા ભાંગી જાય છે અને ભાંગેલા મણકા માત્ર વૃદ્ધની જ નહીં દીકરાઓની પણ કમર ભાંગી નાખે છે. (યુવાને સંતાનોને પણ કહેવાનું પ્રાપ્ત થાય છે કે તમે માંદા પડશો અને વેળાસર દવા નહીં કરાવશો તો તેમાં એટલું નુકસાન નહીં થાય પણ વૃદ્ધોની સારવારમાં ઢીલ કરશો અને તેઓ ખાટલો પકડી લેશે તો આખા ઘરની પથારી ફરી જશે. એથી વૃદ્ધોની સારવારને અગ્રીમતા આપો.)

૨. વૃદ્ધોએ તેમની પાસે જે કાંઈ મૂડી હોય તેને ઘડપણના સુરક્ષા કવચ તરીકે સાચવી રાખવી જોઈએ. ઘણાં વૃદ્ધો રિટાયર થયા પછી પી.એફ. ગ્રેજ્યુઈટી વગેરેના પૈસા સંતાનોને વહેંચી આપે છે. ઘડપણની આ ગંભીર ભૂલ ગણાય. યાદ રહે, તમારા મૃત્યુ પછી એ પૈસા તેમને જ મળવાના છે. એથી ઉતાવળે હાથ કાંડા કાપી આપવાની ભૂલ કરવી જોઈએ નહિ.

૩. ઘડપણમાં દેવદર્શન, ભક્તિ, પૂજાપાઠ વગેરે કરવાથી શાંતિ મળતી હોય તો ભલે તેમ કરો પણ શ્રદ્ધાના અતિરેકમાં અંધશ્રદ્ધાળુ બનવું જોઈએ નહીં. ઘડપણમાં દેવ કરતાં દેહ તરફ વધુ ધ્યાન આપવું જરૂરી છે. વર્ષમાં એક સત્ય નારાયણની કથા નહીં કરાવો તો ચાલશે, પણ એકવાર બોડી ચેક-અપ તો અવશ્ય કરાવવું જ જોઈએ.

૪. સુગર, પ્રેસર, વા વગેરે રોગો હોય તો તે માટે નિયમિત ચેક-અપ તથા જરૂરી દવા કરવામાં લાપરવાહી કરવી જોઈએ નહીં. દેહના કોઈ પણ રોગને ઘડપણમાં નજરઅંદાજ કરશો તો તે રોગ આખા કુટુંબને બાનમાં લેશે. અમારા બચુભાઈ કહે છે : 'ઘરમાં ટી.વી. અને બીબી ન હોય તો ચાલે પણ દેહમાં ટી.બી. કે બી.પી. ન હોવા જોઈએ!'

૫. તમારા ઘરેણાં તથા મિલ્કતના મહત્ત્વનાં દસ્તાવેજો બને તો બેંકના લોકરમાં રાખો. પણ એટલું યાદ રાખવું કે બેંકમાં લોકર હોવા કરતાં ઘરમાં વોકર હોવું વધુ જરૂરી છે. ઘડપણમાં રોજ ચાલવું જરૂરી છે. યાદ રહે, સોના-ચાંદી, ઘરબાર, જમીન-જાયદાદ એ ભૌતિક સંપત્તિ છે. જીવનમાં એ પણ ઉપયોગી છે પરંતુ હિમોગ્લોબીન, રક્તકણ, શ્વેતકણ, કેલ્શિયમ વગેરે દેહની ભીતરી મિલ્કત ગણાય. એ મિલ્કત વિના બાહ્ય મિલ્કતનો આનંદ મળી શકતો નથી. મોટી માંદગી આવી પડે ત્યારે કંગન, નેકલેસ કે બંગડીઓના બીલ કરતાં કાર્ડિયોગ્રામ, એન્ડોસ્કોપી કે બાયોપ્સીનું બીલ વધારે આવે છે. પૈસા ન હોય તો બંગડી વેચીને બાયોપ્સી કરાવવી પડે એવા સંજોગો પણ આવે છે. એથી ઘડપણમાં માત્ર બાહ્ય મિલ્કતની જ નહીં, આંતરિક મિલ્કતની પણ કાળજી લેવી જોઈએ.

૬. ઘડપણમાં એક બીજું પણ શાણપણ દાખવવું જરૂરી છે. નોકરી ધંધાની વિકટ જવાબદારીમાં તણાવયુક્ત જીવન જીવી રહેલા દીકરાઓ પર બને ત્યાં સુધી તમારી કોઈ જવાબદારી ન લાદો. બલકે પરોક્ષ રીતે તેમને અનુકૂળ બની રહેવાય એવી રીતે જીવો. કુટુંબમાં કોઈ જોડે લડો નહીં. સૌ જોડે આનંદથી હળો મળો. ઘરના કોઈ પણ નાના મોટા કામમાં શક્ય એટલા સહાયરૂપ થાઓ. દીકરા વહુઓની દિનચર્યામાં માથું મારવાનું તો ખાસ ટાળો. તમને કાંઈ પૂછવામાં ન આવે ત્યાં સુધી ઘરમાં કોઈને સલાહ ના આપો. કોઈ બાબતે મમતે ના ચઢો. વડીલપણાના કેફમાં

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

તમારો જ કક્કો ખરો ના કરાવો. તમારે કારણે ઘરના સભ્યોને માથે કોઈ વધારાની જવાબદારી આવી પડે એવું કાંઈ ન કરો. જેમકે સવારે તમારી સાથે ચાલવા જતા દસ પંદર મિત્રોને કદી ભોજન માટે ઘરે આમંત્રણ આપો નહીં. (ઈચ્છા થાય તો તેમને બાગમાં નાસ્તો કરાવી શકાય.) દીકરા વહુ મહિને કેટલી ફિલ્મ જુએ છે તથા કેટલીવાર બહાર જમે છે તેનો હિસાબ રાખવાને બદલે બે દિવસથી તમને ઝાડો ખુલાસીને થતો નથી. જો હરડે લેવાનું ચૂકી જવાશે તો ગંભીર ગેસ ટ્રબલ થઈ જશે એ વાત પર ધ્યાન આપો. યાદ રહે, દીકરાઓને કેવળ મિલ્કત આપીને જ સુખી કરી શકાતા નથી, ઘડપણમાં તમારા તરફથી તેમને ઓછામાં ઓછી તકલીફ પડે એ રીતે જીવો તો દીકરાઓ માટે તે અદશ્ય આશીર્વાદ બની રહેશે.

૭. તમારા રોગ પ્રમાણે પરેજી કરવાનું કદી ચૂકવું નહિ. દાદાને ઉગ્ર એસિડીટી હોય છતાં રોજ ભજિયાનો નાસ્તો જોઈતો હોય અથવા ત્રણસો જેટલું સુગર રહેતું હોય તોય દાદા ઘીમાં લચપચતો શીરો ખાવાની ફરમાઈશ કરતા હોય તો તેવી વૃદ્ધહઠ વહેલી તકે છોડી દેવી જોઈએ.

૮. કોઈ પણ રોગ થયો હોય તો તે માટે ડૉક્ટર પાસે જવાને બદલે ભગત ભૂવાનું મંત્રેલું પાણી પીવું, તાંત્રિકોના માદળિયા બાંધવા કે બાધા આખડીમાં પડવું એ નરી અંધશ્રદ્ધા ગણાય, જે પાછળથી બહુ મોંઘી પડી શકે છે.

૯. તમારું શરીર રજા આપતું હોય તો સામાજિક પ્રવૃત્તિઓમાં યોગદાન આપવું જોઈએ. સિનિયર સિટીઝન ક્લબ અથવા એ પ્રકારની બીજી સેવાભાવી સંસ્થાઓ સાથે જોડાઈને માનદ્ સેવા આપવી જોઈએ. સારા પુસ્તકો અને સારા મિત્રો એ જીવનની શ્રેષ્ઠ મિલ્કત ગણાય. એથી હંમેશાં ઉત્તમ પુસ્તકો અને સારા મિત્રોની સોબત કેળવો. સારું વિચારી શકવાની ક્ષમતા હોય તો મિત્રો સાથે તમારા વિચારો શૅર કરો. લખી શકતા હો તો અખબારોમાં મંતવ્ય લખો. જાહેર વ્યવસ્થા કે રાજકીય અરાજકતાઓ અંગેના પ્રશ્નો વિશે અખબારોમાં ચર્ચા કરો. પ્રવચનો ગોઠવો. તમે વૃદ્ધ થઈ ગયા છો એવી લાચારીનો ભાવ પરાણે મન પર લાદીને જીવશો નહીં. ઘડપણ ભલે દેહમાં પડ્યું રહેતું... એને મન પર હાવી થવા દેશો નહીં.

૧૦. રક્તદાન, દેહદાન, ચક્ષુદાન તથા હોસ્પિટલોમાં માનદ્ સેવા જેવી પ્રવૃત્તિઓ દ્વારા તમારા નિવૃત્તિકાળનો સુંદર વિનિયોગ કરો. તમારી જાતને હંમેશાં સમાજસેવામાં જોતરેલી રાખશો તો તમારા પોતાના દુ:ખો ભૂલી જશો. ઘરનાઓ સહિત આખો સમાજ તમને માનથી જોશે અને તમને અનોખો સંતોષ મળશે.

૧૧. સિનિયર સિટીઝન ક્લબમાં સૌ ભેગા મળી અનેક પ્રકારના રચનાત્મક કામો અંગે ચર્ચા વિચારણા કે પ્રવૃત્તિઓ કરી શકાય. પ્રવાસો ગોઠવી શકાય. ડૉક્ટરો, કલાકારો, વકીલો કે મેડીક્લેઈમના નિષ્ણાતના પ્રવચનો ગોઠવી તેમના જ્ઞાનનો લાભ મેળવી શકાય. માનવતાને વરેલા મંદિરો, ઘરડાઘરો, અનાથાશ્રમો કે લોકકલ્યાણના ટ્રસ્ટો સાથે મળી સમાજ ઉપયોગી કામો કરવા એ ભગવાનની ભક્તિ કરતાંય વધુ ઉપયોગી પ્રવૃત્તિ છે.

૧૨. લગ્ન, સીમંત, મોસાળુ, પહેરામણી કે જનોઈ જેવાં સામાજિક ખર્ચાળ રિવાજોમાં આંધળો ખર્ચ કરી ઘડપણની બચતને ફૂંકી મારવા જેવી ભૂલ કદી કરશો નહિ. લગ્ન હંમેશાં સાદાઈથી કરવા. જીવનમાં માંદગી ટાણે પૈસાની સાચી જરૂરિયાત ઊભી થાય છે ત્યારે ત્યાં કસર થઈ શકતી નથી. યાદ રહે, લગ્ન સાદાઈથી થઈ શકે પણ ઑપરેશન સાદાઈથી કરી શકાતું નથી. ભલે તમે જૂની પેઢીના માણસ હો પણ સમયના પરિવર્તનો સ્વીકારીને તે પ્રમાણે તમારા વિચારોને 'અપડેટ' કરવા તૈયાર રહો. જૂનવાણી કે જર્જરિત વિચારોને તિલાંજલિ આપી વિવેકબુદ્ધિ પ્રમાણે જીવનને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ઢાળો. વહેમ, અંધશ્રદ્ધા, શુભ-અશુભ ચોઘડિયા, જન્માક્ષરો, જ્યોતિષ, વાસ્તુશાસ્ત્ર કે બાધા - આખડી વગેરેને તિલાંજલિ આપી જીવનને આધુનિક પરિવેશમાં ઢાળો.

આવી તો અનેક બાબતો છે જે ઘડપણમાં સુખથી કેમ જીવવું તે અંગે દિશાસૂચન કરે છે. જિંદગીની જાત્રા પ્રસૂતિગૃહથી સ્મશાનગૃહ સુધી અને ઘોડિયાઘરથી ઘરડાઘર સુધી વિસ્તરે છે. જીવન અને મૃત્યુ એક સિક્કાની બે બાજુ છે. જ્યોર્જ સાંતયાનાએ કહ્યું છે : 'જિંદગી અને મોતનો કોઈ ઉપાય નથી. ઉત્તમ તો એ જ કે એ બે વચ્ચેના સમયગાળાને પૂરેપૂરો માણી લેવો!'

સૌ વૃદ્ધોને અને 'મંગલ મંદિર'ના વાચકમિત્રોને સુખી જીવનની હાર્દિક શુભેચ્છા પાઠવું છું!

### ધૂપછાંવ

*જીવન બીજું કાંઈ નહીં, બાવન પત્તાની વાત છે;*
*એક્કો, દૂરી, ગુલામ, બાદશાહ ભાગ્યતણી સોગાત છે.*
*કળા શીખી લો રમવાની તો જીત તમારી સાથ છે;*
*સારું નરસું... મારું તારું... મનના સૌ ઉધમાત છે.*
*રાખ થાય છે સૌની સરખી, વ્યર્થ બધી પંચાત છે!*
***– મુનિ ચંદ્રજી વિજયજી 'આનંદ' (બંધુ ત્રિપુટી)***

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૪૫.*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

Vaishali Enterprise

**Popatbhai : 9324098203 • Hirenbhai : 9322844433**

**Dealers in Stainless Steel Utensils**

D/47, Sarvoday Nagar, 1st Panjarapole Lane, Mumbai-400 004.
**Ph. : (O) (022) 22427462**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૧૪

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

## યુવા વર્ગનું દ્વિતીય પરિચય મિલન તથા નર્મદાના સિંચાઈના પાણી વિશે મુંબઈ ખાતે યોજાયેલ વાર્તાલાપમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રતિનિધિઓની ઉપસ્થિતિ

'મંગલ મંદિર' માર્ચ-૨૦૦૩ નો ૩૦૦મો અંક વિશેષાંક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તેમાં સંપાદિકા શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખશ્રી ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત ઘણાં બધાં મહાનુભાવોના શુભેચ્છા સંદેશા પ્રસિધ્ધ થયા હતા.

માસ ફેબ્રુઆરી-૨૦૦૩માં શ્રી કાંતિલાલ વેલજી સાવલા તરફથી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગને માતબર દાન મળેલ હતું. શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી ફુરિયા અને શ્રી માવજી ધારશી ફુરિયાનાં લગ્નજીવનની સુવર્ણ જયંતી નિમિત્તે તા. ૯-૩-૨૦૦૩ના રોજ શ્રી ધારશી કરમશી ફુરિયા તરફથી વૈયાવચ્ચ ફંડમાં તથા શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી ફુરિયા તરફથી સાધર્મિક સહાય ફંડમાં નોંધપાત્ર દાનો મળેલ હતા. આ પ્રસંગે તેઓશ્રી તરફથી એક સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. તેમાં તેમના પરિવારજનો, સ્નેહીઓ, મિત્રો અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો બહોળી સંખ્યામાં હાજર રહી આ યુગલને અખંડિત રહે અને દીર્ઘાયુષ્ય ભોગવે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

તા. ૧૪-૬-૨૦૦૩ તથા તા. ૧૫-૬-૨૦૦૩ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પોતાનું દ્વિતીય અખિલ ભારતીય કચ્છી જૈન યુવક / યુવતીઓનું પરિચય સંમેલન યોજેલ હતું. બંને દિવસના કાર્યક્રમમાં બીજાપુર કર્ણાટકના સામાજિક કાર્યકર્તા શ્રી રજનીકાંત તેજશી ગોગરી પ્રમુખપદે રહેલ હતા જયારે પ્રથમ દિવસે સમારંભના ઉદ્‌ઘાટક તથા મુખ્ય મહેમાન શ્રીમતી હંસાબેન તારાચંદ છેડા (અધ્યક્ષા - ભુજ નગરપાલિકા) તથા અતિથિ વિશેષપદે શ્રી ઉત્તમચંદ કલ્યાણજી છેડા (ઉપપ્રમુખ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - સાંગલી), ડૉ. મંજુલાબેન વી. શાહ (ઉપપ્રમુખ, શ્રી ક.વી.ઓ. સમાજ - મુંબઈ) તથા શ્રીમતી જસ્મિતબેન મહેન્દ્રભાઈ વિસરિયા (ઉપપ્રમુખ, જૈન જાગૃતિ સેન્ટર - મુંબઈ) ઉપસ્થિત રહ્યા હતા. સમારંભની શરૂઆત સંસ્થાના ઉપપ્રમુખ શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાના આવકાર પ્રવચનથી કરવામાં આવી હતી. શ્રીમતી હંસાબેન તારાચંદ છેડાએ દીપ પ્રાગટ્ય કરી સમારંભનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યારબાદ સંસ્થાના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે સંસ્થાની પ્રવૃત્તિઓ તથા પ્રગતિની વિગતો આપી હતી. સંસ્થાની યુવા પરિચય સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુભાઈ શાહે વર્તમાન સમયમાં આવા સંમેલનો યોજવા માટેની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. ત્યારબાદ પધારેલા સર્વે અતિથિ વિશેષશ્રીઓએ સગપણ સંમેલન યોજીને સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓને એક વિશાળ મંચ પૂરું પાડવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે જે આ આયોજન કરેલ છે તેને બિરદાવેલ હતું. ઉપરોક્ત કાર્યક્રમ બાદ પધારેલા મહેમાનોનું સંસ્થાના હોદ્દેદારોએ મોમેન્ટો આપી બહુમાન કર્યું હતું. સમારંભના અંતે સંસ્થાના સહમંત્રી શ્રી રોહિતભાઈ સંઘવીએ આભારવિધિ કરી હતી.

ઉપરોક્ત પરિચય મિલન સમારંભમાં ૧૧૦ યુવકો તથા ૪૦ યુવતીઓએ ફોર્મ ભરેલ હતા. તેમાંથી હાજર રહેલા યુવક / યુવતીઓએ સ્વમુખે પોતાનો પરિચય આપ્યો હતો. તે બાદ ભોજનના વિરામ સમય દરમ્યાન યુવક / યુવતીઓએ પોતાની પસંદગીના પાત્રોની જાણ લેખિત રૂપે સંસ્થાના કાર્યકર્તાઓને કરી હતી. તેમાંથી શક્ય એટલા યુવક યુવતીઓની પરસ્પર મુલાકાતો ગોઠવવામાં આવી હતી. સાંજના ભોજન બાદ ઉમેદવારો સાથે અંતાક્ષરીનો પ્રોગ્રામ ગોઠવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં પધારેલ અતિથિઓએ પણ ખૂબ આનંદથી અંતાક્ષરી માણી હતી.

બીજા દિવસે તા. ૧૫-૬-૨૦૦૩ના કાર્યક્રમની શરૂઆત સ્ટેજ આઈટમથી કરવામાં આવી હતી. સમારંભના પ્રમુખ સ્થાને શ્રી રજનીકાંતભાઈ ગોગરી તથા મુખ્ય મહેમાન તરીકે શ્રી કાંતિભાઈ દેઢિયા (પ્રમુખશ્રી, શ્રી ક.વી.ઓ.એકમ - મધ્ય પ્રદેશ) બિરાજમાન હતા. જયારે અતિથિ વિશેષ તરીકે ડૉ. મંજુલાબેન તથા શ્રીમતી જસ્મિતબેન મહેન્દ્રભાઈ વિસરિયા હતા. કેટલાક ઉમેદવારોએ લગ્ન સંબંધી વિષય ઉપર વક્તૃત્વ આપ્યા હતા. આમંત્રિત મહેમાનોએ પણ પોતાના વક્તૃત્વમાં સંમેલનનાં અનુભવો તથા યુવક / યુવતીઓને

*જગત આખાને સારું નહિ બનાવી શકાય. આપણી જાતને થોડી સારી ચોક્કસ બનાવી શકાય.*

સગપણ સંબંધી સતાવતા પ્રશ્નોની છણાવટ કરીને ઉમેદવારોને માર્ગદર્શન આપ્યું હતું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે બે દિવસના ઉપરોક્ત કાર્યક્રમના આયોજન માટે સુંદર વ્યવસ્થા કરેલ, તે બદલ કાર્યકરોને બિરદાવ્યા હતા. કાર્યક્રમના અંતમાં સંસ્થાના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે આભારવિધિ કરેલ હતી. આ રીતે બે દિવસનો કાર્યક્રમ પૂરો થયો હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૧૬મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૨-૬-૨૦૦૩ને રવિવારના રોજ સંસ્થાના કાર્યાલય શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળી હતી. સભાની શરૂઆતમાં સંસ્થાના મે.ટ્રસ્ટી તથા પ્રમુખ ડૉ. શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયાએ હાજર રહેલા સૌ સભ્યોને આવકાર્યા હતા. સંસ્થાના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે ગત વર્ષ દરમ્યાન સંસ્થા તરફથી થયેલ પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ આપ્યો હતો. સંસ્થાનાં ખજાનચી શ્રી મગનલાલ મોતીચંદ સંઘવીએ વર્ષ ૨૦૦૨-૦૩નાં ઑડિટ થયેલા હિસાબોની વિગતવાર સમજણ આપી હતી. જેને ચર્ચા વિચારણાને અંતે બહાલી આપવામાં આવી હતી. સંસ્થાના બંધારણની જોગવાઈ અનુસાર નિવૃત્ત થતાં ૬ ટ્રસ્ટીઓ તથા કારોબારી સમિતિનાં ૧૩ સભ્યોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

તા. ૨૨-૬-૨૦૦૩નાં રોજ મળેલ ટ્રસ્ટ મંડળની બેઠકમાં સંસ્થાના મે.ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકે ડૉ. શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયાની વરણી કરવામાં આવી હતી. તા. ૧૩-૭-૨૦૦૩ના મળેલ કારોબારી સમિતિની બેઠકમાં વર્ષ ૨૦૦૩-૦૪ નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા - મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ, શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા - પ્રથમ ઉપપ્રમુખ, શ્રી નવીન નાનજી પોલડિયા - દ્વિતીય ઉપપ્રમુખ, શ્રી પ્રતાપ નારાણજી દંડ - માનદ્ મંત્રી, શ્રી બાબુભાઈ ખેતશી મહેતા - સહમંત્રી, શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - ખજાનચી તથા શ્રી રવિલાલ પોપટલાલ પારેખ - સહ ખજાનચી.

તા. ૨૯-૬-૨૦૦૩નાં રોજ શ્રી કચ્છી વીસા શ્રીમાળી ઓસવાળ ગુર્જર જૈન જ્ઞાતિ સમાજ - મુંબઈ તથા કચ્છી જૈન ગુર્જર સમાજ - માટુંગા (પાખાડી) એ બંને સંસ્થાના સંયુક્ત નેજા હેઠળ "નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલ અને નર્મદાના કચ્છને મળવાપાત્ર સિંચાઈના પાણી" વિષે વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા તથા શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચાને નિમંત્રવામાં આવેલ હતા. આ વાર્તાલાપ સુમતિ ગુર્જર ભવન - ચેમ્બુર ખાતે યોજવામાં આવ્યો હતો. અમદાવાદના પ્રતિનિધિ મંડળમાં ઉપરોક્ત ત્રણ વક્તાઓ ઉપરાંત શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી ખુશાલ પોપટલાલ સંઘવી અને શ્રી રસિકલાલ ખીમજી મહેતાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

*(ક્રમશઃ)*

HIGH QUALITY STAINLESS STEEL


SQUARE DABBA


BOMBAY TIFFIN


PYRAMID TIFFIN

Manufactures & Suppliers of
St. Steel 26 G & 28 G all size Bombay Tiffin, 28 G. Belly Tiffins (Thai type) and Square Dabba in all sizes upto 50 kg capacity

Rolex

Rushabh
STEEL CENTRE

G-77, Sarvodaya Nagar, Shri Mahendrakumar T. Marg, (1st Panjrapole Lane), Mumbai - 400 004.
Tel. 2242 2072 - 22420593 • Fax : 3008 0072

# મારા દીકરાને ભણવાનું મન થતું નથી.

## [Adolescence Depressive Disease]

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

- **કિશોરો / કિશોરીઓમાં હતાશાની બીમારી (Adolescence Depressive Disease) :**

વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organization)ના સર્વેક્ષણ મુજબ વિકસિત તથા વિકાસશીલ દેશોમાં હતાશાની બીમારી એક સામાન્ય બીમારી છે. કોઈપણ સમયે સામાન્ય વસતિના ૫% લોકો હતાશાની બીમારીથી પીડાય છે. હતાશાની બીમારીથી થતી તકલીફ અને નુકસાન Disability (શારીરિક, કૌટુંબિક, નાણાંકીય, સામાજિક) શારીરિક બીમારીઓની સરખામણીમાં ઘણી જ વધારે હોય છે.

તાજેતરના વિશ્વ આરોગ્ય સંસ્થાના (W.H.O.) સર્વેક્ષણ મુજબ ૨૦૨૦માં હતાશાની બીમારી બીજા નંબરની સામાન્ય બીમારી થશે. (હૃદયની બીમારી પ્રથમ નંબરની બીમારી હશે.) આ પ્રકારના ચિહ્નો સમાજમાં દેખાઈ રહ્યા છે. હતાશાની બીમારીનું પ્રમાણ વધી રહ્યું છે. આત્મહત્યાનું પ્રમાણ વધી રહ્યું છે જેનું મુખ્ય કારણ હતાશાની બીમારી છે.

પુખ્ત વયમાં જેમ હતાશાની બીમારીનું પ્રમાણ વધ્યું છે તેમ કિશોરાવસ્થામાં હતાશાની બીમારીના કિસ્સાઓ વધવા માંડ્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થા તથા અમેરિકન સર્વેક્ષણો મુજબ ૧૦થી ૧૮ વર્ષના કિશોરોમાંના ૫% કિશોરોને હતાશાની બીમારી થાય છે. કિશોરોમાં હતાશાની બીમારીના લક્ષણો જુદા હોય છે જે નીચેના કિસ્સા પરથી જણાશે.

- **કેસ સ્ટડી :**

'ડૉક્ટર, મારા ૧૪ વર્ષના દીકરા અશ્વિનને છેલ્લા એકાદ વર્ષથી ભણવાનું મન થતું નથી. ઘણું સમજાવ્યું, ઘણી વિનંતી કરી પરંતુ અશ્વિનને ભણવામાં રસ પડતો નથી. પાઠ્ય પુસ્તક હાથમાં લે છે, થોડો વખત વાંચીને મૂકી દે છે. વાંચેલું યાદ રહેતું નથી. બે વર્ષ પહેલાં ૭મા ધોરણમાં ૮૫% ગુણાંક વાર્ષિક પરીક્ષામાં મળ્યા હતા. મારા અશ્વિનને શું થઈ ગયું છે?' અમારા ક્લિનિકની કેબિનમાં દાખલ થતા અશ્વિનની મમ્મીએ ઉપરોક્ત માહિતી આપી.

મમ્મીએ વધુ માહિતી આપતા જણાવ્યું કે અશ્વિનનું વજન છેલ્લા ૪-૫ મહિનામાં બે કિલો ઓછું થઈ ગયું છે (૧૪ વર્ષના કિશોરમાં વજન વધવું જોઈએ, ઘટવું તો ન જ જોઈએ. કિશોરાવસ્થામાં વજન ઘટવું એ બીમારીનું ચિહ્ન છે.) ભૂખ ખૂબ ઓછી થઈ ગઈ છે. જમવામાં રૂચિ નથી. નબળાઈ પણ ખૂબ લાગે છે. સ્કૂલેથી આવીને અશ્વિન ઘણી વખત સૂઈ જાય છે. બહાર મિત્રો જોડે રમવા જતો નથી. હોમવર્ક પણ પરાણે કરે છે.'

ફેમિલી ડૉક્ટરને બતાડેલ. શારીરિક વૈદ્યકીય તપાસ નોર્મલ હતી. લેબોરેટરી તપાસ (લોહી, પેશાબ, સંડાસની તપાસ) નોર્મલ હતી. એક્સ-રે, સોનોગ્રાફી પણ નોર્મલ હતા. ટોનિક તથા ભૂખ લાગવા માટેની દવાઓ આપેલ. ફરક ન પડ્યો. સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરનો અભિપ્રાય લીધો. દવાઓમાં ફેરફાર કર્યો. લક્ષણો ઘટવાને બદલે વધતા ગયા.

વૈદ્યકીય તપાસ, લેબોરેટરી તપાસ, એક્સ-રે, સોનોગ્રાફી નોર્મલ આવતાં અને લક્ષણો વધતાં એક હિતેચ્છુએ અશ્વિન માટે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની સલાહ આપી.

મનોવૈજ્ઞાનિક રીતે અશ્વિનના દરેક ક્ષેત્રની તથા ખાસ કરીને આ ક્ષેત્રોમાં થયેલા ફેરફારોની માહિતી અશ્વિન, એના મમ્મી-પપ્પા પાસેથી માહિતી મેળવી. અશ્વિનમાં થયેલા અગત્યના ફેરફારો નીચે મુજબ છે :

- **શિક્ષણ ક્ષેત્ર :**

દોઢેક વર્ષથી અશ્વિનનું ભણવામાં મન લાગતું ન હતું. એકાગ્રતા (Concentration) ઓછી થઈ ગઈ હતી. ગ્રહણ શક્તિ (grasping) પણ ઘણી જ ઓછી થઈ હતી. સ્મરણ શક્તિ (memory) પર નકારાત્મક અસર થઈ હતી. ભણવાની ક્ષમતા દોઢેક વર્ષમાં ઓછી થઈ હતી. ૭મા ધોરણની વાર્ષિક પરીક્ષામાં ૮૫% ગુણાંક મળ્યા હતા. ૮મા ધોરણની વાર્ષિક પરીક્ષામાં અશ્વિનને ૫૦% ગુણાંક મળ્યા હતા. ૯મા ધોરણની યુનિટ ટેસ્ટમાં અશ્વિન ત્રણ વિષયમાં નાપાસ થયેલ.

- **મિત્રોનું ક્ષેત્ર (Peer Group) :**

થોડાક સમયથી પોતાના મિત્રો જોડે અશ્વિન રમવા ભાગ્યે જ જતો હતો. બાજુની ક્રિકેટ ટીમ જોડે પણ રમવા ગયો નથી. નોર્મલ સમયમાં અશ્વિન પોતાના અભ્યાસ સિવાયનો સમય મિત્રો જોડે પસાર કરતો હતો. રમતમાં સક્રિય ભાગ લેતો હતો. ટીમનો કેપ્ટન પણ હતો.

પોતાના કાકા - મામા - ફુઆ - માસાના દીકરા-દીકરી (cousins) જોડે પણ બહાર ઘણા સમયથી નથી ગયો. એ બધા જોડે પહેલાની જેમ ફોન પર વધારે વાતો કરતો નથી. પોતે જાતે એમને ફોન કરતો નથી.

સ્કૂલની પીકનિકમાં પણ અશ્વિન ન ગયો. ઘરના લોકોને તથા સ્કૂલ મિત્રોને ખૂબજ નવાઈ લાગી કે પીકનિક પર અશ્વિન ન આવ્યો.

- **મનના લક્ષણો :**

અશ્વિનને પોતાની આનંદદાયક પ્રવૃત્તિઓમાંથી રસ ઊડી ગયો હતો. વાંચન, સંગીતનો શોખ ઓછો થઈ ગયો હતો. પોતાનો આત્મવિશ્વાસ ઓછો થઈ ગયો હતો.

*ઉકરડો આપોઆપ વધે છે, બગીચાને વિકસાવવા મહેનત કરવી પડે.*

'આગળનું ભણવાનું એના માટે અઘરું છે, પોતે આગળ ભણી નહીં શકે. નાપાસ થશે.' એવા નકારાત્મક વિચારો સતત આવતા હતા.

***ચીડિયાપણું :*** નાની નજીવી બાબતોમાં અશ્વિન જલદી ચિડાઇ જતો હતો જે પહેલા અશ્વિનના સ્વભાવમાં ન હતું. અશ્વિન પહેલા બધાના સલાહ-સૂચનો સાંભળતો તથા પોતાને યોગ્ય લાગે એ સૂચનો અમલમાં મૂકતો. હાલ અશ્વિન સલાહ-સૂચનો સાંભળવા તૈયાર જ ન હતો. સહનશક્તિ ઓછી થઈ ગઈ હતી.

***શારીરિક લક્ષણો :*** ઉપરોક્ત વર્ણવેલ લક્ષણો - ભૂખ ઓછી લાગવી, વજન ઘટી જવું, નબળાઈ, અશક્તિ લાગવી ઉપરાંત અશ્વિનને વારંવાર માથાનો દુઃખાવો થતો હતો. માથાનો એમ.આર.આઈ. નોર્મલ હતો. શારીરિક શ્રમ કે પ્રવૃત્તિ કર્યા વગર થાક અને નબળાઈ લાગતા હતા. ઘણી વખત ચક્કર જેવું લાગતું હતું.

***ઊંઘ :*** રાત્રે વ્યવસ્થિત ઊંઘ આવતી ન હતી. ઊંઘમાં ખલેલ પડતી હતી. સવારે ઊઠવાનું મન ન થતું. પરાણે ઉઠવું પડતું હતું. તાજગીભરી, સ્ફૂર્તિદાયક ઊંઘ આવતી ન હતી. દિવસના ઊંઘ આવતી હતી. રજાના દિવસે બપોરના અચૂક ઊંઘ આવતી હતી. જે પહેલા અશ્વિનની આદત ન હતી.

- **નિદાન :**

અશ્વિનનો કેસ કિશોરાવસ્થામાં હતાશાની બીમારી (Adolescence Depressive Disorder)નો કેસ છે. જેમાં

***(૧) મનના લક્ષણો :*** (અ) ભણવામાં ક્ષમતા પ્રમાણે પરિણામ ન મળવું, (બ) એકાગ્રતાનો અભાવ, (ક) ચીડિયાપણું, (ડ) મનગમતી પ્રવૃત્તિમાંથી રસ ઊડી જવો.

***(૨) શરીરના લક્ષણો :*** (અ) વજન ઘટી જવું, (બ) ભૂખ ઓછી લાગવી, (ક) થાક, નબળાઈ લાગવી, (ડ) ઊંઘમાં ખલેલ, (ઈ) માથાનો દુઃખાવો.

અશ્વિનમાં મનના તથા શરીરના ઉપરોક્ત લક્ષણો હતા.

વૈદ્યકીય તપાસ નોર્મલ હતી.

લેબોરેટરી, એક્સ-રે, સોનોગ્રાફી, એમ.આર.આઈ. સ્કેન નોર્મલ હતા.

ઉપરોક્ત ત્રણેય મુદ્દાઓને લીધે નિદાન શક્ય બન્યું.

- **હતાશાની બીમારી તરફ ધકેલનારા પરિબળો :**

**૧. અનુવાંશિક પરિબળ (Genetic) :**

અશ્વિનના કાકાને હતાશાની બીમારી થયેલ. જેની મનોચિકિત્સક પાસે સારવાર કરાવેલ. અત્યારે કાકાની તબિયત નોર્મલ છે અને દવાઓ બંધ છે.

અશ્વિનમાં અનુવાંશિક રીતે અન્ય વ્યક્તિઓના પ્રમાણમાં હતાશાની બીમારી થવાની શક્યતા વધારે છે.

**(૨) સામાજિક પરિબળ :**

**(અ)** અશ્વિનમાં બીમારીના લક્ષણો શરૂ થયા એના ચારેક મહિના પહેલાં અશ્વિનના દાદાનું અવસાન થયેલ. અશ્વિનના દાદા જોડે લાગણીભર્યા, હૂંફના સંબંધો હતા. દાદાના અવસાનની અશ્વિનના સંવેદનશીલ મન પર ઊંડી અસર થયેલ. બે વર્ષ બાદ પણ દાદા વિષે અશ્વિન સાથે એક સેશનમાં વાત કરતા અશ્વિનની આંખમાં આંસુ આવી ગયા હતા.

**(બ)** અશ્વિનને તકલીફની શરૂઆત થઈ એના બે-એક મહિના પહેલાં એના ખાસ મિત્રને કાર અકસ્માત થયો હતો. જેમાં મિત્રના મગજ પર ઈજા થઈ હતી. મિત્ર બે-એક દિવસ બેશુદ્ધ રહ્યો હતો. પગમાં ફ્રેક્ચર પણ થયું હતું. ધીમે ધીમે મિત્રની તબિયત સારી થતી ગઈ. આ પ્રસંગનો પણ અશ્વિનના મન પર આઘાત લાગેલ.

અનુવાંશિક પરિબળ તથા સામાજિક પરિબળોનો સમન્વય થતાં જ્ઞાનતંતુમાં ન્યુરોટ્રાન્સમિટરની માત્રામાં ફેરફારો થાય છે તથા હતાશાની બીમારીના લક્ષણો જોવા મળે છે.

- **સારવાર :**

**(૧) કાઉન્સેલિંગ :** અશ્વિન જોડે નિખાલસપણે ચર્ચા કરી. કોગ્નિટીવ બિહેવિયર થેરાપી (Cognitive Behaviour Therapy)ની અલગ અલગ પદ્ધતિઓ અપનાવી.

અશ્વિનને સ્કૂલના સમય બાદ બાહ્ય રમતમાં રસ લેવા પ્રોત્સાહિત કર્યા. મિત્રોને બોલાવી મમ્મીએ આગળ પડતો ભાગ લઈ અશ્વિનને રમત માટે મેદાનમાં મોકલવાની શરૂઆત કરી. શરૂઆતમાં અશ્વિન ના પાડતો પરંતુ મમ્મી તથા મિત્રો મક્કમ રહેતા અશ્વિને સહકાર આપ્યો. બહાર રમત રમી આવ્યા બાદ અશ્વિનને સારું લાગતું.

મમ્મીએ ઘરના કુટુંબીજનોની એક પીકનિકનું આયોજન કર્યું. પીકનિકના આયોજનમાં અશ્વિન મુખ્ય જવાબદાર વ્યક્તિ રહે એ રીતે ગોઠવ્યું. દરેક નિર્ણય અશ્વિનની હાજરીમાં લેવાતો તથા એને પૂછીને લેવાતો. અશ્વિને ફોન કરીને આખો કાર્યક્રમ શરૂઆતથી અંત સુધીનો બધાને જણાવ્યો. કોઈને પણ પીકનિક વિષેની માહિતી જોઈતી હોય તો અશ્વિન પાસેથી મેળવવાની રહેતી. અશ્વિને સાથ સહકાર આપ્યો.

આ પ્રકારના અન્ય બે કાર્યક્રમોનું આયોજન અશ્વિને કર્યું. કાર્યક્રમ સફળ થયા. બધો જ જશ અશ્વિનને મળ્યો. આથી અશ્વિનના આત્મવિશ્વાસમાં વધારો થયો.

- **દવાઓ :**

હતાશા પ્રતિરોધક દવાઓ શરૂ કરી. હતાશાની બીમારીમાં મગજમાં આવેલા મનના અવયવોમાં (લિમ્બિક સિસ્ટમ, એમીગડેલા, હાઈપોથેલામસ, હિપ્પોકેમ્પસ વગેરેમાં) ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં ફેરફારો થાય છે. ઉપરોક્ત દવાઓથી આ ફેરફારો નોર્મલ થાય છે. નિયમિત વ્યવસ્થિત દવાઓ લેવાથી અશ્વિનમાં ધીમે ધીમે સુધારો થયો.

ત્રણ મહિનાની સારવારમાં તો નોંધપાત્ર સુધારો થયો. અભ્યાસમાં મન લાગવા માંડ્યું. એકાગ્રતામાં વધારો થયો. ગ્રહણશક્તિ વધી. બીજી યુનિટ ટેસ્ટમાં અશ્વિન બધા વિષયોમાં પાસ થયો તથા ૬૦% ગુણાંક મળ્યા. આથી આત્મવિશ્વાસમાં વધારો થયો.

કિશોરો / કિશોરીઓમાં હતાશાની બીમારી વિષે ઊંડાણમાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ પોતાના પુસ્તક આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણ (International Classification of Disease – 10th Edition)માં કર્યું છે. આવતા લેખમાં એ વિષે જાણકારી મેળવીશું.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા',*
*એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*દરેક સુથાર જાણે છે કે કરવત મૂકવા અંગેનો સોનેરી નિયમ એ છે કે બે વાર માપીને એક વાર વહેરવું. બોલવા અંગેનો સોનેરી નિયમ પણ એ જ છે.*

# એક માનો પશ્ચાતાપ

• ડૉ. ઊર્મિલા શાહ •

'અરે આવું સ્મિતા? આ શું કરવા માંડ્યું છે?'

'આ પુનિતાને જમાડું છું... એને સ્કૂલનો ટાઈમ થયો ને! હમણાં રિક્ષાવાળો આવી જાય ને પાછો! પણ કાકી તમે ક્યાંથી અત્યારમાં? આવો ને...!'

'ના, ના. તું તારે જમાડ બાઈ... તું કંઈ મારા જેવી નવરી ઓછી જ છે... આ તો આજે અગિયારસ છે એટલે મંદિરે દર્શન કરવા ગઈ હતી તે વળતાં મને થયું કે લાવ બહુ દિવસથી તને જોઈ નથી તે ડોકિયું કરતી જાઉં! આજે તો ઉપવાસ છે એટલે અત્યારે બહુ કામ આમેય હતું નહીં... મંદિરમાં પેલાં ગંગાબા મળ્યા... એમનાં ખબરઅંતર પૂછ્યાં... ને બે ઘડીક બેઠાં. બહુ વખતે મળ્યાં ને! ને પછી પાછી વળતાં વળી તું યાદ આવી ગઈ.... કેમ છે રજ્જુ... ઑફિસે ગયો હશે નહીં! ને તારો દીકરો! શું એનું નામ? મૂઈ મને તો નામેય યાદ રહેતાં નથી...'

'દર્શન.'

'હા, હા... લે અલી બાઈ, ભગવાનનાં દર્શન યાદ રહે છે પણ તારા દીકરાનું નામ જ દર્શન છે તે યાદ નથી રહેતું. અને આ પુનિતા, નહીં? હવે તો મોટી થઈ... દર્શન ક્યાં ગયો?'

'એને વહેલી સ્કૂલ હોય છે કાકી... એટલે એને તો બપોરે આવીને જમવાનું છે પણ પુનિતાને અગિયાર વાગ્યાની સ્કૂલ. એટલે એનું મારે વધારે ધ્યાન રાખવું પડે. સવા દસે તો રિક્ષાવાળો આવી જ જાય... ને એ બરાબર જમે નહીં એટલે પાસે બેસી જમાડવી પડે... નહીં તો પાછી ભૂખી સ્કૂલમાં જાય... એટલે હું જમાડવા બેઠી છું...'

'આ તમે બધાં હવે છોકરાંની પળોજણમાંથી જ ઊંચાં આવતાં નથી... અમારે તો છ છ છોકરાં મોટાં થયાં... ક્યાંય ક્યારેય કોઈનેય અમે તો જમાડ્યાં નથી. અસલ તો બધાંય એક જ નિશાળમાં હોય ને બધાંયનો એક જ ટાઈમ હોય... દસ વાગે એટલે બધાને રસોડામાં જ થાળી દઈ બેસાડી દઉં... ને ફટાફટ રોટલી ઉતારતી જાઉં... વારાફરતી એક એકના ભાણામાં રોટલી પડતી જાય ને છોકરાં ખાતાં જાય... અરે! ક્યારેક તો હું પહોંચીય ન વળું તેવું થઈ જાય. અમારે છોકરાને ખવડાવવા ક્યારેય બેસવું પડતું ન હતું. અમારા વખતમાં મારી બાઈ ક્યાં તમારા જેવું હતું! સવારથી ઊઠી બધું કામ હાથે ને છ છ છોકરાં આમ તમારી જેમ એક છોકરાને ખવડાવવા પાછળ અડધો કલાક કાઢીએ તો બાકીના પાંચ તો બિચારાં ભૂખ્યાં જ નિશાળે જાય ને! અમારાં તો છોકરાંય એવા ડાહ્યાં હતાં, ક્યાં મોટાં થઈ ગયાં તે અમને ખબરેય પડી નથી. સવાસોરિયાં હતાં પણ સવારનાં એક વાર નવડાવી - ધોવડાવી દીધાં એટલે પછી છુટ્ટાં. ને ભણાવવાનુંય વળી કેવું! દફતર આપી સ્કૂલમાં મોકલ્યાં હોય ને ઘેર આવીને દફતર મૂકે તે બીજે દિવસે સ્કૂલમાં જતાં જ દફતર હાથમાં લે ને તોય એક્કેય બુદ્ધુ રહ્યાં છે? આ તમે બધાં તો અત્યારના વખતમાં છોકરાંમાંથી જ ઊંચાં આવતાં નથીને! મારે છ છ વહુઓ છે પણ કોઈનુંય કંઈ કામ હોય તો એક કહેશે 'મારા પીન્ટુને આજે ક્લાસ છે... એને લેવા-મૂકવા જવાનું છે. મને નહીં ફાવે.' તો બીજી કહેશે, 'મારે અનિસને ભણાવવાનો છે. કાલે એની ટેસ્ટ છે.' તો વળી ત્રીજી કહેશે, 'બા, કાલે તો મારે કિટી પાર્ટી છે.' બધાંને જ કંઈ ને કંઈ હોય. કોઈને નવરાશ જ ક્યાં હોય છે! સારું છે ભગવાને હજી મારા હાથ પગ સલામત રાખ્યા છે ને બધું મારી જાતે કરી શકું છું. લે તારે હું જઉં. પાછી તારે પુનિતાને સ્કૂલનું મોડું થશે...' ને એમ કહેતાં કાકી ઊઠ્યાં.

પણ કાકીની આ વાતે મારા મનને ઉશ્કેર્યું હતું. કાકીના આવ્યા પહેલા એવી સરસ રીતે વાર્તા કહેતી હું પુનિતાને જમાડતી હતી, પણ કાકી આવ્યાં એટલે સાહજિક રીતે જ એમની સાથે વાત કરવી પડે. વડીલ છે ને! અને એટલે પુનિતાની વાર્તામાં તો ભંગ પડ્યો જ, પણ એને પૂરું જમાડી પણ ન શકી. રોજ બે રોટલી ખાય તેને ઠેકાણે એણે આજે માંડ એક રોટલી પૂરી કરી. ને બીજી તો એમને એમ પડી રહી... જેમતેમ તૈયાર કરી, છોકરું છે, તૈયાર થતાં જરા આમતેમ આંટા મારે, હરેફરે રમત કરે, પણ છતાંય મોડું ન થાય એટલે તેને પટાવી પટાવીને ધીરજપૂર્વક તૈયાર કરવી પડે. હું જાણું છું કે છોકરાંઓને ધમકાવીને કામ કરાવી તો શકીએ પણ એનાથી એના મગજ પર જે અસર થાય તેને કારણે તે સ્કૂલમાં આખો દિવસ અસ્વસ્થ રહે, ભણવામાં તેનું ચિત્ત ચોંટે નહીં. ને નહીં તો ક્યારેક એના બહેનની ફરિયાદ પણ આવે કે તેણે આજે સ્કૂલમાં તોફાન કર્યું છે... છોકરાંને

*Sathwara Construction*
**Engineers & Contractors**
C/174, Ambica Krupa Society,
Nr. Someshwar Tenament, Ranip,
Ahmedabad.
**Ph. : (079) 27525366**
**Mobile : 98985 76892**

માનસિક રીતે સ્વસ્થ રાખીને સ્કૂલમાં ન મોકલીએ એટલે એનો આખોય દિવસ બગડે એ હું બરાબર સમજું છું.

પણ કાકીની વાતે મને એવી તો ઉશ્કેરી દીધી કે હું પુનિતા ઉપર ખૂબ ગુસ્સે થઈ ગઈ. મારા મનમાં એક વંટોળ ઊભો થયો.. 'કાકીનાં છ-છ છોકરાં એમની જાતે ખાતાં, જાતે જ તૈયાર થતાં, જાતે જ ભણતાં, ને પુનિતાને કેમ મારે જ બધું કરી આપવું પડે! એને મેં જ બગાડી છે. મારામાં મારો વિશ્વાસ ડગી ગયો... મા તરીકે હું નિષ્ફળ છું એનું મારા મનમાં દુઃખ લાગ્યું ને એ બધો જ ગુસ્સો બિચારી નાદાન નિર્દોષ પુનિતા પર ઠલવાઈ ગયો, તેની પર હું પણ ગુસ્સે થઈ ગઈ.

'હવે તો હું તને જમાડવાની જ નથી. હાથે કેમ ન જમે? આખી જિંદગી કંઈ તને મા જમાડવા આવવાની છે? ખાવું હોય તો ખા નહીં તો ભૂખી સ્કૂલે જા... પછી સ્કૂલમાં ભૂખ લાગશે ત્યારે ખબર પડશે... બૂટ-મોજાં પહેર્યાં કે નહિં? આટલી મોટી થઈ છે પણ હજી કશું જાતે કરે છે જ ક્યાં? ક્યારે શીખશો બધું? આમને આમ 'ઢ' રહેવાની છે...' અને કાકીએ મને એવી તો ઉશ્કેરી હતી કે એ સ્કૂલે જતી પુનિતાને મેં રોજની જેમ એક પપ્પી પણ ન કરી અને વ્હાલથી 'આવજો' પણ ન કર્યું... બિચારી પુનિતા... જતાં જતાં મારી સાડીને છેડો પકડી... 'મા વ્હાલી! મને આવજો કર મા!' કહેતી હતી પણ કાકીના શબ્દો સતત મારા કાને અફળાતા હતા ને હું એટલી અસ્વસ્થ બની ગઈ હતી કે પુનિતાની સામે એકાદ વહાલભરી નજર પણ ન માંડી શકી ને પુનિતા... રિક્ષા દેખાતી બંધ થઈ ત્યાં સુધી જાણે મારી સામે એક વ્હાલભર્યા સ્મિતની અપેક્ષા સાથે જોતી જ રહી. જોતી જ રહી. એને સ્કૂલે જવા વિદાય કરીને હું ઘરમાં આવી કામે લાગી પણ મારું મન આજે સખત અસ્વસ્થ હતું. મને થયું, આના કરતાં તો કાકી આજે ન આવ્યાં હોત તો સારું થાત... વડીલ છે, એમને મારે માટે લાગણી છે અને એટલે મારી ખબર લેવા આ ઉંમરે ય ચાહીને આવ્યાં... પણ છોકરાંની સ્કૂલના જ ટાઈમે આમ કોઈ ગમે ત્યારે ટપકી પડે છે ત્યારે મારું બધું જ કામ ડિસ્ટર્બ થઈ જાય છે. આપણે ત્યાં મન ફાવે ત્યારે, સામાનો વિચાર સુદ્ધાં કર્યા વિના આમ ટપકી પડવાની ટેવ બહુ જ વિચિત્ર છે. એનાથી કેટકેટલી મુશ્કેલી ઊભી થાય છે! ને તેમાં બાકી હોય તેમ ટીકા અને ચર્ચા કરી મનને ઉશ્કેરે ને એને કારણે આપણાથી છોકરાની ઉપેક્ષા થઈ જાય. આપણો ને છોકરાનો બધાંનો આખો દિવસ બગડે... ને મને મનોમન ખૂબ પસ્તાવો થયો. મારા મનને સ્વસ્થ કરવા હું પૂજાના રૂમમાં ગઈ ને મેં ભગવાન પાસે બેસી પ્રાર્થના કરી, 'હે ભગવાન! આજે મારાથી પુનિતાને ભારે અન્યાય થઈ ગયો છે. તું મને માફ કર. હું ખૂબ નાસીપાસ થઈ ગઈ હતી. કાકીની વાતથી ઉશ્કેરાઈ ગઈ હતી અને એનો શિકાર મેં પુનિતાને બનાવી. હું તેની પર ખૂબ ગુસ્સે થઈ. મારી બધી જ અકળામણ મેં તેની પર કાઢી. મારા એ ગુસ્સા માટે મને ક્ષમા આપ ભગવાન! મેં પાડેલા ઘાંટા, મારી અકળામણ, મેં આપેલા ઠપકાને, મેં મારેલી લપડાક માટે મને માફ કર ભગવાન! મેં ધીરજ ગુમાવીને તેને ઘાંટા પાડ્યા હતા તેનો મને ખૂબ પસ્તાવો થાય છે. મને મારા એ વર્તન માટે શરમ આવે છે. ભારોભાર પશ્ચાતાપ થાય છે. મને થાય છે ક્યારે પુનિતા સ્કૂલેથી પાછી ફરે ને હું તેને પગે પડીને માફી માંગું! છેક જતાં સુધી તેણે મારા તરફથી વહાલની અપેક્ષાએ કેવી મીટ માંડી હતી ને છતાંય એ નિર્દોષ ખીલતી કળીને જોઈ મારું પથ્થર હૃદય સહેજેય પીગળ્યું નહિં! મારા અંતરમાં રહેલા દેવ! ત્યારે તમે ક્યાં ખોવાઈ ગયા હતા. મને મારા જ પોતાના બાળક તરફ દાનવની જેમ વર્તન કરતી તમે કેમ ન રોકી? હું મારી આ ભૂલને ક્યારેય નહીં ભૂલી શકું. મારી જાતને ક્યારેય માફ નહીં કરી શકું. મને હજી તેની આંખમાં રહેલી બીક દેખાય છે. એની ગભરાટભરી આંખો મારી નજર આગળથી હજી ખસતી નથી. મને હજી તેની આંખનાં એ આંસુ દેખાય છે. ને મને ખુશ કરવા મારી આસપાસ એ મથતી જાણે મારી નજર આગળ તરવરે છે. એને કારણે જ જાણે હું તેની પર ગુસ્સે થઈ હોઉં ને એ ગુનેગાર હોય એવી એની લાગણી હજી અત્યારે જાણે એના મોં પર મને દેખાય છે ને મારું અંતર મને જ પૂછે છે... 'શું એમાં એનો વાંક હતો?' હે ભગવાન! બાળકની આ નિરાધાર પરિસ્થિતિની મને ખૂબ કરુણા ઉપજે છે. મા-બાપ પર તેને કેટલો બધો આધાર રાખવો પડે છે! ખુદ મા જ માનવમાંથી દાનવ બની એ નિર્દોષ બાળક પર અત્યાચાર કરે છે ત્યારે તે કેવું નિઃસહાય બની જાય છે!

અને છતાંય એના હૃદયની વિશાળતા! કેટલું બધું વિશાળ એનું દિલ છે. ક્ષણવારમાં તો મારાં એ બધાં જ વર્તનને ભૂલી જાય છે... મને માફ કરી દે છે ને મને વ્હાલ કરે છે. મને ગળે વળગે છે ને મને પ્રેમથી ચુંબન કરે છે. એની એ નિર્દોષ આંખોમાં ભગવાન! મને સાક્ષાત્ તારાં દર્શન થાય છે. ઈશ્વરે બાળકને આ કેટલી મોટી ભેટ આપી છે!

બધું જ ભૂલી જઈ શકે છે ને ઘડીવારમાં તો પાછું તેનું હૃદય પ્રેમથી છલકાઈ જાય છે. હે ભગવાન! તેં મારામાં વિશ્વાસ મૂકી મને આપેલી આ મહામૂલી ભેટને હું યોગ્ય રીતે સાચવી નથી શકતી તેનું મને પારાવાર દુઃખ છે, પણ મારી તને એક જ અરજ છે કે મને તું અપાર ધીરજ આપ. એવો ભરપૂર પ્રેમ આપ કે ફરીવાર હું ભૂલ ન કરું... મને માફ કર ભગવાન!!

*૨૪, પાર્થ બંગ્લોઝ,*
*એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪*


આપણા વડીલોનો વારસો
# શુધ્ધ કાંસાના વાસણ

પ્રાપ્તિ સ્થાન :
**પારસ મેટલ વર્ક્સ**
૯૦, કંસારા ચાલ,
કાલબાદેવી રોડ, મુંબઈ-૨.
ફોન : ૨૨૪૨૧૫૯૧, ૨૨૪૨૨૮૬૮

## સત્કર્મ, કરુણા અને કર્તવ્યપરાયણતાના ત્રિવેણી સંગમસમા

# કવિવર શ્રી ચંદ્રવદન મહેતા (સારસ)

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •



**શ્રી ચંદ્રવદન મહેતા "સારસ"**

માનવી કોઈ એક દિશામાં પુરુષાર્થ કરતો જ રહે અને તેને સફળતા સાંપડે તેવું જોવા મળ્યું છે. વાંચવા સાંભળવા પણ મળતું રહ્યું છે. કિંતુ એક કરતાં વધુ વિષયો કે બાબતોને સિધ્ધ કરવા, હસ્તગત કરવા, માનવી પ્રયત્ન કરતો રહે અને સફળતા મળતી જ રહે તે સમાજમાં મુઠ્ઠી ઊંચેરો અવશ્ય કહેવાય. ભાગ્યશાળી પણ કહેવાય અને એવું પણ જણાય કે આ વ્યક્તિનો જન્મ સમાજની સેવા શુશ્રૂષા કે સમાજના વિકાસ માટે જ થયેલો છે. આવું કંઈક આગવું કાર્ય ભાઈ શ્રી ચંદ્રવદનભાઈ મહેતા પાસે કરાવવા કુદરત સંકલ્પબધ્ધ હોય એવું મને જણાય છે. તેઓ કવિ 'સારસ', 'સી.જી. માથુર', 'રઘુનંદન શર્મા', 'અળવીતરો' આદિ ઉપનામે પણ લખે છે. તેમના ખાસ તો કચ્છી ગુજરાતી કાવ્યો તથા 'બીમારી અંગેના કચ્છી શબ્દો' પ્રકાશિત થશે.

તેમનો જન્મ માંડવી (કચ્છ)માં ૮મી માર્ચ, ૧૯૪૩ના રોજ થયો. જ્ઞાતિએ માથુર (કાયસ્થ) છે. ગુંદાલામાં પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ હાઈસ્કૂલનું શિક્ષણ શ્રી આર.ડી. હાઈસ્કૂલ - મુંદ્રા, ગાંધી વિદ્યાલય - પત્રી તથા ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં લીધા બાદ ઉચ્ચ શિક્ષણ કહેતાં તે ભુજની આર.આર. લાલન કૉલેજ તથા એસ.વી. આર્ટસ કૉલેજ - માંડવીમાંથી લીધું.

ઈ.સ. ૧૯૬૪માં જી.એસ.આર.ટી.સી., સંક્ષિપ્તમાં એસ.ટી.માં ક્લાર્ક કમ કેશિયર તરીકે જોડાયા. આ નોકરી દરમ્યાન તેઓએ માંડવી - ભુજ - નલિયા - નખત્રાણા આદિ સ્થળોએ સેવા આપી. તા. ૩૧-૧૨-૧૯૯૯ના રોજ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી. સર્વિસ દરમ્યાન વિવિધ સ્થળોએ સાહિત્ય સેવાની પ્રવૃત્તિને અગ્ર સ્થાન આપતા રહ્યા. પિતાશ્રી ગુલાબરાય લક્ષ્મીદાસ મહેતા - મુંદ્રા તાલુકાના ગુંદાલા ગામમાં શાળાના મુખ્ય શિક્ષક હતા. સ્થાનિક ટપાલની જવાબદારી તેમના શિરે રહેતી. આ ટપાલો પરની ટિકિટોની વિવિધતાથી તેમને કુતૂહલ થતું. ૧૨ વર્ષની વયથી તેમને ટપાલ ટિકિટ સંગ્રહનો શોખ વિસ્તરતો જ રહ્યો. તેમના પિતાશ્રીને પણ આ શોખ હતો. તેમનો સિક્કા સંગ્રહનો શોખ પણ અગ્રસ્થાને રહ્યો છે. તો કચ્છી સાહિત્યના પ્રાચીન પુસ્તકોનો પણ સારો એવો સંગ્રહ ધરાવે છે. તેમનો આ ક્ષેત્રે વનમેન-શો ઈ.સ. ૧૯૮૨માં વિજયરાજજી લાઈબ્રેરી - ભુજમાં, ત્યારબાદ કોઠારા અને મુંદ્રામાં યોજાયા હતા. ભાઈ શ્રી "સારસ" ઈ.સ. ૨૦૦૯થી "કચ્છ ફિલાટેલિક એસોસિએશન"ના પ્રેસિડેન્ટ છે. પ્રતિ વર્ષ સાતમ-આઠમના મેળાઓ દરમ્યાન લાઈબ્રેરી મધ્યે પ્રદર્શન યોજે છે.

ટપાલ ટિકિટ તથા સિક્કા સંગ્રહની સાથોસાથ અંગ્રેજ શાસન દરમ્યાન જપ્ત થયેલા પુસ્તકો તેમજ એ સમયના વિદ્વાન લેખકોના પુસ્તકોનો અમૂલ્ય સંગ્રહ શ્રી ચંદ્રવદનભાઈ પાસે આજે પણ યથાવત્ જળવાઈ રહ્યો છે. જેમાં દલપતરામ ખખ્ખરનો કચ્છનો ઈતિહાસ, માર્કંડરાય મહેતાના પુસ્તકો, ઝારાના યુધ્ધ વિષેના પુસ્તકો, છગનલાલભાઈ ભવાનીશંકર મહેતાના પુસ્તકો, પંડિત સુખલાલજીના પુસ્તકો મુખ્ય છે. 'જયકચ્છ'નો પ્રથમ અંક, ગાંધીજીનું નવજીવન પ્રથમ અંક, પંડિત જવાલા પ્રસાદજીનું ૧૫૬ વર્ષ જૂનું પુસ્તક 'જાતિ ભાસ્કર' પણ તેમની પાસે છે.

કવિવર સારસને જનહિતના વિચારો અવિરત આવતા રહે છે. રાજકીય અંધાધૂંધી, વ્યસનગ્રસ્ત સમાજ, સમાજમાં બળાત્કાર અને વ્યભિચાર આદિ નિહાળી તેમનું હૃદય સતત દ્રવી જાય છે અને આક્રોશ કલમ દ્વારા વ્યક્ત કરે છે. કચ્છ ઉદય, આવરણ, કચ્છ ઘટના ચક્ર, ફેસ ટુ ફેસ, સ્વબળ આદિમાં તેમના લેખો કાવ્યો સાથે સત્યતા પર આધારિત "સારસના સપાટા" બહુજન હિતાય પ્રગટ થતા રહે છે. તેઓ કહે છે કે, 'જન માનસના સડાને ચાબખા મારવા મા સરસ્વતીની કૃપાથી કલમ ઉપાડી છે. લોકો ખુશ થાય છે અને મને 'આધુનિક અખા'નું બિરૂદ આપે છે. સમાજમાં નવજાગૃતિનું પ્રચંડ મોજું આવે એ જરૂરી છે. સમયની માંગ છે. ઈ.સ. ૨૦૧૧થી "સારસના સપાટા" લોકોને જ્ઞાન સાથે ગમ્મત પ્રદાન કરે છે. આમ તો તા. ૧-૧૨-૨૦૦૪થી 'કચ્છ ઉદય' સાંધ્ય દૈનિકમાં પ્રગટ થતા રહ્યા છે.

શ્રી ચંદ્રવદનભાઈના લેખો, વાર્તાઓ, લઘુ કાવ્યો, નિબંધો આદિ સાહિત્ય કૃતિઓ અવારનવાર રંગતરંગ, ચાંદની, અભિષેક, નિયાંપો, ભવોદધિ, સંસ્કાર દીપિકા, પ્રગતિશીલ શિક્ષણ, કચ્છ ગુર્જરી, ઔદિચ્યબ્રહ્મ સમાજ, ચિંગાર, કચ્છશ્રુતિ, કચ્છ અર્પણ,

*દરેક દિવસ આગલા દિવસની ઝેરોક્સ કોપી ન બની જાય એ જોજો.*

આજકાલ, કચ્છમિત્ર, દિવ્ય ભાસ્કર આદિમાં સ્થાન પામે છે. તેઓ કચ્છ ઈતિહાસ પરિષદ, ગુજરાત ઈતિહાસ પરિષદ તથા કચ્છી સાહિત્ય સભા સાથે સંકળાયેલા છે. તેઓ ભુજની "રવિ" ટોકીઝના નામાર્પણના પ્રથમ વિજેતા રહેવા પામ્યા છે. તેમજ ભુજ મધ્યે મ્યુઝિયમની સામે "સાંધી દાદા-દાદી પાર્ક" નામના પ્રથમ વિજેતા બનવાનું માન સન્માન મેળવી ચૂક્યા છે. નેશનલ સેફ્ટી કાઉન્સિલના સલામતી સૂત્રો સ્પર્ધામાં પ્રથમ સ્થાને વિજયી થયા. ઈ.સ. ૧૯૬૮થી ઈ.સ. ૧૯૭૨ સુધી "નૂતન ગુજરાત"માં "હસે તેનું ઘર વસે" એ તેમની કોલમ લોકભોગ્ય બનવા પામેલી.

ભાઈ શ્રી ચંદ્રવદન મહેતાએ નાની મોટી અનેક સંસ્થાઓની કચ્છમાં સ્થાપના કરી સાહિત્ય પ્રેમીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. લોકોને સાહિત્યમાં રસ લેતા કરવા બીડું ઝડપ્યું છે. એસ.ટી.ની સર્વિસ દરમ્યાન માંડવી મધ્યે ઈ.સ. ૧૯૬૫માં બદલી થતા તેમણે "કલરવ" તથા કચ્છી સાહિત્ય સભાની સ્થાપના ઈ.સ. ૧૯૭૫માં કરી. ઈ.સ. ૧૯૭૯માં ભુજમાં "ફિલાટેલિક એસોસિએશન" સાથે સંકળાયા. ઈ.સ. ૧૯૮૪માં નલિયા બદલી થઈ ત્યારે કવિ 'તેજ'ના કાર્યક્રમનું સંચાલન કરતા. તેમના પુસ્તકોની પ્રસ્તાવના તૈયાર કરતા. ઈ.સ. ૧૯૯૯માં નિવૃત્તિ બાદ ભુજમાં તા. ૩-૧૨-૨૦૦૦ના રોજ "કાર્ટુનિસ્ટ સોસાયટી ઓફ કચ્છ"ની સ્થાપના કરી. તેઓ ઈ.સ. ૧૯૯૭થી કાર્ટુનો પ્રસારિત કરતા રહ્યા. કચ્છની ધરતી પર તેમનો પ્રથમ કાર્ટુન સંગ્રહ "સારસનો કાર્ટુન સંસાર"નું વિમોચન સુવિખ્યાત કાર્ટુનિસ્ટ શ્રી એ.એચ. જામીના વરદ્ હસ્તે તા. ૮-૪-૨૦૦૮ના રોજ ભુજના કબીર મંદિરમાં મહંત શ્રી કિશોરદાસજી સાહેબ કબીરપંથીના સાનિધ્યમાં થયું. સને ૧૯૯૭થી "કાયસ્થ જ્ઞાતિ સમાચાર પત્રિકા", ઈ.સ. ૨૦૦૭ સુધી ભુજથી પ્રગટ કરતા રહ્યા. જ્ઞાતિજનોની ટેલિફોન ડિરેક્ટરી તૈયાર કરીને જ્ઞાતિજનોને ભેટ ધરી તા. ૩-૧૨-૨૦૦૮ના રોજ વરિષ્ઠો માટેની "હાસ્ય ક્લબ" ભુજમાં દાદા-દાદી પાર્કમાં સ્થાપી. આજે તો માંડવી, અંજાર, આદિપુર આદિમાં હાસ્ય ક્લબો શરૂ કરવામાં સારસનો સિંહફાળો છે. તા. ૧૭-૭-૨૦૦૬ના રોજ ભુજમાં સાંધી દાદા-દાદી પાર્કમાં વરિષ્ઠ કવિઓની સંસ્થા "સાંધ્યદીપ"નાં સ્થાપક સભ્ય બનવાનો તેમને લ્હાવો મળ્યો.

ઈ.સ. ૧૯૫૭માં "ઝગમગ"માં તેમનું પ્રથમ કાવ્ય પ્રગટ થયું ત્યારથી તેઓ લખતા રહ્યા છે. કચ્છના લેખકો, કલાકારો, સમાજ સેવકોના સરનામા ધરાવતી પુસ્તિકા "સંપર્ક" ઈ.સ. ૧૯૮૦માં પ્રગટ કરી. તા. ૮-૪-૨૦૦૩ના રોજ "મારી ગુજરાતી વાર્તાઓ" વાર્તા સંગ્રહ પ્રગટ કર્યો. નલિયામાં "રામારણ્ય - રામવાડા પરિચય" નામની પુસ્તિકા પ્રગટ કરી. તા. ૮-૪-૨૦૦૮ના રોજ "એસ.ટી.માં બનતા રમૂજી બનાવો" નામની પુસ્તિકા પ્રગટ કરી. શ્રી સારસે ઈ.સ. ૨૦૦૫માં "સખીગીતો" લખેલા. જેનું વિમોચન તા. ૮-૪-૨૦૧૨માં થયેલું. કવિવર સારસના સાહિત્ય ખેડાણમાં તેમના પરિવારજનોનું મહા યોગદાન છે. "માથુર મ્યુઝિયમ" બનાવવાનું તેમનું એક અદ્ભુત સ્વપ્ન છે. જેથી તેમના સંગ્રહો તેમજ કચ્છી ગુજરાતી પ્રાચીન પુસ્તકો સચવાઈ રહે.

ભુજ શહેરના નગર સ્થાપના દિવસની પ્રથમ ઉજવણી તા. ૯-૧૨-૧૯૮૩ના થઈ. આ ઉજવણી સમિતિના પ્રથમ મંત્રી તરીકેનું સ્થાન કવિવર શ્રી ચંદ્રવદન મહેતાને પ્રાપ્ત થયું. નવોદિતોની કલમ મજબૂત બનાવવા તેમના સ્તુત્ય પ્રયત્નો તથા અતિ સ્નેહાળ સ્વભાવમાં સ્નેહીજનોને કે કોઈપણ વ્યક્તિને મદદગાર બનવાની તેમની કર્તવ્યપરાયણતાને બિરદાવીએ.

*સંસ્કારનગર, ભુજ, કચ્છ.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## કચ્છના ઈતિહાસના લેખન સંદર્ભે

**(અનુસંધાન : પાના નંબર-૩૯ ઉપરથી ચાલુ)**

સ્વતંત્રતા પછી જે વિકાસ થયો છે તેનો આંકડાકીય ઈતિહાસ વેરવિખેર છે. તે પણ વ્યવસ્થિત થાય તે જરૂરી છે. સાથે તુલનાત્મક ઈતિહાસ પણ ધ્યાન માગે છે.

ટૂંકમાં, ઈતિહાસ લેખન ખૂબ મહેનત માગે છે. જલદી થાય તેવું કાર્ય નથી. ઉતાવળે પણ ન થઈ શકે. તે માટે એક વ્યવસ્થિત સંસ્થા સ્થાપવી જરૂરી છે. તે માટે વ્યવસ્થિત નાણાંભંડોળ ઊભું કરવું જોઈએ. ઈતિહાસ લખવો જોઈએ, નિષ્ણાતોની ટીમ બનાવવી જોઈએ. તેમની શાસ્ત્રીયતાનું પણ મોનીટરિંગ કરવા અલગ ટીમ હોય, આ કામ સતત ચાલતું રહે, તેમજ તેમને પૂર્ણ સ્વતંત્રતા અપાય. વહીવટ કદી નિષ્ણાતોને ખલેલ ન પહોંચાડે તે જોવાનું રહે. અત્યારે જેમ 'વિશ્વકોશ ટ્રસ્ટ' ચાલે છે, તેમ 'કચ્છ ઈતિહાસ ટ્રસ્ટ'ની જરૂર છે જેમાં નિષ્ણાતો જ મહત્ત્વના રહે. નાણાં આપનારાના ખ્યાલો અને પૂર્વગ્રહોનો તેમના પર જરા પણ પ્રભાવ અને દબાણ ન હોય!

પણ આ કાર્ય અતિ મહત્ત્વનું છે. ખૂબ ઝડપથી તે શરૂ કરવાની જરૂર છે. યુનિવર્સિટી કે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ જેવી સંસ્થાઓએ આ કામ ઉપાડ્યું છે તે ખૂબ જ આનંદનો વિષય છે. તેને વ્યવસ્થિત સંસ્થાકીય સ્વરૂપ આપી લાંબાગાળા માટે તે સ્વતંત્ર રીતે ચાલે તેવી વ્યવસ્થા કરવાની છે. કામ કરવાનું પૂર્ણ સ્વાતંત્ર્ય અને ઈતિહાસ લેખનમાં પૂરેપૂરી તટસ્થતા - તેનો પાયો બને. વ્યક્તિગત રાગદ્વેષને તેમાં જરા પણ પ્રવેશ ન મળે. જેથી ઈતિહાસ વિકૃત થતો અટકે.

આ બધા મુદ્દાઓ સાથે કામ આગળ વધે તેવું ઈચ્છીએ. આ બાબતોની જાહેર માધ્યમોમાં વ્યાપક ચર્ચાઓ થતી રહે તો અતિ ઉત્તમ.

*ન્યુ મિન્ટ રોડ, ભુજ,*
*કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

Aristo™ STAINLESS STEEL

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

## બાલુડેં જયું ગાલિયું



**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

### બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે ફ્લેટ મેં જયંતીકાકા રેંતા ઇ કનતે બર્નોલ જો થપેડો ક્યાં અંઈ. સે અનીંજો કન કીં બરે વ્યો આય સે જરા તપાસ કરેને ચોજ ભલા...

બચુડો : (તપાસ કરેનેં ચે) જયંતીકાકા પંઢજે કપડેં કે ઈસ્ત્રી ક્યાંતે તડેં બાજુમેં ફોન પ્યોવો અનજી ઘંટડી વગી ને જયંતીકાકા ફોન ખણેજે ભધલે ઈસ્ત્રી ખણેંને હલ્લો ચ્યાં અતરે મેં કન બરેવ્યો. તેંમેં બર્નોલ લગાયને ફરેંતા.

### ખિલજા મ ભલા

જતીન : (જીતેનને) રમીલાએ રમેશનું માથુ ભાંગ્યું અને હાથેપગે ફ્રેક્ચર પણ થયા. પણ એમાં તું કેમ આટલો બધો ખુશ થાય છે?

જીતેન : વીસ વર્ષ પહેલા એણે મારું હૃદય ભાંગ્યું હતું.

☺ ☺ ☺ ☺ ☺

રમા : અલી તારો પતિ જબરો ધૈર્યવાન છે. લગ્ન થયા ત્રણ મહિના થયા તો પણ હજી તારી વાતો ધ્યાનથી સાંભળે છે.

તારા : એવું નથી. એ તો બહેરા છે પણ મને એની ખબર હમણાં પડી... મારી વાતોમાં એમને બોલવાનો ચાન્સ જ નહોતો આપ્યો.

☺ ☺ ☺ ☺ ☺

ગોપાલ : તમારી ભેંસ રોજનું કેટલું દૂધ આપે છે?

જગાજી : પંદર લીટર.

ગોપાલ : તું રોજનું કેટલું દૂધ વેચે છે?

જગાજી : વીસ લીટર.

ગોપાલ : એમાં ખબર ન પડી.

જગાજી : એ તો મારા ધંધાનું સિક્રેટ છે.

☺ ☺ ☺ ☺ ☺

શેઠ : (રેડિયો રીપેર કરનારને) મેં તો તને નથી બોલાવ્યો. મારે રીપેર પણ નથી કરાવવો.

મિકેનિક : બાજુવાળાએ બોલાવ્યો છે અને રીપેરિંગનો ચાર્જ પણ તેઓ જ આપવાના છે.

☺ ☺ ☺ ☺ ☺

મોહન : ગઈકાલે રાત્રે તું મોડો ઘેર ગયો ત્યારે તારી શિક્ષિકા પત્નીએ તને સારું ભાષણ આપ્યું હશે નહીં?

સોહન : ના યાર... ભાષણને બદલે તેણે મને "હવે રોજ રાત્રે આઠ વાગે ઘરે આવી જઈશ" એ વાક્ય બસ્સો વખત લખવાનું કહ્યું.

☺ ☺ ☺ ☺ ☺

વક્તા : (એક સભામાં) અહીં દારૂ કોણ પીએ છે?

એક શ્રોતા : આ તપાસ છે કે આમંત્રણ, એનો ખુલાસો કરો... પછી બધા જવાબ આપશે.

☺ ☺ ☺ ☺ ☺

પપ્પા : (પુત્રને) તું તારી મમ્મી કહે એ પ્રમાણે કેમ કરતો નથી?

પુત્ર : એટલે મારે પણ બધી વાતમાં હા માં હા જ પુરાવવાની?

☺ ☺ ☺ ☺ ☺

રામજી : કેમ વેપાર ધંધા કેવા ચાલે છે?

શામજી : બહુ સરસ. આજે બપોર સુધીમાં વીસ મોટર, પાંચ વિમાન, સાત હેલિકોપ્ટર અને ચાર ખટારા વેચ્યા.

રામજી : બહુ સરસ. આવા મોટા વેપારમાં નફો પણ સારો હશે. તમે તો કરોડપતિ થઈ ગયા હશો!

શામજી : એ તો ખબર નથી. બાળકોના રમકડાંના વેચાણમાં એટલો બધો નફો નથી હોતો.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

AMBA SHIPPING AGENCIES

CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

# શ્રી ક.દ.ઓ. જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ

## શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવન

મોતા ફલીયા, નલીયા-૩૭૦ ૬૫૫. તા. : અબડાસા (કચ્છ).
ફોન : (૦૨૮૩૧) ૨૨૨૨૧૫

**હાડકાના તથા અન્ય રોગની નેચરોપથી પધ્ધતિ દ્વારા રોગની સારવાર શિબિર**

**જેમાં હાથપગના દુ:ખાવા, સાઈટીકા,**
**ઘુંટણ કે પીઠનો દુ:ખાવો,**
**કમરનો દુ:ખાવો,**
**હાથ ઊંચોનીચો ના થવો**
**વિગેરે તકલીફો માટે**
**નેચરોપથી દ્વારા સારવાર આપવામાં આવશે.**

## ડૉ. ઉપેન્દ્રકુમાર એસ. શાહ (ND)

(નલીયા - ભાવનગર)
દ્વારા માનદ્ સેવા આપવામાં આવશે.

---

દરેક દર્દીને વિનામૂલ્યે સારવાર તથા જરૂરી દવા આપવામાં આવશે.

**આ કેમ્પ તા. ૧૭-૨-૨૦૧૩થી તા. ૧૬-૩-૨૦૧૩ એક માસ માટે ચાલુ રહેશે.**

સારવાર માટે અગાઉથી રૂબરૂ એપોઈન્ટમેન્ટ લેવાની રહેશે.

---

★ સ્થળ ★

## શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન

જૈન દેરાસર પાસે, મોતા ફળીયા, નલીયા (જીલ્લો : કચ્છ)
સમય : સવારે ૮.૩૦થી ૧૨.૩૦ અને બપોરે ૩.૦૦થી ૭.૦૦

★ સૌજન્ય ★

## શ્રી શાંતિદેવી સેવા સમિતિ

મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

### શ્રી કચ્છી વિશ્રામ ગૃહ

શાહીબાગ ખાતેના શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં રહેવાની બહુ મજા આવી. સ્વચ્છતા, સર્વિસ, સ્ટાફનો વ્યવહાર ખૂબ જ સુંદર અને સરસ છે. કોઈપણ જાતની ફરિયાદ કરવાનો મોકો આપ્યો નથી. નાસ્તા, ચા-પાણી, જમણ વગેરે વ્યવસ્થિત, ઉત્તમ પ્રકારના અને સાત્ત્વિક અપાય છે. ગૃહમાં તૈયાર કરવામાં આવેલ કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ પણ અતિ સુંદર અને મુલાકાતીઓને જ્ઞાનવર્ધકરૂપ છે.


ફરી અમદાવાદ આવીશું ત્યારે અત્રે જણાવેલ ગૃહમાં જ રોકાણ કરીશું.

*વાગડ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ - મુંબઈ વતી*
*રાજેશભાઈ (મો. ૯૮૧૯૯૧૧૯૧૪)*

• • • • •

### શ્રી કચ્છી વિશ્રામ ગૃહ મધ્યે આનંદદાયક રોકાણ

અમારી સ્કૂલના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો મળીને કુલ ૪૮ જણા શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે રાત્રિ રોકાણ કરેલ હતું. ત્યાં કને રહેવાની સારી વ્યવસ્થા થઈ હતી. અમોને એડવાન્સ બુકિંગ પણ ઈ-મેઈલથી કરી આપેલ હતું.




શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં જ "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"ની સુંદર રીતે ગોઠવણી કરેલ છે જે ખૂબ જ રસપ્રદ છે. મ્યુઝિયમ નિહાળતાં કચ્છ અહીં જ છે એવું મહેસૂસ થયેલ હતું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેમજ ભવનના સ્ટાફ વર્ગનો ખૂબ આભાર માનીએ છીએ.

સમાજ ઉત્તરોત્તર પ્રગતિ કરે અને નવા સોપાન સર કરે તેવી શુભેચ્છા.

*રામદેવસિંહ ઝાલા*
*એસ.કે.આર.એમ. સ્કૂલ, માંડવી - કચ્છ*

• • • • •

### શ્રી કચ્છી વિશ્રામ ગૃહ

શ્રી કચ્છ મચ્છોયા આહિર સમાજ સંચાલિત પી.ટી.સી. કોલેજ (આદિપુર)ના તાલીમાર્થી બહેનો તા. ૯-૧-૨૦૧૩થી તા. ૧૦-૧-૨૦૧૩ના એક દિવસ માટે શૈક્ષણિક પ્રવાસ નિમિત્તે રાત્રિ રોકાણ કરેલ હતું. ઓછા ભાડામાં રૂમ, ગરમ પાણી, ચા-કોફી, ગરમ નાસ્તાની સગવડ અમને ખૂબ જ સારી મળી. તે બદલ હું બધા જ સ્ટાફ તથા સંસ્થા તરફથી ખૂબ આભાર માનું છું.

*રીટા એ. પંચાલ*
*શ્રી કચ્છ મચ્છોયા આહિર સમાજ સંચાલિત*
*પી.ટી.સી. કૉલેજ - આદિપુર, કચ્છ*

• • • • •

### મોકૂફ રહેલ કાર્યક્રમ અંગે

"કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ" સેમિનાર અને "કચ્છના સર્વાંગી ઈતિહાસ" પુસ્તકનો વિમોચન કાર્યક્રમ અનિવાર્ય સંજોગોએ મુલત્વી રાખવો પડ્યો તે જાણી મારા દિલના ઉમંગને ઠેસ પહોંચી.

'નિયતિ' બળવાન છે. એમાં આપશ્રી અને આપશ્રીના સક્રિય સાથીઓની ટીમનો કોઈ વાંક નથી જ. નિયતિ નિર્માણાધીન હતું - થયું.

ફરીથી નવા જુસ્સા જોમથી મુલત્વી રહેલ પુરુષાર્થનું ઉદ્‌ઘાટન જલદીથી થાય તેવી મારી ઈચ્છાને વ્યક્ત કરતાં રોકી શકતો નથી.

કોઈપણ કાર્યમાં વિઘ્ન તો આવે જ. પૌરાણિક ધાર્મિક કથાઓ ક્યાં નથી સાંભળી? અને આવા વિઘ્ન નિવારણ માટે પણ નિયતિએ જ ઉપાય પણ બતાવ્યા છે જે આપશ્રી સારી રીતે જાણો છો.

*કાનજી જે. મહેશ્વરી - ગાંધીધામ*

• • • • •

### બ્રહ્માંડ વિષયે લેખ

'મંગલ મંદિર'ના ડિસેમ્બર તથા જાન્યુઆરી અંકમાં શ્રી મુરજીભાઈ ગડાના બ્રહ્માંડ વિષયક લેખો છપાયેલા છે. જો લેખના આરંભે શ્રી મુરજીભાઈનું નામ ન હોત તો આવા લેખો ડૉ. જે.જે. રાવલ અથવા ડૉ. પંકજ જોશી દ્વારા જ લખાયેલ હશે એમ માની લેત.

શ્રી મુરજીભાઈ તત્ત્વજ્ઞાનના તો સારા અભ્યાસી છે તેની ખબર હતી પણ ખગોળશાસ્ત્રનું પણ ઉત્તમ જ્ઞાન ધરાવે છે તેની જાણકારી બંને લેખ વાંચીને મળી. હજુ આગળ પણ લેખમાળા ચાલવાની છે તે જાણીને વધુ આનંદ થયો. ધન્યવાદ મુરજીભાઈ!

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ૭*

**જીવન અને મૃત્યુમાં, સુખ અને દુઃખમાં ઈશ્વર સમાન રીતે વિદ્યમાન છે. સમગ્ર વિશ્વ ઈશ્વરથી જ ભરેલું છે. તમારાં નેત્રો ઉઘાડો અને તેના દર્શન કરો.**

Prakash®
**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकाः ॥

WORK IS WORSHIP

# MA OM PARIVAHAN (P) LTD.

WORK IS WORSHIP

**Chandresh Lodaya : 98502 37317 / 98671 70789**
**Somchand Lodaya : 98671 70794 / 93222 75440**

**SPECIALIST IN HANDLING OF**

- 20' / 40' / 45' EX-IM Containers
- ODC, Heavy Machinery Packages – Shifting - Storage.
- General / Project Cargo Handling – Transportation Loading - Unloading - Warehousing.

**HEAD OFFICE**

A-104, "Sai Classic", Near Palm Acres, Mahatma Phule Road, Mulund (East),
Mumbai-400 081. Tel. : 2163 6403 / 05, 21636399 Telefax : 21636394
E-mail : maom@vsnl.net • somchand@maom.net

**Open & Closed Warehousing Facilities**
**at Dahisar - Mori (Near Sheel Phata)**

Dahisar - Mori Warehouse & Workshop
Ramchandra / Sunil Kadam • Cell : 9867170780 / 81 / 84

# *M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*
*M/s. J. D. Logistics*
*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

**PUNE**
708/18, Bhavani Peth,
Gurunanak Nagar, Pune-411 042
**Ph. : 26434611**

**CHINCHWAD**
128/B, Mohan Nagar, Sanghvi Compound,
Chinchwad, Pune-411 019.
**Ph. : 27471378, 27475167**

**MUMBAI**
Khajurwala Chambers, Gr. Floor, 313/315,
N.N. Street, Mumbai - 400 009.
**Ph. : 23426818, 23448705, 23400597**

| | | | | | |
|---|---|---|---|---|---|
| • **VAPI** | : | (0250) 3244993, 2023291 | • **VASHI** | : | (022) 27889527, 69517538 |
| • **SURAT** | : | (0261) 2367670, 2367287 | • **WAGOLI** | : | (020) 27052309 |
| • **BHIWANDI** | : | (02522) 270194, 271987 | • **FURSUNGI** | : | (020) 26980361 |
| • **ANDHERI** | : | (022) 28509760, 93703 19692 | • **VADGAON MAVAL** | : | (02114) 225629, 9372074359 |

**E-mail : jdtcompany@gmail.com**

# અન્ય સંસ્થાઓના સમાચાર

## એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી દ્વારા આયોજન કચ્છી બોલીનો પ્રથમ વખત રાષ્ટ્રીય સેમિનાર અને વર્કશોપ

ગુજરાત રાજયમાં ગુજરાતી ભાષા રાજયની વહીવટી તેમજ વ્યવહાર માટેની રાજયની ભાષા છે. "ભાષા" સંશોધન અને પ્રકાશન (બરોડા) દ્વારા ૨૦૧૦માં ગુજરાતમાં બોલાતી ભાષા અંગેનું સર્વેક્ષણ (Linguistic Survey) કરવામાં આવેલ હતું. જેમાં ગુજરાત રાજયમાં ગુજરાતી ઉપરાંત લગભગ ૪૭ જેટલી બોલીઓ હાલમાં અસ્તિત્વમાં હોવાની નોંધ લેવામાં આવેલ છે. આ બોલીઓ પૈકી ગુજરાત રાજયની સરહદી વિસ્તારમાં બોલાતી મુખ્યત્વે ત્રણ બોલીઓ મહત્ત્વની ગણાવી શકાય. "કચ્છી", "ડાંગી" અને "ભીલી". આ ત્રણેય બોલીઓ રાજયમાં અન્ય બોલીઓ તથા માન્ય ભાષા ગુજરાતી કરતાં અલગ પડે છે. એટલું જ નહીં, પણ આ બોલીઓના ભાષકોની સંખ્યા પણ પ્રમાણમાં અન્ય બોલીઓના પ્રમાણ કરતાં વધુ છે. આની સીધી અસર આ બોલીઓ બોલતા વિસ્તારમાં આવેલ ગુજરાતી માધ્યમની શાળાઓના પ્રાથમિક શિક્ષણ પર પડે છે. કારણકે સામાન્ય રીતે આવા સરહદી વિસ્તારમાં રહેતા બાળકો ઘરમાં દૈનિક વ્યવહારમાં પોતાની માતૃભાષાનો ઉપયોગ કરતા હોય છે, પણ જ્યારે આ બાળકો શિક્ષણ અર્થે શાળામાં દાખલ થાય છે ત્યારે તેઓને ગુજરાતી (બીજી ભાષા) ભાષામાં વ્યવહાર તેમજ સીધું શિક્ષણ લેવાની ફરજ પડે છે. પરિણામે પોતાની માતૃભાષા સિવાયની બીજી ભાષા એટલે કે ગુજરાતી ભાષાને પ્રથમ ભાષા રૂપે શીખવી પડે છે.

ભારતના સંવિધાનમાં પણ પ્રાથમિક શિક્ષણ વૈકલ્પિક ભાષા શિક્ષણની પસંદગીના ધોરણ શિક્ષણ આપવા માટે સંવિધાનની કલમ-૩૫૦એ હેઠળની કલમ અન્વયે જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈ અન્વયે જે રાજ્યોમાં આનો અમલ કરવામાં આવેલ છે, તે રાજયમાં પ્રાથમિક શિક્ષણનું પરિણામ અસરકારક રહ્યું છે. ગુજરાત રાજ્યે પણ આ જોગવાઈનો સૈદ્ધાંતિક સ્વીકાર કરેલ છે, પણ તેનો અમલ હજુ સુધી થયેલ નથી. આને કારણે જે વિસ્તારમાં માતૃભાષા તરીકે બોલીનો ઉપયોગ થતો હોય તેના વિસ્તારના બાળકો જ્યારે પ્રાથમિક શિક્ષણ અર્થે શાળામાં દાખલ થાય છે ત્યારે દ્વૈ-ભાષિક પદ્ધતિ પ્રમાણેના શિક્ષણનો સ્વીકાર કરવામાં ન આવે તો આવા દ્વૈ-ભાષિક બાળકોને શિક્ષણ લેવાની પ્રવૃત્તિમાં અભિરૂચિ મંદ પડે છે.

આ સમસ્યાના નિરાકરણ માટે ભાષા વૈજ્ઞાનિકોના મંતવ્ય મુજબ આવા દ્વૈ-ભાષિક વિસ્તારના બાળકોને દ્વિ-ભાષીક પદ્ધતિ દ્વારા શિક્ષણનું આયોજન કરવું જોઈએ. જેથી બાળકોને શિક્ષણમાં પડતી મુશ્કેલીઓનું નિવારણ સરળતાથી કરી શકાય. આ દ્વિ-ભાષિક પદ્ધતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું પ્રાથમિક શાળાઓમાં બોલી બોલાતા વિસ્તારના શિક્ષકોને બંને ભાષાઓનો તુલનાત્મક પરિચય થઈ શકે તે માટે રાજયમાં પ્રથમવાર "એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી" અમદાવાદ દ્વારા પ્રાયોગિક ધોરણે કચ્છી બોલીનો નેશનલ સેમિનાર અને વર્કશોપનું આયોજન તા. ૨૧-૨-૨૦૧૩ તથા તા. ૨૨-૨-૨૦૧૩ના રોજ અમદાવાદ મુકામે કરવામાં આવેલ છે. જેમાં આ ક્ષેત્ર (Central Institute of Indian Languages - Poona)ના તજજ્ઞોને આમંત્રિત કરવામાં આવેલ છે.

### કચ્છી ભાષા અને શબ્દકોશ પરિસંવાદની રૂપરેખા

૨૧મી સદીમાં જ્ઞાનપ્રાપ્તિ કરવા માટે શિક્ષણ જરૂરી છે. અને શિક્ષણ માટે ભાષાનું માધ્યમ અનિવાર્ય છે. સમાજમાં ઉછરેલ પ્રત્યેક બાળક તેના શારીરિક અને માનસિક વિકાસની સાથે સાથે તે સમાજમાં બોલાતી ભાષા, માતૃભાષા કે પ્રથમ ભાષા સ્વરૂપે પ્રાપ્ત કરે છે. પણ જો શિક્ષણ પોતાની માતૃભાષામાં મળે તો એ ઝડપથી, સરળ અને સહજ રીતે મેળવી શકે છે. અર્વાચીન યુગમાં અંગ્રેજી માધ્યમની શાળાઓનું ચલણ અને સંખ્યા દિન પ્રતિદિન વધતી જતી હોવાને પરિણામે માતૃભાષાના શિક્ષણની અવહેલના થઈ રહી છે. (એવા સમયે માતૃભાષા શિક્ષણ અને ભાષાનીતિ વિષે ફેરવિચારણા કરવાની અનિવાર્યતા નકારી શકાય તેમ નથી.)

પ્રથમ ભાષા શીખવા માટે કોઈ ઔપચારિકતાની જરૂર નથી. બાળકોને કઈ ઉંમરથી પ્રથમ ભાષાનું કેવું અને કેટલું અને કઈ રીતનું શિક્ષણ આપવું, તેને ભાષાના શિક્ષણનું માધ્યમ બનાવવા માટે શું કરવું અને ખાસ તો ક્યારે બીજી ભાષા (Second Language) શીખવી તેમજ બીજી ભાષાને શિક્ષણનું માધ્યમ બનાવવું કે નહીં વગેરે પ્રશ્નો ઉપરાંત માતૃભાષાના શિક્ષણનું મહત્ત્વ શું છે? તેનું સ્વરૂપ કેવું હોવું જોઈએ - વગેરે પરિબળોને કેન્દ્રિત કરી શિક્ષણ અને શિક્ષણની સામગ્રીનો ભાષાકીય રીતે વિચારણા કરવા માટે કચ્છ વિસ્તારમાં બોલાતી "કચ્છી બોલી"ને કેન્દ્રિત કરીને આ વિસ્તારના દ્વૈ-ભાષિક બાળકોને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે ભાષાકીય સ્વરૂપ અને સંરચનાના ઘટકો તથા કચ્છી શબ્દકોશની રચના અંગેના પાસાંઓના ભારતીય ભાષા સંસ્થાન (પૂના) સાથે સંકળાયેલા ભાષા વિજ્ઞાનીઓની ઉપસ્થિતિમાં અને તેમના માર્ગદર્શન હેઠળ અત્રે દર્શાવેલ વિષયને આનુષાંગિક મુદ્દાઓની ચર્ચા વિચારણા કરવામાં આવશે.

૧. કચ્છી બોલીની ધ્વનિ પ્રક્રિયા - ધ્વનિશાસ્ત્ર.

**Shree Simandhar Shipping Services**
CLEARING FORWARDING & SHIPPING AGENT
407, 4th Floor, Anna Bhuvan, Devji Ratanshi Marg, Mumbai-400 009.
Phone : (Off.) 91-22-2372 6347 • 2231 2422 • Telefax : 2378 2045
C.H.A. No. 11/1024

૨. કચ્છી બોલીના શબ્દકોશને પ્રકાશન કરવા માટેની લિપિ અંગેની વિચારણા.

૩. કચ્છી બોલીનું શબ્દગત રૂપ (રૂપાત્મક) (morphological form)

૪. કચ્છી બોલીના રૂપપ્રક્રિયાત્મક શબ્દ (શબ્દકોશ) (World morphology)

૫. ગુજરાતી - કચ્છીમાં ઉદ્‌ભવતા વ્યાકરણીય સંભવિત પ્રશ્નો (Part of speech and problem)

૬. રૂપ - પદાખ્યાન સ્વર આરોહ-અવરોહ અંગેનું વિષય નિરૂપણ (Treatment of Infection)

(૧) Gender – શબ્દની જાતિ - લિંગ

(૨) Person – પુરુષ

(૩) Plurals – બહુવચન

(૪) Tense – કાળ

(૫) Reduplications – પુનરુક્ત શબ્દ

(૬) Verb. Type – ક્રિયાપદ, કર્તા ક્રિયાપદ, સહાયક, નિર્ણાયક, પ્રેરક, સંયુક્ત, વિધેયક, ભાવાત્મક, કરણાત્મક, અકર્મક, અનિયમિત, સકર્મક, ક્રિયાપદ પ્રધાન.

૭. નામ અને પદબંધ નિર્દેશ કરતા પદો :

| *નામ* | *પદ* |
|---|---|
| નામ-સંજ્ઞા ભાવવાચક | પદબંધ, વાક્યાંશ |
| ક્રિયા વાચક, કર્તાવાચક | વ્યંગ્યોક્તિ, અલ્પશબ્દોક્તિ |
| લિંગ વાચક, ક્રિયાર્થક | સમુચ્ચય વાચક કહેવત |
| વિધેય, વિશેષ વ્યક્તિવાચક | વાક્યાત્મક વક્રોક્તિ |
| કૃદંત, ગુણવાચક | |

***મહેન્દ્ર દોશી - અમદાવાદ***

## કચ્છી સાહિત્ય ક્ષેત્રે અભિનવ સીમાચિહ્ન
## અંજાર ખાતે 'કચ્છી ભાષામાં અનુવાદ' વિષયક પરિસંવાદ

ઐતિહાસિક નગર અંજાર ખાતે તા. ૨૩-૧૨-૨૦૧૨ના રોજ કચ્છી સાહિત્ય અકાદમી અને કુ. કૈલાસબેન અંતાણી સ્મૃતિ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 'કચ્છી ભાષામેં અનુવાદ' વિષય પર નમૂનેદાર પરિસંવાદ અમદાવાદ શ્રી કચ્છી સમાજના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના માનદ્ પરામર્શક શ્રી હંસરાજભાઈ કંસારાના અધ્યક્ષપદે તેમજ ભાષા વૈજ્ઞાનિક શ્રી મહેન્દ્રભઆઈ દોશીના અતિથિ વિશેષપદે યોજાઈ ગયો.

ઉદ્‌ઘાટન બેઠકમાં જાણીતા કાર્ટુનિસ્ટ શ્રી રમેશભાઈના ભાવવાહી કંઠે ગવાયેલ 'મુંજી માતૃભૂમિ કે નમન' પછી ઉપરોક્ત અતિથિઓ સાથે કચ્છના મૂર્ધન્ય સાહિત્યકારો દ્વારા દીપ પ્રાગટ્ય થયું હતું. પરિસંવાદના સહસંયોજક શ્રી અમૃત મહેશ્વરીએ મહેમાનોને આવકાર તેમજ મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ અનેક મહાનુભાવોએ પાઠવેલ શુભેચ્છા સંદેશાઓનું વાંચન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન શ્રી મહેન્દ્રભાઈ દોશીએ ભાષા વિજ્ઞાનની દૃષ્ટિએ એક ભાષાને બીજી ભાષામાં અર્થાત્મક તેમજ ધ્વન્યાન્મક રૂપાંતરની પ્રક્રિયા તેમજ કચ્છી ભાષાની લાક્ષણિકતાઓ ઉપર પ્રકાશ પાડ્યો હતો. જ્યારે અધ્યક્ષશ્રી હંસરાજભાઈએ અનુવાદ પ્રક્રિયાના વિવિધ પાસાઓ પર સાહિત્યિક સ્પર્શયુક્ત પ્રવચન આપ્યું હતું. પરિસંવાદના આરંભે બેઠકના અધ્યક્ષ, કચ્છ યુનિ.ના પૂર્વકુલપતિ ડૉ. કાંતિભાઈ ગોરે કચ્છી ભાષાની અસલિયત તેમજ વિકસિત મરાઠી ભાષાની ભૂમિકા સમજાવતાં કહ્યું કે અનુવાદ એટલે એક શીશીનું અત્તર બીજી શીશીમાં ઠાલવવાનું કામ. તે પ્રક્રિયામાં થોડુંક અત્તર ઉડી જવાની શક્યતા પણ તેમણે દર્શાવી હતી.

રસપ્રદ પ્રશ્નોત્તરીના સમયમાં ડૉ. કાંતિભાઈ તેમજ શ્રી રવિ પેથાણીએ સંતોષપ્રદ ઉત્તરો આપ્યા હતા.

બીજી બેઠકમાં અધ્યક્ષ શ્રી જયંતી જોશી 'શબાબે' એમની સદાબહાર છટામાં શેરો-શાયરીનાં છાંટણા સાથે વિષયની લાક્ષણિકતા જણાવેલ. ત્યારબાદ અન્ય વક્તાઓના પ્રવચનો બાદ કચ્છી ભાષાના અનુવાદ વિશે શ્રી ફડકેએ રસપ્રદ માહિતી આપી હતી, તેમ ઉપરોક્ત સંસ્થાની એક પ્રેસ નોટમાં જણાવવામાં આવ્યું હતું.

## અનુરોધ

***અગાઉના અંકોમાં કરાયેલા અનુરોધ મુજબના પુસ્તકો રસિક ગુણીજનોએ હવે વાંચી લીધા હશે અને તેમને અત્યંત આનંદની પ્રાપ્તિ થઈ હશે.***

આજે હવે અન્ય સરસ પુસ્તકો માટે અનુરોધ કરવાનો પ્રયત્ન છે.

(૧) પુસ્તકનું નામ : 'પ્રિય પત્ની'
સંપાદક : પ્રદીપ ત્રિવેદી
પ્રકાશન : સાહિત્ય સંગમ

(૨) સમાજની તમામ ગૃહિણીઓએ નીચે જણાવેલ પુસ્તક ખરીદીને અચૂક બે-ત્રણવાર વાંચી જવા ખાસ આગ્રહ છે.
પુસ્તકનું નામ : લખવૈયાગીરી
લેખિકા : અરુણા જાડેજા
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
કિંમત : રૂા. ૫૫/- (ડિસ્કાઉન્ટ અલગ)

મિત્રો, આ બંને પુસ્તકો જરૂર વાંચજો. અફસોસ નહીં થાય એની ગેરંટી. આપણે સૌએ માત્ર વાંચવાનો સંકલ્પ જ કરવાનો છે. પછી તો ખુદ ઈશ્વર જ આપણને સારાં પુસ્તકો તરફ દોરી જશે.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

GM
GLOBAL MERCANTILE PVT. LTD.
45/A, Mittal Tower, 4th Floor, "A" Wing, 210, Nariman Point, Mumbai-21.
Tel. : +91-22-4213 1900 (99 Lines) • Fax : +91-22-4213 1919
E-mail : global45a@yahoo.com

## શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન
તથા
## શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન - મુંબઈ
આયોજિત
# વિવિધલક્ષી સમારોહ

શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈ તથા શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન - મુંબઈના સંયુક્ત ઉપક્રમે રવિવાર તા. ૧૩-૧-૨૦૧૩ના રોજ મુંબઈ ખાતે એક વિવિધલક્ષી સમારોહ ઉજવાઈ ગયો. જે પ્રસંગે અંદાજિત ૧૦,૦૦૦ની સંખ્યા જેટલો માતબર સમુદાય ઉપસ્થિત રહેવા પામેલ હતો.

સામાન્ય રીતે એવું બને છે કે ભારતભરના કચ્છી ઘટક સમાજોના વિવિધ કાર્યક્રમોમાં અતિથિ વિશેષ તરીકે મુંબઈના મહાનુભાવો ઉપસ્થિત હોય છે. મુંબઈ ખાતેના કાર્યક્રમોમાં પણ મુંબઈના જ મહાનુભાવોને અતિથિ વિશેષ તરીકે આમંત્રિત કરાય છે. પરંતુ આ કાર્યક્રમ દરમ્યાન આયોજકોએ મુંબઈ બહારના કચ્છી અગ્રણીઓને પણ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રાખી એક નવી કેડી કંડારેલ હતી.

આ પ્રસંગે મુંબઈ બહારના અતિથિ વિશેષશ્રીઓ તરીકે (૧) મુંદ્રા - માંડવી વિભાગના ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડા, (૨) વી.આર.ટી.આઈ. તથા શ્રુજન સંસ્થાના સ્થાપક શ્રી કાંતિસેન શ્રોફ, (૩) 'જીતો' - હૈદ્રાબાદ ચેપ્ટરના ચેરમેન શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા તથા (૪) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન કચ્છી જૈન ફાઉન્ડેશન કે શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન - મુંબઈના એક પણ ટ્રસ્ટીએ કે કાર્યકરે સ્ટેજ પર બિલકુલ સ્થાન ગ્રહણ કર્યું ન હતું, ન તો ઓડિયન્સમાં અગ્રિમ કે અન્ય કોઈ હરોળમાં બિરાજમાન હતા. એ દરેક મહાનુભાવોએ સંપૂર્ણ કાર્યક્રમ દરમ્યાન લગભગ ઊભા રહીને એક અદના વોલંટિયર તરીકે સેવા આપી હતી. સામાન્યપણે જેઓને મળવા તેમની ઓફિસમાં કાર્ડ મોકલવા પડે અને બહાર લાઈનમાં કલાકો સુધી રાહ જોતા બેસી રહેવું પડે એ લૅવલના આ બધા જ મહાનુભાવોને એક વોલંટિયર તરીકે ફરજ બજાવતા જોવા એ પણ ઉપસ્થિતજનો માટે જિંદગીનો એક લહાવો હતો.

માઈક પર હજુ ટહેલ નાખવામાં આવે એ પહેલા તો આવાસ યોજના માટે પૈસાનો ધોધ વહેવા લાગ્યો હતો. લગભગ રૂા. ૨૦ કરોડના દાનો આ પ્રસંગે જાહેર થયા હતા.

મુરબ્બી શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી સાથે અગાઉ અનેક વખત કચ્છના સર્વાંગી ઇતિહાસ આલેખન અંગે વાતો થઈ હતી ત્યારે તેઓએ આ બાબતે બિલકુલ રસ દાખવેલ ન હતો. તેઓનો જીવનમંત્ર ઇતિહાસ આલેખનનો નહોતો પરંતુ ઇતિહાસ રચવાનો હતો અને તે આ કાર્યક્રમમાં અક્ષરસઃ તાદશ થયેલ દેખાયો હતો.

શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશને અત્યાર સુધી ૧૦૦૦ આવાસો તો જરૂરિયાતમંદોને અર્પણ કરી દીધેલ છે અને લગભગ ૪૦૦૦ આવાસો બનાવવાનો તેમનો ધ્યેય છે. શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન - મુંબઈ તેના માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં કરોડો રૂપિયાની એજ્યુકેશન સહાય, આર્થિક સહાય અને મેડિકલ સહાય જરૂરિયાતમંદ લોકોને આપી ચૂકેલ છે. આ બંને સંસ્થાઓ સાચા અર્થમાં જીવંત સંસ્થા છે અને ભવિષ્યની દૃષ્ટિએ હાલે તેઓ એક અનન્ય ઇતિહાસ રચી રહ્યા છે.

ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાન નાલાસોપારા ખાતેની નવનીત હોસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવ્યું. ડોંબીવલી ખાતેના ૧૪૪ આવાસોનો ડ્રો કરવામાં આવ્યો. સૌજન્યશીલ દરેક દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવ્યું. માંડવી - મુંદ્રા ક્ષેત્રના ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાનું ભવ્યાતિભવ્ય બહુમાન કરવામાં આવ્યું. આ પ્રસંગે વિવિધ ઍવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા. સમાજ શિરોમણિ ઍવોર્ડ નવનીત પરિવારને, સમાજ રત્ન ઍવોર્ડ શ્રી મીઠુભાઈ માવજી ગડા (મીઠુબાપા)ને, સમાજસેવા ઍવોર્ડ શ્રી લીલાધર માણેક ગડાને અને શૈક્ષણિક ઍવોર્ડ શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ - સોનગઢને ખૂબજ ગૌરવતાપૂર્વક અર્પણ કરવામાં આવ્યા.

વચ્ચે વચ્ચે પશ્ચિમી ઢબના કાર્યક્રમો ગીત-સંગીતના સથવારે રજૂ કરવામાં આવતા હતા. સ્ટેજ પર સર્કસના કાર્યક્રમો પણ અનોખી રીતે રજૂ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમની કોરિયોગ્રાફી એટલી ઉત્તમ કક્ષાની હતી કે ઉપસ્થિત લોકો સતત ૭ કલાક સુધી આ કાર્યક્રમ કોઈપણ જાતના કંટાળા વગર ખૂબ જ રસપૂર્વક માણી શક્યા.

આ કાર્યક્રમના રચયિતાની દિમાગી તાકાત એટલી મજબૂત હતી કે તેઓએ આટલી વિશાળ સંખ્યાના ઓડિયન્સને સતત સાત કલાક સુધી ટસના મસ થવા દીધા ન હતા.

સાંજના ૪ વાગે શરૂ થયેલ કાર્યક્રમ રાત્રે ૧૧ વાગે પૂર્ણ થયો. સમૂહભોજન કરી સહુ આનંદિત વાતાવરણમાં છૂટા પડ્યા.

સંપૂર્ણ સમારોહના વિવિધ વિભાગના કાર્યકરોને ખૂબ ખૂબ અભિનંદન.

**– અશોક મહેતા**

JASH Mercantile LLP
101, Manratna Business Park,
1st Floor, Junction of Derasar Lane,
Tilak Road, Ghatkopar (East),
Mumbai-400 077.
Tel. : +91.22.44229100 - 199
Fax : +91.22.44229119
E-mail : info@jashmercantile.com
Website : www.jashmercantile.com

## શ્રી દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજ - વલસાડનો વાર્ષિક સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો



**પરિચય દર્પણ-૨૦૧૩ની વિમોચન વિધિ**

વલસાડ ખાતે સમાજનું ૧૪મું વાર્ષિક સ્નેહ મિલન વલસાડ ખાતે નવી મુંબઈના શ્રી નીલેશભાઈ ગાલા (પ્રખ્યાત બિલ્ડર)ના સમારંભ પ્રમુખપદે અને શ્રી ધીરજભાઈ ગાલાના અતિથિ વિશેષપદે તા. ૧૩-૧-૨૦૧૩ના રોજ યોજવામાં આવેલ.

કાર્યક્રમમાં સમાજના માનદ્ મંત્રી શ્રી અમૃત ગાલાએ સંસ્થાનો વિગતવાર અહેવાલ રજૂ કર્યો હતો. ત્યારબાદ લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દંપતીઓનું તેમજ ૭૦ વર્ષથી ઉપરની વ્યક્તિઓને વડીલવંદના તેમજ અપરણિત યુવક-યુવતીઓની સપરિવાર ઓળખવિધિ રાખવામાં આવી હતી. આ ઉપરાંત અપરણિત તેમજ છૂટાછેડાવાળાની સંપૂર્ણ બાયોડેટા સાથેની "પરિચય દર્પણ-૨૦૧૩"નું વિમોચન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૦ અને ૧૨ના સર્વોચ્ચ ગુણાંક મેળવનાર બે વિદ્યાર્થીઓ તેમજ કોલેજ સ્તરના વિવિધ શ્રેણીના વિદ્યાર્થીઓ અને રાજ્ય સ્તરે સિધ્ધિ પ્રાપ્ત કરનારા તમામનું બહુમાન કરવામાં આવ્યું હતું. દક્ષિણ ગુજરાતમાં વ્યવસાય સાથે વસવાટ કરનારના થયેલ લગ્નવાળા નવયુગલને કન્યાદાન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પુનાથી શ્રી બાબુભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં દહાણુથી અંકલેશ્વર સુધીના તમામ એકમોના સારી સંખ્યામાં સભાસદ ભાઈ-બહેનો પધાર્યા હતા.

સાંજના બીજા સત્રમાં અસલ કચ્છની રમતગમતો રાખવામાં આવી હતી. તેમ સંસ્થાના માનદ્ મંત્રીશ્રીના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. ■

## અંજારને આંગણે જ્ઞાનેશ્વરી ગીતાનો પ્રાકટ્ય મહોત્સવ ઉજવાયો

જ્યારે સમગ્ર ભારતવર્ષમાં ગીતા જયંતીની ઉજવણી થઈ રહી હતી ત્યારે અંજારના રોટરી હોલમાં મૂર્ધન્ય (કચ્છી) વિવેચક શ્રી પ્રભાશંકર ફડકે દ્વારા મરાઠી જ્ઞાનેશ્વરી ગીતાના કચ્છીમાં અનુવાદનો લોકાર્પણ મહોત્સવ શાનભેર ઉજવાઈ ગયો.

કાર્યક્રમના શુભારંભે દીપ પ્રાગટ્ય સમારંભના અધ્યક્ષ 'કચ્છમિત્ર'ના તંત્રીશ્રી અને કચ્છી સાહિત્ય અકાદમીના પૂર્વ અધ્યક્ષ શ્રી કીર્તિભાઈ ખત્રી ઇત્યાદિના હસ્તે થયું હતું.

પાંચ-પાંચ વર્ષથી રાત-દિન એક કરીને સતત નાદુરસ્ત તબિયત સાથે સંઘર્ષ કરીને મૂળ જ્ઞાનેશ્વરી ગીતાને કચ્છી ભાષામાં આશરે પાંચ હજાર ઓવીઓમાં સમશ્લોકી અનુવાદ રૂપે અવિરત સાધના કરતા કરતા આજે જ્યારે ગ્રંથ સ્વરૂપે પામીને જ્ઞાનેશ્વરી ગીતા ઘર-ઘર સુધી પહોંચાડવા માટે જેમણે જૈફ વયે પોતાની નિષ્ઠાથી આ ઉત્તમ કાર્ય પૂરું કરીને સમાજમાં એક ઉત્તમ દૃષ્ટાંત અંકિત કરેલ છે.

તે પ્રસંગે અમદાવાદ શ્રી કચ્છી સમાજ વતી શ્રી હંસરાજભાઈએ તેમને શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. તે ઉપરાંત અંજાર, ગાંધીધામ સ્થિત કેટલાક અગ્રણીઓ તેમજ તેમના પરિવારજનોએ પણ વિષયને અનુરૂપ સન્માન કર્યું હતું.

આ પ્રસંગે કવિશ્રી 'તેજે' ઉમળકા અભિનંદન આપ્યા હતા. તો ડૉ. કાંતિભાઈ ગોરે જ્ઞાનેશ્વરીના રચયિતા જ્ઞાનેશ્વરના જીવન વિશે દિલચસ્પ વાતો કરી, તો શ્રી જયંતીભાઈ જોશીએ ગીતાનું મહત્ત્વ અને શક્તિ જે વ્યક્તિને પ્રતિપળ જીવંત રાખીને જીવનના હાર્દને સમજવાની તક આપે છે. એવો જ કાંઈક અનુભવ ફડકે સાહેબનો રહ્યો છે એમ જણાવ્યું તો શ્રી ફડકેના વર્ષોલગી અંતેવાસી રહેલા શ્રી અજયભાઈ તિલકે એમના અંતરંગ જીવનની રોચક માહિતી આપી હતી.

આ મહોત્સવના અધ્યક્ષ શ્રી કીર્તિભાઈ ખત્રીએ ફડકે સાહેબ સાથેના વર્ષોના પરિચયની વાત કરતાં જણાવ્યું કે તેમની સાહિત્ય માટેની લગન અને ચીવટભરી સમીક્ષા કરતા હોય ત્યારે તેઓ શબ્દો સાથે સ્પંદિત થતા હોય છે.

ત્યારબાદ પોતાનો પ્રતિભાવ આપતાં શ્રી ફડકેએ આજના સુવર્ણદિને વિદ્વાનો તેમજ પૃથગ્જનોના પ્રાપ્ત સ્નેહાદરથી પોતે ભાવવિભોર બન્યા છે એમ જણાવીને અનુવાદના અંશોનું ભાવવાહી પઠન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રવિ પેથાણીએ કર્યું હતું તેમ એક પ્રેસનોટમાં જણાવાયું છે. ■

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

જાન્યુઆરી – ૨૦૧૩ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.

### રિન્યૂ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- રાજેશકુમાર શાહ એન્ડ કું. — ચેન્નાઈ
- નવરંગપુરા હાયર સેકન્ડરી સ્કૂલ — આશ્રમ રોડ, અમદાવાદ.

#### ૩ વર્ષનું લવાજમ

- હેમલતા કપૂરચંદ શાહ — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- કાંતિલાલ વિશનજી દેઢિયા — ઉધના, સુરત
- જયેશ આર. છેડા — કાંદિવલી (વેસ્ટ), મુંબઈ

#### આજીવન

- ચિરાગ શાંતિલાલ મોમાયા — આદિપુર, કચ્છ

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- ઉત્તમભાઈ ખીમજી મોમાયા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- નામદેવ વિઠ્ઠલભાઈ કાપસે — ભુજ, કચ્છ
- દર્શના પ્રવીણ રાંભિયા — નાલાસોપારા (ઈસ્ટ), મુંબઈ
- સુરેશ એમ. મહેતા — ભુજ, કચ્છ
- ગિરીશ ચંદ્રકાંત રાજગોર — ટોડા (મુંદ્રા - કચ્છ)
- ઘનશ્યામ બળવંતભાઈ ગોર — ભુજ, કચ્છ

#### ૩ વર્ષનું લવાજમ

- દીનાબેન ચેતનભાઈ શાહ — મલબાર હિલ, મુંબઈ

#### ૫ વર્ષનું લવાજમ

- પદમશી ઉમરશી સાવલા — ડુમરા, અબડાસા, કચ્છ
- હર્ષદ દેવજી ગડા — અડાજણ, સુરત
- પ્રકાશ બી. છેડા — દહાણું રોડ (મહારાષ્ટ્ર)
- ઉષા બી. સંઘવી — રાઉરકેલા, ઓરિસ્સા.

#### આજીવન

- રોહિત હેમચંદ શાહ — મુંદ્રા, કચ્છ
- નાનાલાલ વીરજી સાવલા — કાંદિવલી, મુંબઈ
- નગીન હંસરાજ શાહ — નાગપુર
- રમણિકલાલ એન. છેડા — મુલુંડ (ઈસ્ટ), મુંબઈ

## "મંગલ મંદિર" ના પૂરા થતાં લવાજમની યાદી

ફેબ્રુઆરી-૨૦૧૩ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી

- છોટાલાલ લાલચંદ શાહ — ભુજ, કચ્છ
- દેવેન કનકચંદ્ર વ્યાસ — અંજાર, કચ્છ
- સંજય નરશી લોડાયા — અંજાર, કચ્છ
- ભીમશી વલુભાઈ બલિયા — મોટા લાયજા, માંડવી, કચ્છ
- મહેન્દ્ર હરખચંદ શાહ — ધોળકા
- ગુલાબચંદ એ. શાહ — અંકલેશ્વર
- રસિકલાલ ધરમશી — સુરત
- શશીકાંત દેવચંદ દેઢિયા — એલ્ફિસ્ટન, મુંબઈ
- અરવિંદ મગનલાલ ગંગર — માટુંગા (સી.આર.), મુંબઈ
- ડૉ. કિરીટ ગોવિંદજી ગડા — સાયન (ઈસ્ટ), મુંબઈ
- તલકચંદ લીલાધર દેઢિયા — શાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ
- દિનેશ જે. શાહ — વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ
- સુરેન્દ્ર હરશી દેઢિયા — મલાડ (વેસ્ટ), મુંબઈ
- હર્ષદ એલ. રાંભિયા — દહીંસર (ઈસ્ટ), મુંબઈ
- વિશનજી રાયશી સાવલા — ચેમ્બુર, મુંબઈ
- રાયચંદ શીવજી શાહ — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
- વિપુલ રજનીકાંત ખોના — ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ
- હરીલાલ જેઠાલાલ પોલડિયા — નવપાડા, મુંબઈ
- રતિલાલ ડી. શાહ — થાણા (વેસ્ટ)
- પ્રીતેશ પ્રફુલ્લચંદ્ર જૈન — જલગાંવ, મહારાષ્ટ્ર
- મણિલાલ જેવત નાગડા — હૈદ્રાબાદ
- હેમંત નરોત્તમ સંઘવી — એરનાકુલમ, કેરાલા
- કિશોર આર. શાહ — રાઉરકેલા, ઓરિસ્સા.

## 'મંગલ મંદિર'ના જાન્યુઆરી-૨૦૧૩ દરમ્યાન પરત આવેલ અંકોના નામોની યાદી

*'મંગલ મંદિર' જાન્યુઆરી-૨૦૧૩ના નીચે જણાવેલ સભ્યશ્રીઓના અંકો પરત આવેલ છે. તેમના નવા સરનામાની વિગત કોઈ પાસે હોય તો અત્રેના કાર્યાલયમાં જાણ કરશો.*

| ક્રમ | નામ | ગામ | પ્રકાર | રિમાર્ક |
|---|---|---|---|---|
| ૧. | બકુલ તારાચંદ શાહ | અમદાવાદ | સભ્ય | 'અન્ય સ્થળે ગયેલ છે.' |
| ૨. | મધુબહેન મૂલચંદ શાહ | અમદાવાદ | સભ્ય | — |

*કોઈપણ જાતના નડતર વગરનો રસ્તો જો તમે શોધી શકો તો, એ કદાચ ક્યાંય જતો નહિ હોય.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદકનું નામ | ભેટ આપનારનું નામ |
|---|---|---|---|
| ૧. | પ્રેરણાનું ઝરણું | ડૉ. જિતેન્દ્ર અઢિયા, શ્રીમતી ગીતા ઉનડકટ | પ્રદીપ સૂરજલાલ મહેતા - અમદાવાદ |
| ૨. | યોગ દ્વારા ડાયાબિટીસ અને વજન નિયંત્રણ | ડૉ. વિષ્ણુપ્રસાદ આચાર્ય | પંકજભાઈ શાહ (ગુર્જર પ્રકાશન) - અમદાવાદ |
| ૩. | Four stories from Tagore | | નેહા ભાવેશ પારેખ - અમદાવાદ |
| ૪. | Snow White & The Seven Dwarfs | Jakob Ludwing Grimm and Wilhelm Karl Grimm | નેહા ભાવેશ પારેખ - અમદાવાદ |
| ૫. | ચીંગાર | ડૉ. કાંતિ ગોર 'કારણ', રવિ પેથાણી 'તિમિર' | શ્રી કચ્છી સાહિત્ય અકાદમી - ગાંધીનગર |
| ૬. | The health awareness centre | Dr. Vijay Venkat | શ્રી હરખચંદભાઈ કે. સાવલા - ગાંધીનગર (અમેરિકા) |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| **(૧)** | **શ્રી હંસરાજભાઈ ઠાકરશી કંસારા તરફથી ભેટ મળેલ પુસ્તકો** | |
| ૧. | રેશનાલિઝમની રાહે | રમણ પાઠક |
| ૨. | અખિલ ભારતીય મહિલા મંડળ | અખિલ ભારતીય મહિલા મંડળ દ્વારા ભેટ |
| ૩. | ગાયત્રી સાધનાની સર્વસુલભ વિધિ | — |
| ૪. | વનાડો | કવિ શ્રી તેજ |
| ૫. | ચંદ્રશંકર બુચ (સુકાની) | ધીરેન્દ્ર મહેતા |
| ૬. | કાનૂન અને પત્રકારત્વ | વિષ્ણુ પંડ્યા |
| ૭. | કચ્છી બાલગીત હાલેણાં | ડૉ. વિશન નાગડા, નીમુ નાગડા |
| ૮. | મીં | ડૉ. વિશનજી નાગડા |
| ૯. | વિશ્વ વિહાર | ગુજરાતી વિશ્વકોશનું સંપર્ક પત્ર |
| ૧૦. | શુભ મુહૂર્ત સાવધાન | ડૉ. હર્ષિદા રામુ પંડિત |
| ૧૧. | પ્રિયજન | વીનેશ અંતાણી |
| ૧૨. | ગગન ગીર્વાણ ગિરાનું | ડૉ. કાંતિ ગોર |
| ૧૩. | પગમેં ભમરી (દ્વિતીય ચરણ) | લીલાધર માણેક ગડા |
| ૧૪. | આસમાની સુલતાની | કાંતિ ભટ્ટ |
| ૧૫. | સમયનાં પ્રતિબિંબ | વીણા શાહ |
| ૧૬. | કચ્છી હિંદી પાઠાવલિ - ૧ | નારાયણ જોશી |
| ૧૭. | કુધરત જો જાધુ - કચ્છ...? | વિશ્રામ એમ. ગઢવી |
| ૧૮. | અખબારનું સંપાદન | વિષ્ણુ પંડ્યા |
| ૧૯. | નૈવેદ્ય | ડૉ. આરતી પંડ્યા, જયેંદ્રાબેન કાંતિભાઈ ચૌહાણ |
| ૨૦. | ચારણ ચોથો વેદ | વિશ્રામ એમ. ગઢવી |
| ૨૧. | શૂન્યની વાટે | રવિભાઈ પેથાણી |
| ૨૨. | મુંભઈજી ગાલ | કનૈયાલાલ જોશી |
| ૨૩. | દખણાદો ડેલો | ભવાનજી નાથાભાઈ |
| **(૨)** | **નયનાબેન જયભાઈ ગોગરી તરફથી ભેટ મળેલ પુસ્તકો** | |
| ૧. | જીવનની ઝરમર | પિનાકીન શાહ |
| ૨. | હૃદયાકારી ઈન્દ્રધનુષ | અજિત તેલંગ |
| ૩. | ચિંતન | શરદ શાહ |
| ૪. | આધુનિક માનવ શાંતિની શોધમાં | સ્વામી નિખિલેશ્વરાનંદ |
| **(૩)** | **ઉષાબેન પ્રકાશભાઈ વોરા તરફથી ભેટ મળેલ પુસ્તકો** | |
| ૧. | તારા વિનાના શહેરમાં | કાજલ ઓઝા |
| ૨. | એક સાંજને સરનામે | કાજલ ઓઝા |

## પ્રભુ ભક્તિથી વરદાન

કિશોર હૃદયપૂર્વક પ્રભુની ભક્તિ કરતો હતો. છેવટે ભગવાન પ્રસન્ન થયા અને કિશોરને કહ્યું, 'હું તારી ભક્તિથી પ્રસન્ન થયો છું... તું હવે તારી ઈચ્છા હોય તે માંગ!'

'બસ, હે પ્રભુ!' કિશોર બોલ્યો, 'હું પરણેલો છું પણ હવે મને પાછો કુંવારો કરી આપો.'

'એટલે તું....' ઈશ્વરે જવાબમાં કહ્યું, 'આ પૃથ્વી ઉપર જ સ્વર્ગનું સુખ માણવા ઈચ્છે છે?'

☺

JNK Lifters Pvt. Ltd.
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts

Kunal Gala - Director
Cel : +91 9833118836

Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) માલદ્વીપ ટાપુમાં ત્યાંની સરકારે પુરુષ અને સ્ત્રીઓને સાથે નૃત્ય કરવા પર પ્રતિબંધ મૂકેલ છે. *(વિવેકપંથી, ઓક્ટોબર-૨૦૧૨)*

(૨) થોડાંક વર્ષો અગાઉ મૌલાના અબ્દુલ કલામઆઝાદ યોજના હેઠળ મુંબઈના મુસ્લિમ યુવકોને રૂા. ૪૦ કરોડની લોન આપવામાં આવેલી. આ લોનનો એક પણ રૂપિયો વસૂલ થઈ શક્યો નથી. *(વિવેકપંથી, ઓક્ટોબર-૨૦૧૨)*

(૩) ઈસ્લામાબાદ - પાકિસ્તાનમાં મેકડોનાલ્ડના પીત્ઝા હટમાં પતિ-પત્નીને પણ સાથે બેસીને ખાણું ખાવા દેવામાં આવતા નથી. *(વિવેકપંથી, ઓક્ટોબર-૨૦૧૨)*

(૪) વર્ષ ૨૦૦૦થી ૨૦૧૨ સુધીના ૧૨ વર્ષના ગાળામાં ગુજરાતમાં કુલ્લે ૫૮૧ ખેડૂતોએ આપઘાત કર્યા છે. *(ભૂમિપુત્ર, તા. ૧-૧૨-૧૨)*

(૫) ચૂંટણીમાં આપણા દેશમાં જે ઈ.વી.એમ. મશીન વાપરવામાં આવે છે તેમાં ચેડાં થઈ શકે છે એમ પુરવાર થવાથી જર્મની, આયર્લેન્ડ એ મશીનનો ઉપયોગ બંધ કરેલ છે. ઈંગ્લેન્ડમાં બૅલેટ પેપર ઉપર વોટ આપી શકાય છે અને અમેરિકામાં ૭૫% લોકો બૅલેટ પેપરથી જ વોટ આપે છે. *(નયા માર્ગ, તા. ૧-૧૨-૧૨)*

(૬) એન.સી.આર.બી.ના છેલ્લા રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૧માં સુરતમાં ૫૨૨, અમદાવાદમાં ૪૭૦, રાજકોટમાં ૩૭૦, વડોદરામાં ૧૯૩ આત્મહત્યાના બનાવો નોંધાયા. *(નયામાર્ગ, તા. ૧-૧૨-૧૨)*

(૭) ગુજરાત સરકારે કરોડો રૂપિયાના ખર્ચે ખાનગી કોન્ટ્રાક્ટરો પાસે અભ્યાસક્રમોની સી.ડી. બનાવડાવી. સી.ડી. તૈયાર થઈ ત્યારે અભ્યાસક્રમ બદલાઈ ગયો!! *(નયામાર્ગ, તા. ૧-૧૨-૧૨)*

(૮) આપણા દેશમાં અમુક શબ્દોના વપરાશને સંસદમાં કે ધારાગૃહમાં બિનસંસદીય ગણવામાં આવે છે અને આવા શબ્દોનો ઉપયોગ નિષેધ છે. આવા શબ્દોની યાદી ઘણી લાંબી (પાનાઓનાં પાના ભરાય એટલી) છે! *(નયા માર્ગ, તા. ૧-૧૨-૧૨)*

(૯) ભારત - બાંગ્લાદેશની બોર્ડર ઉપર બી.એસ.એફ.ના જવાનોને રાઈફલ આપવામાં આવી છે પણ ગોળી ચલાવવાની મંજૂરી નથી! ઘૂસણખોરો આવતા જોયા પછી પણ જવાનો તેના પર ગોળી ચલાવી શકતા નથી! *(સાધના, તા. ૧૫-૧૨-૧૨)*

(૧૦) થાઈલેન્ડના દક્ષિણ સ્થિત પત્તની વિસ્તારની ૧૩૦૫ શાળાઓના શિક્ષકોએ જ શાળાને તાળાં મારી દીધા છે. અને સરકાર પાસે માગણી કરી છે કે જ્યાં સુધી સરકાર અમને ઈસ્લામિક ઉગ્રવાદીઓથી સુરક્ષા પૂરી નહીં પાડે ત્યાં સુધી શાળા ખોલીશું નહીં. *(સાધના, તા. ૧૫-૧૨-૧૨)*

(૧૧) ગુજરાતના ધારાસભ્ય અને મંત્રી જયનારાયણ વ્યાસ B.E. સિવિલ, ત્યારબાદ M.Tech., ત્યારબાદ LL.B. અને ત્યારબાદ Ph.D. થયેલા છે. જે સમગ્ર દેશના તમામ રાજ્યોના ધારાસભ્યોમાં સૌથી વધારે શિક્ષિત છે. *(સાધના, તા. ૧૫-૧૨-૧૨)*

(૧૨) શ્રી મણિલાલ પટેલ, ઉંમર વર્ષ ૮૪, જે અમેરિકા અને ભારત એમ બેવડી નાગરિકતા ધરાવે છે, તેઓ થોડા દિવસો પહેલાં ભારતમાં હતા. અમેરિકાના પ્રમુખની ચૂંટણીમાં ખાસ મત આપવા અમેરિકા ગયા અને ત્યાંથી ફરી ખાસ મત આપવા માટે હાલની ગુજરાતની ચૂંટણી અર્થે ભારત આવીને પોતાનો મત આપ્યો. *(સાધના, તા. ૧૫-૧૨-૧૨)*

(૧૩) આપણી લોકસભાના સ્પીકર મીરાંકુમારે પોતાના ૩૨ મહિનાના સમયગાળામાં ૨૯ વાર વિદેશયાત્રા કરી છે. *(સંદેશ, તા. ૨૩-૧૨-૧૨)*

(૧૪) મુંબઈની આર્થર રોડ જેલમાં મુંબઈ સર્વોદય મંડળ તથા ગાંધી રીસર્ચ ફાઉન્ડેશન દ્વારા યોજાયેલા એક કાર્યક્રમમાં ૧૨૦ કેદીઓએ સત્ય અને અહિંસાના માર્ગે ચાલવાના પ્રયત્નો કરવાનો સંકલ્પ કરેલ છે. *(ભૂમિપુત્ર, તા. ૧૬-૧૨-૧૨)*

(૧૫) વિશ્વના ૧૨૨ દેશોના લોકોના કામકાજ અને વ્યાયામને આધારે કરવામાં આવેલ સર્વેમાં બ્રિટનના 'ડેઈલી મેલ' દ્વારા જણાવવામાં આવેલ છે કે જગતનો સૌથી આળસુ દેશ માલ્ટા છે. બીજા નંબરે આફ્રિકાનો સ્વાઝીલેન્ડ છે. ગ્રીસના લોકો સૌથી ઓછા આળસુ છે. *(સાંવરી, તા. ૧-૯-૧૨)*

(૧૬) તા. ૨૮-૧૧-૧૨ના પલક નામની અમદાવાદની કન્યાએ પોતાના લગ્નમાં અમદાવાદના 'જીવન સંધ્યા' નામના ઘરડાઘરના વૃધ્ધોને આમંત્રણ આપવાનો વિચાર પોતાના વડીલો તથા વરપક્ષના વડીલો સમક્ષ રજૂ કરતાં સૌની સંમતિથી ઘરડાઘરના વડીલોએ લગ્ન સમારંભમાં ભાગ લીધો. અને લગ્નમાં પોતાને મળેલ ચાંદલાની તમામ રકમ પણ તે વૃધ્ધાશ્રમને આપી દીધી. *(સાધના, તા. ૨૨-૧૨-૧૨)*

(૧૭) ગુજરાત સરકારે 'કેગ'ની લગભગ ૫,૦૦૦ ક્વેરીઝ ઉપરાંત ૧૫,૧૦૦ નિરીક્ષણોનો જવાબ જ આપેલ નથી. *(નયા માર્ગ, તા. ૧૬-૧૨-૧૨)*

(૧૮) વર્ષ ૨૦૧૦ના પ્રગટ થયેલા આંકડા પ્રમાણે ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં ૬૭% કુટુંબો શૌચાલય (સંડાસ)ની સગવડથી વંચિત રહ્યા હતા. *(બુદ્ધિપ્રકાશ, નવેમ્બર-૨૦૧૨)*

(૧૯) સાવરકુંડલાના સેવાનિષ્ઠ ડૉ. પ્રફુલ્લભાઈ શાહ અને તેમના પત્ની ઈંદિરાબેને અત્યાર સુધીમાં જુનાગઢ જિલ્લામાં ૧૩૩૪, જામનગર જિલ્લામાં ૧૩૬૩, રાજકોટમાં જિલ્લામાં ૧૨૦૦, સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૦૦, પોરબંદરમાં ૩૨૪, અમરેલીમાં ૮૦૦ અને ભાવનગરમાં ૮૪૨ એમ કુલ્લે મળીને ૬૮૬૩ જેટલા પુસ્તકાલયોની સ્થાપના કરી છે. આ તમામ પુસ્તકાલયો જુદી જુદી શાળાઓમાં શરૂ કરવામાં આવેલ છે. *(સાધના, તા. ૨૯-૧૨-૧૨)*

(૨૦) ફેસબુકના સી.ઈ.ઓ. માર્ક ઝુકરબર્ગે સિલિકોન વેલી ચેરીટીને સ્વાસ્થ્ય અને શિક્ષણને લગતા કાર્યો માટે ફેસબુકના ૧.૮ કરોડ શેર દાનમાં આપ્યા છે. જેની બજાર કિંમત ૪૯.૮૮ કરોડ ડોલર જેટલી છે. *(સાધના, તા. ૨૯-૧૨-૧૨)*

*ટકોર નિષ્ફળ નથી જતી, ટકટક હંમેશા નિષ્ફળ જાય છે.*

## શબ્દ રમત-૭૮નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ફા | સ | લો | | પા | ટી | વા | ળો | | પ | ર | બ |
| ર્મ | | ટ | પા | લ | | ળ | | શો | ર | | કા |
| સી | મ | | રો | ન | ક | | ર | | મ | દા | રી |
| | હા | ક | | | થા | પ | ણ | | પ | દ | |
| કા | ર | ણ | ભૂ | ત | | રી | | સા | દ | | સો |
| ર | જ | | | સ | સ્તુ | | ના | થ | | મ | મ |
| તુ | ત | | ચા | ર | | ક | રા | | | ક | ર |
| સ | | બ | દ | | તા | | જ | ઠ | ર | ર | સ |
| | ભો | ર | | ભા | વ | ના | | | વિ | | |
| ર | મ | ત | વા | ત | | ત | પા | સ | | જ | સ |
| મ | | ર | ન | | તા | | વ | ર | ખ | | ર |
| ત | ર | ફ | | અ | ન | શ | ન | | ફા | જ | લ |

*ડિસેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૭ના સમય મર્યાદા બાદ મળેલ ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧૨. | પ્રતિમા જી. શાહ | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૩. | કલ્પના હરખચંદ શાહ | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૪. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૧૫. | જયા ગુલાબચંદ ડાઘા | - અમલનેર | ૧ ભૂલ |
| ૧૬. | સરોજ અનુપ ચંદુરા | - સુરત | ૧ ભૂલ |
| ૧૭. | નવીનચંદ્ર શામજી લાલકા | - ગદગ | ૩ ભૂલ |
| ૧૮. | રશ્મિકાંત એસ. સાવલા | - ભુજ | ૨ ભૂલ |

*જાન્યુઆરી-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૮ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | - સેટેલાઈટ, અ'વાદ | બધા સાચા |
| ૩. | પ્રભાબેન મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૪. | જયંતીલાલ વાલજી રાજગોર | - ભુજપુર | બધા સાચા |
| ૫. | અરવિંદ જે. ભટ્ટ | - અમદાવાદ | બધા સાચા |
| ૬. | જયચંદ માણેકજી લોડાયા | - મુંબઈ | બધા સાચા |
| ૭. | અનસૂયાબેન કોન્ટ્રાક્ટર | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૮. | હસમુખ ડી. દેઢિયા | - અડાલજ | ૨ ભૂલ |
| ૯. | કાંતિલાલ વી. દેઢિયા | - સુરત | ૨ ભૂલ |
| ૧૦. | નયના નવીન રાંભિયા | - મુંબઈ | ૨ ભૂલ |
| ૧૧. | જ્યોતિ લક્ષ્મીચંદ શાહ | - અમદાવાદ | ૩ ભૂલ |

## શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ - સોનગઢ (સૌરાષ્ટ્ર)

(દુહા)

ચારિત્ર વિજયે વાવ્યું, સિંચ્યું ચંદ્ર કલ્યાણ
બાળકોએ બહેલાવ્યું, આશ્રમ રત્નની ખાણ
જ્યાં ચારચારસો બાળકોનાં જીવન ઘડતર થાય
રત્ન પાકે પથ્થર મહીં, આશ્રમથી કેળવાય
કંઈ પાક્યા કંઈ પાકશે, ઉત્તમ બાળક વૃંદ
પ્રેરણા લઈ આશ્રમથી, કરતા જીવન ધન
સોનગઢની પાદરે, આશ્રમ આંબો એક
વિહંગ સમ વિદ્યાર્થી કલરવ કરતા છેક
ધર્મ-જ્ઞાન-વિદ્યાતણા, ત્રિવેણી સંગમ થાય
'રશ્મિન્' એ આશ્રમ ઉપરે સદાય વારી જાય.

*'રશ્મિનનો રણકાર : ભાગ-૧'માંથી સાભાર*

### શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમના અધિષ્ઠાયક સ્વર્ગસ્થ પૂ. ગુલાબચંદ બાપાને સ્મરણાંજલિ...

'કલ્યાણ' બાગમાં સુરભિ પ્રસારતો
ઓપતો સુરંગે ગુલાબ ગોટો
મહેકી રહેતી એના પમરાટથી,
ભ્રમરનો કદી ત્યાં ન રહેતો તોટો
'ચંદ્ર' બાપાએ અમૃતો સિંચીને
જેહને કીધો સર્વોચ્ચ મોટો
હાય એ કાળના ઘર તણે ખરી પડ્યો,
જોઈને હું ત્યાં રહ્યો આજ રોતો
શિશુગણો ઉપરે જેહને બહુ હતી,
પ્રેમ ભરેલી કુણી લાગણીઓ
'ઈશ' બાળકો એમ સંબોધતા
પૂરી કીધી સદા માગણીઓ
હાથ શિર પર ધરી આશિષો ઉચરી,
વહાવી બોધની લાગણીઓ
બાપુ ચરણે રહી સાધના સાધીને,
ટેકવી સિદ્ધ શિલે આંગળીઓ.

### ગુલાબ ખરતાં....

રોઈ ગુલાબ કેરી ડાળ, રોયા ઉદ્યાન કેરા ઝાડ,
રોયો જિન શાસન સંસાર, રોયા સ્થાવર જંગમ સાર,
રોયા ડુંગર રોયા પહાડ, રોયા સરિતા નીર ઉછાળ,
રોયો 'ચારિત્ર' આશ્રમ સાર, રોયો 'રશ્મિન' બાળ,
સર્વે કેરા ચક્ષુમાંથી, શોકનાં અશ્રુ વહ્યાં,
જાતાં ચંદ્ર ગુલાબ અહીંથી, શૂન્ય શૂન્ય થઈ રહ્યાં,
હજો આત્માને ચિરઃશાંતિ, બીજું કંઈ યાચુ નહીં,
પ્રકટો પુનઃ ગુલાબ બાગમાંહી, એ આશા અંતર મહીં.

*'રશ્મિનનો રણકાર : ભાગ-૨'માંથી સાભાર*

શુભેચ્છા સહ : સૌ. લીનાબેન હંસકુમાર શાહ
**HEMANT SURGICAL INDUSTRIES LTD.**
647, Girgaum Road, Near Dhobi Talao, Avijah Bldg.,
Gr. Floor, No. 6 & 7, Mumbai-400 002. INDIA.
Tel. : 2203 0935 / 36 • Fax : 91-22-2207 7585
Web : www.hemantsurgical.com • E-mail : info@hemantsurgical.com

## શબ્દ રમત-૭૯

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | | ■ | ૬ | | ૭ |
| ૮ | | ■ | ૯ | | ૧૦ | | ■ | ■ | | ■ | |
| | ■ | ૧૧ | ■ | ૧૨ | | ■ | ■ | ૧૩ | ■ | ■ | ■ |
| ૧૪ | ૧૫ | | | ■ | ૧૬ | ■ | | | | ૧૭ | ૧૮ |
| ■ | ૧૯ | | ■ | ૨૦ | ■ | ૨૧ | ■ | | ■ | ૨૨ | |
| ૨૩ | | ■ | ■ | ૨૪ | ૨૫ | ■ | ■ | | ■ | ૨૬ | |
| ૨૭ | | ૨૮ | ■ | ■ | | ■ | ૨૯ | | | ■ | ■ |
| | ■ | | ■ | ૩૦ | | | ■ | ■ | ■ | ■ | ૩૧ |
| | ■ | ૩૨ | | ■ | ૩૩ | | ■ | ૩૪ | ૩૫ | ૩૬ | |
| ■ | ૩૭ | | ■ | ■ | ૩૮ | ■ | ૩૯ | ■ | ૪૦ | | |
| ૪૧ | | | ■ | ૪૨ | | | | | ■ | | ■ |
| ■ | | ■ | ૪૩ | | ■ | ૪૪ | | ■ | ૪૫ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૨-૨૦૧૩*

### આડી ચાવીઓ

૧. સતત ત્રણ ટર્મથી ચૂંટણી જીતીને ચોથીવાર બનેલા મુખ્યમંત્રી (૫)
૨. કાગડો (૨)
૬. મુસલમાન વૈદ (૩)
૮. જંગલ, અરણ્ય, રાન (૨)
૯. છીંકણી (૪)
૧૨. બાલદી (૨)
૧૪. છબી, ચિત્ર (૪)
૧૬. માથાનો ભાગ, આબરૂ (૫)
૧૯. જીભથી માલૂમ પડતો સ્વાદ, આનંદ (૨)
૨૧. પવન, વાયુ (૧)
૨૨. તપસ્યા, ઇંદ્રિય દમન (૨)
૨૩. હાય, નિસાસો (૨)
૨૪. છેડો, દિશા, અંત (૨)
૨૫. રાજા, આચાર્ય વગેરેની પ્રશસ્તિનો પોકારાતો પાઠ, નેકી (૨)
૨૭. યોગ્ય કિંમત કરવી તે, બુજ (૩)
૨૯. કળી, અણખિલેલું ફૂલ (૩)
૩૦. ભૂલ ભરેલું, જૂઠું (૩)
૩૨. પોઠનો બળદ, વણઝારો (૨)
૩૩. પ્રવાસી માટે સાધન સામગ્રીનો થેલો (૨)
૩૪. એક જાતનું તેલ બી (૪)
૩૭. વેશ ભજવનાર, દોરડા પર નાચનાર (૨)
૪૦. પ્રવાસ (૩)
૪૧. મેઘ ધનુષ્યના સાત રંગનો પ્રથમ રંગ (૩)
૪૨. આરબ લોકોનો દેશ (૫)
૪૩. કમ, ઓછું, ઊણું (૨)
૪૪. પરેજી, કરી (૨)
૪૫. નિરાશ, નાસીપાસ (૩)

### ઊભી ચાવીઓ

૧. માખણ (૪)
૨. રાત, રેણ (૨)
૩. મૃત્યુ, મરણ (૨)
૪. વાઘની જાતનું શરીરે મોટા ટપકાવાળું વન્ય પ્રાણી (૨)
૫. મોટર (અં.) (૨)
૬. સીમા, મર્યાદા (૨)
૭. બુધ્ધિ, મતિ (૨)
૧૦. ફાલવું, વિકસવું (૩)
૧૧. એક જાતનું ભૂતપ્રેત (૩)
૧૩. કહેવતોનો સંગ્રહ (૫)
૧૫. સીમા, સીમાડો (૪)
૧૭. મૂળ ગામ કે દેશ (૩)
૧૮. સોનેરી કે રૂપેરી ટપકી (૩)
૨૦. પિતા, દાદા (૨)
૨૧. પવન, વાયુ (૧)
૨૩. મોહક, ખેંચાણ કરે તેવું (૪)
૨૫. શ્રીકૃષ્ણ અને બળદેવ (૬)
૨૮. અરણીકાષ્ઠ અને સરસવ રાખની પોટલી કાંડે બાંધવાનો અભિમંત્રિત દોરો (૫)
૩૧. રાજકુમાર, પુત્ર (૩)
૩૬. સફળતા, ફતેહમંદી (૪)
૩૭. અશક્ત, કમજોર (૩)
૩૯. બહોળા કુટુંબવાળું (૩)
૪૨. અમૃત, મીઠાશ, કૃપા (૨)

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા

લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી

એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

સ્થાપના : ૧૯૮૪

# અબડાસા ગૌશાળા ટ્રસ્ટ

ગામ : રાપરગઢવાળી, અબડાસા (કચ્છ)

## એક આદર્શ ગૌસંવર્ધન શાળા



ગીર ગાય



દેશી ગાય



થરપારકર ગાય



કાંકરેજ ગાય

**વિપુલ લોડાયા : મો. ૦૯૯૭૯૫ ૨૩૯૯૭**

• ટ્રસ્ટીશ્રીઓ •

**મોહનભાઈ રાંભિયા (વિંઝાણ)**

**વસંતભાઈ શાહ (લાયજા)**

**હિતેશભાઈ મોતા (રાપરગઢ)**

### ડિસેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૩નો સાચો ઉકેલ પાછળથી મોકલનારની નામાવલિ

૮. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૯. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૧૦. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૧૧. પ્રતિમા ગિરીશ શાહ - અમદાવાદ
૧૨. સરોજ અનુપચંદ ચંદુરા - સુરત
૧૩. જ્યોતિ લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ

### જાન્યુઆરી-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૪નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. હેતલ નિકુંજ મહેતા - અમદાવાદ
૩. કિરણ હરખચંદ ગાલા - ઉમરગામ
૪. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૫. સરોજ જયેશ શાહ - અમદાવાદ
૬. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૭. બકુલ એચ. શાહ - અમદાવાદ
૮. હસમુખ ડી. દેઢિયા - અડાલજ
૯. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૧૦. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૧૧. સંકેત હસમુખ મહેતા - ભુજ
૧૨. નયના નવીન રાંભિયા - મુંબઈ

***A wise Physician said, "the best medicine for human is CARE & LOVE."***

***Someone asked, 'If it doesn't work?'***

***He smiled & answered, "INCREASE THE DOSE."***

***Have a Good Day.***

# સુડોકુ

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૩૫ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૨-૨૦૧૩ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ માર્ચ-૨૦૧૩ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :** ૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.
૨. ૧થી ૯ના આંકડા 3 X 3 ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

## ક્રમાંક - ૧૦૩૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | ૧ | ૭ | | |
| ૭ | | ૪ | | | | ૧ | ૩ | |
| | | ૯ | | | ૭ | | ૫ | |
| | ૭ | | | ૪ | ૮ | | | ૧ |
| | ૩ | | | | | | ૭ | |
| ૨ | | | ૭ | ૩ | | | ૪ | |
| | ૯ | | ૬ | | | ૫ | | |
| | ૬ | ૨ | | | | ૯ | | ૪ |
| | | ૮ | ૯ | | ૫ | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨ | | ૧ | ૭ | ૯ | |
| ૯ | ૧ | | ૪ | | | ૨ | | |
| ૫ | | ૨ | | ૯ | | | | |
| ૨ | | | ૩ | | | ૪ | | ૭ |
| | ૮ | | | ૨ | | | ૬ | |
| ૪ | | ૫ | | | ૭ | | | ૨ |
| | | | | ૫ | | ૮ | | ૪ |
| | | ૪ | | | ૮ | | ૨ | ૬ |
| | ૫ | ૮ | ૧ | | ૨ | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | | ૭ | | | |
| ૨ | | | ૫ | | | | ૬ | ૪ |
| | | | ૪ | ૨ | | | ૯ | |
| ૯ | ૬ | ૫ | | | | | | ૭ |
| | | | ૮ | ૯ | ૬ | | | |
| ૮ | | | | | | ૬ | ૩ | ૯ |
| | ૭ | | | ૫ | ૮ | | | |
| ૪ | ૨ | | | | ૧ | | | ૮ |
| | | | ૨ | | | ૩ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | ૪ | | | ૨ | | |
| | ૩ | | ૭ | | | | | ૫ |
| ૪ | | ૧ | | | ૫ | | | |
| ૬ | ૧ | | ૯ | | | | ૨ | |
| | | ૮ | | ૫ | | ૪ | | |
| | ૫ | | | | ૧ | | ૬ | ૯ |
| | | | ૫ | | | ૭ | | ૬ |
| ૯ | | | | | ૨ | | ૩ | |
| | | ૭ | | | ૮ | ૯ | | |

## ઉકેલ : ક્રમાંક - ૧૦૩૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૫ | ૯ | ૧ | ૪ | ૬ | ૩ | ૨ |
| ૯ | ૬ | ૨ | ૮ | ૭ | ૩ | ૧ | ૫ | ૪ |
| ૧ | ૩ | ૪ | ૬ | ૫ | ૨ | ૭ | ૮ | ૯ |
| ૩ | ૫ | ૧ | ૨ | ૯ | ૮ | ૪ | ૭ | ૬ |
| ૭ | ૮ | ૯ | ૫ | ૪ | ૬ | ૩ | ૨ | ૧ |
| ૨ | ૪ | ૬ | ૭ | ૩ | ૧ | ૫ | ૯ | ૮ |
| ૪ | ૧ | ૭ | ૩ | ૨ | ૯ | ૮ | ૬ | ૫ |
| ૬ | ૯ | ૩ | ૪ | ૮ | ૫ | ૨ | ૧ | ૭ |
| ૫ | ૨ | ૮ | ૧ | ૬ | ૭ | ૯ | ૪ | ૩ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | ૯ | ૪ | ૬ | ૩ | ૮ | ૭ | ૨ |
| ૬ | ૭ | ૨ | ૫ | ૮ | ૯ | ૧ | ૩ | ૪ |
| ૪ | ૮ | ૩ | ૨ | ૭ | ૧ | ૬ | ૫ | ૯ |
| ૮ | ૪ | ૧ | ૭ | ૫ | ૬ | ૨ | ૯ | ૩ |
| ૯ | ૨ | ૬ | ૮ | ૩ | ૪ | ૭ | ૧ | ૫ |
| ૩ | ૫ | ૭ | ૧ | ૯ | ૨ | ૪ | ૬ | ૮ |
| ૧ | ૩ | ૮ | ૯ | ૪ | ૭ | ૫ | ૨ | ૬ |
| ૭ | ૯ | ૫ | ૬ | ૨ | ૮ | ૩ | ૪ | ૧ |
| ૨ | ૬ | ૪ | ૩ | ૧ | ૫ | ૯ | ૮ | ૭ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૭ | ૧ | ૯ | ૨ | ૩ | ૮ | ૪ |
| ૮ | ૩ | ૯ | ૫ | ૬ | ૪ | ૭ | ૧ | ૨ |
| ૪ | ૧ | ૨ | ૩ | ૭ | ૮ | ૫ | ૯ | ૬ |
| ૯ | ૪ | ૬ | ૨ | ૩ | ૧ | ૮ | ૫ | ૭ |
| ૩ | ૭ | ૮ | ૬ | ૪ | ૫ | ૧ | ૨ | ૯ |
| ૧ | ૨ | ૫ | ૭ | ૮ | ૯ | ૬ | ૪ | ૩ |
| ૭ | ૯ | ૧ | ૮ | ૨ | ૬ | ૪ | ૩ | ૫ |
| ૨ | ૫ | ૩ | ૪ | ૧ | ૭ | ૯ | ૬ | ૮ |
| ૬ | ૮ | ૪ | ૯ | ૫ | ૩ | ૨ | ૭ | ૧ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | ૮ | ૯ | ૬ | ૩ | ૨ | ૭ | ૧ |
| ૬ | ૩ | ૧ | ૨ | ૮ | ૭ | ૪ | ૯ | ૫ |
| ૨ | ૯ | ૭ | ૪ | ૧ | ૫ | ૩ | ૮ | ૬ |
| ૫ | ૮ | ૬ | ૭ | ૯ | ૨ | ૧ | ૩ | ૪ |
| ૩ | ૭ | ૪ | ૧ | ૫ | ૬ | ૯ | ૨ | ૮ |
| ૧ | ૨ | ૯ | ૩ | ૪ | ૮ | ૫ | ૬ | ૭ |
| ૯ | ૪ | ૨ | ૬ | ૭ | ૧ | ૮ | ૫ | ૩ |
| ૮ | ૬ | ૩ | ૫ | ૨ | ૪ | ૭ | ૧ | ૯ |
| ૭ | ૧ | ૫ | ૮ | ૩ | ૯ | ૬ | ૪ | ૨ |

*દરેક જણ પોતાનું આંગણું વાળે તો દુનિયા ચોખ્ખી થઈ જાય.*

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ***

★ સામાન્ય રીતે માનવામાં આવે છે કે લાલ રંગ જોઈને સાંઢને ગુસ્સો આવે છે અને એ પોતાનું સંતુલન ગુમાવી બેસે છે. પરંતુ આ વાત સાચી નથી. હકીકતમાં સાંઢ રંગ જ પારખી શકતો નથી.

★ નોર્વેમાં નવેમ્બરમાં ટેક્ષ ઘટાડીને અડધો કરી દેવામાં આવે છે. જેથી લોકોના ખિસ્સામાં ક્રિસમસ અને નવા વર્ષની રજાઓ વિતાવવા માટે વધારે રકમ રહી શકે. એ રકમમાંથી લોકો ભેટની ચીજવસ્તુઓ ખરીદી શકે છે અને તેનાથી અર્થ વ્યવસ્થાને વેગ મળે છે.

★ ટેલિફોનના શોધક એલેકઝાન્ડર ગ્રેહામ બૅલે ક્યારેય પોતાની માતા કે પત્નીની સાથે ફોન પર વાત નહોતી કરી કારણકે બંનેમાં સાંભળવાની શક્તિ ઓછી હતી.

★ એક સામાન્ય મનુષ્ય પોતાના જીવનકાળમાં લગભગ ૨,૫૦,૦૦૦ વખત બગાસા ખાય છે.

★ નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યૂરોના જણાવેલા આંકડા અનુસાર ગત વર્ષ દરમ્યાન દેશમાં ૨.૨૮ લાખથી પણ વધારે ગુના સ્ત્રીઓ સાથે બન્યા. સૌથી વધારે ૨૯,૧૩૩ અપરાધ પશ્ચિમ બંગાળમાં મહિલાઓ સાથે થયા. દિલ્હીમાં ૨,૬૨૦ રેપના કિસ્સાઓ છેલ્લા પાંચ વર્ષમાં જોવા મળ્યા. મેટ્રોસિટીમાં સૌથી ખરાબ સ્થિતિ દિલ્હીમાં છે. આ સમય દરમ્યાન મુંબઈમાં ૧૦૩૩, બેંગલુરુમાં ૩૮૩, ચેન્નાઈમાં ૨૯૩ અને કોલકત્તામાં ૨૦૦ કિસ્સા નોંધાયા હતા.

★ વર્ષ ૨૦૧૨માં ઘણી નામાંકિત વ્યક્તિઓએ કાયમ માટે વિદાય લીધી. આ વ્યક્તિઓ આ પ્રમાણે છે : શિવસેનાના પ્રમુખ - બાળાસાહેબ ઠાકરે, ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સુપર સ્ટાર - રાજેશ ખન્ના, ફોટો જર્નાલિસ્ટ - હોમાઈ વ્યારાવાલા, ભારતરત્ન સીતારવાદક - પંડિત રવિશંકર, ૨૮ હજારથી વધુ ગીતો-ગઝલ ગાયક - મહેંદી હસન, ફિલ્મ દિગ્દર્શક - યશ ચોપરા, કુસ્તીના ૫૦૦થી પણ વધુ મુકાબલા લડનાર - દારાસિંહ, ચંદ્રની સપાટી પર પ્રથમ પગ મૂકનાર - નીલ આર્મસ્ટ્રોંગ એસ્ટ્રોનેટ, પૂર્વ વડાપ્રધાન - ઈન્દ્રકુમાર ગુજરાલ, ૨૨૫થી વધુ ફિલ્મોમાં કામ કરનાર - એ.કે. હંગલ, ગામડાંના દૂધને દેશના ખૂણે ખૂણે પહોંચાડનાર શ્વેત ક્રાંતિના જનક - વર્ગીસ કુરિયન.

★ ભારતના મહાન ગણિતશાસ્ત્રી રામાનુજમની ફોર્મ્યુલા લઈને ગણિતશાસ્ત્રીઓ ૧૯૨૦માં આવ્યા હતા અને રામાનુજમના નિધન પછી લગભગ ૧૦૦ વર્ષ પછી ગણિતશાસ્ત્રીઓ તેમની બનાવેલી ફોર્મ્યુલા ઉકેલી શક્યા અને તેમણે જણાવ્યું કે રામાનુજમની ફોર્મ્યુલા બિલકુલ યોગ્ય હતી અને તેમની આ ફોર્મ્યુલાના આધારે વૈજ્ઞાનિકોએ ‘બ્લેક હોલ’ અંગે દાવો કર્યો છે. ‘બ્લેક હોલ’ એવું ક્ષેત્ર છે જેનું ગુરુત્વાકર્ષણ પ્રકાશ સહિત કોઈપણ વસ્તુને તેના તરફ ખેંચી લીધા બાદ નીકળવા દેતું નથી.

★ લડાખમાં દુનિયાનું સૌથી મોટું સોલર ટેલિસ્કોપ રૂા. ૩૦૦ કરોડના ખર્ચે તૈયાર થાય છે. તેની મદદથી સૂર્ય ઉપર ઉપલબ્ધ ડાઘનું નિર્માણ અને તેના નાશ તેમજ સૌર વાતાવરણનો અભ્યાસ કરી શકાશે. આ ટેલિસ્કોપમાં બે મીટર વ્યાસનો લેન્સ લગાવવામાં આવશે. હાલમાં દુનિયાનું સૌથી મોટું સોલર ટેલિસ્કોપ ‘મેકમથ પિયર્સ’ અમેરિકી પ્રાંત એરિઝોનાના કિટ પીક નેશનલ ઓબ્ઝર્વેટરીમાં છે. તેનો ઍપેર્ચર ૧.૬ મીટરનો છે.

★ મહાભારતમાં અભિમન્યુએ તેની માતાના ગર્ભમાં જ સાંભળીને ચક્રવ્યૂહ ભેદવાનું રહસ્ય શીખી લીધું હતું. હવે વૈજ્ઞાનિકોએ તેના પર મહોર મારી દીધી છે કે બાળકો માતાના ગર્ભથી જ બોલચાલની ભાષા શીખી જાય છે. પ્રોફેસર ક્રિસ્ટીન મૂનેએ એક શોધમાં જણાવ્યું છે કે પ્રસવના છેલ્લા ૧૦ અઠવાડિયામાં બાળક ભાષા પર ધ્યાન આપવા લાગે છે.

★ દુનિયામાં મોબાઈલનો ઉપયોગ ખૂબ જ મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે. દુનિયાની કુલ વસતિનો ૫૫% મોબાઈલ યુઝ ટોચના ૧૫ દેશોમાં થાય છે. ભારતમાં ૯૧.૯૧ કરોડ લોકો મોબાઈલનો ઉપયોગ કરે છે. ચીનમાં ૧.૦૧ અબજ લોકો મોબાઈલનો ઉપયોગ કરે છે. યુ.એસ.એ.માં ૩૧.૦૮ કરોડ, ઈન્ડોનેશિયામાં ૨૫ કરોડ અને જાપાનમાં ૧૨.૧૨ કરોડ લોકો મોબાઈલનો ઉપયોગ કરે છે. હાલમાં મોબાઈલની દુનિયા એટલી બધી આધુનિક બનતી જાય છે કે એક વર્ષમાં ૧૫૦ વાર નવા ફોન્સ રીલિઝ થઈ રહ્યા છે.

★ દુનિયામાં સૌથી ભવ્ય એવું એક સ્વામિનારાયણ મંદિર ૧૦૦ મિલિયન ડોલર એટલે કે ૫,૪૩,૪૦,૦૦,૦૦૦ રૂપિયાના ખર્ચે અમેરિકામાં લોસ એન્જલ્સમાં હોલીવુટ સિટી નજીક બંધાયું છે. ઈટાલિયન મિરર માર્બલના ૩૫,૦૦૦ ટુકડાઓ અને ભારતના રેતિયા પથ્થરનો ઉપયોગ કરી વિશ્વનું સૌપ્રથમ ભૂકંપપ્રૂફ મંદિર બાંધવામાં આવ્યું છે. છેલ્લા ૧૦૦૦ વર્ષમાં આવા એકેય મંદિરનું નિર્માણ થયું નથી.

આ મંદિર ૨૦ એકરમાં પથરાયેલું છે. ૬૬૦૦ કોતરણી કારીગરોએ ૯૧ કમળ આકારના તળાવ બનાવેલા છે. બે વિશાળ ઘુમ્મટ અને પાંચ શિખર ધરાવતું આ મંદિર ૧૨૨ થાંભલા ઉપર ઊભેલું છે અને તેને ૧૨૯ પ્રવેશદ્વારો છે.

★ નાસાના કેપ્લસ સ્પેસ ટેલિસ્કોપની મદદથી બ્રહ્માંડમાં ૧૦૦ અબજથી વધારે ગ્રહો હોવાની જાણ થઈ છે.

★ વર્ષ ૨૦૧૨ના અંતિમ દિવસ ૩૧ ડિસેમ્બરે સૂર્યથી ૨.૫૭ લાખ કિ.મી. લાંબા સૌર મોજા ઊઠ્યાં હતાં. તેની તસવીર અમેરિકી અંતરીક્ષ એજન્સી નાસાએ લીધી છે. આ ચુંબકીય દબાણ ભવિષ્યમાં ઉપગ્રહો અને મોબાઈલ નેટવર્ક માટે ખતરો બની શકે છે. આ મોજા પૃથ્વીના વ્યાસથી આશરે ૨૦ ગણા મોટા હતા.

★ ઓસ્ટ્રેલિયાના કિમ્બરલેમાં ૧૨.૭૬ કેરેટનો દુર્લભ ગુલાબી હીરો મળ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત ૫૦ કરોડ રૂપિયા છે.

★ જે કેલેન્ડર પ્રમાણે આજનું કેલેન્ડર ચાલે છે તેને ગ્રેગેરિયન કેલેન્ડર કહેવામાં આવે છે. પોપ ગ્રેગર તેરમાએ ૨૫ ફેબ્રુઆરી, ૧૫૮૨ના રોજ એક હુકમનામું બહાર પાડી તેની શરૂઆત કરી હતી.

***તમારા હૃદયમાં જો ઉદારતા ન હોય તો નક્કી માનજો કે ખરાબમાં ખરાબ પ્રકારનો હૃદયરોગ તમને થયેલો છે.***

★ **વિવાદાસ્પદ જમીનનું વેચાણ :** કચ્છમાં કુકમા ગામ ખાતે ૩૯ એકર સરકારી જમીન વર્ષ ૨૦૦૩માં ખાણકામ ઉદ્યોગનાં હેતુસર ઈન્ડ ગોલ્ડ રિફાઈનરીને સોંપાઈ હતી. નિયમ મુજબ કંપનીએ છ માસમાં પ્રોજેક્ટનું કામકાજ શરૂ કરવાનું હતું. પરંતુ છ વર્ષ બાદ પણ કોઈ પ્રગતિ સધાઈ ન હતી. અચાનક વર્ષ ૨૦૦૯માં ઉક્ત કંપનીએ વાઈબ્રન્ટ મહોત્સવમાં સરકાર સાથે એમ.ઓ.યુ. કરીને મુંબઈની એલ્યુમિના રિફાઈનરીને તે જમીન વેચાણથી તબદીલ કરવાનું નક્કી કર્યું હતું. રાજ્યના મહેસૂલ વિભાગે ખાસ કિસ્સા તરીકે બારોબાર જમીન તબદીલ કરવાની પરવાનગી આપી હતી. પ્રસ્તુત કેસમાં મોટી હેરાફેરી થઈ હોવાના આક્ષેપ સાથે કોર્ટમાં અરજી દાખલ થઈ હતી. નિયમ ભંગ કરીને અન્ય કંપનીને આપવામાં આવેલી જમીનના આ કિસ્સામાં સુપ્રીમ કોર્ટે તાજેતરમાં ગુજરાત સરકારના મહેસૂલ વિભાગને કારણદર્શક નોટિસ પાઠવીને જવાબ માગ્યો છે.

★ **એર ચીફ દ્વારા ભુજ વાયુદળની મુલાકાત :** વાયુદળના વડા એર ચીફ માર્શલ નોર્મન અનિલકુમાર (એન.એ.કે.) બ્રાઉને પદગ્રહણ બાદ પ્રથમ વખત ભુજ વાયુદળની તાજેતરમાં મુલાકાત લીધી હતી અને ભુજ એરબેઝ ખાતે જેગુઆર વિમાનમાં ઊડાન ભરી હતી. બ્રાઉને વાયુદળના મથકનું નિરીક્ષણ કર્યું હતું તથા અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.



**સંકલન : દિનેશ આર. મહેતા**

★ **ડૉ. ધીરેન્દ્ર મહેતાને સુવર્ણ ચંદ્રક :** ગુજરાતી સાહિત્યના સમર્થ કચ્છી સર્જક ડૉ. ધીરેન્દ્રભાઈને ગુજરાતી સાહિત્ય સભા તરફથી જાહેર કરાયેલો રણજિતરામ સુવર્ણચંદ્રક જાણીતા સર્જક ડૉ. કુમારપાળ દેસાઈના હાથે તાજેતરમાં અમદાવાદ ખાતે એનાયત કરાયો હતો. ત્યારે વિવિધ સર્જકોએ જણાવ્યું હતું કે ડૉ. ધીરેન્દ્ર મહેતાના સર્જનમાં નારી સંવેદના આધુનિક અભિગમની સાથે માનવ સંવેદનાની સૂક્ષ્મતા પણ અભિવ્યક્ત થતી હોય છે.

★ **કચ્છના ખનીજો :** કચ્છના ભૂગર્ભમાં ધરબાયેલા ખનીજો કેટલા કિંમતી છે તેનો રૂપિયામાં હિસાબ ન કરી શકાય કારણકે જુરાસિક યુગના સમયથી ભૂગર્ભીય ફેરફારો થતા ગયા અને તે કારણે અનેક ખનીજોનું સર્જન થયું છે. આ ખનીજો પર અનેક સંશોધનો થાય છે અને માનવીય સભ્યતા, સંસ્કૃતિનો તાગ પણ મેળવાય છે. ઉદ્યોગોના આગમન બાદ આ ખનીજોનું વ્યવસાયીકરણ થયું છે. અત્યારે અલગ અલગ પ્રકારના ખનીજોનું ઉત્ખનન સરહદી જિલ્લામાં કરોડો રૂપિયાનો કારોબાર બન્યો છે. એપ્રિલથી ડિસેમ્બર, ૨૦૧૨ સુધીમાં ભુજ સ્થિત ખાણ ખનીજ ખાતાની કચેરીની સત્તાવાર આવક રૂા. ૧૩,૩૯૨.૨૮ લાખ છે. જે ગત વર્ષ કરતાં ૧૩૭૫.૪૪ લાખ વધુ છે.

★ **વિભાગીય રેલવે મેનેજર કચ્છની મુલાકાતે :** રેલવેના વેસ્ટ ઝોનમાં આવતા અમદાવાદ ખાતેના નવા નિયુક્ત ડી.આર.એમ.એ તાજેતરમાં ગાંધીધામ રેલવે મથકની મુલાકાત લીધી હતી. તે મુલાકાત દરમ્યાન સાંસદ સાથેની એક બેઠકમાં એ.સી. કોચ ફાસ્ટ ટ્રેન, પંજાબ, આંધ્રપ્રદેશની ટ્રેન, કોચ ફેક્ટરી, ભુજ - નલિયા બ્રોડગેજ લાઈન સહિતની ચર્ચા કરવામાં આવી હતી.

★ **રાપર સુધરાઈ :** એકવીસ સભ્યોની સંખ્યાવાળી રાપર બરો નગરપાલિકાના શાસક કોંગ્રેસ પક્ષના ૧૨ પૈકીના પ્રમુખ સહિતના આઠ સભ્યો ભાજપ સાથે તાજેતરમાં જોડાતા તે સુધરાઈના શાસનમાં પલટો આવ્યો હતો.

★ **આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ :** માંડવીમાં રળિયામણા વિન્ડફાર્મ બીચની સમાંતરે કાશી વિશ્વનાથ દરિયા કિનારો તથા ધોરડો ખાતે તાજેતરમાં ૨૫મી આંતરરાષ્ટ્રીય પતંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ૨૨ જેટલા વિદેશી પતંગબાજો સહિત ૮૦ જેટલા પતંગના રમતવીરોએ મહોત્સવમાં ભાગ લઈને લોકોત્સવને ઘેલું લગાડ્યું હતું. તા. ૧૩-૧-૨૦૧૩ના અમદાવાદમાં સાબરમતી રીવર ફ્રન્ટ ખાતે આ ત્રિ-દિવસીય મહોત્સવનું સમાપન થયું હતું.

★ **રણને કચકડે કંડારાયું :** કચ્છનું રણ અદ્‌ભુત સૌંદર્ય ધરાવે છે. રણોત્સવ દરમ્યાન મોટાભાગના પ્રવાસીઓનો ધસારો ધોરડો તરફ ફંટાય છે. અલબત્ત કચ્છના પૂર્વ છેડે આવેલા રણનું સૌંદર્ય પણ એટલું જ સૌંદર્યવાન છે. આ રણને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા એક નવતર કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં કચ્છ સૌરાષ્ટ્રના ખ્યાતનામ તસવીરકારોએ રણને કચકડે કંડારવાનું તાજેતરમાં આયોજન કર્યું હતું. આ આયોજન કચ્છ નેચર ફોટો આર્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

★ **ભોજાય સર્વોદય ટ્રસ્ટ :** કચ્છમાં ભોજાય સર્વોદય ટ્રસ્ટ દ્વારા ફેબ્રુઆરીથી એપ્રિલ માસ સુધી દસ વિવિધ શસ્ત્રક્રિયા શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્ત્રીરોગ, થાઈરોઈડ, પ્લાસ્ટિક સર્જરી કેમ્પ, નેત્રયજ્ઞ, આંખના પડદા માટે ઑપરેશન, બાળ મોતિયા, ત્રાંસી આંખ, કાન-નાક-ગળા ઉપરાંત જનરલ સર્જરી અને ફીટ વગેરે માટે શિબિરો સામેલ છે.

★ **જી.કે. જનરલ અને મેડિકલ કોલેજ :** ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારની રિવ્યૂ અરજી અંગે દસ ટકા કચ્છી છાત્રોને મેડિકલ કોલેજમાં અનામત આપવાના મુદ્દે ગુજરાત સરકાર નિર્ણય કરે તેવો હુકમ કર્યો હતો. આમ છતાં સરકાર દ્વારા આવી કોઈ અનામત કચ્છી છાત્રોને ન આપતાં, સુપ્રીમ કોર્ટમાં સ્થાનિક એક રાજકીય પક્ષના મહામંત્રીએ ખાસ અરજી કરતાં, તે સ્વીકારી, તાજેતરમાં ભારત સરકાર, ગુજરાત સરકાર અને ગુજરાત અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીઝને નોટિસ કાઢી ચાર અઠવાડિયામાં જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે.

★ **નર્મદાના વધારાના નીર :** કચ્છ સિંચાઈ વિભાગના અધિક્ષક ઈજનેરે તાજેતરમાં જણાવ્યું હતું કે, સિંચાઈ માટેની કચ્છ બ્રાંચ કેનાલને ફતેહગઢ પાસેથી મુખ્ય કેનાલ સાથે જોડાણ આપવામાં આવ્યું છે. જેમાંથી આવનારું વધારાનું પાણી સારણ જળાશયમાં ઠાલવવામાં આવશે. ખડીરથી છેક નારાયણ સરોવરને આવરી લેતા મહત્ત્વાકાંક્ષી અને મોટા પ્રકલ્પના પ્રથમ તબક્કામાં ખડીર વિસ્તાર ઉપરાંત રાપર, ભચાઉના જળાશયોને પાણીથી ભરવાની રૂા. ૨૫૦ કરોડની યોજના તૈયાર કરવામાં આવી છે. કચ્છના પેટાળમાંથી જતી મુખ્ય કેનાલમાંથી અલગ-અલગ ડેમ ભરવા માટે ૭ પેટા નહેર બનાવવામાં આવી છે. આ આખાય પ્રકલ્પ પાછળ રૂા. પાંચ હજાર કરોડની જંગી રકમ ખર્ચવામાં આવશે.

★ **કચ્છ યુનિવર્સિટી અને વાઈબ્રન્ટ :** ગાંધીનગર ખાતે યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં કચ્છ યુનિવર્સિટીના રસાયણ વિભાગ દ્વારા વિવિધ યુનિવર્સિટીઓ, આંતરરાષ્ટ્રીય સ્તરની સંશોધન સંસ્થા તેમજ વિવિધ ખાનગી કંપનીઓ સાથે બંનેના પ્રતિનિધિઓની હાજરીમાં ૧૫ સમજૂતી કરારો કરવામાં આવ્યા હતા. જેનાથી યુનિ.ના વિદ્યાર્થીઓ સાથે કચ્છમાં રસાયણ સંશોધન ક્ષેત્રે પ્રગતિ થશે.

***(સમાચાર પત્રો પર આધારિત)***


|| અતિથી દેવો ભવઃ ||

**અત્યાધુનિક યુગના 'શ્રવણ' ચેતન મોતા સંગાથે**

**કોઈપણ 'ડેસ્ટિનેશન'માં જોડાવ...**
**મુંબઈથી મુંબઈ સુધી પરફેક્ટ પ્રેઝન્ટેશન સાથેની... 'સંપૂર્ણ પેકેજ'**

**ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રૂપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજિત ફેમિલી / હનીમૂન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે....**

- શિખરજી
- સૌરાષ્ટ્ર દર્શન
- રાજસ્થાન
- પાલિતાણા-પંચતીર્થી
- ગિરનાર-સોમનાથ
- કચ્છ પંચતીર્થી
- જગન્નાથપુરી
- નાગેશ્વર-MP
- પૂના-કાવજ
- કાવી-ગંધાર-ઝઘડિયા
- કુલપાકજી-હૈદ્રાબાદ
- ચારધામ

- કાશ્મીર-વૈષ્ણોદેવી
- લેહ લદાક-કાશ્મીર
- દાર્જીલીંગ-સીક્કીમ
- હિમાચલ
- ઉત્તરાંચલ
- કેરાલા
- સાઉથ
- રાજસ્થાન
- ભુતાન
- નેપાલ

**CHETAN MOTA'S**

tmt® holydays


**LANDMARK FOR PACKAGE TOUR**

૨૦૬, નેપચ્યુન હાઉસ, એન.એસ. રોડ, મુલુંડ રેલ્વે સ્ટેશન પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
**Ph. : 2593 4545 ● 2565 0533 ● 93222 82993 ● Fax : 2568 3231**
**www.tmtholydays.in ● tmtholydays@yahoo.co.in**

**FAVOURITE**

**FAVOURITE SAFETY PRODUCTS**
**MFG. & EXP. OF INDUSTRIAL SAFETY SHOES**
C-1 / B 2007-2006/3, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch (Gujarat)
**Ph. : 91 2646 220690 / 251646 Fax : 91 2646 - 251030**
**Mail : info@favouriteshoes.com Website : www.favouriteshoes.com**

**Dhiren Shah (Dand)**
Director
M. : 98795 00916




## સરનામા ફેરફાર

- **કિરણ ભોગીલાલ મહેતા**
  એન-૧૧, સેટેલાઈટ ટાવર,
  એચ.પી. પેટ્રોલ પંપની બાજુમાં,
  માનસી સર્કલ,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.

- **જલદીપ કુંવરજી શાહ**
  સી-૭૦૪, રીવર સાઈડ પાર્ક,
  શાંતાબાગ સોસાયટી સામે,
  એ.પી.એમ.સી. માર્કેટ પાસે,
  વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

## પુત્ર જન્મ

- **તા. ૧-૧૧-૨૦૧૨**
  **'વીર' કુણાલ નરેન્દ્ર છગનલાલ શાહ (નાની તુંબડી - અમદાવાદ)**
  **માતુશ્રી : અ.સૌ. આશ્કાબેન**

## શરણાઈ

- **શનિવાર, તા. ૮-૧૨-૨૦૧૨**
  **ચિ. દંશ્ય જિતેન્દ્રભાઈ ઉમરશી કુરૂવા (ગોધરા - અમદાવાદ)**
  **(માતુશ્રી : અ.સૌ. જયશ્રીબેન)**
  **ચિ. કિંજલ ભરતકુમાર કીર્તિલાલ રાવલ**
  **(માતુશ્રી : અ.સૌ. હર્ષાબેન)**

- **બુધવાર, તા. ૧૬-૧-૨૦૧૩**
  **ચિ. કિન્નરી પરેશભાઈ મગનભાઈ સંઘવી (મુંદ્રા - અમદાવાદ)**
  **(માતુશ્રી : અ.સૌ. હર્ષાબેન)**
  **ચિ. તેજસ નયનભાઈ રવિલાલ શાહ (ભુજ - રાઉરકેલા)**
  **(માતુશ્રી : અ.સૌ. હંસાબેન)**

- **ગુરૂવાર, તા. ૧૭-૧-૨૦૧૩**
  **ચિ. જય સતીષભાઈ હેમચંદ વોરા (ભુજ - અમદાવાદ)**
  **ચિ. સોનમ સુનિલભાઈ શાહ (અમદાવાદ)**

- **શુક્રવાર, તા. ૧૮-૧-૨૦૧૩**
  **ચિ. અલ્પા જયપ્રકાશ મનુભાઈ શાહ (અમદાવાદ)**
  **(માતુશ્રી : અ.સૌ. રેખાબેન)**
  **ચિ. અર્પિત ભરતભાઈ હિંમતલાલ મહેતા**
  **(માતુશ્રી : અ.સૌ. દીનાબેન)**

- **રવિવાર, તા. ૨૭-૧-૨૦૧૩**
  **ચિ. પાયલ શશીકાંત નેમજી ગાલા (ટોડા - અમદાવાદ)**
  **(માતુશ્રી : અ.સૌ. કલ્પનાબેન)**
  **ચિ. વિધર્થ પ્રવીણભાઈ નાગરદાસ વોરા (મતીરાલા)**
  **(માતુશ્રી : અ.સૌ. મીનાબેન)**

## સાભાર સ્વીકાર

*ગત માસ દરમ્યાન નીચે મુજબ દાન પ્રાપ્ત થયેલ છે.*

### વૃક્ષારોપણ યોજના માટે

★ શ્રી પ્રેમજી રાયશી ગાલા પરિવાર (ભોજાય - મુંબઈ)
હ. સાકરબેન પ્રેમજી ગાલા : રૂા. ૨૦,૫૦૦/-
હ. નયનાબેન હિતેન્દ્ર ફુરિયા : રૂા. ૨૦,૫૦૦/-

### શિક્ષણ સહાય માટે

★ ચિ. કિન્નરી અને ચિ. તેજસના શુભ લગ્ન પ્રસંગે શ્રી પરેશકુમાર મગનલાલ સંઘવી તથા શ્રી નયનભાઈ રવિલાલ શાહ — બંને પક્ષો તરફથી સમાજને શિક્ષણ સહાય ફંડમાં રૂા. ૧૧,૦૦૦/- નું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

### શ્રી જલારામ અન્નક્ષેત્ર માટે

★ શ્રી કિરીટભાઈ સંઘવી (મુંદ્રા- કચ્છ) : રૂા. ૫૦૦/-

### વૈયાવચ્ચ ખાતે

★ શ્રી મહેન્દ્ર દેવજી ખોના પરિવાર (આરીખાણા - અમદાવાદ) ષષ્ટીપૂર્તિ નિમિત્તે રૂા. ૧૧૦૦/-

### મંગલ મંદિરને સપ્રેમ

★ શ્રી મહેન્દ્ર દેવજી ખોના પરિવાર (આરીખાણા - અમદાવાદ) ષષ્ટીપૂર્તિ નિમિત્તે રૂા. ૧૧૦૦/-

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ઉપરોક્ત દાનોનો સહર્ષ સ્વીકાર કરે છે અને દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

ઉત્કટ આત્મ-ત્યાગમાંથી જ ધર્મનો ઉદય થાય છે. પોતાના કાજે કશી જ ઈચ્છા ન રાખો. અન્ય કાજે બધું જ કાર્ય કરો. આનું જ નામ ઈશ્વરમાં સ્થિતિ, ગતિ અને હસ્તી હોવી એ.

*આધુનિક માનવીએ ઈશ્વરને એક જ પ્રાર્થના કરવાની છે, હે ભગવાન! જે કંઈ મારું છે તે મને વાપરવા દે.*

# એક્સ્પ્રેશન્સ-૨૦૧૩

## ધી ઈન્ટરનેશનલ ફોક ડાન્સ ફેસ્ટિવલ

### ૧૦ દિવસના કાર્યક્રમનો અહેવાલ

'સ્પંદન' સંસ્થા દ્વારા આંતરરાષ્ટ્રીય લોકનૃત્ય મહોત્સવ 'એક્સ્પ્રેશન્સ-૨૦૧૩'નું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦ દિવસીય મહોત્સવનું ભવ્ય ઉદ્‌ઘાટન તા. ૩જી જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ કર્ણાવતી ક્લબ ખાતે થયું હતું.

આમંત્રણ પત્રિકામાં છાપેલ સમય પ્રમાણે ૩જી તારીખે બરાબર ૮.૩૪ p.m.ના ટકોરે કાર્યક્રમનો શુભારંભ મહોત્સવની Signature Tuneથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આમંત્રિત દેશોના કલાકારો પોતાના રાષ્ટ્રધ્વજ સાથે મંચ પર આવ્યા. કેનેડા, ઈસ્ટોનિયા, જર્મની, ચેક રીપબ્લિક અને અફઘાનિસ્તાનના કલાકારોની સાથે આફ્રિકન મૂળના આદિવાસી કલાકારો સીદી તથા સ્પંદનના કલાકારો મંચ પર એકઠા થયા. એક પછી એક બધા જ દેશોના રાષ્ટ્રગીતો રજૂ થયા. અંતમાં ભારતના રાષ્ટ્રગીતની ધૂન, જર્મન કલાકાર સીમોને વાંસળી પર વગાડી. બધા જ દર્શકોએ સ્વ-સ્થાને ઊભા રહીને બધા જ રાષ્ટ્રગીતોને સન્માન આપ્યું.

ત્યારબાદ મહાનુભાવો દીપ પ્રાગટ્ય માટે મંચ પર આવ્યા. કલ્યાણપુષ્ટિ હવેલીના પૂ. દ્વારકેશલાલજી મહારાજના હસ્તે દીપ પ્રજ્વલનથી મહોત્સવનું ઉદ્‌ઘાટન થયું. સાથે જાણીતા સંગીતકાર શ્રી આણંદજીભાઈ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. 'સ્પંદન'ના અમદાવાદ, બરોડા અને સુરતના ડાયરેક્ટર્સ તથા મહોત્સવ-૨૦૧૩ના મુખ્ય કર્તાઓ સંદીપ મહેતા, પ્રદીપ મહેતા, ચિંતક પટેલ વગેરે પણ ઉપસ્થિત હતા. ઉદ્‌ઘાટક શ્રી દ્વારકેશલાલજીના આશીર્વચન બાદ મહોત્સવનો હેતુ તથા 'સ્પંદન'ની કામગીરી ઓડિયો - વિઝ્યુઅલના માધ્યમથી દર્શાવાઈ હતી.

લોકનૃત્યોની રજૂઆતનો આરંભ 'સ્પંદન' સંસ્થાના કલાકારો દ્વારા માતાજીના ગરબાથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉત્તર યુરોપના ઈસ્ટોનિયા દેશથી આવેલ કલાવૃંદે પોતાના લોકનૃત્યો રજૂ કર્યા હતા. એમના નૃત્યો મુખ્યત્વે મિત્રતા, સંબંધો તથા પ્રેમને અભિવ્યક્ત કરતા હતા. ઉપસીયાદ (Upsijad) નામના આ ગ્રુપના કલાકારો સરેરાશ મોટી ઉંમરના હોવા છતાં, ખૂબ ઉત્સાહપૂર્ણ નૃત્ય રજૂ કર્યા હતા.

ચેક રિપબ્લિકના કલા પ્રતિનિધિએ એમના બે ગીતો રજૂ કર્યા હતા. જર્મનીના કલાકારોએ રાજવી ખાનદાનના પરંપરાગત લોકનૃત્ય તથા બેલેની ઝલક બતાવી હતી તથા વાંસળી પર જર્મન તથા ભારતીય ધૂનો વગાડી હતી.

અફઘાનિસ્તાનના કલાકારોએ એમની મજાની ધૂન પર જોશીલું નૃત્ય કરી સૌને ડોલાવી દીધા હતા. એમની નૃત્ય શૈલીમાં ભારતીય નૃત્યો સાથેની સામ્યતા અવારનવાર વરતાઈ આવતી હતી.

ત્યારબાદ કેનેડાના ક્યુબેકથી પધારેલ વૃંદે એમના નૃત્યો રજૂ કર્યા હતા. ખાસ પ્રકારના 'Hobnail Shoes' પહેરીને રજૂ થયેલા આ નૃત્યોમાં કલાકારોનું અદ્‌ભુત કો-ઓર્ડિનેશન તથા જીવંતતા દર્શકોને સ્પર્શી ગઈ. આ Tap Dance માં નર્તકોની સ્ફૂર્તિ તથા Shoesથી ઉભરતા સંગીતથી અલગ જ વાતાવરણ ઊભું થયું.

અંતમાં મૂળ આફ્રિકન પ્રજાતિ આદિવાસી કલાકારો સીદી ગોમા નૃત્ય કરી સૌને રંગમાં લાવી દીધા. નૃત્ય દરમ્યાન છોલેલ નારિયેળને હવામાં ઉછાળી તેને માથા પર ફોડવાના કરતબ દેખાડી સૌને દંગ કરી દીધા.

કાર્યક્રમના અંતે સીદીઓના સંગીતના તાલે બધા જ દેશના કલાકારો એકસાથે નાચ્યા - ઝુમ્યા હતા.

એ દિવસે કર્ણાવતી ક્લબની લોનમાં વિક્રમજનક ઠંડી વરસી હોવા છતાં લગભગ ૫,૦૦૦ જેટલાં દર્શકોએ ગરમ કપડામાં ઢબુરાઈને પણ આ અનોખા કાર્યક્રમને માણ્યો હતો અને દેશી-વિદેશી કલાકારોની કલાને બિરદાવી હતી. તથા 'સ્પંદન'ના આ પ્રથમ પ્રયાસને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા.

મહોત્સવ દરમ્યાન કલાકારોએ ગુલમહોર ગ્રીન્સ ક્લબ, જી.એમ.ડી.સી. હોલ તથા બરોડામાં પણ કાર્યક્રમો આપ્યા હતા.

મહોત્સવ દરમ્યાન સ્પંદન દ્વારા વિદેશી કલાકારો માટે જોવાલાયક સ્થળોની મુલાકાત – અડાલજની વાવ, મોઢેરા સૂર્યમંદિર, કચ્છનું નાનું રણ, જાયનાબાદ ઘુડખર અભયારણ્ય, વિશાલા વાસણ મ્યુઝિયમ, સરખેજ રોજા, કાંકરિયા હેરીટેજ વૉકનું પણ આયોજન થયું હતું. અમદાવાદના મેયર શ્રી અસિત વોરા સાથેની શુભેચ્છા મુલાકાત તથા અમદાવાદની છ શાળાઓમાં વિદેશી કલાકારોની કાર્ય શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત એક રવિવારની સવારે બધા જ વિદેશી કલાકારો અમદાવાદના જુદા જુદા પાંચ ટ્રાફિક પોઈન્ટ્સ પર ઊભા રહીને લોકોને ટ્રાફિક જાગૃતિ અને માર્ગ સુરક્ષા માટેના સંદેશાઓ વાહન ચાલકોને આપ્યા હતા.

બધા જ વિદેશી કલાકારો અમદાવાદમાં જુદા જુદા પરિવારો સાથે રહ્યા હતા. જે માટે લાયન્સ ક્લબ ડિસ્ટ્રીક્ટ ૩૨૩-બી તરફથી સહયોગ અને સહકાર પ્રાપ્ત થયો હતો.

*દાણચોરી કરતાં ય દિલચોરી વધારે ભયંકર બાબત છે.*

સમગ્ર મહોત્સવ દરમ્યાન ભારતના રોકાણ દરમ્યાન મહોત્સવની સુંદર યાદો લઈને આ વિદેશી કલાકારો તા. ૧૩મી જાન્યુઆરીના રોજ સજળ આંખે અમદાવાદથી પરત ફર્યા. ભારત સાથે, અમદાવાદ સાથે, સ્પંદન સાથે તથા નવા મિત્રો સાથેના જીવનભરના અતૂટ સંબંધો બાંધીને.

● **નોંધ :**

*સ્પંદન સાંસ્કૃતિક ટ્રસ્ટ સામાન્યપણે વર્ષમાં એક કે બે વખત પોતાના કલાકારોને લઈને દુનિયાના વિવિધ દેશોમાં ભારતીય લોકકલા રજૂ કરવા અને ભારતીય સંસ્કૃતિની રજૂઆત અર્થે ૧૫થી ૨૦ દિવસના પ્રવાસે વિદેશ જાય છે. આ પ્રથા વર્ષોથી ચાલુ રાખવામાં આવેલ છે.*

*ચાલુ વર્ષ દરમ્યાન સ્પંદન સાંસ્કૃતિક ટ્રસ્ટે વિદેશી કલાકારોને ગુજરાત - ભારત ખાતે કોઈપણ જાતની સરકારી મદદ વગર સ્વબળે આમંત્ર્યા અને આ બધા જ દેશોના કલાકારોએ અહીં આવીને તેમની કલાઓ રજૂ કરી. દરેક શો ના સમયે માનવ મહેરામણ ઉમટી તેઓને પ્રોત્સાહિત કરતો હતો.*

*વિદેશી કલાકારો બે કે ત્રણના ગ્રુપમાં વિવિધ યજમોનાના મહેમાન બનીને રહ્યા અને એ રીતે તેઓ આપણી રહેવાની પ્રથાથી પરિચિત થયા. આપણી સંસ્કૃતિથી પરીચિત થયા. આ રીતે અમદાવાદના અનેક યજમાનોના ઘરોમાં સાંસ્કૃતિક આદાન-પ્રદાન લાગલગાટ ૧૦ દિવસ થતું રહ્યું.*

*વિદેશી કલાકારોને અમદાવાદ અને તેની આજુબાજુના જોવાલાયક સ્થળોએ લઈ જવામાં આવ્યા અને તેઓને આપણા ભૂતકાલીન વારસાથી પરિચિત કરાવવામાં આવ્યા.*

*આ દિવસો દરમ્યાન આ વિદેશી કલાકારોને તેમના યજમાન પરિવાર અને 'સ્પંદન' સાંસ્કૃતિક ટ્રસ્ટ તરફથી એટલો પ્રેમ આપવામાં આવ્યો કે માત્ર ૧૦ દિવસના સહવાસ બાદ જ્યારે તેઓ પોતાના દેશ જવા વિદાય થયા ત્યારે દરેકની આંખોમાં લાગણીના અશ્રુ વહેવા લાગેલ હતા.*

*ભારતીય સંસ્કૃતિને આ રીતે ઉજાગર કરવા બદલ સ્પંદન સંસ્થાના દરેક ટ્રસ્ટીને, દરેક કાર્યકરને અને તેને સહકાર આપનાર દરેક પરિવારને નત મસ્તકે વંદન કરવા ઘટે. દરેક કાર્યક્રમનું સૌજન્ય જે જે મહાનુભાવો અથવા તો જે જે સંસ્થાઓ તરફથી સાંપડેલ તે મહાનુભાવો / સંસ્થાઓને પણ અભિનંદન આપવા ઘટે. વર્ષોથી સ્પંદનનું સંચાલન કરી રહેલ ફાલ્ગુની હીરેનની યશકલગીમાં આથી એક વધુ પીંછું ઉમેરાયેલ છે.*

*ફાલ્ગુની હીરેનની યશસ્વી કામગીરીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને 'મંગલ મંદિર' પરિવાર ખૂબજ સારી રીતે બિરદાવે છે અને તેને અભિનંદન આપે છે.*

*ફાલ્ગુની હીરેન કચ્છમાં મુંદ્રા તાલુકાના નાની ખાખર ગામની દીકરી છે અને તેનો શ્વસુર પક્ષ નલિયા - કચ્છનો છે. તેઓ બંનેનો જન્મ અમદાવાદ ખાતે જ થયેલ છે. અમદાવાદને તેઓએ પોતાની કર્મભૂમિ બનાવેલ છે પરંતુ માતૃભૂમિ - કચ્છ તેઓના હૃદયના કેન્દ્રસ્થાને રહેવા પામેલ છે.*

*— તંત્રી મંડળ*

**આ જગમાં થોડા મળે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મળે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મળે!**

*— રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa Electronics**
An ISO 9001-2000 COMPANY
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
Phone : 02646-226257 Fax : +91-2646-252759
Mobile : 9824101111, 9824762141
E-mail : viketa53@rediffmail.com

**કચ્છજો માડુ...**

કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.

*— રશ્મિન્ ખોના (મુંબઈ)*

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**
CLEARING, FORWARDING
SHIPPING & TRANSPORT AGENT
277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
Tel. : (022) 2266 3097, 3254 7879
Fax : (022) 2267 3098
E-mail : mumbai@burleighintl.com
E-mail : mp@nealmp.com
Website : www.burleighintl.com
Website : www.nealmp.com

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### સુવર્ણ જયંતી વર્ષના મુખ્ય કાર્યક્રમો અંતર્ગત દસમો મુખ્ય કાર્યક્રમ

# કચ્છ દર્શન - પ્રવાસ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાનના વિવિધ કાર્યક્રમોના એક ભાગરૂપે કચ્છ જિલ્લામાં દૂરના વિસ્તારમાં આવેલા ઐતિહાસિક અને મનોરમ્ય સ્થળોનું દર્શન કરાવવા તા. ૪-૧-૨૦૧૩થી તા. ૮-૧-૨૦૧૩ સુધી બસ દ્વારા એક પ્રવાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમુદ્ર જેના પગ ધૂએ છે અને ડુંગરોની હારમાળા જેના મસ્તક સમાન છે એવો સરહદી વિસ્તાર એટલે કચ્છ જિલ્લો. રણ, સમુદ્ર, પર્વત અને વનરાજીના સમન્વયવાળો આ જિલ્લો દુનિયાના કેટલાય દેશોના ક્ષેત્રફળ કરતાં વધારે વિસ્તાર ધરાવે છે.

વૈશ્વિક સ્તરે પ્રસિધ્ધ થઈ ગયેલા કચ્છનાં દર્શન માટે તા. ૪-૧-૨૦૧૩નાં રાત્રે ચાલીસ જેટલા સભ્યો સાથે અમદાવાદથી બસ દ્વારા પ્રયાણ કર્યું હતું અને રાત્રિના લગભગ ૧૨ વાગે કટારિયા ગામે પહોંચ્યા હતા.

બીજા દિવસે સવારે ૯ વાગે કટારિયાથી રવાના થઈ ધોળાવીરા તરફ પ્રયાણ કર્યું. ધોળાવીરાથી લગભગ ૨૦ કિલોમીટર પહેલાં રોડની બંને બાજુએ પથરાયેલ રણ જોઈને સૌના મન પ્રફુલ્લિત થઈ ગયા. ત્યાં એકાદ કલાકના રોકાણ બાદ ધોળાવીરામાં આગમન થયું.

અહીં આવેલ અશ્મિઓનું પ્રદર્શન તેમજ ૫૦૦૦ વર્ષ કરતાં પણ વધારે જૂનું - દટાયેલું શહેર, તેની અદ્‌ભુત રચના, કોતરણી અને બાંધકામ વગેરે નિહાળીને સૌ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

ત્યારબાદ સફેદ રણ વિસ્તારમાં સૂર્યાસ્તનું આહ્‌લાદક નજારો પ્રત્યક્ષરૂપે નિહાળવાની અમૂલ્ય તક મળી. રવ પાસે રવેચી માતાનું સ્થાનક જોઈ સૌ સૂવઈ ગામ આવી પહોંચ્યા.

સૂવઈ ગામ એટલે કે ગોકુળિયું ગામ. ગામમાં પેસતાં જ સ્વચ્છતા આંખે ઊડીને વળગે. સેનેટોરિયમ અને ગામના ઉજાગર કરવાના ઈરાદાવાળા શ્રી વાડીલાલ રતનશી સાવલાના કુટુંબીજનોએ સમગ્ર ગ્રુપનું ખૂબજ ઉષ્માભર્યું સ્વાગત કર્યું. તેમના ટ્રસ્ટ હેઠળ લાઈબ્રેરી, ઈંગ્લિશ સ્પીકિંગ કોર્સ, કમ્પ્યુટર ક્લાસીસ, બ્યુટી પાર્લર અને સીવણ ક્લાસ, છાશ વિતરણ તેમજ કુપોષિત બાળકોને દત્તક લેવા જેવી અનેક ઉમદા પ્રવૃત્તિઓ ચાલી રહી છે. રાત્રે દરેકને પ્રેમપૂર્વક સ્વાદિષ્ટ ભોજન કરાવ્યું હતું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ વતી શ્રીમતી ઉર્મિલાબેન વાડીલાલ સાવલાનું બહુમાન કર્યું હતું. રાત્રે ૧૨ વાગે સૌ ભુજ પહોંચ્યા હતા.

તા. ૬-૧-૨૦૧૩ના રોજ ભુજથી સવારે પ્રયાણ કરી સૌ માતાના મઢ પહોંચીને આશાપુરા માતાજીના ભાવપૂર્વક દર્શન કર્યા. ત્યાંથી નારાયણ સરોવર આવીને ભગવાન ત્રિકમરાયના દર્શન કરીને કોટેશ્વર ગયા. ભગવાન શિવના પગ પખાળતાં કચ્છના અફાટ સમુદ્રની સામે કાંઠે દેખાતા કરાંચીને જોઈ સૌ પરત ફર્યા.

કોટેશ્વરથી સૌ હોડકો થઈને ધોરડો ખાતે આવેલા ‘સફેદ રણ’માં આવ્યા. અહીં અમદાવાદના મણિનગરની એક સંસ્થા દ્વારા આપવામાં આવતા રંગારંગ કાર્યક્રમને નિહાળીને અહીં ઊભા કરવામાં આવેલા હંગામી તંબુઓની વ્યવસ્થા જોઈ.

અહીં આવતાં જ ફિલ્મી અભિનેતા અમિતાભ બચ્ચનનો સંવાદ યાદ આવ્યો ‘કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા...’ ‘સફેદ રણ’ની અવનવી વાતો કરતા કરતા રાત્રિના સમયે ભુજ પહોંચ્યા.

તા. ૭-૧-૨૦૧૩ના રોજ ભુજથી સવારે મુંદ્રા ખાતે અદાણી પોર્ટની મુલાકાત લીધી. સમાજના એક ટ્રસ્ટી શ્રી નરેન્દ્ર છગનલાલ શાહના સહયોગથી અમને ખૂબજ સારી રીતે આ પોર્ટના તમામ વિભાગો જોવા મળ્યા અને તે કંપની તરફથી ઉમદા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પોર્ટની મુલાકાત માટે ‘કચ્છશ્રુતિ’ના તંત્રી શ્રી ભરત ઓઝાએ પણ ખૂબજ જહેમત ઉઠાવેલ હતી. પોર્ટની જુદી જુદી જેટીઓ પર એક મિનિટમાં એક કન્ટેઈનરમાં વિવિધ પ્રકારના માલ-સામાનનું લોડિંગ - અનલોડિંગ જોઈ ઈજનેરી કૌશલ્ય પ્રત્યે સૌને માન થયું. પોર્ટ વિસ્તાર જોઈને માંડવી ગયા. સૌપ્રથમ શ્રી શ્યામજી કૃષ્ણવર્માનું નયનરમ્ય મંદિર જોયું. ઈન્ડિયા હાઉસની પ્રતિકૃતિ નિહાળી સૌ દરિયા કિનારે આવ્યા. અહીં પવનચક્કીઓ જોઈ અને સૂર્યાસ્તનો લહાવો માણ્યો.

માંડવી બંદરથી ગોધરા ખાતે અંબેધામની મુલાકાત લીધી. અહીં આવેલ પ્રદર્શન જોયું અને રાત્રિના દેઢિયામાં રોકાણ કર્યું.

તા. ૮-૧-૨૦૧૩ના રોજ સવારે દેઢિયાથી રવાના થઈ ભુજમાં સ્વામિનારાયણ મંદિર, હમીરસર તળાવ, કચ્છ મ્યુઝિયમ અને આઈના મહેલની મુલાકાત લીધી. બપોરના ભુજોડી ખાતે આવેલ ‘હીરા લક્ષ્મી’ પાર્કના સ્થળે કચ્છના કસબીઓની કલા-કારીગરી જોઈ. ત્યાંથી અંજારમાં જેસલ-તોરલની સમાધિની મુલાકાત લઈને અમદાવાદ પરત ફર્યા.

સમગ્ર પ્રવાસ દરમ્યાન શ્રી રજનીકાંત પારેખ, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી રજનીકાંત નામદાર, શ્રી બચુભાઈ, શ્રી ચંદ્રકાંત મહેતા વગેરેએ ગીતો, જોક્સ વગેરેથી સૌને આનંદમય રાખ્યા હતા અને પ્રવાસ ક્યારે પૂરો થયો તેની ખબર પણ ન પડી. મહિલા વિભાગમાંથી શ્રીમતી મધુરીબેન ગોસર, શ્રીમતી ભદ્રાબા, શ્રીમતી પ્રભાબેન મહેતા અને અન્યોએ પણ રસપ્રદ ગીતો ગાઈને પોતાના કંઠથી સૌને ડોલાવ્યા હતા. પ્રવાસ કાર્યક્રમની વ્યવસ્થામાં શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર અને શ્રી આણંદજી વેલજી વીરાનું મહત્ત્વનું યોગદાન મળ્યું હતું. આ પ્રવાસ કાર્યક્રમનું આયોજન કન્વીનર શ્રી રજનીકાંત પારેખ દ્વારા ખૂબજ સુંદર અને વ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું. જેની પ્રવાસી સભ્યોએ ખરા દિલથી પ્રશંસા કરી હતી.

***રજૂઆત : રજનીકાંત પારેખ***

**(કચ્છ પ્રવાસ-દર્શનની તસવીરી ઝલક માટે જુઓ : પાના નંબર-૮૨)**

# વંદે માતરમ
# ઝંડા ઊંચા રહે હમારા....

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદનનો એક શાનદાર કાર્યક્રમ તા. ૨૬-૧-૨૦૧૩ના શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે યોજવામાં આવેલ હતો. સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય દિવસના આ ભવ્ય પ્રસંગે સમાજ પરિવારજનો સાથે ટ્રસ્ટી મંડળ અને કારોબારી સમિતિના સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય ત્રિરંગા ધ્વજને લહેરાવ્યા બાદ તરત જ રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું હતું અને ઉપસ્થિત સર્વે જણે રાષ્ટ્રીય ધ્વજને સલામી આપી હતી.

પ્રમુખશ્રીએ ઉપસ્થિત સભ્યો સમક્ષ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પોતાના સમાજની પ્રવૃત્તિઓ ઉપરાંત રાષ્ટ્રહિતની પણ અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરનું કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ, કચ્છમાં યોજવામાં આવેલ વિવિધ વિષયના સેમિનારો, કચ્છના ૨૦૦ વર્ષ અગાઉના ગેજેટ્સને સી.ડી.માં પરિવર્તન કરાવી તેની હંમેશને માટે જાળવણી વગેરે પ્રકારના અનેકવિધ કાર્યો તેણે કર્યા છે.

કચ્છના સર્વાંગી ઇતિહાસનું આલેખન કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના માધ્યમથી કરાવવામાં આવેલ છે. શક્ય હશે તો ભુજ ખાતે આર્કિટેક્ચરલ કૉલેજની રચના પણ કરવામાં આવશે. તે ઉપરાંત તેના સુવર્ણ જયંતી વર્ષમાં અમદાવાદની જરૂરિયાતવાળી જનતા માટે ૨૫૦ આવાસોનું આયોજન પણ છે. તેની જમીન માટે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન સાથે ચર્ચા ચાલી રહી છે. કચ્છી મેળાનું પણ આયોજન વિચારવામાં આવેલ છે. કચ્છના સર્વાંગી ઇતિહાસના ભુજ ખાતેના તા. ૩-૨-૨૦૧૩ના વિમોચન કાર્યમાં સહુને ભુજ આવી, આ કાર્યક્રમમાં જોડાવા તેઓશ્રીએ અપીલ પણ કરેલ હતી. સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે બાકી રહેતા ૩ મુખ્ય કાર્યક્રમોની વિગતો પણ તેઓશ્રીએ આપેલ હતી. ■

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *પ્રાયોજિત*
# ક્રેડિટ સોસાયટી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન "ક્રેડિટ સોસાયટી"ને કાર્યરત કરી દેવાનો અગાઉ નિર્ણય લીધેલ હતો. આ નિર્ણય અનુસાર "ક્રેડિટ સોસાયટી સમિતિ"એ તેનું બંધારણ તૈયાર કરી દીધેલ છે. તેના નીતિ-નિયમો પણ નક્કી કરી લેવામાં આવેલ છે.

ક્રેડિટ સોસાયટી સમિતિની મીટિંગમાં લેવાયેલ નિર્ણય અનુસાર નીચેના સભ્યોને ચીફ પ્રમોટર સભ્ય તરીકે નક્કી કરી લેવાની ગણના રાખવામાં આવેલ છે. રૂા. ૧૦૦/-નો ૧ એવા ૧૦ શેર દરેક ચીફ પ્રમોટર સભ્યોને હાલે ફાળવવામાં આવેલ છે. ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કે.આર. શાહ, શ્રી રજનીકાંત ધરમશી પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી કાંતિલાલ વેલજી સાવલા, શ્રી અશોક મહેતા અને શ્રી પ્રતાપ નારાણજી દંડને ચીફ પ્રમોટર સભ્ય તરીકે લેવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.

હાલે સોસાયટીનું રજિસ્ટ્રેશન કરાવવાની પ્રક્રિયા ચાલુ છે. પ્રક્રિયા પૂરી થયે તેને કાર્યરત કરવામાં આવશે. સુવર્ણ જયંતી વર્ષના પૂર્ણાહૂતિ દિને એટલે કે શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩થી તેનો શુભારંભ કરવાની ગણના રાખવામાં આવેલ છે.

હાલે પ્રમોટર સભ્યોની નોંધણી ચાલુ છે. દરેક પ્રમોટર સભ્યને રૂા. ૧૦૦/-નો ૧ એવા ૧૦ શેર ફાળવવામાં આવશે. પ્રમોટર સભ્યોની સંખ્યાની મર્યાદા ૧૦૦ની રાખવામાં આવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારનો કોઈ પણ સભ્ય આ સૂચિત ક્રેડિટ સોસાયટીમાં સભ્ય બની શકશે.

***વધુ માહિતી માટે નીચેની વ્યક્તિઓનો સંપર્ક સાધવા વિનંતી***

શ્રી કે.આર. શાહ – ૯૩૨૮૦ ૦૧૧૪૦

શ્રી રજનીકાંત ધરમશી પારેખ – ૯૮૯૮૦ ૫૩૫૨૧

**ડૉ. ચંદ્રકાંત દેઢિયા**
**કન્વીનર - ક્રેડિટ સોસાયટી સમિતિ**

***પ્રાર્થના કરવાથી પરિસ્થિતિ બદલાય કે ન બદલાય, મનનું વલણ તો ચોક્કસ બદલાય છે.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**કોઈ ક્યા જાને કહાં હૈ સીમા.... ચલે જાયેંગે જહાં સે હમ...**

## સદ્‌ગત આપ્તજનોને સામૂહિક સ્મરણાંજલિ અર્પવાનો કાર્યક્રમ યોજાયો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારના જે આપ્તજનો વર્ષ ૨૦૧૨ દરમ્યાન અનંતયાત્રી થયા છે તેઓને સમૂહ પ્રાર્થનાથી હૃદયપૂર્વક સ્મરણાંજલિ અર્પવાના એક કાર્યક્રમનું તા. ૧૩-૧-૨૦૧૩ના રોજ શ્રી કચ્છી જૈન ભવન ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. સમાજે એક આગવી પ્રણાલી ઊભી કરીને આ પ્રકારના કાર્યક્રમનું આયોજન વર્ષ ૨૦૦૯થી પ્રતિવર્ષ કરી રહ્યું છે. તે નિર્ણયને અનુલક્ષીને ભક્તિ સંગીતના માધ્યમથી નીચે મુજબના આપ્તજનોને સ્મરણાંજલિ આપવામાં આવી હતી.

૧. કિશોર વાલજી હીરજી છેડા
૨. રવિલાલ પોપટલાલ પારેખ
૩. શાંતિલાલ વેલજી કરમશી ગાલા
૪. પ્રવીણ પ્રેમજી લોડાયા
૫. હિંમતલાલ કેશવજી શાહ
૬. દેવકુંવરબેન માણેકજી જેઠાભાઈ દંડ
૭. સૂરજલાલ મોતીલાલ મહેતા
૮. સુંદરબેન લક્ષ્મીચંદ દેવરાજ દંડ
૯. પ્રેમીલાબેન માયાચંદ સંઘવી
૧૦. મગનલાલ ધનજી ગડા
૧૧. પોપટલાલ નેણશી ધરોડ
૧૨. સૂરજબેન મણિલાલ પ્રેમચંદ વસા
૧૩. ખીમચંદ ખીંયશી મુરજી છેડા

કાર્યક્રમની શરૂઆતમાં સમાજના સહમંત્રી શ્રી દિનેશ આર. મહેતાએ આ કાર્યક્રમની રૂપરેખા આપીને સમાજ વતી ઉપરોક્ત આપ્તજનોને સ્મરણાંજલિ અર્પિત કરતાં જણાવ્યું હતું કે જ્યારે સમાજ પરિવારના આપ્તજનો આ સંસારમાંથી કાયમી વિદાય લે છે ત્યારે તેમના પરિવારજનોની જેમ સમાજ પણ તેમનું સ્મરણ કરીને તેનાં સર્વે સભ્યોનો એક જ પરિવાર છે તેવી ભાવનાનો દીપ સદાય જલતો રાખે અને આ પ્રકારના કાર્યક્રમોમાં સમાજના દરેક પરિવારજનો સામેલ થાય તે તરફ સર્વેનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ પ્રસંગે અન્ય સદ્‌ગત આપ્તજનો સાથે સ્વ. પોપટલાલભાઈ, સૂરજલાલભાઈ અને રવિલાલભાઈની સેવાકીય પ્રવૃત્તિઓનો ખાસ ઉલ્લેખ કર્યો હતો.

ત્યારબાદ સભાગૃહમાં ઉપસ્થિત બધા સભ્યોએ સદ્‌ગત આપ્તજનોને યાદ કરીને બે મિનિટનું મૌન પાળ્યું હતું. ત્યારે ગમગીનભર્યા માહોલની પ્રતીતિ થઈ હતી. તે સાથે વર્ષ દરમ્યાન અવસાન પામેલા સ્વર્ગસ્થ વ્યક્તિઓના પરિવારજનોએ પોતાના આપ્તજનોની સ્મૃતિને યાદ કરતાં તેઓની તસવીર સમક્ષ દીપ પ્રાગટ્ય કરીને ભાવપૂર્વક સ્મરણાંજલિ અર્પેલ હતી. સમાજના અન્ય સભ્યોએ પણ લાગણીવશ થઈને તેમાં પોતાનો સાથ પુરાવ્યો હતો.

સંગીત ક્ષેત્રે ઉચ્ચ ઉપાધિ હાંસલ કરનાર અને ગીત-સંગીતની દુનિયામાં પોતાના સ્વર થકી દરેકને આકર્ષિત કરનાર શ્રીમતી માયા દીપક અને તેમનાં સાથી કલાવૃંદે પ્રસંગને અનુરૂપ ભક્તિ ગીત-સંગીતની હારમાળા રજૂ કરી હતી. તે કારણે સભાગૃહનું વાતાવરણ ભક્તિમય થઈ ગયું હતું.

કાર્યક્રમમાં સદ્‌ગત આપ્તજનોના સગાસંબંધીઓ ઉપરાંત સમાજ પરિવારજનો સાથે સમાજના અગ્રણીઓ સર્વશ્રી મનુભાઈ જી. શાહ, રમણિકલાલભાઈ ગોસર, નરેન્દ્રભાઈ શાહ, આણંદજીભાઈ વીરા, અશ્વિનભાઈ સાવલા, રજનીકાંત પારેખ, પ્રદીપભાઈ મહેતા, વિશાલભાઈ શાહ, દિનેશભાઈ મહેતા વગેરે સારી એવી સંખ્યામાં ઉપસ્થિત હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી શીતલબેન પ્રદીપભાઈ મહેતાએ સુંદર રીતે કર્યું હતું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત થતા આ પ્રકારના કાર્યક્રમની ઉપસ્થિત સભ્યજનોએ સરાહના કરી હતી.

*સુખને દુઃખના પૈડા ઉપર ગાડું ચાલ્યું જાય*
*કદી ઊગે આશાનો સૂરજ કદી અંધારું થાય*

**(સામૂહિક સ્મરણાંજલિ કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નંબર-૮૨)**

***– દિનેશ મહેતા***

*બધું ઈશ્વરની ઈચ્છા પ્રમાણે જ બને છે, તો પછી તમે શા માટે આટલી બધી ચિંતા કરો છો!*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### સ્પોર્ટસ ડે શાનદાર રીતે સંપન્ન

શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે તા. ૨૩-૧૨-૨૦૧૨ના દિવસે સ્પોર્ટસ કોમ્પ્લેક્સ, ખોખરા ખાતે યુવા વિકાસ સમિતિ દ્વારા સ્પોર્ટસ-ડેનું શાનદાર રીતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૭૫ સભ્યો ઉપસ્થિત હતા. જુદા જુદા વય જૂથ પ્રમાણે વિવિધ રમતો રમાડવામાં આવી હતી. દરેક સ્પર્ધકોએ ખૂબજ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન રમાયેલ વિવિધ રમતોની હરીફાઈના પરિણામ નીચે મુજબ છે.

- **૬-૧૦ વર્ષ**

**યુવતી**

| | | |
|---|---|---|
| **૫૦ મીટર દોડ** | પ્રથમ : | દીતિશા કોરડિયા |
| **લાંબી કૂદ** | પ્રથમ : | દીતિશા કોરડિયા |

**યુવક**

| | | |
|---|---|---|
| **૫૦ મીટર દોડ** | પ્રથમ : | હેત મારુ |
| | દ્વિતીય : | હિતાંશુ દક્ષેશ સંઘવી |
| **લીંબુ ચમચી** | પ્રથમ : | જીનય ગડા |
| | દ્વિતીય : | મિત ગોસર |

- **૧૧-૧૫ વર્ષ**

**યુવતી**

| | | |
|---|---|---|
| **૧૦૦ મીટર દોડ** | પ્રથમ : | દેવાંશી મારુ |
| **બોલ ફેંક** | પ્રથમ : | કેશવી નંદુ |
| **લાંબી કૂદ** | પ્રથમ : | દેવાંશી મારુ |

**યુવક**

| | | |
|---|---|---|
| **૧૦૦ મીટર દોડ** | પ્રથમ : | મિલન મહેતા |
| **બોલ ફેંક** | પ્રથમ : | મિલન મહેતા |
| **લાંબી કૂદ** | પ્રથમ : | મિલન મહેતા |
| | દ્વિતીય : | કુણાલ લોડાયા |

- **૧૬-૨૫ વર્ષ**

**યુવક**

| | | |
|---|---|---|
| **લાંબી કૂદ** | પ્રથમ : | પાર્થ મહેતા |
| | દ્વિતીય : | અંકિત મહેતા |
| **૧૦૦ મીટર દોડ** | પ્રથમ : | પાર્થ મહેતા |
| | દ્વિતીય : | અંકિત મહેતા |
| **ગોળા ફેંક** | પ્રથમ : | ધવલ મૈશેરી |

**યુવતી**

| | | |
|---|---|---|
| **ગોળા ફેંક** | પ્રથમ : | મમતા સંઘવી |

- **૨૬-૩૫ વર્ષ**

**પુરુષ**

| | | |
|---|---|---|
| **લાંબી કૂદ** | પ્રથમ : | અમન સંઘવી |
| **ગોળા ફેંક** | પ્રથમ : | દર્શન સંઘવી |

**મહિલા**

| | | |
|---|---|---|
| **૧૦૦ મીટર દોડ** | પ્રથમ : | મિત્તલ સંઘવી |
| **કોથળા દોડ** | પ્રથમ : | ઈલા છાડવા |
| **ગોળા ફેંક** | પ્રથમ : | કુંજલ ગોસર |

- **૩૫-૫૦ વર્ષ**

**પુરુષ**

| | | |
|---|---|---|
| **લાંબી કૂદ** | પ્રથમ : | અમિત કોરડિયા |
| **૧૦૦ મીટર દોડ** | પ્રથમ : | અમિત કોરડિયા |
| | દ્વિતીય : | અમિત લોડાયા |
| **ગોળા ફેંક** | પ્રથમ : | અમિત કોરડિયા |

**મહિલા**

| | | |
|---|---|---|
| **લીંબુ ચમચી** | પ્રથમ : | ઈલા છાડવા |
| | દ્વિતીય : | દિવ્યા મોતા |
| **ગોળા ફેંક** | પ્રથમ : | ભાવિની જૈન |

★ ★ ★

### નિબંધ હરીફાઈનું પરિણામ

તા. ૨૫-૧૧-૨૦૧૨ના રોજ યોજાઈ ગયેલી શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ હરીફાઈનું પરિણામ

*પ્રથમ* : રાજીવ નવીનચંદ્ર મહેતા

*દ્વિતીય* : નેહા ભાવેશ પારેખ

***વિશાલ શાહ, યુવા વિકાસ સમિતિ***

## તબીબી સેવા સમિતિ

### બાળકો માટે વધારાની રસીઓની ખાસ યોજના અંગે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે એક ખાસ વધારાની યોજના હેઠળ સમાજના મેડિકલ સેન્ટરમાં બાળકો માટે રસીકરણની શૃંખલામાં વધારાની બે રસીઓ ન્યુમોનિયા માટેની પ્રીવીનાર-૧૩ અને ઝાડા માટેની રોટાવાઈરસ રસી જે સમાજના નોંધાયેલા સભ્યશ્રીઓના પરિવારના બાળકોને નિઃશુલ્ક આપવામાં આવી રહી છે તે માર્ચ-૨૦૧૩ સુધી જ ફ્રીમાં આપવામાં આવશે. ત્યારબાદ આ બે રસીઓના કોઈ ડોઝ બાકી રહેતા હોય તો તેમના મેડિકલ કાર્ડ મુજબ પૈસા ભરીને અપાવવાના રહેશે જેની દરેકે નોંધ લેવી.

ઉપરની વિગત માટે મેડિકલ સેન્ટરમાં સંપર્ક કરી શકાય છે.

***કન્વીનર : તબીબી સેવા સમિતિ***

*અસ્વસ્થ ન થાઓ. તમારો દોષ જોનારાઓ તમારી જાતને સુધારવામાં મદદ કરે છે.*

# "સંકલ્પ"

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### "સંકલ્પ" દ્વારા આયોજિત અવનવો કાર્યક્રમ – વેલકમ ૨૦૧૩

વર્ષ ૨૦૧૨ની વિદાય તથા નવી આશા, ઉમંગ અને વિશ્વ કલ્યાણની ભાવના સાથેના વર્ષ ૨૦૧૩નાં આગમનને ભાવભર્યો આવકાર આપવા 'સંકલ્પ' દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૨ના રોજ જલતરંગ પાર્ટી પ્લોટ, વાસણા, અમદાવાદ ખાતે એક અવનવા કાર્યક્રમનું નિઃશુલ્ક ધોરણે આયોજન થયું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી ચૈતન્ય બચુભાઈ રાંભિયા દ્વારા 'સેવ ધી બર્ડ'ની ટૂંકી દસ્તાવેજી ફિલ્મની રજૂઆત થઈ હતી. જેમાં ઉત્તરાયણ નિમિત્તે ચગાવાતા પતંગની દોરીથી પક્ષીઓને થતી હાનિના દૃશ્યો જોઈને ત્યાં ઉપસ્થિત સર્વેના હૃદય દ્રવી ઉઠ્યા હતા.

વિશ્વભરના લોકોની સાથે 'સંકલ્પે' નવા વર્ષે ૨૦૧૩ને ભાવભર્યો આવકાર આપવા લાઈટના ઝગમગાટ અને ડી.જે.નાં ગીત સંગીતના તાલે 'સંકલ્પ'ના સભ્યો તથા આમંત્રિત મહેમાનોએ ડાન્સ પાર્ટીની મજા આનંદભેર માણી હતી.

ડાન્સનાં કાર્યક્રમના સમયે ડી.જે.ના ગીત-સંગીત તરફ સૌનું ધ્યાન કેન્દ્રિત થયેલ હતું. સમાજના યુવા સભ્યોએ ધમાકેદાર સંગીતથી મઢેલા ગીતોમાં ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમનો આનંદ માણ્યો હતો. રસપ્રદ વાત એ હતી કે યુવાનોની સાથે સાથે નાની મોટી વયની તમામ વ્યક્તિઓએ આ ન્યુ યર ઈવ ડાન્સમાં ઉમળકાભેર ભાગ લીધો હતો. આ કારણે આખા પાર્ટી હોલમાં એક અનોખો શાનદાર માહોલ સર્જાઈ ગયો હતો.

જ્યારે નવા વર્ષને વધાવવાની ઘડીની થોડીક મિનિટો અગાઉ દરેક સભ્યોના હાથમાં પ્રગટાવેલ મિણબત્તી હતી ત્યારે બેક ગ્રાઉન્ડમાં "તું... મને... ભગવાન.... એક વરદાન આપી દે...." વાળું મધુર સ્તવન પ્રસારિત કરીને નવા વર્ષ ૨૦૧૩ના વધામણા કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સભ્યોએ ૨૦૧૩નું વર્ષ સમગ્ર લોકો માટે સુખરૂપ પસાર થાય તેવી પ્રાર્થના સાથે નવા વર્ષની શુભકામનાઓની પરસ્પર આપ-લે કરી આકાશમાં ગુબ્બારાઓ છોડવાનો આનંદ લૂંટ્યો હતો.

આ કાર્યક્રમમાં 'સંકલ્પ' દ્વારા ડાન્સ સ્પર્ધા રાખવામાં આવેલ. જેના વિજેતાઓના નામ નીચે મુજબ છે :

*સંકલ્પ-૨૦૧૩ ક્વિન : કિન્નરી સંઘવી*

*સંકલ્પ-૨૦૧૩ કિંગ : અંકિત દોશી*

*સંકલ્પ-૨૦૧૩ બેસ્ટ કપલ : વિપુલ ગોસર અને કુંજલ ગોસર*

*સંકલ્પ-૨૦૧૩ બેસ્ટ એંજલ : હેત દોશી*

આ કાર્યક્રમ વખતે અંદાજિત ૬૦૦ સભ્યોની ધ્યાનાકર્ષિત ઉપસ્થિતિ હતી. કાર્યક્રમના મધ્યાંતરમાં સૌ સભ્યોએ સ્વરૂચિ ભોજનનો લાભ લીધેલ હતો. દિલ ડોલાવે તેવા ડી.જે. ગીત સંગીતના સંચાલક હતા "રેગ્સ ઈવેન્ટ"ના તેમજ 'સંકલ્પ'ના સાંસ્કૃતિક મંત્રી ધારિણી ચંદ્રકાંત લોડાયા અને તેમને સાથ આપ્યો હતો મીત દોશીએ.

ઉપરોક્ત કાર્યક્રમ શ્રી કચ્છી જૈન સેવા સમાજના વડીલો, સભ્યોના ડોનેશન તથા 'દાવડા ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ પ્રા.લિ.'ની સ્પોન્સરશિપ તથા કારોબારી સમિતિના સભ્યો અને અન્ય સૌના સાથ સહકારથી સફળતાપૂર્વક યોજાયેલ હતો તે બદલ ખૂબ ખૂબ આભાર.

★

### 'સંકલ્પ'ના આગામી કાર્યક્રમો

★ તારીખ ૨૪-૨૫ માર્ચ, ૨૦૧૩ (રવિવાર અને સોમવાર) પાલિતાણા છ ગાઉ જાત્રા (બગોદરા, તગડી, અયોધ્યાપુરમ, સાળંગપુર, વલ્લભીપુર, કીર્તિધામ, સોનગઢ)નો ધાર્મિક પ્રવાસ રાખેલ છે.

*ચાર્જ :* સમાજના સભ્યો માટે રૂા. ૩૦૦/- પ્રતિ વ્યક્તિ (પાંચ વર્ષ સુધીના બાળક નિઃશુલ્ક)

***વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે.***

**સંપર્ક સુત્ર :**

પીયૂષ સાવલા : મો. ૯૮૭૯૪ ૯૬૧૩૯

નીતિન શાહ : મો. ૯૯૭૯૮ ૮૨૪૦૧

જયદીપ મૈશેરી : મો. ૯૦૧૬૦ ૭૬૬૨૬

★ તા. ૨૭-૩-૨૦૧૩નાં રોજ સવારે ૧૦ થી ૧ વાગ્યા દરમ્યાન ધૂળેટીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે જેની વિગત મંગલ મંદિરના આગામી અંકમાં આપવામાં આવશે.

*નીતિન શાહ - મંત્રી, 'સંકલ્પ'*

## સાધર્મિક સહાય સમિતિ

સાધર્મિક સહાય સમિતિની એક મીટિંગ તા. ૧૭-૧-૨૦૧૩ના રોજ મળી હતી. જેમાં સમાજના સભ્યોને આપવામાં આવતી સાધર્મિક સહાય બાબતે ચર્ચા વિચારણા કરીને યોગ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં સમિતિના તમામ સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

*કન્વીનર : આણંદજી વીરા*

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## "સંકલ્પ" - શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ દ્વારા આયોજીત કાર્યક્રમ

## વેલકમ - ૨૦૧૩

(તા. ૩૧-૧૨-૨૦૧૨)



"સંકલ્પ" અને
અન્ય સાથીદારો
તરફથી
નૂતન વર્ષની સૌને શુભેચ્છા..

"તું મને ભગવાન...
એક વરદાન
આપી દે...."
મિણબત્તી સાથે
નવા વર્ષને વધાવવાની
વેળા આવી પહોંચી.





એક... દો... તીન...
નાચો... ઝુમો...
વર્ષ ૨૦૧૩નું
આગમન

નવા વર્ષને
આવકાર આપતા
ડાન્સમાં મગ્ન થયેલા
સભ્યશ્રીઓ





વર્ષ ૨૦૧૨.... અલવિદા
વર્ષ ૨૦૧૩.... આવકાર
મસ્તીમાં યુવાવર્ગ

કાર્યક્રમમાં ઉપસ્થિત
(ડાબેથી) નીતિન શાહ,
ડૉ. કેતન શાહ, હિતેશ દાવડા,
મહેમાનશ્રી કાંતિભાઈ સાવલા,
રમણિકભાઈ ગોસર,
સંદીપ મહેતા, પીયૂષ સાવલા
અતુલ સંઘવી





કાર્યક્રમમાં
ઉત્સાહપૂર્વક સામેલ
અમદાવાદ ખાતેના
વાગડ બે ચોવિસી અને
વાગડ સાત ચોવિસીની
હોસ્ટેલના વિદ્યાર્થીઓ

નાના ભૂલકાઓ...
નવા વર્ષની ઉજવણીમાં -
અમે શા માટે
પાછળ રહીએ?



## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

સુવર્ણ જયંતી વર્ષના મુખ્ય કાર્યક્રમો અંતર્ગત દસમો મુખ્ય કાર્યક્રમ

### કચ્છ દર્શન - પ્રવાસ

(તા. ૪-૧-૨૦૧૩થી તા. ૮-૧-૨૦૧૩)



અદ્‌ભુત નજારા સમા સફેદ રણની મુલાકાતે પ્રવાસીઓ



પ્રવાસી સભ્યો દ્વારા રણોત્સવની મુલાકાત



શ્રીમતી ઊર્મિલાબેન વાડીલાલ સાવલાનું બહુમાન કરતાં
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મહિલાઓ



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અગ્રણીઓનું
બહુમાન કરતાં શ્રીમતી ઊર્મિલાબેન વાડીલાલ સાવલા

## સદ્‌ગત આપ્તજનોને સામૂહિક સ્મરણાંજલિ અર્પવાનો કાર્યક્રમ

(રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૩)



એક પછી એક ભક્તિ સંગીતની રજૂઆત....



ભક્તિ ગીતમાં સૂર પુરાવતા શ્રોતાઓ....

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ડિસેમ્બર - ૨૦૧૨ / જાન્યુઆરી - ૨૦૧૩

- **શનિવાર, તા. ૨૨-૧૨-૨૦૧૨**
આજે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર યલો પેજિસ સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં શ્રી મનુભાઈ શાહ, શ્રી દિનેશભાઈ શાહ તથા શ્રી અશોકભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. યલો પેજિસના ત્રણે પ્રકારના ફોર્મના કોઠા બનાવી તેના સેમ્પલ બનાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **રવિવાર, તા. ૨૩-૧૨-૨૦૧૨**
યુવા વિકાસ સમિતિ આયોજિત સ્પોર્ટસ ડે ખોખરા મેદાનમાં ઉજવવામાં આવેલ હતો. વિવિધ રમત ગમતમાં અંદાજિત ૫૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

- **સોમવાર, તા. ૨૪-૧૨-૨૦૧૨**
મુંબઈ ખાતેના સૂચિત અતિથિ ભવનના ડેવલપર શ્રી પૂનમચંદ નેણશી બાબરિયાનું અવસાન થવાથી મુંબઈ ખાતેની તેઓની તા. ૨૬-૧૨-૨૦૧૨ના યોજવામાં આવનાર પ્રાર્થના સભામાં સમાજ તરફથી શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી શાંતિલાલ મૂળજી સાવલા ઉપસ્થિત રહે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

- **મંગળવાર, તા. ૨૫-૧૨-૨૦૧૨**
મુંદ્રા - માંડવી વિભાગના ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડા આજરોજ ભવન પર પધારેલ હતા. તેમની સાથે જનરલ ચર્ચાઓ કરવામાં આવી હતી.

- **બુધવાર, તા. ૨૬-૧૨-૨૦૧૨**
ગુજરાતી વિશ્વકોષમાં 'શબાબ'નું કચ્છી કાવ્ય વિષે પ્રવચન હોવાથી ત્યાં શ્રી અશોક મહેતા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી અતુલ સોની, શ્રી હંસરાજ કંસારા, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી લખુ બાપા, શ્રી ચીમનભાઈ પલણ, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી ભરત ઓઝા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે શ્રી ધીરુભાઈ તથા શ્રી કુમારપાળ દેસાઈ સાથે એક મીટિંગ પણ ગોઠવવામાં આવેલ હતી.

★

શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી શાંતિલાલભાઈ સાવલા મુંબઈમાં ઍડવોકેટ શ્રી વાઘેલાને સૂચિત અતિથિ ભવન સંબંધિત મળેલ હતા.

- **ગુરુવાર, તા. ૨૭-૧૨-૨૦૧૨**
શ્રી પ્રતાપભાઈ દંડ મુંબઈમાં સોલિસીટર શ્રી શશાંકભાઈને મુંબઈ ખાતેના સૂચિત અતિથિ ભવનની કેટલીક વિગતો સમજવા / સમજાવવા મળેલ હતા.

- **શનિવાર, તા. ૨૯-૧૨-૨૦૧૨**
શ્રીમતી માયા દીપક તા. ૧૩-૧-૨૦૧૩ની સમૂહ પ્રાર્થના માટેના ગીતો ભવન પર આપી ગયા.

- **સોમવાર, તા. ૩૧-૧૨-૨૦૧૨**
જલતરંગ ક્લબ ખાતે 'સંકલ્પે' ૩૧ ડિસેમ્બર ઉજવેલ હતી. અંદાજિત ૫૦૦ વ્યક્તિની ઉપસ્થિતિ હતી.

- **મંગળવાર, તા. ૧-૧-૨૦૧૩**
શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી પરાશર વ્યાસ તથા શ્રી અનિલ સથવારા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ગયેલ હતા અને શ્રી કલ્યાણજીભાઈ રાંભિયાએ હાથ પર લીધેલ રીનોવેશનના કામનું નિરીક્ષણ કરી જરૂરી નિર્ણયો લીધેલ હતા.

- **બુધવાર, તા. ૨-૧-૨૦૧૩**
શ્રી કચ્છી જૈન ભવન પર યલો પેજિસ સમિતિની મીટિંગ મળેલ હતી. શ્રી મનુભાઈ શાહ, શ્રી દિનેશભાઈ શાહ તથા શ્રી અશોક મહેતા મળેલ હતા અને કોઈ એજન્સીને ફોર્મ ભરાવવાનું તથા જાહેરાત એકત્રિત કરવા કામ સોંપી દેવા નિર્ણય લેવાયેલ હતો.

- **ગુરુવાર, તા. ૩-૧-૨૦૧૩**
રાત્રે કર્ણાવતી ક્લબમાં સ્પંદન સાંસ્કૃતિક ટ્રસ્ટના ઈન્ટરનેશનલ ફોક ડાન્સ ફેસ્ટીવલનો ગ્રાન્ડ ઓપનિંગ શો હતો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ તથા શ્રી કચ્છી સમાજના અનેક પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. લગભગ ૭-૮ દેશોના કલાકારોએ ઉપસ્થિત રહી પોતાના દેશની લોકકલાના નૃત્યો રજૂ કરેલ હતા. આ પ્રસંગે શ્રી આણંદજીભાઈ વીરજી શાહ મુંબઈથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

★

તા. ૬-૧-૨૦૧૩ના સેમિનાર માટે શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડ ભુજ જવા આજે રાત્રે રવાના થયા.

- **શુક્રવાર, તા. ૪-૧-૨૦૧૩**
સાંજના ૪૦ વ્યક્તિ સાથે એક બસ 'કચ્છ દર્શન'ના ૫ દિવસના કાર્યક્રમ માટે કચ્છ તરફ રવાના થઈ. 'કચ્છ દર્શન'ની ટીમના સૂત્રધાર તરીકે શ્રી રજનીભાઈ પારેખ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી આણંદજીભાઈ વીરા વગેરે હતા.

★

ભુજમાં શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડે શ્રી વીરેન ધીરુભાઈ શાહની સાથે રહી વાગડ બે ચોવીસીના વિવિધલક્ષી સંકુલની મુલાકાત લીધી. ડેકોરેટર્સ તથા કેટરર્સ સાથે તેઓના આયોજનો ગોઠવ્યા. શ્રી મૂકેશભાઈ ઝવેરી, શ્રી પુષ્પદાનભાઈ ગઢવી, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી નરેશભાઈ અંતાણી, ડૉ.

*લુચ્ચા માણસો જ્યારે શાણા માણસોમાં ખપવા માંડે ત્યારે પાર વગરનું નુકસાન થાય છે.*

કાંતિભાઈ ગોર, શ્રી ભરતભાઈ દોશી વગેરેને રૂબરૂ મળી તા. ૬-૧-૨૦૧૩ના કાર્યક્રમના આમંત્રણો આપ્યા. સેમિનાર વિશે ચર્ચાઓ પણ કરી.

- **શનિવાર, તા. ૫-૧-૨૦૧૩**
આજ રોજ ભુજ ખાતે સમાજના ઉપસ્થિત અગ્રણીઓને વિશ્વાસપાત્ર સ્થળેથી જાણવા મળ્યું કે કચ્છ જિલ્લા ભાજપના ધારાસભ્યશ્રીઓ તથા અગ્રણીઓ આવતીકાલના સેમિનારમાં ઉપસ્થિત રહી શકશે નહીં. એ પણ જાણવા મળ્યું કે કચ્છ જિલ્લા ભાજપે એવી પણ વ્યવસ્થા ગોઠવેલ છે કે કોઈપણ સરકારી અધિકારી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહે નહીં. વિગતોની તપાસ કરતાં જાણવા મળ્યું કે સેમિનારના આયોજન મુજબ ગત વિધાનસભાની ચૂંટણીના જીતેલા તથા હારેલા બધા જ સભ્યોને એક મંચ પર એકત્રિત કરવાના આયોજનથી અને ભાજપના એક ભૂતપૂર્વ અગ્રણીને પણ આમંત્રિત કરવામાં આવેલ હોતાં ભાજપ કક્ષાએ આ નિર્ણય લેવામાં આવેલ છે. જો કે એ સમયે એવા સમાચાર હતા કે આ નિર્ણય ભાજપમાં ઉપરના લૅવલે લેવાયેલ હતો પરંતુ પાછળથી ખ્યાલ આવ્યો કે આ નિર્ણય ભાજપના જિલ્લા કક્ષાનો હતો. ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ અને કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ઉપસ્થિત અગ્રણીઓ વચ્ચે એક તાત્કાલિક મીટિંગનું આયોજન ગોઠવવામાં આવ્યું અને પ્રવર્તમાન પરિસ્થિતિમાં વાતાવરણ વણસે નહીં તે માટે સંપૂર્ણ કાર્યક્રમને મુલત્વી રાખવાનું નક્કી કરવામાં આવ્યું. એ પ્રમાણે શક્ય લોકોને ફોન દ્વારા સમાચાર પણ આપવામાં આવ્યા.

★

અમદાવાદથી શ્રી પરાશર વ્યાસ વગેરે સ્ટાફ સભ્યો સેમિનારના કાર્યક્રમ માટે પોતાની જવાબદારી નિભાવવા બપોરે ભુજ આવી ગયા હતા.

★

અમદાવાદથી કચ્છ દર્શન કરવા નીકળેલ ૪૦ વ્યક્તિનું ગ્રુપ ધોળાવીરાની મુલાકાત લઈને સેમિનારમાં ઉપસ્થિત રહેવા રાત્રે ભુજ આવી ગયું હતું.

- **રવિવાર, તા. ૬-૧-૨૦૧૩**
ભુજ ખાતેનો સેમિનાર છેલ્લી ઘડીએ મુલત્વી રખાયેલ હોવાથી અનેક લોકોને સમાચાર આપી શકાયેલ નહીં. પરિણામ સ્વરૂપે અનેક લોકો સેમિનાર સ્થળે પહોંચી પરત ગયા હતા. તે સહુને આગળના દિવસની હકીકત જણાવવામાં આવેલ હતી.

★

કચ્છ દર્શન માટે નીકળેલ ગ્રુપ ભુજથી અન્યત્ર રવાના થયેલ. બાકી બધા પણ સાંજ સુધીમાં અમદાવાદ પરત ફરવા રવાના થયેલ હતા.

- **સોમવાર, તા. ૭-૧-૨૦૧૩**
શ્રી અશોક મહેતા ભુજ ખાતે એક દિવસ વધુ રોકાયેલ હોવાથી તેઓએ સુરતના શ્રી જયેશભાઈ વિસરિયા તથા શ્રી શરદભાઈ દંડ સાથે પ્રથમ શ્રી જયસુખભાઈ વોરાની મુલાકાત લીધેલ હતી અને ત્યારબાદ શ્રી વાગડ બે ચોવીસી સમાજના પૂર્વપ્રમુખ શ્રી વિનોદભાઈ મહેતાની મુલાકાત લીધેલ હતી. તે સમયે શ્રી જયસુખભાઈ વોરાએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - અમદાવાદ પર ચાલતી વૈયાવચ્ચ પ્રવૃત્તિનો લાભ લેવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

- **મંગળવાર, તા. ૮-૧-૨૦૧૩**
આજરોજ રાત્રે મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી દિનેશભાઈ મહેતા, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા, શ્રીમતી દક્ષાબેન રામાવત તથા શ્રી પીન્ટુ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદની આજુબાજુના ગામડા / શહેરોમાં વિવિધ વિભાગોના કેમ્પ રાખવા, અમદાવાદમાં અન્યત્ર બ્લડ કલેક્શન સેન્ટર ઊભા કરવા, સમાજના સભ્યોના બાળકો માટે ન્યુમોનિયા માટેની પ્રીવીનર-૧૩ અને ઝાડા માટેની રોટાવાઈરસ રસી તા. ૩૧ માર્ચ, ૨૦૧૩ સુધી (એટલે કે સુવર્ણ જયંતી વર્ષના અંત ભાગ સુધી) વિનામૂલ્યે આપવાનું ચાલુ રાખવું અને ત્યારબાદ તે રસીઓ ચાર્જિસના ધોરણે આપવી. જૂના થયેલ ઓટો એનાલાઈઝર મશીન બદલી તેના બદલે નવું મશીન વસાવવું, વગેરે બાબતે જરૂરી નિર્ણયો લેવાયેલ હતા.

- **બુધવાર, તા. ૯-૧-૨૦૧૩**
"કચ્છના સર્વાંગી ઇતિહાસ"ના વિમોચનની નવી તારીખ શ્રી દામજીભાઈ એંકરવાલા સાથે નક્કી કરવામાં આવેલ હતી. તે મુજબ રવિવાર તા. ૩-૨-૨૦૧૩ના સવારના ભાગે ભુજ ખાતે વિમોચન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **ગુરુવાર, તા. ૧૦-૧-૨૦૧૩**
મુંબઈ ખાતેના સૂચિત અતિથિ ભવનના દસ્તાવેજ અંગેના જરૂરી કામ અંગે ચર્ચા કરવા શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા મુંબઈ જવા રવાના થયા હતા. શ્રી શાંતિલાલભાઈ સાવલા બીજા દિવસે મુંબઈ આવશે.

- **શુક્રવાર, તા. ૧૧-૧-૨૦૧૩**
શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ મુંબઈ ખાતે શ્રી રમેશભાઈ ધરોડની મુલાકાત લીધેલ હતી અને અમદાવાદ ખાતેની આવાસ યોજનાની ચર્ચા કરી હતી.

★

શ્રી શાંતિભાઈ સાવલાની ઉપસ્થિતિમાં શ્રી ઝવેરચંદભાઈ શાહ સાથે અતિથિ ભવન અંગે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

★

રાત્રે ૧૧ વાગે પૂનમ ડેવલોપર્સના

*જેઓ ક્યારેય આજ્ઞા પાળવાનું શીખ્યા નથી એમને હુકમો કરવાનો અધિકાર અપાય ત્યારે આખો સમાજ ભયમાં મૂકાય છે.*

એડવોકેટ શ્રી વાઘેલાને શ્રી પારસ બાબરિયા તથા શ્રી પંકજ બાબરિયાની ઉપસ્થિતિમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા રૂબરૂમાં મળેલ હતા અને શ્રી પૂનમભાઈના નિધન પછી ઉપસ્થિત થયેલ પરિસ્થિતિની ચર્ચા કરેલ હતી. કરવામાં આવનાર દસ્તાવેજ અંગેની ચર્ચા પણ કરેલ હતી.

- **શનિવાર, તા. ૧૨-૧-૨૦૧૩**

મુંબઈ ખાતે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની મુલાકાત લેવામાં આવેલ હતી. તેઓએ કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ માટે અગાઉ નોંધાવેલ ડોનેશનનો ચેક શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રતિનિધિઓને સુપરત કરેલ હતો. તેઓ સાથે અનેકવિધ બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી.

★

સોલિસીટર શ્રી શશાંકભાઈની ઓફિસે જઈ શ્રી જીગરભાઈ સાથે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ અતિથિ ભવનના દસ્તાવેજ અંગે જરૂરી ચર્ચા કરેલ હતી.

★

રાત્રે પૂનમ ડેવલોપર્સના શ્રી દિનેશભાઈ બાબરિયા, શ્રી પંકજભાઈ બાબરિયા તથા શ્રી પારસ બાબરિયા સાથે શ્રી કિરીટભાઈ લાપસિયા ગેસ્ટ હાઉસમાં બેસી સૂચિત અતિથિ ભવન અંગે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

- **રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૩**

બપોરના ૩ વાગે શ્રીમતી તારામતી વિશનજીભાઈ ગાલા સાહિત્ય પરિષદના એવોર્ડ સમારંભમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી બંસીલાલ ગડા ઉપસ્થિત રહેલ હતા.

★

સાંજના ૫ વાગે સોમૈયા ગ્રાઉન્ડ પરના શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન તથા શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન - મુંબઈના ચતુરંગી કાર્યક્રમમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમમાં અન્ય અતિથિ વિશેષશ્રીઓ પૈકી શ્રી અશોક મહેતા પણ એક હતા. આ કાર્યક્રમમાં નવા ચૂંટાયેલ ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાનું બહુમાન શ્રી ક.જૈ.સે.સ.ના ઉપસ્થિત પ્રતિનિધિઓએ પણ કરેલ હતું.

★

રાત્રે ૧૧ વાગે ફરીથી શ્રી પારસ બાબરિયા તથા શ્રી પંકજ બાબરિયા સાથે શ્રી લાપસિયા ગેસ્ટ હાઉસમાં મીટિંગ ગોઠવવામાં આવેલ હતી અને અનેક બાબતોના નિરાકરણ લાવવામાં આવ્યા હતા.

- **સોમવાર, તા. ૧૪-૧-૨૦૧૩**

મુંબઈ ખાતે શ્રી અશોક મહેતા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ શ્રી ભૂપેનભાઈ છેડાની મુલાકાત લીધેલ હતી અને મુંબઈ ખાતેના સૂચિત અતિથિ ભવનની આગળની કાર્યવાહી અંગે ચર્ચા કરી હતી.

★

મુંબઈથી રવાના થઈ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા અમદાવાદ પરત ફર્યા.

★

ઉત્તરાયણના કારણે લગભગ મોટા ભાગના અમદાવાદના બજારો બંધ હતા. લોકોએ ઉત્તરાયણનો તહેવાર સારી રીતે ઉજવ્યો.

- **મંગળવાર, તા. ૧૫-૧-૨૦૧૩**

વાસી ઉત્તરાયણમાં પણ મોટા ભાગનું અમદાવાદ બંધ રહ્યું હતું.

- **બુધવાર, તા. ૧૬-૧-૨૦૧૩**

શ્રી કચ્છી જૈન ભવન પર ભુજથી શ્રી વિનોદભાઈ ગાલા તથા શ્રી કેશવજીભાઈ હરિયા આવ્યા હતા. તેમની સાથે અનેકવિધ ચર્ચા કરવામાં આવેલ હતી.

- **ગુરુવાર, તા. ૧૭-૧-૨૦૧૩**

કચ્છના ઇતિહાસના વિમોચનના અનુસંધાને ભુજના તા. ૩-૨-૨૦૧૩ના કાર્યક્રમ માટે શ્રી મકરંદભાઈ મહેતા અને શ્રી આર.ટી. સાવલિયા સાથે શ્રી મનુભાઈ શાહે વાતચીત કરી હતી. બંને મહાનુભાવોએ ઇતિહાસના વિમોચન કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ઇતિહાસના વિવિધ વિષયે પ્રવચન આપવાની જવાબદારી સ્વીકારેલ હતી.

★

શ્રી શશીકાંતભાઈ ઠક્કર શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. તેઓ સાથે તા. ૩-૨-૨૦૧૩ના ઇતિહાસ વિમોચનના કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

★

રાઉરકેલા સ્થિત શ્રી હિંમતભાઈ શ્રી કચ્છી જૈન ભવન પર રૂબરૂ મળેલ હતા અને તેમની સાથે મેડિકલ વિભાગમાં ડોનેશન બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

- **શુક્રવાર, તા. ૧૮-૧-૨૦૧૩**

ભુજ ખાતે શ્રી શશીકાંતભાઈ ઠક્કર કલેકટરશ્રી - કચ્છને રૂબરૂ મળ્યા હતા અને તેઓને તા. ૩-૨-૨૦૧૩ના ઇતિહાસ વિમોચનના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેવા આમંત્રિત કર્યા હતા. તેઓએ આ આમંત્રણનો સ્વીકાર કર્યો હતો.

★

શ્રી શશીકાંતભાઈ ઠક્કર ભુજ ખાતે કચ્છ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને પણ મળ્યા હતા. પરંતુ ઇતિહાસના વિમોચન કાર્યક્રમના દિવસે તેમનો અન્યત્ર કાર્યક્રમ અગાઉથી ગોઠવાઈ ગયેલ હોવાથી તેઓ ઉપસ્થિત રહી શકશે નહીં તેવું તેમણે જણાવેલ હતું.

- **સોમવાર, તા. ૨૦-૧-૨૦૧૩**

સવારમાં ટ્રસ્ટ મંડળની એક જરૂરી મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મીટિંગમાં ૧૬ જેટલા ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

*જેની જાણકારી સંગીન છે તેને ક્યારેય બૂમો પાડવાની જરૂર નહિ રહે.*

મુંબઈના સૂચિત અતિથિ ભવનના દસ્તાવેજ અંગે જરૂરી ઠરાવો કરવામાં આવ્યા હતા. તા. ૬-૧-૨૦૧૩ના રોજ ભુજ ખાતે મુલત્વી રાખવામાં આવેલ સેમિનાર વિશે ટ્રસ્ટીશ્રીઓને માહિતી આપવામાં આવી હતી. તા. ૨૨/૨૩/૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૩ના કચ્છી મેળા વિશે વિગતે ચર્ચા કરવામાં આવી હતી. તા. ૧૭-૩-૨૦૧૩ના બહુમાન કાર્યક્રમ અંગે પણ ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવ્યા હતા.

- **સોમવાર, તા. ૨૧-૧-૨૦૧૩**

ભુજમાં શ્રી શશીકાંતભાઈ ઠક્કરે તા. ૩-૨-૨૦૧૩ના કચ્છના સર્વાંગી ઈતિહાસના વિમોચન સમારંભમાં અતિથિ વિશેષશ્રી તરીકે (૧) શ્રી આર.જી. ભાલારા - નિયામકશ્રી, ગ્રામવિકાસ એજન્સી -કચ્છ અને (૨) શ્રી એન.આર. ટોપરાણી - નાયબ જિલ્લા વિકાસ અધિકારી, વિકાસ અને પંચાયતને આમંત્રિત કરેલ હતા. બંને મહાનુભાવોએ આ બાબતે સહમતિ આપેલ હતી.

★

શ્રી પ્રતાપભાઈ દંડે કચ્છી મેળાના અનુસંધાને ભુજ ખાતે 'કસબ'ના શ્રી પંકજ શાહની મુલાકાત લઈ તેના આયોજન વિશે ચર્ચા કરી, અભય કલર લેબના શ્રી પ્રકાશભાઈ ગાંધીની મુલાકાત લઈ ફોટોગ્રાફી ગેલેરીની ચર્ચા કરી, 'કચ્છમિત્ર'માં આપવાની પ્રેસ નોટની ચર્ચા કરી તથા શ્રી રશીદખાન પઠાણ સાથે મડવર્ક અંગે ચર્ચા કરેલ હતી.

- **મંગળવાર, તા. ૨૨-૧-૨૦૧૩**

ભુજના શ્રી લક્ષ્મીચંદ પી. શાહને સાથે લઈ શ્રી પ્રતાપભાઈ દંડ કચ્છી મેળા અંગેના કચ્છી કસબના કારીગરો નક્કી કરવા ખાવડા તરફના ગામોએ ગયા. તેઓએ ભિરંડીયારા, લુડિયા, લોડાઈ, જુરા, કોટાય વગેરે ગામોના કસબીઓની મુલાકાત લઈ કચ્છી મેળામાં તેઓના સ્ટોલો રાખવાનું નક્કી કર્યું.

- **બુધવાર, તા. ૨૩-૧-૨૦૧૩**

આજે સાંજે ભવન પર ક્રેડિટ સોસાયટી સમિતિની એક મીટિંગ મળેલ હતી. આ મીટિંગમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.આર. શાહ તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં સોસાયટીના ચીફ પ્રમોટર સભ્યો તથા હોદ્દેદારો નક્કી કરવામાં આવેલ હતા. બેંક એકાઉન્ટને લગતી વિગતો પણ નક્કી કરી લેવામાં આવેલ હતી. સોસાયટીને રજિસ્ટ્રેશન કરાવવાની કાર્યવાહી પણ ચાલુ કરી દેવી તેવું નક્કી કરવામાં આવેલ હતું.

★

શ્રી પ્રતાપભાઈ દંડે આજરોજ કચ્છી મેળાના કામકાજ માટે ભુજોડી ખાતેના હીરાલક્ષ્મી પાર્કના શ્રીમતી રાગીણીબેન વ્યાસની મુલાકાત લઈ વિવિધ પ્રકારની કલા-કારીગરીના સ્ટોલો અંગે ચર્ચા વિચારણા કરી. ત્યારબાદ તેઓએ અભય લેબના શ્રી પ્રકાશભાઈ ગાંધી સાથે રહી કચ્છના હેન્ડ પેઈન્ટિંગ એસોસિએશનના હોદ્દેદારો સાથે પેઈન્ટિંગ ગેલેરી અંગે ચર્ચા કરી.

- **ગુરુવાર, તા. ૨૪-૧-૨૦૧૩**

શ્રી પ્રતાપભાઈ દંડે "કચ્છી મેળા"ના અનુસંધાને ભુજ ખાતેની વિરામ હોટલવાળા શ્રી સાત્વિકભાઈ ગઢવી સાથે મેળામાં "કચ્છી ફુડ કોર્ટ"ની રચના અને તેના કોન્ટ્રાક્ટ અંગે ચર્ચા કરી. અન્ય બાબતો માટે શ્રી એલ.પી. શાહ સાથે પણ જરૂરી ચર્ચાઓ કરી.

- **શુક્રવાર, તા. ૨૫-૧-૨૦૧૩**

તા. ૧૭-૩-૨૦૧૩ના કાર્યક્રમની આયોજન સમિતિની એક મીટિંગ આજરોજ ભવન પર મળેલ હતી. આ મીટિંગમાં શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી મનુભાઈ શાહ, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી શાંતિલાલ મૂળજી સાવલા, શ્રી અશ્વિન સાવલા, શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડ ઉપસ્થિત રહ્યા હતા. કચ્છમાં ઉદ્યોગો લાવનાર કેટલાક ઉદ્યોગપતિશ્રીઓ તથા કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓનું અમદાવાદના વિશિષ્ટ મહાનુભાવોના હસ્તે એ દિવસે બહુમાન કરાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★

નવનીત આવાસ યોજના પર રહેતા સભ્યોમાંથી ૭ સભ્યોનું એક પ્રતિનિધિ મંડળ કે જેમાં ૪ મહિલાઓનો સમાવેશ કરવામાં આવેલ હતો, તેઓ શ્રી કચ્છી જૈન ભવન પર આવી સમાજના અધિકારીશ્રીઓને મળેલ હતા અને ત્યાંના કેટલાક જરૂરી પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરી હતી.

- **શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૩**

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પ્રજાસત્તાક દિને ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. સમાજના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અશોક મહેતાના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું. લગભગ ૪૦ની સંખ્યા જેટલા સભ્યો ઉપસ્થિત હતા. શ્રી અશોક મહેતાએ ધ્વજવંદન બાદના પ્રવચનમાં સમાજ સિવાયની અન્ય કેટલીક પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી અને એ પ્રવૃત્તિઓમાં દરેક સભ્યોને સહકાર આપવા અપીલ કરી હતી.

★

આજે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર વયસ્ક સમિતિના કાર્યક્રમના એક ભાગરૂપે યુ.એસ.એ. સ્થિત શ્રી પ્રતાપ રાવળના ડાયરાનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ ડાયરાનો કાર્યક્રમ ખૂબજ સુંદર હોવાથી ઉપસ્થિત સમાજ પરિવારજનોએ તેને રસપૂર્વક માણેલ હતો. ■

*બદમાશ માણસોની સક્રિયતા નહિ, સારા માણસોની નિષ્ક્રિયતા સમાજનો વિનાશ નોતરે છે.*

## ઊડતી નજરે....

**ડિસેમ્બર-૨૦૧૨ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>કે જેમાંથી – | **૯,૨૩૭** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ.......... **૫૨૧** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૬૩** | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન .......... **૨૭** | |
| | (ગ) | સોનોગ્રાફી .......... **૭૬૯** | |
| | (ઘ) | ટી.એમ.ટી. .......... **૨૦** | |
| | (ચ) | બોડી ચેક-અપ .......... **૩૧૬** | |
| | (છ) | અન્ય .......... **૭,૫૨૧** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૨,૪૮૭**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર અન્ય વ્યક્તિઓ... **૬,૧૯૫**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ.......... **૭૯૨**<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......... **૨,૧૭૭** | **૧૧,૬૫૧** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૧,૦૨૬**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ.......... **૨,૭૫૦** | **૩,૭૭૬** |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૫૬૧** | **૫૬૧** |
| | | ડિસેમ્બર - ૨૦૧૨ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | **૨૫,૨૨૫** |

## હાસ્ય

હાસ્યની કંઈ કિંમત પડતી નથી પણ તે ઘણું બધું પેદા કરે છે. આપનારને ગરીબ બનાવ્યા વિના લેનારને શ્રીમંત બનાવે છે. હાસ્યની સમજ પલકારામાં પડી જાય છે પણ તેની યાદ હંમેશાં જળવાઈ રહે છે. જે હાસ્ય વિના જીવી શકે તે શ્રીમંત નથી અને હાસ્યને માણે છે તે ગરીબ નથી. હાસ્ય ઘરસંસાર સુખી બનાવે છે. વેપાર ધંધામાં શુભેચ્છા વધારે છે અને મિત્રોની મિત્રતા ઘનિષ્ઠ બનાવે છે. હાસ્ય થાકેલા માટે આરામ છે, નિરાશામાં આશા છે, અંધકારમાં પ્રકાશ છે અને દુઃખી માટે કુદરતની અનમોલ દવા છે. હાસ્ય તો પવનથી ભરેલા ઓશિકાની પેઠે તમને જીવનના રાજમાર્ગના ઢેફા અને સખત સ્થાનો ઉપર આરામ આપે છે. હાસ્ય હંમેશાં આરોગ્યદાયક જ હોય છે. તે પ્રત્યેક અસ્વાભાવિક સ્થિતિને સ્વાભાવિક બનાવે છે. હાસ્ય હૃદય વેદનાઓ અને આઘાતો જીરવવાની ઔષધી છે. જે લોકો સારી રીતે હસીને શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય જાળવે છે તેઓ જીવનને અત્યંત ગંભીર વસ્તુ ધારનારાઓ કરતાં અધિક આયુષ્ય ભોગવે છે. હાસ્ય એ પરોપકારાર્થે વાપરવાનો એક મહત્ત્વનો પદાર્થ છે. જો એક ગમગીન - નિરાશ માણસને હસાવી શકશો તો તમારું જીવન વ્યર્થ નહીં ગણાય.

*પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*

## નવનીત મેડિકલ સેન્ટર તથા

## શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર

### સમય પત્રક

**મેડિકલ સેન્ટર સોમવારથી શનિવાર કાર્યરત છે. રવિવારે બંધ હોય છે.**

### પરીક્ષણની સેવાઓ

| | | | |
|---|---|---|---|
| **લેબોરેટરી** | દરરોજ | સવારથી સાંજે | ૦૭.૩૦ થી ૦૬.૩૦ |
| **ડિજીટલ એક્સ-રે** | દરરોજ | સવારથી સાંજે | ૦૭.૩૦ થી ૦૬.૩૦ |
| **ઈ.સી.જી.** | દરરોજ<br>દરરોજ | સવારે<br>બપોરે | ૦૮.૦૦ થી ૦૧.૦૦<br>૦૩.૩૦ થી ૦૭.૦૦ |
| **સોનોગ્રાફી** | દરરોજ<br>દરરોજ | સવારે<br>બપોરે | ૦૯.૦૦ થી ૦૧.૦૦<br>૦૩.૦૦ થી ૦૫.૩૦ |

**કલર ડોપ્લર, ઈકો કાર્ડિયોગ્રામ, ટી.એમ.ટી., પી.એફ.ટી.ની સુવિધા (એપોઈન્ટમેન્ટથી)**

### વિવિધ વિભાગો

| | | | |
|---|---|---|---|
| **મેડિસીન** | દરરોજ<br>દરરોજ | સવારે<br>સાંજે | ૦૯.૦૦ થી ૦૧.૦૦<br>૦૪.૦૦ થી ૦૭.૦૦ |
| **આંખ** | દરરોજ<br>દરરોજ<br>દરરોજ | સવારે<br>બપોરે<br>સાંજે | ૦૯.૦૦ થી ૧૨.૦૦<br>૦૩.૦૦ થી ૦૪.૩૦<br>૦૫.૦૦ થી ૦૭.૦૦ |
| **જનરલ સર્જરી** | દરરોજ<br>દરરોજ | સવારે<br>સાંજે | ૧૧.૦૦ થી ૧૨.૩૦<br>૦૪.૩૦ થી ૦૬.૦૦ |
| **બાળ રોગ** | દરરોજ<br>દરરોજ | સવારે<br>સાંજે | ૦૯.૦૦ થી ૧૦.૩૦<br>૦૪.૩૦ થી ૦૬.૦૦ |
| **સ્ત્રીરોગ** | દરરોજ<br>દરરોજ | સવારે<br>સાંજે | ૧૧.૦૦ થી ૧૨.૩૦<br>૦૪.૩૦ થી ૦૬.૦૦ |
| **હાડકા** | દરરોજ<br>દરરોજ<br>દરરોજ | સવારે<br>સવારે<br>સાંજે | ૦૯.૦૦ થી ૧૦.૩૦<br>૧૧.૦૦ થી ૧૨.૩૦<br>૦૫.૦૦ થી ૦૬.૩૦ |
| **ચામડી** | સોમથી શુક્ર<br>શનિવાર<br>દરરોજ<br>દરરોજ | સવારે<br>સવારે<br>સવારે<br>બપોરે | ૦૯.૦૦ થી ૧૦.૩૦<br>૧૦.૦૦ થી ૧૧.૩૦<br>૧૧.૦૦ થી ૧૨.૩૦<br>૦૩.૦૦ થી ૦૫.૩૦ |
| **મનોચિકિત્સા** | મંગળ-ગુરૂ-શનિ | સવારે | ૧૧.૦૦ થી ૧૨.૩૦ |









| | | | |
|---|---|---|---|
| **કાન-નાક-ગળું** | દરરોજ<br>દરરોજ<br>દરરોજ | સવારે<br>સવારે<br>સાંજે | ૦૯.૦૦ થી ૧૦.૩૦<br>૧૧.૦૦ થી ૧૨.૩૦<br>૦૫.૦૦ થી ૦૬.૩૦ |
| **દાંત**<br>પેરીયોડોન્ટીસ્ટ<br>ઓર્થોડોન્ટીસ્ટ<br>ઓરલ સર્જન | દરરોજ<br>સોમવારે<br>બુધવારે<br>શુક્રવારે | સવારથી સાંજ<br>બપોરે<br>બપોરે<br>બપોરે | ૦૮.૦૦ થી ૦૭.૦૦<br>૦૩.૦૦ થી ૦૫.૦૦<br>૦૩.૦૦ થી ૦૫.૦૦<br>૦૩.૦૦ થી ૦૫.૦૦ |

## સુપર સ્પેશિયાલિટી વિભાગો

| | | | |
|---|---|---|---|
| **કેન્સર** | સોમવાર | સવારે | ૧૦.૩૦ થી ૧૧.૩૦ |
| **યુરોલોજી** | સોમવાર<br>ગુરૂવાર | સવારે<br>સવારે | ૦૯.૦૦ થી ૧૦.૦૦<br>૧૦.૦૦ થી ૧૧.૦૦ |
| **પેઈન મેનેજમેન્ટ** | મંગળ - શનિ | સવારે | ૦૯.૦૦ થી ૧૦.૦૦ |
| **ન્યુરો સર્જરી** | બુધવાર | સવારે | ૦૯.૦૦ થી ૧૧.૦૦ |
| **નેફ્રોલોજી** | બુધવારે | સવારે | ૧૧.૦૦ થી ૧૨.૦૦ |
| **કાર્ડિયોલોજી** | ગુરૂવાર | સવારે | ૧૧.૦૦ થી ૧૨.૦૦ |
| **પલ્મોનોલોજી** | ગુરૂવાર | બપોરે | ૦૩.૩૦ થી ૦૪.૩૦ |
| **ગેસ્ટ્રોલોજી** | શુક્રવાર | સાંજે | ૦૫.૦૦ થી ૦૬.૦૦ |

## અન્ય વિભાગો

| | | | |
|---|---|---|---|
| **આયુર્વેદ** | સોમ-ગુરૂ-શુક્ર | સવારે | ૦૯.૦૦ થી ૧૧.૦૦ |
| **હોમિયોપેથી** | દરરોજ | સવારે | ૦૯.૦૦ થી ૧૧.૦૦ |
| **ડાયેટ વિભાગ** | બુધવાર<br>ત્રીજો-ચોથો શનિવાર | સવારે<br>બપોરે | ૧૧.૦૦ થી ૧૨.૩૦<br>૦૩.૦૦ થી ૦૪.૩૦ |
| **ફીઝિયોથેરાપી** | દરરોજ<br>દરરોજ | સવારે<br>બપોરથી સાંજ | ૦૯.૦૦ થી ૧૨.૩૦<br>૦૩.૩૦ થી ૦૮.૦૦ |
| **યોગ** | બુધ - શનિવાર | બપોરે | ૦૪.૦૦ થી ૦૬.૦૦ |
| **કાનની બહેરાશની તપાસ**<br>**તથા સ્પીચ થેરાપી** | બુધ - શનિવાર<br>મંગળ - શુક્ર | બપોરે<br>સાંજે | ૧૨.૦૦ થી ૦૧.૩૦<br>૦૫.૩૦ થી ૦૬.૩૦ |
| **સાઈકોથેરાપી** | શુક્રવાર | સાંજે | ૦૫.૦૦ થી ૦૬.૩૦ |
| **મેદસ્વીપણા માટે** | બુધવાર | સવારે | ૧૦.૦૦ થી ૧૨.૦૦ |
| **ડાયાબિટીસ કેર યુનીટ** | શનિવાર<br>(બીજો, ત્રીજો, ચોથો) | બપોરે | ૦૩.૦૦ થી ૦૫.૦૦ |





**સંપૂર્ણ બોડી ચેક-અપ સ્કીમની વિવિધ સ્કીમો**

**ડિજીટલ એક્સ-રેની સુવિધા**

**બાળ વિભાગમાં રસી માટેની મેમ્બરશીપ**

**ડાયાબિટીસ કેર યુનિટ**

**આંખના મોતિયાના ફેકો પદ્ધતિથી ઓપરેશન વગેરે સુવિધાઓ ઉપલબ્ધ છે.**

**વધુ માહિતી માટે સંપર્ક**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**સંચાલિત**
**નવનીત મેડિકલ સેન્ટર તથા**
**શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર**

**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૭૪૬૮

**દવા વિતરણ કેન્દ્ર : દવા પર ૧૦ ટકા રાહત તથા દર્દીઓના લાભાર્થે શક્ય એટલી જનરિક દવા વિતરણની વ્યવસ્થા**

# ચીકુ વેચવાવાળી

એક ચીકુ વેચવાવાળી વૃધ્ધા બાઈ પોતાના માથા પર વજનવાળો સુંડલો ઊંચકીને ટાઢ, તાપ કે વરસાદની ખેવના કર્યા વગર, પરસેવે રેબઝેબ, ઘેર ઘેર ફરી ટહેલ નાખે છે 'ચીકુ લ્યો ચીકુ.'

એક મકાનના કમ્પાઉન્ડની બહાર તે વૃધ્ધા માથા પર વજનદાર ચીકુનો સુંડલો ઉપાડી, આશાભરી નજરે ટહેલકો નાખે છે, 'ચીકુ લ્યો માડી, તાજા મીઠા, મોટા મોટા ચીકુ...'

પાંચ, દસ, પંદર મિનિટ સુધી એમ જ ઊભી રહે છે. કોઈ દાદ નથી આપતું. તેણીની પાસે બજારથી સારો માલ છે અને તેણી બજારથી ખૂબ જ ઓછા ભાવે માલ આપે છે. તે સ્વમાની વૃધ્ધાને માનભેર રોજીરોટી રળવી છે. ચોરી તો કરવી જ નથી.

આખરે પંદર - વીસ મિનિટ પછી ધીરજનો અંત આવતા તે વૃધ્ધા ફરી બૂમ પાડે છે, 'ઓ માડી... ઓ શેઠ... ચીકુ લઈ લ્યો, ચીકુ. તાજા મીઠા ચીકુ.' પણ તેની ટહેલ બહેરા કાને અથડાય છે. કંઈ પણ દાદ ન મળતાં ફરી તે વૃધ્ધા બોલે છે, 'હે શેઠ, હે બૂન, હે શેઠાણી, ચીકુ લેવા આવોને....'

પણ પહેલા તો તેનું અપમાન કરવામાં આવે છે. 'ક્યારની આમ બૂમો શું પાડે છે? બીજો કોઈ ધંધો નથી? ક્યારનીય એક કલાકથી બૂમો પાડ્યે રાખશ.... જાણે બીજા કોઈને કશું કામ જ નથી. બધા તારી જેમ જાણે નવરા બેઠા છે.'

પેલી વૃધ્ધા નિરાશ થઈ જાય છે પણ ફરી એકવાર વીનવે છે, 'બોન, સારા, તાજા, મીઠા ચીકુ છે. લઈ લો ને... મને બોણી કરાવોને....'

ખૂબજ વિનવણી પછી તેના પર દયા બતાવવા એક સ્ત્રી બહાર આવે છે. ભાવતાલ પૂછે છે. વૃધ્ધા ભાવ કહે છે જે બજાર કરતા ઘણાં સસ્તા છે. માલ પણ ઘણો સારો છે. છતાંયે પેલી બાઈ છણકો કરીને કહે છે, 'ઓય મા, શું લાકડા જેવા ભાવ રાખ્યા છે! લૂંટવા બેઠી છો! જા, જા, તારી પાસેથી તે કોણ લેશે?'

વૃધ્ધાની આંખમાં ઝળઝળિયા આવે છે. તે ડૂમો અટકાવીને કહે છે, 'મા, કોઈ લૂંટ નથી. મેં તો ઉલટા બજાર કરતાં પણ ઓછા ભાવ કહ્યા છે ને મારો માલ પણ જુઓ કેવો ચોખ્ખો છે. તમે તો બજાર જાવ છો. તેથી તમને તો ખબર હોય જ.' જવાબ મળે છે, 'જા, જા હવે બજારવાળી... ચીકુ વેચવા હોય તો કંઈ વાજબી વાત કર, નહીં તો ચાલતી થા...'

તે વૃધ્ધા પેટિયું રળવા શેઠાણીના ભાવે તેને ચીકુ આપવાનું સ્વીકારે છે (ખૂબ જ ઓછા ભાવે). પછી વજન કરી માલ આપવા જાય છે ત્યાં તો શેઠાણી ગર્જી ઉઠે છે 'ભૂંડી, તારા વજન પણ બરાબર નથી. તારી પાસે તે શું લઈએ? લૂંટ ચલાવશ લૂંટ.' આમ કહી ત્રણ-ચાર ચીકુ ઉપરથી ઉપાડી લે છે.

આમાં ઊંચું કોણ? પ્રામાણિક વૃધ્ધા કે શેઠાણી? આ ચીકુવાળી વૃધ્ધાનો તટસ્થપણે શાંતિથી વિચાર કરીએ તો જ આપણને ખ્યાલ આવે કે તે બિચારીની તકલીફ શું છે!

બિચારી બાઈ, વહેલી સવારે માંડ ચા-પાણી પતાવી ચીકુના ટોપલાનું વજન માથા પર વેંઢારી, નીકળી પડતી હોય. આવા વજન વેંઢારવાની એની ટેવ થઈ ગઈ. કહોને કે મજબૂરી થઈ ગઈ. કોઈએ પણ તેનો વજનદાર ટોપલો માથા પર લઈ બે ડગલા પણ ચાલવાનો પ્રયત્ન કર્યો છે ખરો? આવું થાય તો જ બિચારી વૃધ્ધાની યાતનાનો ખ્યાલ આવે.

કોઈનેય વિચાર આવે છે કે આ બાઈ માથે આવો વજનદાર સુંડલો લઈ ક્યારે નીકળતી હશે? પીવાનું પાણી ક્યાં માગ્યું હશે! બાથરૂમ જવામાં તેને શી શી મુશ્કેલીઓ પડી હશે! શું તેને ભૂખ નહીં લાગી હોય?

આ બધું વિચારવાનો ઉચ્ચ વર્ણના લોકો પાસે સમય જ નથી. (ખરું કહીએ તો આ બધું વિચારવાનું ભેજું જ ક્યાં છે?)

આ જ હાલત બીજા બધા ફેરિયાઓની સમજવી. તેમની મુશ્કેલીઓ, પારાવાર યાતનાઓ, વિટંબણાઓ, આપણે જાણી જોઈને નજરઅંદાજ કરીએ છીએ. આપણે આપણો સ્વાર્થ માત્ર જોઈએ છીએ.

સસ્તા ભાવે, વજન કરતાં વધુ માલ ઉઠાવી તે ખાતા ખાતા આપણે ખૂબ જ પોરસાઈએ છીએ કે આવો સારો, મીઠો માલ કેટલો સસ્તામાં પડાવી લીધો!

આપણે થોડા વધુ પૈસા આપી તેણીને સહાયરૂપ થઈ શક્યા હોત પણ તેને બદલે ઓછા ભાવે વધુ માલ ઊંચકી (ખરેખર તો આંચકી) લેવામાં આપણે આપણી બહાદુરી માનીએ છીએ.

આવી દુનિયા છે. સશક્ત વ્યક્તિ, અશક્ત વ્યક્તિનું ધાર્યા મુજબ શોષણ કરતી જ રહે છે. આ એક અવિરત ક્રિયા છે. ક્યારે સુધરશે આ દેશ? આ દુનિયા?

*હે પ્રભુ! હે દયાવાન!*
*વહાલા મારા હૈયામાં રહેજે,*
*ભૂલું ત્યાં તું ટોકતો રહેજે.*

*શરદચંદ્ર હરિલાલ શાહ 'સહસા' - બેંગ્લોર*

સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર
cps **કમર્શિયલ પેકીંગ સર્વિસીસ**
સ્થાપના ૧૯૫૮
ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ
53/54, યુનીક ઇન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net